# કામલતા

## કર્મના કાળા કરતૂતોનું કથન કરતી ક્લાસિક કથા

મુનિ શીલગુણવિજય મ.સા.

**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૭, 'અર્થબાગ'
૧૧૬, પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com

**KAMLATA**
*Fiction Based on Narated in Jain Religious Books*
Written by Muni Sheelgunvijay Maharaj Saheb
Published by **R. R. Sheth & Co. Pvt. Ltd.**
Mumbai □ Ahmedabad
2019

Copyright © Muni Sheelgunvijay Maharaj Saheb, 2019

પ્રથમ આવૃત્તિ : મે, ૨૦૧૯

**₹ 000-00**

**પ્રકાશક**
**આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.**
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

**All rights are reserved.**
No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording, eBook or otherwise, without the prior written permission of the publishers.

મુદ્રણ કિન્ની ઓફસેટ, અમદાવાદ ખાતે થયું.

# समर्पणम्

*સ્ત્રીના શીલના અધઃપતનને જોઈને,*
*સાંભળીને, વાંચીને જેમણે લાખો આંસુ વહાવ્યાં છે...*

*સ્ત્રીની પવિત્રતાની સુરક્ષા માટે જેઓ*
*માઈક વિના ૧૦૦૦૦ની મેદનીમાં ગર્જના કરતા...*

*સ્ત્રીઓની સ્પેશ્યલ શિબિરો કરીને જેમણે*
*હજારો સ્ત્રીઓનાં Brain Wash કર્યા છે...*

*સ્ત્રીઓથી હંમેશાં અલિપ્ત રહેવા છતાંય,*
*સ્ત્રીઓ માટે જેમણે અનેક પુસ્તકો લખ્યાં છે...*

*સ્ત્રીને જેમણે 'નારી! તું નારાયણી.' પુસ્તક લખીને*
*ભગવાન સાથે સરખાવી છે...*

*સ્ત્રીઓ માટે માતૃસદન ખોલવાની,*
*સ્ત્રીઓ માટે તપોવન ખોલવાની જેમની ભાવના અધૂરી રહી...*

*હજારો સ્ત્રીઓએ જેમનાં મૃત્યુ દિવસે*
*ચોધાર આંસુ વહાવ્યાં હતાં...*

*હજારો સ્ત્રીઓ પોતાનાં હૃદયમાં જેમને*
*પોતાના સદ્ગુરુ સ્થાપી ચૂકી છે...*

*એ મારા પરમોપકારી દાદા ગુરુદેવ*
***પૂજ્યપાદ યુગપ્રધાનાચાર્યસમ પંન્યાસ શ્રી ચન્દ્રશેખર વિજયજી**ના*
*કરકમલમાં આ પુસ્તક સમર્પણ કરું છું.*

## *Books Make, Books Break...*

*કોઈ પૂછે, ‘‘બુક્સમાં પાવર કેટલો?’’*

*મારે કહેવું છે,*

*બુક્સ સર્જનહાર બ્રહ્મા પણ બની શકે,*

*અને*

*બુક્સ વિનાશક બ્રહ્માસ્ત્ર પણ બની શકે…*

*બુક્સ આપણને Knowledge આપે છે…*

*અને*

*Knowlege એ પાવર છે…*

*એટલે, મારી એક પ્રાર્થના ખાસ હૃદયમાં ધરજો,*

*બુક્સને ફક્ત ટાઈમપાસનું સાધન નહીં માનતા,*

*ઉપાસનાનું સાધન માનજો…*

*અને પછી તમને ચમત્કાર દેખાશે,*

*તમે જ્યાં જશો ત્યાં આનંદ ફેલાશે,*

*અને*

*તમે જ્યાંથી જશો ત્યાં અંધકાર છવાશે…*

*બુક્સ એ માત્ર બુક્સ નથી,*

**ભગવાન** *છે…*

# પ્રસ્તાવના

**अर्हं नमः**

**श्रीप्रेम-भुवनभानु-जयघोष-चन्द्रशेखर - हंसकीर्तिसूरिसद्गुरुभ्यो नमः**

કન્યાઓ, વહુઓ માટે જ સ્પેશ્યલ લખાયેલું આ પુસ્તક એક ઐતિહાસિક ઘટનાને વર્ણવે છે. ***કામલતા*** નામની એક સ્ત્રીની જિંદગીમાં કેટલું બધું બન્યું...

છેલ્લે... છેલ્લે... છેલ્લે... તમે જ વાંચો.

ઘણા ઘણા ઉપદેશ આપી દે છે આ ઇતિહાસની ઘટના!

(૧) સ્ત્રી ભોગપાત્ર નહિ, સન્માનપાત્ર છે. ચાણક્યનું વચન ન ભૂલો 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः' જ્યાં નારીની પૂજા થાય છે, ત્યાં દેવો નૃત્ય કરે છે.

(૨) પાપીઓનો નહિ, પાપોનો જ ધિક્કાર કરો. પાપી તો કરુણાપાત્ર છે.

(૩) કાળ સૌથી મોટો ડૉક્ટર છે. જિંદગીનાં જે દુઃખો રૂપી રોગોને કોઈ ન મટાડી શકે એને કાળ જ મટાડી શકે. માટે રાહ જુઓ, અધીરા ન થાઓ. પુરુષાર્થ કરો, પણ ફળ માટે ઉતાવળા ન બનો. ગીતાનું વચન યાદ કરો 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।'

(૪) ભાગ્ય = કર્મ નિર્માતા-નિર્દેશક છે. જીવ બિચારો ઍક્ટર છે, કલાકાર છે. એ કેટલાય નાટકો ભજવ્યા જ કરે છે. અમિતાભ તો એક જ છે, પણ 'સાત હિન્દુસ્તાની'થી માંડીને ૨૩૦ જેટલી ફિલ્મોમાં અલગ અલગ રૂપ ધારણ કર્યા એણે! એમ આ દરેક જીવ આવા તો કેટલાય રૂપ ધારણ કરે છે.

સમજદાર વ્યક્તિઓએ અમિતાભને કુલી, ઇન્સ્પેક્ટર, સ્મગ્લર... માન્યો જ નથી. એને દરેક અવસ્થામાં અમિતાભ જ માન્યો છે. હા! ફિલ્મ જોઈ લીધી, બસ! બાકી મરેલાને મરેલો નથી માન્યો, ફિલ્મની કોઈપણ વાત સાચી નથી માની. સાચું એક જ માન્યું છે 'એ અમિતાભ છે.'

આત્માને પરમાત્મા બનાવવાની મહેનત કરનારા હિન્દુસ્તાનના પરમપવિત્ર ધર્મોએ, એમના સ્થાપકોએ, એમના સાચા અનુયાયીઓએ આ જ માન્યું છે, માને છે અને માનશે. કોઈપણ જીવમાત્ર પરમાત્મા છે. એ સિવાય જે કંઈપણ દેખાય છે, અનુભવાય છે, એ બધું તો કર્મ = ભાગ્યના કારણે ઊભા થયેલાં એના અલગ અલગ

રૂપ છે. જે સાચાં નથી, ખોટાં છે, નાટક છે, એમાં મોહાઈ ન જાઓ. કોઈ જન્મે, કોઈ મરે... આ બધું સાચું માનીને હર્ષ-શોકના ચક્કરમાં ન ફસાઈ જાઓ. આ પરમાત્મસ્વરૂપ આત્મા ક્યાં જન્મે છે? ક્યાં મરે છે?

આ બતાવી દીધું કથાનું હાર્દ!

મારા શિષ્ય **મુનિ શીલગુણવિજય**નું આ પ્રથમ પુસ્તક છે.

જ્યાં જ્યાં મેં પ્રવચનાદિમાં આ કથા કહી છે ત્યાં ત્યાં નવયુવાન, ભણેલીગણેલી કન્યાઓમાં, વહુઓમાં... વિચારોનું અને આચારોનું નક્કર પરિવર્તન આવ્યું છે. તેઓ પોતાની મેળે જ સદાચારના માર્ગે આગળ વધવા માંડ્યા છે. એટલે જ મારી ઈચ્છા હતી કે હજારો લોકોના હાથમાં આ કથા પહોંચે.

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.નાં પુસ્તકો ખૂબ જ સુંદર હોય છે. એટલે એવી ઈચ્છા હતી કે આ પ્રકાશન જો આવાં પુસ્તકો છાપે તો મારી ભાવના સફળ થાય.

શ્રી ચિંતનભાઈ શેઠને અમે કથા મોકલી, એમણે વાંચ્યા બાદ છાપવાની સહર્ષ તૈયારી બતાવી... મને પાક્કો વિશ્વાસ છે કે જે કન્યાઓ, બહેનો આ કથા વાંચશે, તેઓ બદલાશે. વિચારો અને આચારોથી બિનહિન્દુસ્તાની બની ચૂકેલાં એ જ લોકો કોઈના પણ ઉપદેશ વિના હિન્દુસ્તાની સ્ત્રી બનશે. એમાં એ ગૌરવ અનુભવશે, મરી ગયેલી સીતા મહાસતી પાછી હજારો સીતા સ્વરૂપે જન્મ લેશે...

હું જૈનશ્રમણ છું, નસેનસમાં એક જ નાદ પ્રભુવીરના શબ્દો દ્વારા ઘુંટાયેલો છે 'शिवमस्तु सर्वजगतः' આખાય વિશ્વનું કલ્યાણ થાઓ.

મારા માટે જીવ પહેલાં છે, જૈન પછી...

કન્યાઓને, વહુઓને વિનંતિ 'સીતા બનજો...'

હે ગુરૂદેવ! જીવતા હતા; ત્યારે આપ સ્ત્રીઓના અધઃપતનને જોઈને દુઃખથી રડતા હતા... પણ હવે આંખોને આંજી દેનારા એ જ સ્ત્રીઓના ઉત્થાનને જોઈને આપ હર્ષથી રડશો... એ નિશ્ચિત હકીકત છે.

**ગુણહંસ વિજય**

ચેન્નઈ તા : ૩૧-૧-૨૦૧૯

સવારે ૬.૫૦

# પાત્રો

| | | | |
|---|---|---|---|
| ૧. | કામલતા | - | પનિહારી |
| ૨. | રુપસ્વી | - | પનિહારી |
| ૩. | શત્રુમર્દન | - | સારપુરનો રાજા |
| ૪. | શતહન્તા | - | સારપુરનો સેનાપતિ |
| ૫. | ભૂદાસ | - | સારપુરના અંતપુર(રાણીઓને રહેવાની જગ્યા)નો સેવક |
| ૬. | સાંત્વના | - | સારપુરના અંતપુરની દાસી |
| ૭. | પ્રણિધ | - | સારપુરનો ગુપ્તચર |
| ૮. | ભટમર્દન | - | સારપુરનો શત્રુ, ઉજ્જૈનનો રાજા |
| ૯. | કુચેલના | - | વિલાસપુરના દાસ વ્યાપારી લાલસની દાસી |
| ૧૦. | મદનમંજરી | - | વિલાસપુરના રાજવેશ્યાલયની પ્રમુખ વેશ્યા |
| ૧૧. | જિતારી | - | વિલાસપુરનો રાજા |
| ૧૨. | લાલસ | - | વિલાસપુરનો દાસ વ્યાપારી |
| ૧૩. | કામમંજરી | - | મદનમંજરી વેશ્યા પછીની મુખ્ય વેશ્યા, વેશ્યાલયમાં નાણાની વ્યવસ્થા સંભાળનારી |
| ૧૪. | વામણ | - | વિલાસપુરનો નગરશેઠ |
| ૧૫. | લલિતલાવણ્યા | - | વિલાસપુરની મદનમંજરીના મહેલની ગણિકા |
| ૧૬. | ચરક | - | મદનમંજરીનો મિત્ર અને વેશ્યાલયનો દલાલ રાજપુરુષ |
| ૧૭. | લાવણ્યલતા | - | વિલાસપુરની મદનમંજરીના વેશ્યાલયની સૌથી રુપવાન ગણિકા |
| ૧૮. | ધનદેવ | - | શિવપુરનો નગરશેઠ |
| ૧૯. | કલ્યો | - | શિવપુરનો ૧૭ વરસનો હોનહાર અનાથ જુવાન |
| ૨૦. | ઈક્ષ્વાકુ | - | વિલાસપુરનો ધનવાન શેઠ |
| ૨૧. | ધનશ્રેષ્ઠ | - | સાર્થમાં ચાલણારો ચતુર કાપડનો વ્યાપારી, ભાગળપુરનો રહેવાસી અને કલ્યાનો મિત્ર |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | યશવર્ધન | - | સારપુરનો નવો રાજા, શત્રુમર્દનનો દીકરો |
| ૨૩. | ધનદ | - | વિલાસપુરનો શેઠ અને કલ્યાનો મિત્ર |
| ૨૪. | મદનકદલી | - | સારપુરની પ્રસિદ્ધ નર્તકી અને કલ્યાની પ્રેમિકા |
| ૨૫. | કૃપાચાર્ય | - | વિલાસપુરનો મહામંત્રી |
| ૨૬. | સોમદેવ | - | વિલાસપુરનો મહાજ્યોતિષી |
| ૨૭. | ક્રુરાક્ષ | - | જંગલના ચોરોનો સરદાર |
| ૨૮. | સેચનક | - | નાના કદનો સાર્થની સેનાનો ગુપ્તચર |
| ૨૯. | દુર્યોધ | - | વિલાસપુરનો જિતારીના મર્યા પછીનો નવો રાજા |
| ૩૦. | ધનયશ | - | ધનદેવ શેઠનો નાનો દીકરો |
| ૩૧. | સુવેગ | - | વિલાસપુરથી નીકળેલી ટોળકીમાં આગળ રોકાનની જગ્યા જોનારો માણસ |
| ૩૨. | વૃદ્ધપંડિત | - | વિલાસપુરથી નીકળેલી ટોળકીનો રાત્રિનો મોટો ચોકીદાર |
| ૩૩. | વેલંધર | - | વિલાસપુરથી ટોળકીમાં નીકળેલો નવયુવક |
| ૩૪. | ચણક | - | શહેરનો વૈદ્ય |
| ૩૫. | ગોવિંદ | - | એક ભરવાડ |
| ૩૬. | કામિણી | - | એક ભરવાડણ |
| ૩૭. | રમ્યો | - | એક પૈસેદાર ભરવાડ |
| ૩૮. | અનલગિરી | - | રાજહસ્તી |
| ૩૯. | માધવ | - | શિવપુરનો બ્રાહ્મણ |
| ૪૦. | વિક્રમાર્ક | - | સિદ્ધપુરનો રાજા |
| ૪૧. | કેશવ | - | ??? (કથા વાંચ્યા પછી લખજો)... |

***

# શબ્દ સૂચિ

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રહર | - | ૩ કલાક |
| ૨. | મુહૂર્ત | - | ૪૮ મિનિટ, કોઈ કાર્ય કરવાનો સમય |
| ૩. | ઘડી | - | ૨૪ મિનિટ |
| ૪. | ગાઉ | - | ૩ ૧/૪ કિ.મી. |
| ૫. | ભવિતવ્યતા | - | ભાગ્યમાં નિશ્ચિત વસ્તુ, જે થવાનુ જ હોય તે... |
| ૬. | ક.વ. | - | કેશવ વરસ |

# નકશો

# અનુક્રમણિકા


★ કામલતા Prologue ........ ૧૧
૧. પનિહારી (પ્રકરણ - ૧) ........ ૧૩
૨. પનિહારી (પ્રકરણ - ૨) ........ ૧૬
૩. પનિહારી (પ્રકરણ - ૩) ........ ૨૦
૪. મહારાણી (પ્રકરણ - ૧) ........ ૨૭
૫. મહારાણી (પ્રકરણ - ૨) ........ ૩૩
૬. મહારાણી (પ્રકરણ - ૩) ........ ૩૬
૭. મહારાણી (પ્રકરણ - ૪) ........ ૩૯
૮. મહારાણી (પ્રકરણ - ૫) ........ ૪૩
૯. મહારાણી (પ્રકરણ - ૬) ........ ૪૯
૧૦. ગણિકા (પ્રકરણ - ૧) ........ ૫૭
૧૧. અનાથ (પ્રકરણ - ૧) ........ ૬૯
૧૨. ગણિકા (પ્રકરણ - ૨) ........ ૭૧
૧૩. અનાથ (પ્રકરણ - ૨) ........ ૭૩
૧૪. ગણિકા (પ્રકરણ - ૩) ........ ૮૦
૧૫. અનાથ (પ્રકરણ - ૩) ........ ૮૪
૧૬. ગણિકા (પ્રકરણ - ૪) ........ ૮૯
૧૭. અનાથ (પ્રકરણ - ૪) ........ ૯૨
૧૮. મદનમંજરી (પ્રકરણ - ૧) ........ ૯૬
૧૯. અનાથ (પ્રકરણ - ૫) ........ ૯૮
૨૦. મદનમંજરી (પ્રકરણ - ૨) ........ ૧૦૨
૨૧. ગણિકા (પ્રકરણ - ૫) ........ ૧૦૪
૨૨. અનાથ (પ્રકરણ - ૬) ........ ૧૦૮
૨૩. અનાથ (પ્રકરણ - ૭) ........ ૧૧૪
૨૪. ગણિકા (પ્રકરણ - ૬) ........ ૧૧૭
૨૫. અનાથ (પ્રકરણ - ૮) ........ ૧૨૧
૨૬. ગણિકા (પ્રકરણ - ૭) ........ ૧૨૬
૨૭. અનાથ (પ્રકરણ - ૯) ........ ૧૨૯
૨૮. અજ્ઞાત (પ્રકરણ - ૧) ........ ૧૩૩
૨૯. ભરવાડણ (પ્રકરણ - ૧) ........ ૧૩૮
૩૦. ભરવાડ (પ્રકરણ - ૧) ........ ૧૪૩
૩૧. ભરવાડણ (પ્રકરણ - ૨) ........ ૧૪૮
૩૨. રાજપુરોહિત (પ્રકરણ - ૧) ........ ૧૫૧
૩૩. Epilogue ........ ૧૫૭
૩૪. વિશેષ વક્તવ્ય ........ ૧૬૪
૩૫. કથારસિકો માટે ખાસ ........ ૧૬૪
૩૬. આભાર ........ ૧૬૫
૩૭. કામલતા સજઝાય ........ ૧૬૬

અર્હં નમઃ

# કામલતા

## Prologue

### ક. વ. - 22 વર્ષ 3 મહિના
### સવારે 10.08

**રા**જપથ પર લોકોની ભીડ વધતી જ જતી હતી. બધા પોતાની ડોક ઉપર કરીને ભીડની વચ્ચે શું ચાલી રહ્યું છે એ જોવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા હતા. ધોમધખતો તડકો હોવાના કારણે ધનકુબેરો અને એમની દેવીઓ પોતાના પ્રાસાદોના ઝરૂખાઓમાંથી રાજપથ પર ઘટેલી ઘટનાને નિહાળવામાં મશગુલ હતાં.

બધું એટલું અચાનક ઘટેલું કે કોઈને કંઈ ખબર જ નહોતી પડી.

એક રાજાશાહી પોશાકવાળી વ્યક્તિ હાથમાં કંઈક લઈને ભીડમાંથી જગ્યા કરતો કરતો આગળ ધપી રહ્યો હતો. વ્યક્તિની સહાયતા માટે બે સૈનિકો આગળ આગળ લોકોને ગાળ અને ગળાના સહકારથી રસ્તો કરવા મજબૂર કરી રહ્યા હતા.

રાજાશાહી પોશાકવાળી વ્યક્તિ ભીડની વચ્ચે પહોંચી ગઈ. એની તરલ આંખોએ પરિસ્થિતિનું આકલન બે ક્ષણોમાં જ કરી લીધું. પછી એ જમીન પર પડેલી વ્યક્તિ તરફ આગળ વધ્યો.

એણે જમીન પર પડેલી વ્યક્તિના હાથ પર પોતાની બે આંગળીઓ મૂકી બે ક્ષણો માટે આંખ બંધ કરીને નાડીના ધબકારા સાંભળ્યા.

‘‘કેવું છે ?’’ એક મૃદુ અવાજને લીધે રાજપુરુષે બીજી તરફ જોયું.

સામે એક ભરવાડણ નીચે પડેલા વ્યક્તિ પાસે બેસેલી હતી અને એને જગાડવાનો પ્રયત્ન કરી રહી હતી. એના સુરુપ રતિસમાન મોઢા પર ચિંતાના ભાવ સ્પષ્ટ તરી આવતા હતા.

‘‘રાજપુરોહિતને સારું છે.’’ ભરવાડણ સામેથી મોઢું મચકોડીને બધાય લોકોને જણાવવા માટે રાજપુરુષે મોટા અવાજથી કહ્યું. બધાના મોઢા પર નિરાંતના ભાવ વંચાયા.

‘‘ફક્ત બે-એક ક્ષણની મૂર્ચ્છા આવી ગઈ છે. જલદી જ જાગી જશે.’’

ભીડ કંઈક ઓછી થઈ અને વાયુનો શીતળ શેક નીચે પડેલી વ્યક્તિ પર

થવા લાગ્યો. રૂપાળી ભરવાડણ તો પાણીથી એને જગાડવાના પોતાના પ્રયત્નો તો કરતી જ રહી.

રાજપુરુષે પોતાની સાથે લાવેલા થેલામાંથી કંઈક કાઢ્યું અને નીચે પડેલી વ્યક્તિના નાક પાસે ક્ષણ માટે રાખ્યું. એનાથી નીચે પડેલી વ્યક્તિ થોડુંક હલી. ચેતના આવી હોય એવું બધાને લાગ્યું,પણ ફરીથી એ એમ ને એમ જમીન પર ઢળી ગઈ.

ભરવાડણ એના માથા પર હાથ ફેરવ્યે જ જતી હતી. ફરીથી થેલામાં હાથ નાખી રાજપુરુષે બીજી વસ્તુ કાઢી અને આ વખતે માથા પર રાખી.

નીચે પડેલો પ્રતિભાશાળી પુરુષ કંઈક હલ્યો અને કંઈક બડબડવા લાગ્યો. એની આંખમાં અશ્રુ બાઝેલા દેખાયા. લોકોની ભીડ ફરીથી એ માણસ શું બોલે છે એ સાંભળવા માટે પાસે આવવા લાગી.

સૈનિકોએ લોકોને રોકી રાખ્યા.

ભરવાડણે પોતાનો સુરુપ ચહેરો નીચે કર્યો અને એ તેજવંતો નીચે પડેલી વ્યક્તિ શું કહે છે એને સાંભળવાનો પ્રયાસ કર્યો.

પહેલાં કંઈપણ સંભળાયું નહીં.

એ નીચે પડેલી વ્યક્તિનો અવાજ હજી થોડો સ્પષ્ટ થયો અને અશ્રુઓ વધ્યાં.

ફરીથી ભરવાડણે સાંભળવાનો પ્રયત્ન કર્યો. એને કંઈક સંભળાયું અને એનો તેજવંતો રૂપાળો કમનીય ચહેરો સાવ ફીક્કો પડી ગયો. જાણે કે વજ્રાઘાત થયું હોય એવું લાગ્યું.

લોકોની ધડકનો વધી ગઈ.

ભરવાડણની આંખોમાંથી એક એક કરીને અશ્રુઓ પડતાં ગયાં અને વધવા લાગ્યાં. લોકોનો પણ શ્વાસ અધ્ધર થઈ ગયો. લોકોના મગજમાં જાતજાતના પ્રશ્નો અને વિકલ્પો વીજળીની જેમ ઝબકવાં લાગ્યા.

હવે રૂદન પરાકાષ્ઠાએ પહોંચ્યું, પણ એ બધામાં નીકળતો એક શબ્દ શાશ્વત રહ્યો.

**"કેશવ... કેશવ... કેશવ... !"**

* * *

# પનિહારી

## પ્રકરણ - ૧

### ક. વ. - 6 મહિના

### સવારે 06.03

રજની પોતાની કલાને સંકોચવાની તૈયારીમાં હતી. નવી આશાને સૂચવનારો પક્ષીઓનો કલકલરવ નીરવ શાંતિમાં ભંગ પાડી રહ્યો હતો.

ગામના પનેરા તરફ એક સુશીલ, રુપવતી અબલા પોતાની કેડે પાણી ભરવાના ઘડાને લઈને આગળ વધી રહી હતી. એની ચાલમાં નિર્ભયતાના દર્શન નહોતા થતાં. જાણે કે કાલ આવી પડ્યો હોય એવા ભય સાથે એ આગળ ધપી રહી હતી.

આજે રાબેતા મુજબની, પાણી લઈ આવતી-જતી પનિહારીઓની અવર-જવર દ્દષ્ટિગોચર નહોતી થતી.

એક-બે છૂટી-છવાઈ પનિહારીઓ આ યૌવનમસ્ત અબલાની જેમ જ ભયગ્રસ્ત દેખાતી હતી. રસ્તામાં સામેથી આવતી એક પનિહારીને અબલાએ પૂછ્યું,

''રુપસ્વી ! આજે કેમ કોઈ દેખાતું નથી ?''

''લતા ! મને એ ખબર નથી...'' અવાજમાં ધ્રુજારી સાથે પનિહારીએ પ્રત્યુત્તર આપ્યો.

''આજે કૂવે કેટલા જણ ઊભા છે ?'' અંચલથી માથાને લૂછતાં લૂછતાં અબલાએ પૂછ્યું.

''એ જ તો આશ્ચર્ય છે... કોઈ નથી...''

અબલાનો ભય વધ્યો. એની તરલ આંખો વધારે તરલ થઈ. શરીરમાં પરસેવો થવા લાગ્યો. અબલાના સુરુપ ચહેરા પર પરસેવાને લીધે વધારે તેજ છવાયું.

ખોટી લાગણીઓને દૂર કરીને મનને શાંત કરી પનિહારી પોતાના માર્ગે ચાલી. પાણી ભરવાનો કૂવો હજી પા ઘડીનાં અંતરે હતો. ચાલ ઝડપી થઈ. વિચારોનો વાયરો પૂરપાટ વેગે વધવા માંડ્યો. એ અબલા ઘરે જઈને કરવાનાં કાર્યો યાદ કરવા લાગી. હૃદયથી એકદમ પાસે રહેલા પોતાના પતિ અને પુત્રનું એને સ્મરણ થઈ

આવ્યું.

બસ... હવે કૂવો ફક્ત ૧૦૦ ડગલાં જ દૂર દેખાયો, પણ....

નીરવ શાંતિનો ભંગ કરતો એવો એક બીજો પણ અવાજ એને સંભળાવા લાગ્યો.

ધીમે ધીમે વધતા એ અવાજ ઉપર અબલાએ ધ્યાન કેન્દ્રિત કર્યું.

અવાજ પરિચિત લાગ્યો. એ અવાજ એને શિવપુરમાં ક્યારેય સાંભળ્યો નહોતો. એક ભયનું લખલખું એના શરીરમાંથી પસાર થયું.

એણે જલદી જલદી પાણી ભરી પોતાનાં ઈષ્ટ સ્થાન ઘરે જવા માટે વળતાં પગલાં ભર્યાં.

કૂવાથી દૂર - સુદૂરના પ્રદેશમાં ધૂળના ગોટેગોટા ઉડતા દેખાયા. હવે એને પાકી ખબર પડી કે શું થઈ રહ્યું છે.

એને ૧૬ વરસ પહેલાં પોતાના પિતાજીના ગામમાં ઘટેલો ભયાવહ પ્રસંગ યાદ આવ્યો.

એ હવે રીતસર દોડવા લાગી. એના કમનીય ચહેરા પર દહેશત તરવા માંડી. પાછળથી આવતો અવાજ નજદીક આવવા માંડ્યો અને એના કાનમાં સોયની જેમ ભોંકાવા લાગ્યો.

'તબડક ... તબડક... તબડક ... હેંહેંહેંહેંહેં....'

એણે પોતાની શક્તિ પોતાનાં શરીરમાંથી નીકળી જતાં અનુભવી. તો પણ, પોતાના ઈષ્ટદેવને, પોતાના પતિને, પોતાનાં શિયળને યાદ કરી કરીને એણે મક્કમતા રાખી અને પોતાના શરીરની રગેરગ દોડવામાં જોડી દીધી.

અવાજ વધતો ગયો.... એ અવાજ સાથે મનુષ્યોનો હસવાનો અને મજાકનો અવાજ પણ ભળ્યો.

"આજે તો જોરદાર માલ હાથ લાગ્યો છે...."

"આજે તો આપણને રાજા જોરદાર ઈનામ આપશે... "

"વાહ ! શું રુપ છે.... " એવા આછા આછા શબ્દો સંભળાયા.

"ઓહો ! આ દેવાંગના આપણાથી બચવા માટે જુઓને કેવી રીતે દોડે છે.... ? હા...હા...હા..."

હવે કામલતા અબલા સાચે ગભરાઈ. એને ખબર પડી ગઈ કે પાછળ આવતા લોકોની નિયત બિલકુલ સારી નથી. એને આંખો સામે જ પોતાનું અપહરણ દેખાવા માંડ્યું. એ હવે પોતાના માથા પર રહેલા ઘડાને પોતાના હાથમાં લઈ બચવા માટે હજુ જોરથી દોડવા લાગી.

એણે ભગવાનને પોતાને આટલું કામોત્તેજક રુપ આપવા માટે કોસ્યા. પોતાના શિયળની રક્ષા માટેની ગદ્‌ગદ્ હૃદયે પ્રાર્થના કરી.

પણ, આજે ભાગ્ય વિપરીત હતું. ...

બે જ ક્ષણોમાં પાછળથી આવતાં સૈનિકો એની એકદમ નજદીક આવી પહોંચ્યા. એમના હાથોમાં ખુલ્લી તલવારો હતી. યમના દૂત જેવા બધા દેખાતા હતા.

એક સૈનિકે પોતાના ખાલી હાથથી કામલતાને ઊંચકવાનો પ્રયત્ન કર્યો. કામલતાએ પોતાના હાથમાં રહેલો ઘડો એના માથે માર્યો. કૂતરાની જેમ તરફડતો-તરફડતો, પોતાનાં માથા પરથી નીકળતા લોહીને જોઈને ગાંડો થયેલો એ ગાળો બોલવા માંડ્યો.

કામલતા દોડતી જ ગઈ. બાકી સૈનિકો તો પાછળ જ હતા. ફરીથી એકે કામલતાને કેડથી ઉંચકી. કામલતા એક ગભરુ કબૂતરની જેમ પોતાની જાતને બચાવવા માટે પ્રયાસ કરવા માંડી. બાકી સૈનિકોએ પણ ઉછળતી એવી એને સ્થિર રાખવાનો પ્રયાસ કર્યો. પણ, એ સ્થિર રહી નહી.

એક સૈનિકે ક્રોધમાં પોતાના તલવારની મૂઠ કામલતાના માથે મારી. એના માથામાં ભયંકર વિદ્યુતના ગોળાનો સંચાર ન થયો હોય એવું એને અનુભવાયું. એ નીચે ઢળી પડી. પણ એના મોઢામાં હોશ ખોતાં પહેલાં એક જ શબ્દ હતો ....

**"કેશવ !"**

* * *

# પનિહારી

## પ્રકરણ - ૨

### ક. વ. - 8 મહિના

### રાત્રે 08.01

**રા**જખંડમાં નીરવ શાંતિ છવાયેલી હતી. ધીમા અવાજે બે પુરુષો કંઈક ગુસપુસ કરી રહ્યા હતા. બે દ્વારપાલો બહાર સજાગ અવસ્થામાં સુસજ્જ રીતે તૈનાત કરવામાં આવેલા હતા. કોઈને અંદર નહીં આવવા દેવા માટે સ્પષ્ટ આદેશ કરવામાં આવેલો હતો.

રાજખંડમાં બેઠેલા બન્ને વ્યક્તિઓનાં મુખ મશાલોનાં તેજમાં તેજસ્વી ભાસતાં હતાં. પણ સાથે એમના મોઢાની રેખાઓ એમના ભીતર રહેલી ચિંતાઓને છૂપાવી શકતી નહોતી. બે ક્ષણ વાતો કર્યા પછી બન્ને એકદમ મૌન થઈ ગયા. તત્ત્વચિંતનમાં ડૂબેલા તત્ત્વચિંતકોની જેમ એમની આંખોમાં શૂન્યતા નજર આવતી હતી. બે-ચાર ક્ષણો એ રીતે જ પસાર થઈ.

‘‘આયુર્વેદના જાણકાર, રોગીઓના તારણહાર રાજવૈદ્ય પધારે છે,’’- ની છડી પોકારાઈ.

બન્ને વ્યક્તિઓની શૂન્યતાપૂર્ણ દૃષ્ટિ દરવાજા પર અટકી અને એમાં કંઈક આશા દેખાઈ. બેમાંથી એક સાદા પોશાકવાળો વ્યક્તિ ઊભો થયો.

‘‘પધારો...પધારો... જીવનદાતા... પધારો....’’ કહીને વ્યક્તિએ ૫૦ આસપાસ વર્ષની ઉંમરના રાજવૈદ્યનું સ્વાગત કર્યું.

રાજવૈદ્યના મોઢા પર અકલ્પ્ય તેજ ઝગારા મારતું હતું. એમનો બાંધો સુદૃઢ હતો. એમણે લાલ અંગવસ્ત્ર અને પીળી ધોતી પહેરેલી હતી. હાથમાં એક પોથી હતી.

‘‘દેવપાદનો જયજયકાર હો... કુશલ હો... ડકભકસ્ક્ષ્ટઃ:....’’ ના આશીર્વાદ વચન ઉચ્ચારીને રાજાશાહી પોશાકમાં સજ્જ શત્રુમર્દન રાજાને નમસ્કાર કરી રાજવૈદ્ય ત્યાં જ ઊભા રહ્યા. રાજાએ વૈદ્યને આસન આપ્યું અને મહાવૈદ્ય એના પર વિરાજીત થયા.

''કેવું છે ?'' રાજાએ ઉતાવળે ઉતાવળે તરત જ પ્રશ્ન કર્યો અને એમને ૫૦ દિવસ પહેલાં ઘટેલી ઘટના તાજી થઈ ગઈ.

★ ★ ★

### ક. વ. - ૬ મહિના ૧૦ દિવસ
### સવારે ૦૯.૦૦

શિવપુરને ખેદાન-મેદાન કરી પોતાના વિજયનો જલસો નગરની બહાર પોતાના સામંતો સાથે રાજા ઉજવી રહ્યો હતો. પોતાના પૂર્વજોએ પણ જે પરાક્રમની સિદ્ધિ નહોતી કરી, એવું પરાક્રમ શત્રુમર્દન રાજાએ શિવપુર નરેશને હરાવીને કરેલું.

જલસો પૂર્ણ થયા પછી બધાનો પોતપોતાની લૂંટ બતાવવાનો વારો આવ્યો. મહાસેનાપતિ શતહન્તાએ આગળ આવી રાજખજાનામાંથી લૂંટેલા કીમતી રત્નો, ઝવેરાતો રાજા સમક્ષ પ્રસ્તુત કર્યા. રાજાએ એને ગળે લગાવી શાબાશી આપી.

એક પછી એક અલગ અલગ હોદ્દાઓ પર રહેલા યોદ્ધાઓએ પોતાને મળેલી વસ્તુઓ રાજા સમક્ષ પ્રસ્તુત કરી અને રાજાએ યથોચિત રીતે એમનો સત્કાર-સન્માન કર્યો. છેલ્લે એક ફાટેલા કપડાવાળો સૈનિક આગળ આવ્યો. જોઈને જ ગુસ્સો આવે એવો એનો દેદાર હતો. એના માથા પર પાટા બાંધેલા હતા.

"શું લાવ્યો છે ?" એકદમ તિરસ્કૃત ભાવે માંડમાંડ ગુસ્સાને છુપાવતાં રાજાએ પૂછ્યું.

"આપના અનુગ્રહથી એક એકદમ નયનરમ્ય વસ્તુ આપને આપવા માગું છું...." કહીને સૈનિકે પોતાના સાથીદારોને ઈશારો કર્યો.

સૈનિકના ચાર સાથીદારો લાકડાથી બનાવેલી ખાટ પર એક વસ્તુને લઈને આગળ આવ્યા. એમણે એ ખાટ રાજાની આગળ લાવીને મૂકી. વસ્તુ ઢંકાયેલી હતી. સૈનિકે આગળ આવીને એ વસ્તુ ઉપરથી ચાદર ઉઠાવી.

રાજા વસ્તુને જોઈને મંત્રમુગ્ધ થઈ ગયો. એના રોમેરોમ પુલકિત થઈ ગયાં. સામે એક ઉર્વશીને પણ ભોઠી પાડે એવી સ્ત્રી બેશુદ્ધ થઈને પડેલી હતી. એના મોઢાનું રૂપ-લાવણ્ય એટલું આકર્ષક હતું કે એને જોતાં જ રાજા નખશિખ કામવિકારોથી પરાભૂત થઈ ગયો. જોતાવેંત જ રાજાએ નક્કી કરી દીધું કે *'આ મારી હૃદયની દયિતા પટ્ટરાણી થશે.'*

આવી ભેટ આપવાની ખુશીમાં સાવ ભિખારી જેવા દેખાતા એવા એ સૈનિકને રાજા ભેટી પડ્યો. એને એક ગામ ભેંટમાં આપી એના જીવનની દરિદ્રતાનો નાશ રાજાએ તત્ક્ષણ જ કરી દીધો.

પછી રાજાએ રાજવૈદ્યને બોલાવ્યો.

"કોઈપણ રીતે આ બચે એનો પ્રયાસ કરો... જમીન-પાતાળ એક કરી દો.... પણ, આ સ્ત્રીને બચાવો..." રાજાએ કરગરતા આંખમાંથી આંસુ પાડતા

આદેશ કર્યો.

“જેવો આપનો આદેશ દેવ !”

વૈદ્યરાજે પોતાના શિષ્યોને અલગ અલગ પ્રાથમિક સામગ્રી લાવવાનો આદેશ આપી દીધો.

★ ★ ★

**ક. વ. - ૮ મહિના**

**રાત્રે ૦૮.૧૦**

“મહારાજા !” રાજા વૈદ્યના વચનથી વર્તમાનમાં આવ્યા. વૈદ્ય બોલતા હતા...

“૫૦-૬૦ દિવસ થઈ ગયા રાજાધિરાજ ! પણ, અવસ્થામાં કોઈ ફેર પડ્યો નથી. બહુ ઊંડો ઘાવ છે...” રાજાને નિરાશાવાદ સાંભળીને ગુસ્સો આવ્યો, પણ એ ચૂપ જ રહ્યા.

*‘સ્વની પાસે આવેલી ઈષ્ટ વસ્તુને કયો સજ્જન છોડવાને ઈચ્છે ?’* રાજાના મનમાં વિચાર આવ્યો.

*‘હે પ્રભુ ! તું જે માગે તે આપું, પણ તું આને બચાવી લે...’* રાજાએ મનોમન ભગવાનને સાચા હૃદયથી પ્રાર્થના કરી.

“ હા..” વૈદ્યના હુંકારે રાજાને પોતાના વિચારોના વમળમાંથી બહાર ખેંચ્યો.

“ક્યારેક સામાન્ય ચેષ્ટાઓ હાથ-પગ હલાવવાની થાય છે ખરી...” રાજાનું મન એકતાન થયું.

“પણ, સાજા થવાનાં લક્ષણો દેખાતાં નથી.. હજી કદાચ ૫૦ દિવસ લાગશે...” જાણે કે માથા પર ઘણનો ઘા લાગ્યો હોય એવો અનુભવ રાજાને થયો...

રાજાનું વદન એકદમ દીન થઈ ગયું.

“ના...ના... મહાવૈદ્ય ! કોઈ પણ રીતે એને જલદી સાજી કરો... હું એના વગર એક ક્ષણ પણ રહેવા હવે સમર્થ નથી...” રાજાની આંખોમાં આંસુ તરવા લાગ્યા.

શત્રુને મર્દન કરનારા પોતાના રાજાની આવી અવદશા જોઈને મંત્રી અને વૈદ્યરાજ બન્નેને અતિ આશ્ચર્ય થયું. ક્યારે'ય પણ પહેલા રાજાએ આવો પ્રેમ કોઈ માટે બતાવ્યો નહોતો.

*‘કામરાગ અતિવિષમ હોય છે !’* મંત્રીએ મનોમન વિચાર્યું. રાજાની અશ્રુની ધાર ચાલુ જ રહી.

દ્વાર પાસે કંઈક કોલાહલ સંભળાયો.

બધાની દૃષ્ટિ એ તરફ વળી. એક નોકર જેવો માણસ પોતાને અંદર જવા

દેવા માટે દ્વારપાલો સાથે મોટા અવાજે ઝઘડો કરી રહ્યો હતો.

મંત્રી ઉઠ્યા અને દ્વાર પાસે ગયા.

''કોણ છે ?'' મંત્રીએ કરડા અવાજમાં દ્વારપાલને પૂછ્યું.

સામે અંતઃપુરનો સેવક ભૂદાસ દેખાયો.

"શું માંડ્યું છે ?" મંત્રીએ આવેશ સાથે પૂછ્યું.

અંદર આવવા માટેના સંઘર્ષના કારણે ચઢતા શ્વાસે ભૂદાસે પ્રત્યુત્તર વાળ્યો... "મંત્રીશ્રી ! મંત્રીશ્રી ! મંત્રીશ્રી...."

"શાંત થા અને બોલ."

"મંત્રીશ્વર ! એ જાગી ગયા છે." એક શ્વાસમાં ભૂદાસ જોરથી બોલી ગયો.

વૈદ્ય અને રાજાના કાને શબ્દો અથડાયા. બન્ને ત્વરિત જ ઊભા થઈ ગયા.

રાજા રીતસર અંતઃપુર તરફ દોડવા લાગ્યો. *'અહો ! પ્રેમાવેશ કેવો હોય છે ?'* સાથે દોડતાં એવા મંત્રીએ મનમાં વિચાર કર્યો.

અંતઃપુરના અંધારીયા ખંડમાં ત્રણેએ પ્રવેશ કર્યો. મંત્રીએ બારીના પડદાઓ ખોલ્યા. એકસામટો પ્રકાશ અંદર પ્રવેશ્યો.

પોચી અને કોમળ ગાદી પર એક સ્ત્રી પડી હતી. એ બોલવા માટે સમર્થ નહોતી થતી, પણ પાણી પીવા માટેનો ઈશારો કરી રહી હતી. ૫૦-૫૦ દિવસથી થોડું પણ અન્ન પેટમાં ગયું નહોતું. પાણી પણ અલ્પ ગયેલું અને એટલે જ એનું મોઢું કરમાઈ ગયેલું. આંખો ઊંડી ચાલી ગયેલી. એની એ અવસ્થા રાજા જોઈ ન શક્યો. હીબકાં ભરતાં ભરતાં રાજાએ મોઢું ફેરવી લીધું.

વૈદ્યએ સ્ત્રીને પાણી પીવડાવ્યું. અડધું અંદર ગયું અને અડધું બહાર.... સ્ત્રીનું મોઢું કંઈક સ્વસ્થ થયું. આંખો લૂછીને રાજાએ સ્ત્રી તરફ જોયું.

*'એ કંઈક કહેવા માગે છે.'* એવો અનુભવ રાજાને થયો. એણે પોતાના કાન સ્ત્રી પાસે ધર્યા. પહેલાં તો કંઈપણ સંભળાયું નહીં, ફક્ત કફનો રણકાર જ સંભળાયો. સ્ત્રીએ ખાંસી ખાધી. તો પણ રાજાએ પોતાનો ચહેરો સરકાવ્યો નહીં.

''ક.. ક...ક... ક...'' અવાજ આવ્યો.

રાજા હજી પાસે ગયો.

કામલતા બેહોશ થઈ ગઈ, પણ આટલું કહીને....

''કેશવવવવ....''

* * *

# પનિહારી

## પ્રકરણ - 3

### ક. વ. - 1 વર્ષ 2 મહિના

### રાત્રે 08.19

**રા**ત્રિના અંધકારને ચીરતો એક મહાઉદ્યોત ચોતરફ પ્રસરી રહ્યો હતો. રાત્રિમાં પણ દિવસનો ભ્રમ થાય એટલો પ્રકાશ સારપુરના રાજમહેલમાંથી પ્રસરતો હતો.

લોકોનાં ઝુંડનાં ઝુંડ રાજમહેલ તરફ ગતિમાન હતાં. બધાનાં મોઢાં પર અનેરી રોનક છવાયેલી હતી. ઠેર ઠેર જગ્યાએ ખાવા-પીવાના મોટેમોટા શમિયાના બંધાએલા હતા. બધા પોતપોતાની અવનવી વસ્તુ એક-બીજાને બતાવવામાં મશગુલ હતા.

'અરે ! આપણા રાજાનું સૌભાગ્ય કેટલું પ્રચંડ છે....''

''વાહ ! વાહ ! શું રૂપ-લાવણ્ય છે...''

''ભાઈ ! આ અવસર ચૂકવા જેવો નથી....મોડો નહીં થાતો....''

'રાજાને આટલા હર્ષમાં તો હું પહેલીવાર જોઉં છું...બાકી તો....''

જેવી અનેક વાતોની લહેરો લોકોના મોઢે ચાલતી હતી.

પણ...

એક સ્ત્રી એકદમ ગુમસુમ હતી. એ વધારે બોલતી નહોતી, હસતી નહોતી, વધારે ચેષ્ટાઓ કરતી નહોતી.

એની બાજુમાં સારપુરનરેશ રાજા શત્રુમર્દન સિંહાસન પર બેઠેલો હતો અને એ આ સ્ત્રીને અવનવા રાજપુરુષોનો પરિચય જાતે કરાવી રહ્યો હતો.

'આ અવંતિના રઘુવીર, આ વિલાસપુરના જિતારી, આ અંગના સમરવીર ... આ અરણ્યકના પ્રાણવલ્લભ...'' નોંધ ચાલ્યે જ જતી હતી. એ સ્ત્રી દરેક વખતે પોતાનું માથું ધૂણાવતી હતી.

''કામલતા ! તું થાકી તો નથી ગઈ ને ?'' શત્રુમર્દને સ્ત્રીને એકદમ પ્રેમપૂર્વક પૂછ્યું.

શિવપુર પર વિજય મેળવ્યાને ૮ મહિના પૂર્ણ થવા આવ્યા હતા. પહેલા ૫૦ દિવસ તો કામલતાને હોશ પણ નહોતો. ૫૦મા દિવસે હોશ આવ્યા પછી ફરીથી કામલતા ૩૦ દિવસ બેહોશ જ હતી.

રાજાની ચિંતા દિવસે દિવસે વધતી જ જતી હતી. એના કારણે એમને ખાવાનું-પીવાનું, રાજ્ય કરવાનું કઈ પણ ગમતું કે સૂઝતું નહોતું.

૮૦માં દિવસે હોશ આવ્યા પછી સ્વયં રાજા કામલતાની સેવામાં જોડાયો હતો. એને દવા આપવી, એને લાગેલા ઘાવ પર પાટા-પિંડી કરવા, એના મનનું અલગ-અલગ વાર્તાઓ અને ટુચકાઓ કહીને રંજન કરવું, ભોજનનો સમય થતા ભોજન કરાવવું, રાત્રે સૂતી વખતની બધી વ્યવસ્થાઓ કરવી, બધું કાર્ય રાજાએ પોતાના માથે લીધેલું હતું.

રાજા સતત ૪૦ દિવસ પોતાનાં બધાં રાજકાર્યો છોડીને કામલતાની સેવામાં એકતાન થઈ ગયો હતો. કામલતાનું શરીર ધીરે ધીરે પુષ્ટ થવા માંડ્યું હતું. ઉતરી ગયેલાં શરીરની સુષ્ઠુતા ફરીથી પ્રગટ થવા લાગી હતી.

કામલતા પોતાની મેળે ઘણાંખરાં કાર્યો કરવા માટે શક્તિમાન થઈ રહી હતી. તો પણ માનસિક રીતે શિવપુરમાં ઘટેલી ઘટનાથી એ બહાર આવી નહોતી. રાત્રે સ્વપ્નમાં પણ એને એ જ દૃશ્યો દેખાતાં હતાં.

ઘોળીયો... છોકરો... દાઢીવાળો બ્રાહ્મણ.... કૂવો... કૂતરો... બધું યાદ આવતું... અને પછી અચાનક બધું લાલ-લાલ, લોહી જેવું દેખાવા માંડતું અને પછી કામલતા પોતાનો કાબૂ ગુમાવી દેતી. એકવાર તો કામલતાએ ઊંઘમાં એટલી રાડારાડ કરેલી કે બીજા ખંડમાં સૂતેલો રાજા પણ જાગી ગયેલો.

એણે આવીને જોયેલું તો લગભગ રાજકુલ જાગેલું હતું. કામલતાના મોઢા પર અવર્ણનીય ભય હતો. આખી પથારી પરસેવાથી રેબઝેબ થઈ ગયેલી હતી.

રાજાએ કામલતાને પૂછ્યું હતું પણ કંઈ પણ પ્રત્યુત્તર સાંપડ્યો નહોતો. કામલતાને ભાનમાં આવ્યા પછી સળંગ ૨ મહિના સુધી આવાં સપનાંઓ આવ્યાં કરતાં. રાજાનું મન બહુ દુભાતું, પણ *'વિધાતા સામે કોનું શું ચાલે ?'* એમ વિચારી એ પોતાને દિલાસો આપતો.

અલગ અલગ ઔષધિઓના પ્રયોગો કરીને ૨ મહિને આ સ્વપ્નોની હારમાળા પર રોક લગાવવામાં મહાવૈદ્ય સમર્થ થયા હતા.

રાજા અત્યંત ખુશ થયો હતો. કામલતા પણ હવે ચેનની ઊંઘ લેતી હતી અને ખાવા-પીવાની પણ નિયમિતતા સારી રીતે ગોઠવાઈ ગઈ હતી. સારી રીતે કામલતાનો દેહ પુષ્ટ થતો હતો.

સંપૂર્ણ સ્વાસ્થ્ય આવ્યા પછી દાસીઓએ લગભગ ૫ મહિના પછી કામલતાને સ્નાન કરાવ્યું હતું. આટલા દિવસો પછી પાણીમાં જવા માટે કામલતા ગભરાતી હતી.

પણ મુખ્ય દાસી સાંત્વનાની લાગણીના કારણે કામલતાએ સ્નાન માટેની મંજુરી આપી દીધી હતી.

સ્નાન કરીને બહાર આવ્યા પછી એનું રૂપ દેવલોકની અપ્સરાની જેમ ઝગારા મારતું હતું. અને સાંત્વના દાસીએ પછી એને રાણીને છાજે એવા પોશાકમાં તૈયાર કરી હતી. રાજા તો આ બધું જોઈને ગાંડો ગાંડો થઈ ગયો હતો.

આ ૫ મહિના દરમ્યાન ક્યારેય પણ પોતાનો પ્રેમ જતાવતો એક પણ શબ્દ રાજાએ કામલતાને કહ્યો નહોતો. એ મર્યાદા પુરુષોત્તમની જેમ કામલતાની સહર્ષ સંમતિની રાહ જોતો હતો.

રાણીના પોશાકમાં પોતાને જોઈને દાસીને કામલતાએ પૂછેલું કે, ‘‘આ શું ?’’

દાસીએ બીજા પાસે સાંભળલો અને પોતે અનુભવેલા કામલતાનો બધા વૃત્તાંત કહી દીધેલા અને છેલ્લે રડતી આંખે કહેલું.

‘‘અમારા મહારાજાધિરાજની અંતરની ઈચ્છા તમને પરણવાની છે દેવી ! એના માટે એમણે જેટલો ભોગ આપ્યો છે, જેટલો સમય ફાળવ્યો છે, એ વર્ણવી શકાય એમ નથી. અને દેવી ! ફક્ત રાણી જ નહીં ,જે ક્ષણેથી એમણે આપને જોયાં છે, તે સમયથી એ આપને પટ્ટરાણી બનાવવા માગે છે. જો આપ મને સહમતિ આપો, તો હું મહારાજાધિરાજને નિવેદન કરું. મહારાજાથી વધારે ખુશ કોઈ નહીં થાય.’’

કામલતા માટે તો આ વાત એકદમ વિસ્મયકારક હતી.

*‘જે વ્યક્તિ મને લૂંટે, એ જ મને આટલો પ્રેમ કઈ રીતે આપી શકે ?’* , કામલતાના મનમાં વિતર્ક થયેલો.

જાણે કે વિચારોને વાંચતી હોય એમ સાંત્વનાએ કહેલું કે, ‘‘આપ વિચારતાં હશો કે જે શોષક છે, એ પોષક કઈ રીતે બની શકે? પણ અમારા મહારાજાની વાત જ અનેરી છે. એ બહુ લાગણીશીલ છે.’’

‘‘હું વિચારીશ...’’ કહીને કામલતા ત્યારે તો છુટી ગયેલી. પણ, પછી દરરોજ સાંત્વના દાસી રાજાના અવનવા પ્રસંગો, ગુણો કામલતાને વર્ણવતી. ધીરે ધીરે શત્રુમર્દન રાજાનું વ્યક્તિત્વ કામલતા પર છવાતું જતું હતું. દુઃખો ઓછા થતાં જતાં હતાં.

* * *

### ક. વ. - 1 વર્ષ
### સાંજે 07.02

એક સાંજે કામલતાના ખંડમાં રાજા એકલો આવેલો. ત્યારે કામલતા પોતાના શરીરનું મંડન કરી રહી હતી. રાજા એને અનિમેષ નજરોથી જોઈ રહ્યો હતો. થોડો સમય પસાર થયા પછી કામલતાને ખબર પડેલી કે *‘કોઈ ઉભું છે.’*

પહેલાં તો એ ડરી ગયેલી. પણ, રાજાએ એના ભયનું નિવારણ કરેલું અને

એને પોતાની સાથે પોતાના બગીચામાં આવવાની વિનવણી કરેલી.

કામલતાએ એ વિનંતીનો સ્વીકાર કરેલો.

બગીચો એકદમ રમણીય હતો. જાતજાતના પુષ્પોની મહેક વાતાવરણમાં પ્રસરેલી હતી. લાંબા કાળ સુધી કોઈએ એક પણ વાત નહોતી કરી. પછી રાજાએ મૌનનું ભંગ કરતા કહેલું કે,

"ઘણા દિવસથી તારા સાથે મારે મારાં હૃદયની વાત કરવી હતી. સૌથી પહેલાં તો હું તારી પાસે ક્ષમાયાચના યાંચું છું" રાજાની આંખોમાં પાણી તરવરતું હતું.

"મારા કારણે આજે તારી આ દશા થઈ છે."

*'શું બોલવું ?'* કામલતાને એ જ ખબર નહોતી પડતી. પછી રાજાએ પોતાનો કામલતા ઉપરનો પ્રેમ, એના વગર નહીં જીવી શકવાની પોતાની પરવશતાનું વર્ણન કરેલું.

છેલ્લે જમીન પર પોતાના ઘૂંટણોને ટેકવીને એણે આજીજી કરેલીઃ "તું મારી સાથે લગ્ન કરશે ને ?"

કામલતાનું મન કંઈક કૂણું પડેલું. કેટલાય સમય પછી કોઈક આવી હુંફ આપનારો વ્યક્તિ એને મળેલો. એણે 'હા' પાડેલી.

રાજા તો એટલો ખુશ થઈ ગયેલો કે એણે કામલતાને ઉંચકીને કેટલાય સમય સુધી ગોળગોળ ફેરવેલી. પછીના દિવસે રાજપુરોહિતને બોલાવવામાં આવેલા. લગ્નનું સૌથી વધારે શ્રેષ્ઠ મુહૂર્ત ૬ મહિના પછીનું આવતું હતું. રાજાને આટલો વિરહ પણ સહન થાય એવો નહોતો.

એની બહુ વિનંતીઓ સાભંળીને અને મંત્રીઓની સમજાવટથી વિવાહનું આજનું મુહૂર્ત નક્કી રાખવામાં આવેલું. લગ્નના સાત દિવસ પહેલાંથી જ બધી તૈયારીઓ થવા માંડી હતી.

દુનિયાના સર્વશ્રેષ્ઠ ગાયકો, નર્તકીઓ, રસોઈયાઓ, શૃંગારકો બધાને બોલાવવામાં આવેલા. પોતાના બધા સામંત રાજાઓને શત્રુમર્દને જાતે જ વિશેષ રીતે એક એક વિશેષ દૂતોને મોકલીને આમંત્રણ આપેલું.

બધા લોકો માટે આ વર્ષે કરમુક્તિ જાહેર કરવામાં આવેલી. બધાના દંડો માફ કરી દેવામાં આવેલા. અનેક પ્રકારનાં ભોજનની વ્યવસ્થાઓ રાજા તરફથી ગોઠવવામાં આવેલી. આખો રાજમાર્ગ વિવિધ પ્રકારની રોશનીઓથી પ્રજ્વલિત હતો.

ચારે બાજુ ફૂલોનો શણગાર કરવામાં આવેલો. એની સુગંધ એટલી બધી આહ્લાદક હતી કે અલગ અલગ પ્રકારના ભમરાઓ ત્યાં આવીને ગુંજારવ કરી રહ્યા હતા. દુનિયાની એવી કોઈ વસ્તુ બાકી નહોતી કે જે શત્રુમર્દને આજના દિવસ માટે

તૈયાર નહોતી કરી.

સાંજે ગોધૂલીની શુભ વેળાએ રાજમહેલનાં મોટાં પ્રાંગણમાં લગ્નની વિધિ પ્રારંભ થયેલી હતી. દેશ-વિદેશથી સેંકડો લોકો રાજા અને કામલતાના આ જોડાણને જોવા માટે આવેલા હતા.

મહાપુરોહિત અલગ અલગ સ્વાહાન્તવાળા મંત્રો ઉચ્ચારી અગ્નિની સાક્ષીએ બન્નેને આશીર્વચન આપી રહ્યો હતો. રાજાનું મુખ અત્યંત હર્ષપૂર્ણ હતું. કામલતાનું પણ રૂપ અને મુખ ઝગારા મારતું હતું. વિધિ-વિધાન પૂરાં થયા પછી મોટા જમણવારની શરૂઆત રાજાએ કામલતાને પહેલો કોળિયો પોતાના હાથથી ખવડાવીને કરેલી.

પછી બધા સામંત રાજાઓ પોતપોતાની શક્તિ મુજબ જાતજાતની ભેટ કામલતાને આપતા હતા. કામલતા બધાનું સોપચાર મીઠાં વચનો બોલી અભિવાદન કરી રહી હતી.

હવે રાત થવા આવી હતી અને કામલતાને થાક લાગતો હોય એવું રાજાને લાગેલું. એટલે રાજાએ એને પૂછેલું કે, "થાકી તો નથી ગઈ ને ?"

કામલતાએ હસતા ચહેરે કહ્યું, "રાજા ! આપ જેવા પ્રાણનાથ હોય તો શું થાક લાગે ?"

હજી દિવસની સૌથી મહત્ત્વની અને રહસ્યપૂર્ણ  ઘટના તો બાકી હતી. કોઈને ખબર નહોતી કે રાજા શું કરવાના છે અને એટલે બહુ બધા લોકો ભેગા થઈ ગયેલા હતા.

સાંજના 9 વાગ્યા. ખાન-પાન બંધ થયું. મહારાજા શત્રુમર્દનની છડી પોકારવામાં આવી. શત્રુમર્દન રાજા પોતાના સ્થાનેથી ઊભા થયા. કામલતાની નજર સતત રાજા પર જ હતી. એના મનમાં પણ કુતૂહલ હતું કે રાજા શું કરશે ?

રાજા વચ્ચે બનાવેલા મોટા મંચ પર જઈને ઊભો રહ્યો. લોકાનો અવાજ એકદમ શાંત થઈ ગયો. બધાના કાન સજાગ થઈ ગયા.

"મહારાજો! સામંતો ! મારો પ્રિય પરિવાર ! અને મારી વહાલી પ્રજા!" રાજાએ ક્ષણ બે ક્ષણ પોતાના વચનોનો પ્રભાવ પ્રજા ઉપર થવા દીધો.

"આજનો દિવસ..." રાજાના અવાજમાં ભીનાશ ભળી.

"આજનો દિવસ મારા જીવનનો સૌથી મહત્ત્વનો અને યાદગાર દિવસ રહેશે." રાજાની આંખમાં બે બુંદ બાઝયાં.

"આજના આનંદને વ્યક્ત કરવા માટે મારી પાસે શબ્દો નથી... શિવપુરને ભાંગવાથી, આદલપુરને જીતવાથી, રામપુરને વશ કરવાથી જેટલો આનંદ મને નથી થયો." રાજા કામલતા તરફ વળ્યો. કામલતાના રૂંવાટા ઊભાં થઈ ગયાં. જાણે કે પોતે સપનું ન જોતી હોય એવી અનુભૂતિ એને થઈ.

"એટલો આનંદ...." રાજાએ કામલતા તરફ હાથ બતાવતાં લોકોને કહ્યું. "આના મારા જીવનમાં પ્રવેશથી મને થયો છે..." લોકોએ આનંદની ચિચિયારી પાડી.

"અને..." આખી જનમેદનીમાં ફરી સોપો પડી ગયો.

"આ દિવસને ચિરસ્થાયી કરવા માટે હું આજે કામતલાને કંઈક આપવા માગું છું." બધા લોકો આગળ આવવા માંડ્યા.

*'રાજા કામલતાને શું આપશે ?'* એની ઉત્કંઠાથી લોકોને ઝાલી રાખવા અશક્યપ્રાયઃ થઈ ગયું.

રાજાએ ઈશારો કર્યો અને સાંત્વના દાસી એક રત્નથી મઢેલો થાળ આગળ લાવી, એમા લાલ વસ્ત્રથી ઢંકાયેલી એક વસ્તુ હતી.

કામલતાને તો *'આ શું ચાલી રહ્યું છે ?'* એના ઉપર વિશ્વાસ જ નહોતો થતો. ક્યાં પોતાના પાણી ભરવાના દિવસો અને ક્યાં આટલી આગતા-સ્વાગતા!

રાજાએ લાલ વસ્ત્ર વસ્તુ ઉપરથી કાઢ્યું. બધાની આંખો અંજાઈ ગઈ. બે ક્ષણ પછી બધાની આંખો ટેવાઈ અને સામે રહેલી વસ્તુને જોઈ બધાને આશ્ચર્ય અને આનંદની મિશ્રિત લાગણી થઈ.

સામે એક સંપૂર્ણ રત્નજડીત સુવર્ણ મુગટ હતો. રત્નોનું તેજ એટલું હતું કે આંખો અંજાઈ જાય. એની કારીગરી એટલી સૂક્ષ્મ હતી કે ભલભલાના મોઢામાં આંગળા ચાલ્યા જાય.

"આ મુગટ હું મારી કામલતાને આપવા માગું છું. આના ઉપર...," રાજાએ મુગટ ઉપર વચમાં એક જગ્યા બતાવતા કહ્યું, "કામલતાનું નામ અંકિત કરેલું છે."

"આજથી હું મારા હૃદયની દયિતા કામલતાને મહારાણી ઘોષિત કરું છું..." જનમેદનીમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ.

'રાજા શત્રુમર્દન અને મહારાણી કામલતાનો જય' નો અવાજ આખા રાજમંડપના પ્રાંગણમાં ગૂંજવા લાગ્યો. કામલતા તો હતપ્રભ રહી ગઈ.

પછી પોતાના હાથેથી કામલતાને રાજાએ મુકુટ પહેરાવ્યો. કામલતાનાં લાવણ્યમાં મુકુટે હજી વધારો કર્યો. રાજા કામલતાના બાજુમાં રહેલા પોતાના સ્થાને જઈ કામલતાને જોતા બેસી ગયો. કામલતા કિંકર્તવ્યમૂઢ થઈ ગઈ.

પછી મહામંત્રીએ મહોત્સવનું સમાપન વિવિધ પ્રકારના આભારો માનીને કર્યું.

પહેલો પ્રહર પસાર થયો. વાસભવનમાં રાજા અને કામલતા વિષય-સુખોમાં મગ્ન હતાં.

વિષયસુખોની વચ્ચે રાજાએ પૂછ્યું, "મારા માટે તું દુનિયાની સર્વશ્રેષ્ઠ વસ્તુ

છે. તારા માટે સર્વશ્રેષ્ઠ વસ્તુ કઈ છે ?'' રાજાના મોઢા પર અપેક્ષા નીતરતી દેખાઈ રહી હતી.

બે ક્ષણ પછી કામલતાએ જવાબ વાળ્યો. ''આપ...'' અને રાજા અત્યાનંદિત થઈ ગયો.

પણ પ્રશ્ન પૂછાતાં જ પહેલી ક્ષણે કામલતાના મનમાં એક જ શબ્દ સ્ફુરેલો.

***'કેશવ...'***

* * *

# મહારાણી

## પ્રકરણ - ૧

### ક. વ. - 14 વર્ષ 6 મહિના
### સવારે 06.03

**ર**મણીય રાત્રી પૂર્ણતાને આરે હતી. રાજા અને કામલતા જાગી ગયાં હતા. કામલતા પલંગના નીચે બેઠેલી હતી અને રાજા એની ઉપર... રાજા કામલતાના રેશમી વાળોની ગૂંચો પોતાના હાથે કાઢી રહ્યા હતા.

વાસખંડના દરવાજા પર કોઈકે દસ્તક આપી. રાજાનું મોઢું વાંકું થયું.

*'સવારે પણ સાલાઓ છોડતા નથી....'* મનમાં વિચાર આવ્યો અને મોઢાથી *'અવાશે...''* નો અવાજ જ નીકળ્યો.

પરસેવાથી લથપથ શરીરવાળા એક સુદૃઢ બાંધાવાળા વ્યક્તિએ હાંફતા હાંફતા પ્રવેશ કર્યો. એ વ્યક્તિને જોતાં જ રાજાને ખબર પડી ગઈ કે કંઈક વસમા સમાચાર છે.

''બોલ પ્રણિધ ! શું સમાચાર છે ?'' કામકાજ ઉપર સીધા આવતાં રાજાએ પૂછ્યું.

''મહારાજાધિરાજનો જય હો... વિજય હો... મહાદેવીનો જય હો... વિજય હો... મહારાજ ! મહારાણીની હાજરીમાં કશીય વાત થઈ શકે એવી નથી... આપ જરાક બહાર આવી શકો...'' એકદમ દીનતાપૂર્વક ગુપ્તચર પ્રણિધે પૂછ્યું.

કંટાળા સાથે રાજા ઊભો થયો. એ પ્રણિધની ગંભીરતાથી વાકેફ હતો.

''બે જ પળોમાં આવું છું'', કહીને રાજા કામલતાને પલંગ પર બેસાડીને ઝડપથી ચાલ્યો ગયો. બે ક્ષણ પછી રાજા ફરીથી વાસખંડમાં આવ્યો. કામલતાએ જોયું કે રાજાના માથા પર પસીનાના બિંદુઓ બાઝેલાં હતા. રાજાનો ચહેરો ઉતરી ગયેલો જણાયો.

''પ્રાણનાથ !'' કામલતાએ રાજાને પોતાના હાથે પલંગ પર બેસાડ્યો.

''શું સમાચાર છે ? કેમ આ રીતે ચિંતામાં દેખાઓ છો?''

''ના કંઈ નહીં...'' અચકાતાં અચકાતાં રાજાએ કહ્યું.

''ના પ્રાણનાથ ! આપે કહેવું જ પડશે... કહોને ...''

''વાત બહુ વસમી છે કામલતા! પ્રણિધના કહેવા મુજબ ઉજ્જૈનના ભટમર્દન રાજાની સેના અહીંથી ફક્ત ૧૨ કોશની દૂરી પર છે. એની સેના ત્યાંથી આજે સવારે આગળ કૂચ કરશે અને આપણા રાજ્ય પર આક્રમણ...'' કામલતાના હોશ ઊડી ગયા.

શિવપુરમાં ઘટેલી ઘટના સાક્ષાત્ થઈ ગઈ. ચહેરા પરથી પસીનો નીતરવા માંડ્યો.

''કામલતા ! એ તો સારું થયું કે પ્રણિધે કોઈક રીતે આ વાત જાણી લીધી, નહીં તો આપણું શું થાત ?'' રાજાનો અવાજ ઘેરો બન્યો.

'પણ કામલતા ! તું ચિંતા ન કર. બસ ! મારે તો તારો પ્રેમ જ પેલા ચંડાલ જેવા ભટમર્દનની પીઠ તોડવા માટે કાફી છે. તું મને વિજયતિલક પ્રેમપૂર્વક કરશે ને ?'' રાજાએ કામલતા તરફ પ્રેમપૂર્ણ નજરે જોયું.

કામલતાનું મોઢું સફેદ રૂની પૂની જેવું થઈ ગયું હતું.

''કામલતા ! મને ખબર છે કે તારા જીવનમાં કેવી ઘટનાઓ ઘટેલી છે. પણ તું મારા માટેની ચિંતા છોડી દે. મેં મારા સામંતોને કહેવડાવી દીધું છે. તેઓ પાછળથી આવીને ભટમર્દનની સેના પર હલ્લો બોલી દેશે. પછી જો જે કે કેવો છછુંદરની જેમ ભાગે છે પેલો ભટમર્દન !'' રાજાના મોઢા પર અનેરી રોનક દેખાઈ. કામલતા કંઈક આસ્વસ્ત થઈ.

''ચાલ, હવે મારે તૈયારી કરવી છે. તું પણ સોળે શણગાર સજીને તૈયાર થઈ જા. તારે આ વિરલાને સારી વિદાય આપવી છે ને ?'' રાજાએ કામલતાનો હાથ દબાવ્યો.

કામલતા ઊભી થઈ અને રડવા જેવી થઈ.

''આ સારા અવસરે રડાય નહીં ગાંડી ! તારો આ પતિ બાળક નથી, પણ વીરપુરુષ છે. જો જે હું જયમાલા પહેરીને જ આવીશ. ચલ, હવે તૈયાર થઈ જા.'' રાજા કામલતાને આશ્વાસન આપી વાસખંડની બહાર ગયો.

કામલતા નિશ્ચેષ્ટ થઈ ત્યાં ને ત્યાં ઊભી રહી ગઈ. ક્ષણ પર ક્ષણ પસાર થતી ગઈ. કોઈકના પગનો અવાજ સાંભળી કામલતા વર્તમાનમાં આવી. સાંત્વના દાસી સામે ઊભી હતી.

"મહારાણી ! આ શું ? આપ તૈયાર થયાં નથી ? જલદી ચાલો... તૈયાર થાઓ. મહારાજ આપની પ્રતિક્ષા કરી રહ્યા છે.''

કામલતાએ માથું હલાવ્યું અને ફટાફટ તૈયાર થઈ ગઈ. સાંત્વના દાસીએ મસ્તક પર મુકુટ પહેરાવ્યો અને મહારાણી વાસખંડમાંથી બહાર નીકળી રાજમહેલ તરફ જવા માંડી.

જેમ જેમ રાજમહેલ પાસે આવતો ગયો, તેમ તેમ ઢોલ-નગારાંઓનો અવાજ વધતો ગયો અને કામલતાની ધડકનો પણ વધતી ગઈ. ચારે કોર લોકો યુદ્ધની તૈયારી કરવામાં મશગુલ હતા.

એક બાજુ હાથીઓની મોટી સેના ઊભી હતી. બીજી બાજુ રથોનો મોટો કાફલો સુસજ્જ હતો. ઘોડેસવારો પોતપોતાના ઘોડાઓને યુદ્ધ માટે સજ્જ કરી રહ્યા હતા. સૈનિકો પણ પોતપોતાનાં હથિયારોની પરીક્ષા કરી રહ્યા હતા, એકબીજાને લડાઈના દાવપેચો શીખવાડી રહ્યા હતા.

કામલતા માટે આ બધું અવનવું હતું. કામલતાએ શિવપુરમાં પોતાનું ઘર અને ગામના પનેરાને છોડી કંઈ પણ જોયું સુદ્ધાં નહોતું. કામલતાએ વાસભવનનાં પગથિયાં વટાવ્યા અને રાજમહેલમાં પ્રવેશ કર્યો. રાજા પોતાના ગુપ્તખંડમાં મુખ્ય-મુખ્ય રાજાધિકારીઓ સાથે કંઈક મંત્રણામાં ખૂંપેલા હતા. બધાના મોઢા પર તાણ સાફ દેખાઈ આવતી હતી.

કામલતા રાણી મંત્રણાગૃહની બાજુમાં રહેલા ખંડમાં પ્રવેશી અને સાંત્વના સાથે યુદ્ધના વિષયની વાતો કરવા લાગી. સાંત્વના એને અવનવી વાતો કહેવા લાગી.

થોડીક ક્ષણો પછી વાત કરતા કરતા રાજા અને રાજાધિકારીઓ બહાર આવ્યા. મંત્રીએ ‘‘જી મહારાજ !’’ કહીને સૌથી છેલ્લે વિદાય લીધી અને રાજા બાજુના ખંડમાં પ્રવેશ્યો.

રાજાને જોતાં જ કામલતા ઊભી થઈ ગઈ અને સાંત્વના દાસી બહાર ચાલી ગઈ. સાંત્વના દાસીએ કામલતાને રાજાને યુદ્ધ માટે કઈ રીતે સજ્જ કરવા એ શીખવાડેલું અને એ પ્રમાણે કામલતા રાજાને અલગ અલગ યુદ્ધની વસ્તુઓ મૌન રહીને પહેરાવવા લાગી. રાજા પણ કંઈ બોલ્યા નહીં. બન્નેના મગજ કંઈક જુદી જુદી દુનિયામાં જ રમી રહ્યાં હતાં.

બધી વસ્તુઓ પહેરાવ્યા પછી કામલતાની આંખોમાંથી પાણીનું ટીપું પડ્યું. રાજાએ ટીપું સાફ કર્યું.

‘‘કામલતા ! તું એકદમ સ્વસ્થ થઈ જા. હું વિજયી જ બનવાનો છું. ચલ ! તું રડવાનું બંધ કર !’’ કામલતા એકદમ શાંત થઈ ગઈ.

રાજા એને હાથ પકડીને બહાર લઈ આવ્યો. બધા અંગરક્ષકો, સુભટો, સેનાપતિઓ યુદ્ધની વસ્તુઓમાં સજ્જ હતા. બધાએ રાજા અને રાણીનો જય-જયકાર કર્યો.

રાજાએ પોતાના માટે બનાવેલા મંચ પર જઈને બધા સૈનિકોનો ઉત્સાહ વધાર્યો. રાજાના અવાજમાં રહેલાં સ્વાભિમાન અને ચોક્કસતાને સાંભળીને કામલતા મંત્રમુગ્ધ થઈ ગઈ. એને વિશ્વાસ થઈ જ ગયો કે જો શત્રુમર્દન જેવો રાજા હોય તો હારવું મુશ્કેલ નહીં, અસંભવ છે.

બધાનાં જોતાં જ લાલઘુમ કેસરથી કામલતાએ રાજાના મસ્તક પર વિજય સૂચક મોટું તિલક કર્યું અને 'विजयीभव' 'शिवास्ते सन्तु पन्थान:'ના મંગલવચન ઉચ્ચાર્યા. બધા સૈનિકોએ સમર્થનમાં પોતાના આયુધો ઉપર કર્યા અને જયજયકાર કર્યો.

પછી શત્રુમર્દન રાજાનું વાહણ પટ્ટહસ્તી મહાબલ આગળ આવ્યો. કામલતા એની શક્તિ અને શરીરને જોઈને ગભરાઈ ગઈ. શત્રુમર્દને હાથીને રાણીને નમસ્કાર કરવા કહ્યું અને હાથીએ પોતાની સૂંઢ હલાવીને નમસ્કાર કર્યા. રાજા એક જ છલાંગમાં હાથી ઉપર જઈને બેસી ગયો અને પ્રસ્થાનના નગારાં જોર-શોરથી વાગવા લાગ્યા.

રાજા સૌથી વચ્ચે ચાલ્યો. કામલતા ત્યાંને ત્યાં જ જ્યાં સુધી રાજા દેખાયો ત્યાં સુધી ઊભી રહી અને ત્યાર પછી સાંત્વનાના કહેવાથી પોતાના ભવનમાં પાછી ફરી.

ભવનમાં પાછા ફર્યા પછી કામલતા સીધી દેવગૃહમાં ગઈ. સાંત્વના પણ એના પાછળ પાછળ ગઈ. કામલતાએ દેવગૃહમાં પ્રવેશ કર્યો.

સામે બહુ ડરામણી એક કાળી પ્રતિમા હતી. લોકોમાં એ 'વિનાશક' તરીકે પ્રસિદ્ધ દેવી હતી. એની જીભ બહાર હતી અને હાથમાં શસ્ત્રો હતાં. નીચે કોઈક રાડ પાડતો અસુર પડેલો બતાવેલો હતો.

કામલતા દેવીની સમક્ષ રડતી આંખે બેસી ગઈ. એણે પ્રાર્થના શરૂ કરી.

"હે મહાકાલી દેવી ! હે અબલાઓની રક્ષક ! હે દુશ્મનોની સંહારક! આજ મારી લાજ તારા હાથમાં છે. તું મારી રક્ષા કરજે." કામલતાને જાણે કે દેવી હસતી ન હોય એવો અનુભવ થયો.

* * *

## ક. વ. - 14 વર્ષ 6 મહિના
## બપોરે 12.06

થોડી ક્ષણો સુધી એ ત્યાં જ પ્રાર્થના કરતી રહી. ચિંતાના કારણે એને ત્યાં જ ઊંઘ આવી ગઈ. બીજા પ્રહરનો ઘંટનાદ થયો અને કામલતા જાગી. સાંત્વના દાસી એક ખૂણામાં માળા ફેરવી રહી હતી.

"મહારાણી ! ચાલો આપે સવારથી કંઈ પણ ખાધું નથી. પધારો ! નહીં તો રાજાજી શું કહેશે ?" 'રાજા' શબ્દ સાંભળતાં જ આજનું સવારનું પ્રયાણ કામલતાને યાદ આવી ગયું.

"યુદ્ધના શું સમાચાર છે સાંત્વના ?" સાંત્વના માળા મૂકીને ઊભી થઈ.

"મહારાણી ! કંઈ પણ સમાચાર આવ્યા નથી. આપણે જીતતા જ હશું..." મહારાણીને ખુશ કરવા માટે સાંત્વનાએ પ્રયાસ કર્યો...

“આપણા રાજા બહુ શૂરવીર છે અને પેલો ભટમર્દન ફક્ત નામે મોટો છે. બાકી તો હેં ! શું કહેવું ... ચાલો આપ જમી લો...”

સાંત્વનાના બહુ આગ્રહથી કામલતા રાણી ભોજનકક્ષમાં જમવા ચાલી.

કામલતાને મનભાવતી વાનગીઓ લાવવામાં આવી. પણ, આજે કામલતાને કંઈ પણ રુચતું જ નહોતું. થોડું થોડું ખાતી અને વિચારોમાં વહી જતી. સાંત્વના ફરીથી રાણીને વિચારોના વમળમાંથી બહાર કાઢતી.

ભોજન પતવા જ આવ્યું હતું કે શંખનો લાંબો અવાજ સંભળાયો.

‘પોંઓઓઓ...પોંઓઓઓ.... પોંઓઓઓ....’

સાંત્વના ખુશ થઈ ગઈ.

“ચાલો મહારાણી ! મહારાજ ફરીથી પધારી રહ્યા છે.”

કામલતા પોતાનું ભોજન મૂકી રીતસર દોડવા માંડી. રાજમહેલના ચોગાનમાં પહોંચી તો જોયું કે રાજા હાથી ઉપર બેસીને રાજમહેલના બહારના દરવાજામાં પ્રવેશ કરી રહ્યો હતો.

“સારપુરના નરેશ ! સિંહ જેવા પરાક્રમી ! દુશ્મનોની પત્નીઓને રડાવનાર ! અનેક ગામના માલિક ! ભટમર્દનના માનમર્દક ! યોદ્ધાઓમાં અવ્વલ ! મહાશૌર્યવંત શત્રુમર્દન મહારાજાધિરાજ પધારી રહ્યા છે...” દ્વારપાલની છડી સંભળાઈ.

ધીમે ધીમે આખું સૈન્ય દેખાયું. થોડા બંદીઓ દેખાયા. કામલતાને અતિ હર્ષ થયો. વિજયની વરમાળા પહેરીને આવતા રાજાને જ એ એકીટશે જોતી રહી. રાજા પાસે આવ્યો. મહાવતે રાજાને મુશ્કેલીથી નીચે ઉતાર્યો.

કામલતાના મોઢેથી ચીસ નીકળી. રાજાનું આખું શરીર લોહીલુહાણ હતું.

“આ શું ? આ શું ?” કહેતી કહેતી કામલતા બેબાકળી થઈ ગઈ.

“કંઈ નહીં કામલતા ! આ તો ચાલ્યા કરે. મેં તને કહ્યું હતું ને કે હું જીતીને જ આવીશ.” રાજાએ કામલતાના બાહુ પર હાથ મૂક્યો.

કામલતા રાજાની આ અવસ્થા જોઈ નહી શકી. એની આંખોથી ધડધડ અશ્રુ પડવા માંડ્યા.

“હું ઠીક થઈ જઈશ. પેલા ભટમર્દને બહુ હંફાવ્યો... ચલ, હવે અંદર જઈએ...” રાજાએ પગ ઉપાડ્યો ને રાજા ત્યાં જ ઢળી પડ્યો. મહાવૈદ્ય આવીને રાજાને ખાટ પર અંદર લઈ ગયો. કામલતા સતત રાજાની બાજુમાં જ રહી.

“મહાદેવી ! મહારાજના શરીર પર શસ્ત્રક્રિયા કરવી પડશે. એટલે આપને બહાર જ ઉભું રહેવું પડશે.” કામલતાએ કમને પણ સ્વીકાર્યું. સાંત્વનાએ શસ્ત્રક્રિયાના ખંડની બહાર કામલતાને ગાદી લાવીને નીચે બેસાડી.

કામલતાના આંસુંઓ બંધ જ નહોતાં થતાં. એ વારંવાર એક જ પ્રાર્થના કરતી રહી,

"મારા પ્રાણપ્રિયને... મારા પતિદેવને બચાવી લેજે **કેશવ** ! "

* * *

# મહારાણી

## પ્રકરણ - ૨

### ક. વ. - 15 વર્ષ

### રાત્રે 04.05

*રાતરાણીના પુષ્પોની મહેકથી આખું વાતાવરણ મઘમઘાયમાન છે. વસંતનો સમય વર્તે છે. બગીચાની સુંદરતા સોળે કળાએ ખીલેલી છે. નારિયેળ, મોસંબી, સંતરા, આંબાનાં વૃક્ષો ફળોના ભારથી નમેલાં છે. સવારના સમયના સૂર્યની રોશની એમની રમ્યતાને વધારી રહી છે.*

*એક સખીઓનું વર્તુળ હસતું-મજાક કરતું એ બગીચામાં રમતમાં મગ્ન છે. એમાં એક સખી બીજી સખીને ચીડવી રહી છે. "હે લતા ! તારાં તો લગ્ન થવાનાં જ નથી. બિચારો ! જે તારી સાથે પરણશે એની શું હાલત થશે!"બધી સખીઓ હસે છે. લતા ગુસ્સે થાય છે.*

*અચાનક બધાં ગાયબ થઈ જાય છે અને લતા એકલી એક વનનિકુંજની વચ્ચે ઊભી છે. આજુબાજુમાં દ્રાક્ષના ઝૂમખાં લટકી રહ્યા છે. કામલતા એક દ્રાક્ષને તોડવા જાય છે.*

*"કામલતા...." પાછળથી મીઠો અવાજ આવે છે. અવાજ પરિચિત લાગે છે. એ પાછળ ફરીને જુએ છે. સૂર્યનાં કિરણો પડતાં હોવાથી એ માણસની ફક્ત આકૃતિ દેખાય છે. એ આકૃતિ પણ અતિપરિચિત લાગે છે.*

*કામલતા દોડીને એની પાસે જાય છે. પણ એ નજદીક આવતો જ નથી. અચાનક સૂર્યની રોશની કાળા-ડીબાંગ મેઘોથી ઢંકાઈ જાય છે. એક ક્ષણ માટે કામલતાને એ પોતાનું પ્રાણપ્રિય પાત્ર દેખાય છે. બીજી જ ક્ષણે એક કાળી આકૃતિ એ પોતાના પ્રાણપ્રિય પાત્રની પાછળ આવે છે. કામલતાને ભયની અનુભૂતિ થાય છે. એ પોતાનાં પ્રિયપાત્રને બચાવવા દોડે છે. પણ એ કાળી આકૃતિ એ પ્રિયપાત્રને ઢાંકતી જાય છે. કામલતા અસહાય થયેલી છતાં જોરથી રાડ પાડે છે.*

"કામલતા... કામલતા... કામલતા !" રાજાએ કામલતાને ઢંઢોળી. "શું થયું કામલતા? ઉઠ ! કોઈ ખરાબ સપનું જોયું લાગે છે. કામલતા !" રાજાએ

કામલતાનાં પરસેવાથી રેબઝેબ શરીરને જોઈને, મોઢાં પરના ભયને જોઈને એને પૂછ્યું.

કામલતા કંઈક સ્વસ્થ થઈ. ઉઠીને પ્રહરઘટિકામાં જોયું. લગભગ સવારના ૪ વાગ્યા હતા. એના માથામાં અસહ્ય વેદના થતી હતી. રાજા એની બાજુમાં બેઠો હતો.

"શું થયું કામલતા ? શું થયું ?" રાજાએ ફરીથી પૂછ્યું. "તેં આટલા જોરથી રાડ કેમ પાડી ?" કામલતાને પોતાનું સપનું યાદ આવ્યું.

"કંઈ નહીં પતિદેવ ! મારું મસ્તક બહુ દુઃખે છે. બીજી કોઈ વાત નથી." રાજાને કંઈ પણ સમજાયું નહીં. એને પૂછવું પણ યોગ્ય નહીં લાગ્યું. એટલે એ મૌન રહ્યો. કામલતા પોતાનો પરસેવો લૂછવા લાગી.

સાંત્વના દાસીને રાજાએ બોલાવી અને કામલતાનાં માથાંની માલિશ કરવા કહ્યું. કામલતા ફરીથી સૂવાનો પ્રયાસ કરવા લાગી, પણ કેમેય કરીને હવે નિદ્રાદેવી આવી નહીં.

સૂર્યોદય થયો. બધા પોતપોતાના રોજિંદાના કામકાજમાં જોડાઈ ગયા. રાણી કામલતા સવારના નાસ્તા માટે ગઈ. પણ, આજે કંઈ પણ રુચ્યું નહીં. રાજાએ આ વાત જોઈ, પણ એમને મૌન રહેવું વધારે યોગ્ય લાગ્યું.

*'નિરાંતે પૂછીશ'* એવો નિર્ણય એમણે કરી લીધો.

દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા. કામલતા પણ પોતાના રોજિંદા કામકાજ પર લાગી ગઈ. જીવનનો રોજનો વેગ શરૂ થઈ ગયો. સપનું ભૂલાઈ ગયું.

* * *

## ક. વ. - 15 વર્ષ 2 મહિના
## બપોરે 2.07

બે મહિના વીતી ગયા.

બપોરનો સમય હતો. નગરમાં કૌમુદી મહોત્સવની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી હતી. ઠેકઠેકાણે ફૂલોની સજાવટ જોવા મળતી હતી. રંગબેરંગી કપડાઓનાં સાજ સજી લોકો રાજમાર્ગ પર નીકળી પડ્યા હતા.

આજે કામલતા મહારાણી બહુ વધારે ખુશ હતી.

સાંત્વના દાસીએ સવારે ખુશીનું કારણ પૂછેલું. પણ કામલતા કઈ બોલી શકી નહોતી. શરમના લીધે કામલતા ત્યાંથી સીધી પોતાના ખંડમાં ચાલી ગયેલી. પછી સાંત્વનાને કંઈક યાદ આવતાં એ શરમનું કારણ સમજી ગઈ.

એ પણ કામલતાના પાછળ પાછળ ગયેલી. પોતાના ખંડના અંતે રહેલા ઝરૂખામાં કામલતા જઈને ઊભી હતી. સાંત્વના એના પાછળ આવીને ઊભી રહી ગઈ. કામલતાનું ધ્યાન નહોતું.

"મહારાણી ! આપના ૧૪ માં લગ્ન દિવસની ખૂબ ખૂબ વધામણી..." કામલતા પાછળ ફરેલી અને એણે મધુર સ્મિત રેલાવેલું. કામલતાનું વદનકમળ ખીલી ઉઠેલું.

"આપ પોતાના પહેલા લગ્ન દિવસે જેટલા સુંદર લાગતાં હતાં, એના કરતાં પણ વધારે સુંદર અત્યારે લાગો છો." કામલતાના મોઢે શરમના શેરડા પડેલા. એ સાંત્વનાને ભેટી પડેલી.

પછી કામલતા અને સાંત્વના બન્ને ઝરૂખામાંથી દેખાતા રાજમાર્ગને જોઈને જુદી જુદી વાતો કરવા લાગેલાં.

અચાનક કામલતાનાં મોઢાંના હાવભાવ સાંત્વનાને બદલાતા દેખાયેલા. એની દૃષ્ટિ રાજમાર્ગ ઉપરથી પસાર થઈ ગુજરી રહેલા એક ભિખારી જેવા પંડિત પર અટકેલી હતી.

''કોણ છે મહારાણી પેલો ?'' સાંત્વનાએ કામલતાની દૃષ્ટિને અનુસરી પ્રશ્ન કરેલો.

કામલતા કંઈ પણ બોલી શકી ન્હોતી. સાંત્વનાને કંઈક વિચિત્ર લાગેલું.

સાંત્વનાએ ફરીથી એ માણસને ધ્યાનથી જોયેલો. પણ એના મનમાં કંઈ પણ સ્ફુર્યું ન્હોતું. એના કપડાં ફાટેલાં હતાં. બહાર એની બ્રાહ્મણતાને સૂચવતી જનોઈ લટકી રહી હતી. એનું મોઢું તેજથી વ્યાપ્ત હતું. કોઈકને શોધી રહ્યો હોય એવું એનાં મોઢાં પરથી કળાઈ આવતું હતું.

વૈશાખના તડકામાં પણ એણે પગરખાં પહેરેલા નહોતાં. અર્ધપાગલ જેવો એ દેખાતો હતો.

'સાંત્વના ! જા પેલા બિચારા ભૂખ્યા બ્રાહ્મણને લઈ આવ. એને પૈસા આપી એનું દુઃખ આજના પાવનકારી દિવસે દૂર કરી લઉં. આવું સુકૃત કરવા ક્યારે મળે ?''

સાંત્વના કામલતાની સહસા થયેલ ઈચ્છા સમજી શકી નહોતી. તો પણ પોતાનું કાર્ય સમજી એ ત્યાંથી ફટાફટ નીકળી ગયેલી.

કામલતાના આંખમાંથી બુંદો સરકવા લાગેલી. પૂર્વનો ભૂતકાળ એના પર તૂટી પડેલો. એક જ વસ્તુ એમાં અંકિત હતી,

**'કેશવ'**.

* * *

# મહારાણી

## પ્રકરણ - 3

### ક. વ. - 15 વર્ષ 2 મહિના 1 દિવસ
### સવારે 09.00

**રા**જપ્રાસાદનો છજ્જો ફાડી નાંખે એવી રાડ કામલતાએ પાડી. એ ઘવાયેલા કૂતરાની જેમ રાજપલંગ પર આળોટવા લાગી. જાણે કે કોઈ જંગલી પ્રાણીએ સેંકડો ઘા ન આપ્યા હોય એવી રીતે એ કણસવા લાગી. કામલતાની હાલત જોઈને સાંત્વનાના તો હોશ જ ઉડી ગયા.

કાલે રાજા-રાણીના ૧૪ મી લગ્ન દિવસની ઉજવણી ધૂમધામથી થયેલી. મોટા-મોટા લોકો આવેલા અને ગયેલા. કામલતા પણ રાજાની સાથે એકદમ હળી-ભળીને વાતો કરતી હતી. રાજા એટલો ખુશ થઈ ગયેલો કે એણે કામલતાને ભરસભામાં નવરત્નથી જડિત એક હાર પહેરાવેલો. પછી બન્નેની રાત્રિ પણ એકદમ સુખપૂર્ણ વીતેલી હતી.

સવારે કોઈક કામને લીધે રાજા જલદી ઉઠીને *'કામલતાની ઊંઘમાં વિક્ષેપ ન પડે'* એ વિચારથી ચોરપગલે વાસખંડમાંથી નીકળી ગયેલો. સાંત્વના દાસી સવારે આવેલી તો પ્રથમ પ્રહરના અંતે પણ હજી કામલતા સૂતેલી હતી.

એકદમ પ્રેમપૂર્વકના ઉલ્લાપોથી કામલતાની નિંદ્રાને સાંત્વનાએ દૂર કરેલી. ત્યાં સુધી બધું બરાબર ચાલેલું અને પછી અચાનક ધીમે ધીમે પલંગ પર રહેલી કામલતાએ કણસવાનું શરૂ કરેલું.

કિંકર્તવ્યમૂઢ થયેલી સાંત્વના મહાવૈદ્યને બોલાવવા દોડી ગયેલી. મહાવૈદ્યે રાજગુપ્તખંડમાં કંઈક લખી રહેલા રાજાને પણ સમાચાર પહોંચાડ્યા હતા. એ પણ તરત જ આવી પહોંચ્યો હતો. બધા એમ ને એમ કામલતાની આવી અવસ્થા જોતા ઊભા હતા. રાજા એને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. પણ કેમેય કરીને એનું કણસવું બંધ નહોતું થયું.

મહાવૈદ્યએ નાડી તપાસી. બધું બરાબર જણાયું. મહાવૈદ્યએ કામલતાની વેદનાને ઓછી કરવા એક લાલ રસ પીવડાવ્યો. તોયે કામલતાના દુઃખાવામાં કોઈ

ફેર પડ્યો નહીં.

મહાવૈદ્યના મોઢે ચિંતાની રેખાઓ અંકિત થઈ. મહાવૈદ્યએ સાંત્વનાને "કાલે કામલતાએ શું શું ખાધેલું?" એ પૂછ્યું. સાંત્વનાએ બધી વસ્તુઓ કહી દીધી. પેટ દુઃખવાના કારણભૂત કોઈ પણ વસ્તુ પકડાઈ નહીં.

"મહાવૈદ્યજી ! શું કામલતાને ગર્ભ રહ્યો છે ?" રાજાએ મનમાં રહેલી શંકાને દૂર કરવા મહાવૈદ્ય સામે જોયું.

મહાવૈદ્યએ ફરીથી નાડી પર હાથ મૂક્યો.

''નહીં મહારાજ ! એવું લાગતું નથી....''

મહાવૈદ્ય ધીમે ધીમે પેટ પર દુઃખતા ભાગો પર સ્પર્શ કરવા લાગ્યા. કામલતાની ચીસો વધી ગઈ. રાજા રડવા જેવો થઈ ગયો.

મહાવૈદ્ય રાજાને એક તરફ લઈ ગયા અને એને કાનમાં કંઈક કહ્યું. રાજાના મુખ પર આશાસ્પદ ભાવો દેખાયા. એણે મહાવૈદ્યની વાતનો સ્વીકાર કરેલો હોય એ રીતે માથું ધૂણાવ્યું. વાતને પતાવીને રાજા કામલતાની પાસે આવ્યો. કામલતાએ એકદમ દીનતાપૂર્વક રાજા સામે જોયું.

''કામલતા !'' કામલતાની એકદમ નજીક જઈને રાજાએ એની આંખોમાં જોયું.

''તેં પહેલા ક્યારેય પણ કોઈ વ્યક્તિને ભૂખ્યો જવા દીધો છે આપણાં આંગણાથી ?'' કામલતાએ પોતાનું માથું નિષેધમાં હલાવ્યું.

''તો, શું તેં કોઈને પેટમાં પીડા ઉપાડનારી ઝેરાદિ વસ્તુ આપી છે ?''

ફરીથી કામલતાનો જવાબ 'ના' જ આવ્યો.

''તેં શું કોઈ દેવ-દેવી...'' રાજા આગળ બોલવા જાય એ પહેલાં તો કામલતાની આંખો ગોળ ગુંદા જેવી મોટી થઈ ગઈ. રાજા એનું એ સ્વરૂપ જોઈને ક્ષણ-બે ક્ષણ માટે ગભરાઈ ગયો.

''તું શું કહેવા માગે છે ?'' રાજાએ કામલતાનો હાથ પકડીને પૂછ્યું.

''મેં... મેં... '' ત્રૂટક-ત્રૂટક અવાજમાં કામલતા કંઈક કહેવા લાગી.

''મેં... મેં... અભિગ્રહ લીધેલો હતો કે યુદ્ધમાં જો રાજા... રાજા... હેમખેમ પાછા આવી જાય, તો...'' કામલતાએ જોરથી રાડ પાડી.

''બોલ બોલ તું શું કહેતી હતી ?'' રાજાએ કામલતાને પાણી પીવડાવ્યું.

''તો હું અને તમે મહા... મહાકાળી માતાના મંદિરમાં એકલા જશું અને પ્રસાદ ચઢાવશું...'' આટલું કહીને એ અર્ધબેભાન જેવી થઈ ગઈ.

મહાવૈદ્યએ ઉપચાર કરી, પાણીનો છંટકાવ કરી ફરીથી કામલતાને જગાડી. એની અવસ્થા અને વેદના એવી ને એવી જ હતી.

કામલતાએ ઊભા થવાનો પ્રયાસ કર્યો, પણ એ પેટની વેદનાના કારણે ફરીથી નીચે ફસડાઈ પડી. રાજા તરત જ એની બાજુમાં પહોંચી ગયો.

''પ્રિય-પ્રિયતમ ! આપ કાળીચૌદસે મારી સાથે મારો અભિગ્રહ પૂર્ણ કરવા આવશોને ?'' કામલતા ધીમા સ્વરે બોલી રહી હતી.

'મને...મને એવું લાગે છે કે અભિગ્રહ ભૂલી જવાના કારણે જ. આહ...આહ...આહ...'' ફરીથી ભયંકર ચીસો શરૂ થઈ ગઈ.

રાજાએ તરત જ પલંગના બાજુમાં રહેલ ગંગાજળ ઉપાડ્યું અને બધાના જોતાં જ હાથમાં ગંગાજળ લઈ એક પ્રતિજ્ઞા લીધી.

''હે મહાકાળી મા ! અમારો અપરાધ થયો છે. હે કુળદેવી ! તું અમને ક્ષમા કર. હું અને કામલતા આવતી કાળીચૌદસે એકાકી આપનાં મંદિરે આવશું અને આપને ભોગ ચઢાવશું. બસ ! એક વિનંતી છે કે...'' રાજાના ગળામાં ડૂમો ભરાઈ ગયો. ''તું મારી કામલતાને સંપૂર્ણ સ્વસ્થ કરી, એની વેદનાને હરી લે.''

હાથમાં રહેલાં પાણીને રાજાએ જમીન પર અર્પણ કર્યું.

તત્ક્ષણ જ ચમત્કાર સર્જાયો. કામલતાની ચીસો બંધ થઈ ગઈ. જાણે કે ઘણા દિવસની ઊંઘ બાકી હોય એ રીતે કામલતા નિદ્રાધીન થઈ ગઈ.

કામલતાને કોઈ પણ ઊંઘમાં વિક્ષેપ ન કરે એ માટે રાજાએ બધાને ત્યાંથી રવાના કર્યા. મહામંત્રીને રાજસભાનું કામકાજ આપી દીધું. સાંત્વના અને મહાવૈદ્ય જ હવે રાજવાસખંડમાં ઊભાં હતાં. સાંત્વના કામલતાને પંખો નાખી રહી હતી.

મહાવૈદ્યએ રસાયણોથી ભરપૂર એક સોનાનો પ્યાલો કામલતાના પલંગની પડખે રહેલ ટેબલ પર મૂક્યો. અને રાજા તથા સાંત્વનાને પ્યાલા સંબંધી કંઈક સૂચના કરી એ પણ વાસખંડથી પોતાના કામ પર પાછા ફર્યા.

૫-૧૦ ક્ષણો રાજા ખંડમાં ધીમે પગલે ફરતો રહ્યો અને કામલતાના ભાનમાં આવવાની પ્રતિક્ષા કરવા લાગ્યો. ઘટીકા પસાર થઈ. રાજા પલંગની એક બાજુ બેસીને કંઈક વાંચવા લાગ્યો. એક પ્રહર પસાર થયો, પણ કામલતા ઉઠી નહીં. રાજા કંઈક ખાવા માટે ઉભો થયો. સાંત્વના એને દ્વાર સુધી છોડવા ગઈ.

બીજી બાજુ કામલતાએ પોતાની આંખો ઉઘાડી. પોતે કરેલા નાટક પર એ બહુ ખુશ થઈ. એના મોઢા પર કુટિલ સ્મિત ફરક્યું. રાજાનો પોતાના ઉપર રહેલો પ્રેમ એને પ્રાપ્ત થનાર વસ્તુ સામે તુચ્છ લાગ્યો. એનાં મનમાં ફક્ત એક જ ધૂન ગુંજતી હતી....

*'હવે આપણું મિલન બહુ દૂર નથી **કેશવ**...!'*

* * *

# મહારાણી

## પ્રકરણ - ૪

### ક. વ. - 15 વર્ષ 2 મહિના 18 દિવસ
### સાંજે 07.11

રત્નાચલ પર્વતનો હાડ ધ્રુજાવનારો પવન વાઈ રહ્યો હતો. અર્ધરાત્રીનો સમય હતો. કાળીચૌદસ હોવાના લીધે ચંદ્રે હજી સુધી દર્શન આપ્યાં નહોતાં. અને એને લીધે રાત્રી હજી બિહામણી ભાસતી હતી.

''કામલતા ! તેં બાધા કેમ લીધેલી ?'' ભેંકાર અંધારા વચ્ચે પણ નિર્ભય શત્રુમર્દને કામલતા તરફ જોયું. અંધારામાં પણ એનું દિવ્ય રુપ ઝગારા મારી રહ્યું હતું. બન્નેની આંખો મળી. કામલતા નીચું જોઈ ગઈ.

''પ્રાણપ્રિય ! આપ જ્યારે ભટમર્દન સામે સંગ્રામ માટે ગયેલા તો મારો ભૂતકાળ...'' અવાજમાં દર્દ અને ભીનાશ આવી.

''મને યાદ આવેલો. હજી એક પ્રિયપાત્રને ખોવું મને પાલવે એવું નહોતું. એટલે મેં કાલીમાંની માનતા માનેલી કે 'જો મારો પ્રિયતમ સુરક્ષિત ફરીથી આવે, તો...'' રાજા સમજી ગયો.

એણે સમર્થનમાં મસ્તક હલાવ્યું. પણ એના મનમાં કામલતાએ ઉચ્ચારેલો *'હજી એક'* શબ્દ કાંટાની જેમ ખૂંચ્યો.

રાજાને કામલતાનું બસ એક એટલે એક માત્ર પ્રિયપાત્ર બનવાની તમન્ના હતી. એણે પોતાની બધી શક્તિ વીતેલાં ૧૪-૧૫ વર્ષોમાં એ પ્રિયપાત્ર બનવા પાછળ જ ખર્ચી હતી.

''આહ....'' અવાજ આવ્યો.

રાજા તરત જ કામલતાની પડખે પહોંચી ગયો. એણે જોયું કે કામલતાના પગમાં એક મોટો કાંટો ઘૂસી ગયો હતો. કાલી માતાની માનતામાં ઉઘાડા પગે જવાની પણ એક શરત હતી. એટલે બન્નેએ કોઈ પણ જાતના પગરખાં પહેર્યાં નહોતા. રાજાએ પોતાના હાથે કામલતાના પગમાંથી કાંટો બહાર કાઢ્યો.

''તને ઉપાડી લઉં કામલતા ?'' રાજાએ સ્મિત રેલાવ્યું.

"પતિદેવને બધું ખબર હોવા છતાં પણ મજાક કરવાની બહુ સારી આદત છે." કામલતા પણ હસી.

બન્ને માર્ગમાં આગળ વધ્યા. નગરથી એક બે ગાઉ બહાર બન્ને આવી ચૂક્યાં હતાં. આજની આ માનતાની પૂર્તિ માટે રાજાએ મહામંત્રી વગેરેને સ્પષ્ટ આદેશ આપી દીધો હતો કે "કોઈએ સાથે આવવાનું નથી..." બધાનો સખત આગ્રહ હોવા છતાં પણ રાજાએ બધાને ના પાડી દીધી હતી.

હજી અડધા કોશનો રસ્તો કાપવાનો શેષ હતો. કામલતાની ગતિ કાંટાના કારણે ધીમી પડી ગઈ હતી. શત્રુમર્દન પણ એને સાથ આપતો આપતો ચાલી રહ્યો હતો.

રાત્રી વધારે ઘેરી થતી ગઈ. અડધી ઘડીના અંતે કાલી માતાના મંદિરની ટેકરીની તળેટીએ બન્ને જણ આવી પહોંચ્યાં. નાની ટેકરીના શિખરે રહેલું કાલી માતાનું મંદિર રાત્રીનાં અંધારામાં ભૂતબંગલાનું સ્મરણ કરાવતું હતું.

કામલતાને મનમાં થોડીક ભયની લાગણી પ્રવેશી, પણ એને ખંખેરીને એ ટેકરીની ઉપર ચઢવા માંડી. રાજા આગળ ચાલતો હતો અને કામલતા એની પાછળ રાજાનાં સૂચન મુજબ ખાડા-ટેકરાઓને ઓળંગતી આગળ વધી રહી હતી.

"કેટલાંય વર્ષો પછી હું અહીંયા આવ્યો છું. હું જ્યારે નાનો હતો ત્યારે માતા..." રાજાને પોતાની માતા યાદ આવતાં ગળું રુંધાઈ ગયું.

"રાજમાતા સાથે અહીંયા દિવસે આવેલો. પહેલી વેળા જ્યારે મા કાળીને જોયેલી તો હું બહુ ગભરાઈ ગયેલો અને એમને જોઈ નહીં શકેલો.

પણ, પ્રેમથી માતાએ મને આશ્વાસિત કરતા કહેલું કે, "ગાંડા ! આ તો માતા છે. શું ક્યારેય માતા કોઈને ડરાવે ?" પછી મેં ધીમે ધીમે આંગળીઓની વચ્ચેથી મા કાલીની બિહામણી મૂર્તિ જોયેલી. પણ મારો ભય દૂર નહોતો થયો..." રાજાને અતીતને વાગોળવામાં અત્યંત આનંદ આવી રહ્યો હતો.

પવનના સૂસવાટા અને ચાલનારના પગના અવાજ સિવાય એક પણ અવાજ સંભળાતો નહોતો. વચ્ચે વચ્ચે રાજા ઘડી-બે ઘડીની વાર્તા સંભળાવતો હતો.

મંદિરની બહાર બન્ને જણ પહોંચી ગયાં. મંદિરની વિધિ પ્રમાણે બહાર પગ ધોવા માટેનો એક મોટો કુંડ બનાવેલો હતો. ત્યાંના પૂજારીઓ સવારે એ કુંડમાં જ નહાઈને મા કાલીની ઉપાસના કરતા હતા.

પગ ધોયા વગર જનારા વ્યક્તિઓને જલદી જ પોતાના જીવનથી હાથ ધોવા પડે એવી પ્રચલના લોકોમાં હતી. વર્ષો પહેલાં એવી એક ઘટના ઘટેલી અને એના લીધે લોકો એ વિધિને ઓળંગતા નહોતા.

રાજા અને કામલતાએ પણ એ કુંડનાં પાણીમાં પોતાના પગને પવિત્ર કર્યા. આગળ મંદિરના પગથિયાં સુધી જવાના માર્ગની બન્ને બાજુ જાતજાતનાં વૃક્ષો વાવેલાં

હતાં. એ બધા રાત્રીના અંધારામાં નિશ્ચેષ્ટ અને વિચ્છાય લાગતાં હતાં. જાણે કે પોતાની આંખોથી આ માર્ગેથી જનારા લોકોને જોતા ન હોય એવો અહેસાસ એ કરાવતાં હતાં.

માર્ગ સાંકડો હોવાના કારણે ત્યાં પણ રાજા રાણી આગળ-પાછળ ચાલ્યાં.

અંતે મંદિરની સીડીઓ આવી ગઈ. કામલતા અને રાજા બન્ને એક ક્ષણ માટે થાક ઉતારવા ત્યાં થોભ્યાં. કામલતાએ પોતાના સાથે લાવેલી માતાને ચઢાવવાની સામગ્રીઓ સજ્જ કરી.

''કામલતા ! આપણા ૧૪માં લગ્ન દિવસ પછીના દિવસે તને શું થયું હતું ? આવી પીડા કઈ રીતે ઉપડી ?''રાજાએ પોતાનો મુગટ ઉતાર્યો અને પોતાનાં કપડાં ઠીક કર્યાં.

''એ રાત્રિના આનંદ પછી સવારે જ્યારે મેં ઉઠવાનો પ્રયાસ કર્યો, તો સતત ઊંઘ જેવું જ લાગતું હતું.'' કામલતાનાં કપડાંનો પવનના કારણે થતો અવાજ એની વાતમાં સાદ પૂરાવતો હતો.

''તો પણ ઊંઘને દૂર કરી મેં જ્યારે ઊભા થવાનો પ્રયત્ન કર્યો તો જાણે કે મારાં પેટને કોઈ બન્ને હાથોથી હલાવી રહ્યું હોય એવી અનુભૂતિ મને થઈ. હું બોલવા જતી હતી તો મારા ગળાને કોઈ દબાવી રહ્યું હોય એવું મને લાગ્યું. તો પણ મેં મહામુસીબતે આપને થોડું કંઈક જણાવ્યું.

પછી ફરી મને મૂર્છા આવી ગઈ. જ્યારે ફરી આપે ઉઠાડી તો હાલત એના કરતાં પણ ખરાબ હતી.'' કામલતાએ વચ્ચે શ્વાસ લીધો.

''પછી આપે બાધા પૂર્ણ કરવાનું પ્રણ લીધું અને મને ગાઢ ઊંઘ આવી ગઈ. જ્યારે સાંત્વનાના કહેવા મુજબ હું એક પ્રહર પછી ઉઠી ત્યારે મને પરમ સ્વસ્થતાનો અનુભવ થયો. પ્રાણનાથ ! આપે મારા માટે...'' કહેતાં કહેતાં કામલતા એકદમ ભાવાવેશમાં આવી ગઈ.

''હે પ્રણયી ! જો તમે ન હોત, તો મારું શું થાત ?''

કામલતાના શબ્દો રાજાને સ્પર્શી ગયા.

ત્યાં ને ત્યાં એને પોતાની બાથમાં લેવાની ઈચ્છા રાજાને થઈ, પણ કાળીમાની મર્યાદા અને તીર્થસ્થાનની પવિત્રતાએ એને અટકાવી દીધો.

કામલતાનાં પોતાના પ્રત્યેના સમર્પણથી એ ઓવારી ગયો. બન્ને સાથે કાળીમાતાના મંદિરનાં પગથિયાં ચઢવા લાગ્યાં. બન્ને પ્રવેશદ્વાર પાસે આવ્યા.

મંદિર અતિ વિશાળ હતું, પણ એની અંદર પ્રવેશ કરવાનો દરવાજો અતિ સાંકડો હતો. એ દિવસે રાજા-રાણી માટે પૂજારીએ આ દરવાજો ખુલ્લો રાખેલો હતો. એક સમયે એક જ વ્યક્તિ એ દરવાજાથી અંદર પ્રવેશ કરી શકે એમ હતો.

કાળીમાતાનાં મંદિરમાં કોઈ પણ પ્રકારનાં શસ્ત્રો લાવવા પર પાબંદી હતી.

કાળાં કપડાં તો હરગીજ પહેરાય એમ નહોતા. રાજા ક્યારેય પોતાના શસ્ત્રો કોઈને'ય આપતો નહોતો. કાળી માતાના મંદિરમાં રાજાને નહીં આવવાના કારણોમાં આ પણ એક મોટું કારણ હતું.

પણ કામલતા ઉપર રાજાને પૂરો વિશ્વાસ હતો. પોતાની પ્રાણપ્રિય તલવાર અને મુગટને ઉતારીને રાજાએ કામલતાના હાથમાં આપ્યાં. રાજાએ બે દિવસ પહેલાં જ નવીનકોર તલવાર લીધેલી હતી. કામલતાના હાથમાં રહેલી રાજાની તલવાર કામલતાના રૂપ સાથે પ્રતિસ્પર્ધા કરી રહી હતી. આટલા ઘોર અંધકારમાં પણ તલવારની મૂઠ પર લાગેલા મણિઓ ઝગારા મારી રહ્યા હતા.

રાજા કાળી માતાના મંદિરમાં જવા માટે એક કદમ આગળ વધ્યો. કોઈક જગ્યાએથી રાજાને મ્યાનમાંથી નીકળતી તલવારનો અવાજ સંભળાયો. એ પાછળ વળીને જોવા ગયો. તે જ ક્ષણે એના ગળા પર ઠંડીધાતુનો દર્દદાયક સ્પર્શ થયો અને આંખમાં આતંકના ભાવ દેખાયા.

એની આગલી ક્ષણે એના પ્રાણપખેરું ઉડી ગયા. એનું મસ્તક ધડથી જુદું થઈને ધડામ કરતું નીચે પડ્યું. એની આંખોમાં અવિશ્વાસ અને આતંકની લાગણી મર્યા પછી પણ સ્પષ્ટ નજર આવી.

કામલતાનો હાથ તલવારમાંથી ટપકતાં લોહીથી લાલ-લાલ થઈ ગયો. એની આંખમાં ૧૪-૧૫ વર્ષથી ધરબાયેલી પ્રતિશોધની જ્વાળા સ્પષ્ટ લપકારા મારી રહી હતી. જ્વાળામાં ફક્ત એક જ વાક્ય આકાર ધારણ કરી રહ્યું હતું,

''આ વેરની વસૂલાત તારા માટે **કેશવ**...''

* * *

# મહારાણી

## પ્રકરણ - ૫

### ક. વ. - 15 વર્ષ 2 મહિના 18 દિવસ
### સાંજે 10.26

રડવાના અવાજે, ઝડપથી ચાલતી શ્વાસનાડીઓના અવાજે, દોડતા પગોમાં વાગતા ઘૂંઘરૂના અવાજે, હાથમાં ખનકતાં કંકણના અવાજે અને મોઢામાંથી નીકળતી સિસકારીઓના અવાજે જંગલની નીરવ શાંતિમાં ભંગ પાડ્યો. એમાં પણ વિલાપનો અવાજ તો ભલભલાના હૃદયને પીગળાવી દે એવો હતો.

કામલતા કેટલાય સમયથી રત્નાચલ પર્વતનાં જંગલોમાં દોડ્યે જ જતી હતી. એના વાળ મોઢા પર વિખરાએલા હતા. એની આંખો રડી રડીને બોર જેવી લાલ થઈ ગઈ હતી. એમાં સોજો સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો.

એના પગોમાંથી લોહી નીકળી રહ્યું હતું. *'હવે હું વધારે નહીં ખેંચી શકું !'* એવો અણસાર એનું હૃદય આપી રહ્યું હતું. તો પણ એક ઘેલી સ્ત્રીની જેમ એ દોડ્યે જ જતી હતી.

એના કરતાં પણ વધારે તેજીથી એના મનમાં વિચારો દોડી રહ્યા હતા. અને એના કારણે અશ્રુઓ અટકવાનું નામ જ લેતાં નહોતાં.

*'હે ભગવાન ! તેં મારી આ કેવી દશા કરી ? મેં તારું શું બગાડ્યું હતું ? આ મારી જિંદગીનો આવો મુકામ લાવીને તને શું આનંદ પ્રાપ્ત થયો? હે ભગવાન !'* કામલતાના હીબકાંઓ વધ્યાં.

*''આજથી ૧૪-૧૫ વર્ષ પહેલાં મારા પરિવારને તેં વિખેર્યો''* , કામલતાને પોતાનો ભૂતકાળ યાદ આવ્યો.

*'કેટલો સારો પરિવાર હતો એ ! ૧૪-૧૫ વર્ષ પછી તેં જ એ પરિવાર સાથે મેળાપ કરાવવાનો સંજોગ બનાવી આપ્યો અને હવે તેં જ એને છીનવી લીધો. શું મજા આવે છે તને ?'*

પગમાં જંગલનો કાંટો ઘૂસ્યો. એને ગણકાર્યા વિના લંગડાતા પગે પણ કામલતા દોડતી રહી. લોહીની ધાર અવિરત વહેતી રહી. અશ્રુઓ તો....

કામલતાના વિચારો હજુ ઝડપે આગળ વધ્યા.

*'પેલા માધવે તારું શું બગાડ્યું હતું? પહેલાં ૧૪-૧૫ વરસનો વિરહ અને હવે....હવે, હંમેશાં માટે વિરહ ! કેમ.... કેમ તેં એ બિચારાની આવી હાલત કરી ?'* કામલતાને રાજમાર્ગ પર દેખાયેલા ભિખારી જેવા બ્રાહ્મણની યાદ સતાવવા લાગી.

પોતાના લગ્નની ૧૪ મી વર્ષગાંઠે રસ્તા પર જતા એ બ્રાહ્મણને કામલતાએ બોલાવેલો. સાંત્વના એને લઈ આવેલી.

સૌથી પહેલાં કામલતાએ એને ૨૦૦૦ સોનામહોરથી ભરેલી થેલી આપેલી. બ્રાહ્મણ તો રાણીની આ ઉદારતા જોઈને મૂઢ થઈ ગયેલો. સાંત્વનાએ એ વાત જોયેલી અને આટલું ધન આપવું, સાંત્વનાને અજુગતું પણ લાગેલું. પણ એ કઈ પણ બોલી નહોતી.

પછી કામલતાએ એને 'એનું નામ શું ? એનું ગામ શું ? એનું કામ શું ?' વગેરે પ્રશ્નો કરેલા. ૧૦-૧૫ પળો વાત ચાલેલી.

એમાંથી કામલતાને ખબર પડેલી કે એનું નામ માધવ હતું. એ શિવપુર, પોતાનાં જૂનાં ગામનો રહેવાસી હતો. અને એ એક સ્ત્રીની શોધમાં ગામેગામ પર્યટન કરી રહ્યો હતો. કામલતાએ એને દિલાસો આપેલો કે એ સ્ત્રી મળી જશે. બ્રાહ્મણ એકદમ રાજી થઈ ગયો હતો. સાંત્વના પોતાનું કામ પતાવવા બાજુના ખંડમાં ગયેલી.

''મને ઓળખી ?'' કામલતાએ માધવ બ્રાહ્મણની આંખોમાં જોતાં ધીમેથી પ્રશ્ન કરેલો.

માધવ ક્ષણ બે ક્ષણ કામલતાને એમ ને એમ જોયા જ કરતો હતો અને પછી જાણે કે વિચારીને થાકી ગયો હોય એમ એણે 'ના' પાડી દીધેલી. કામલતાએ પણ બે ક્ષણ સુધી કંઈ પણ વાત આગળ વધારી ન્હોતી અને એને પીવા માટે બદામ-કેસરથી મિશ્રિત દૂધ આપેલું.

બ્રાહ્મણે દૂધ પીવાનું ચાલુ કરેલું અને ત્યારે કામલતાએ ફક્ત ત્રણ શબ્દો ઉચ્ચારેલા, ''હું કામલતા છું!''

બ્રાહ્મણના મોઢામાં રહેલું દૂધ બહાર આવી ગયેલું અને નીચે પડેલા ગાલીચા પર ઢોળાઈ ગયેલું. એ બ્રાહ્મણ પોતાની આંખો પર વિશ્વાસ કરી શક્યો નહોતો.

''તું અહીંયા ? આ રીતે ? ક્યારે ?'' ઘણા બધા પ્રશ્નો એના મોઢામાંથી સરી પડેલા, પણ કામલતાએ વચ્ચે જ એને રોકી પાડીને એનું મોઢું હાથથી દબાવી દીધેલું.

''આ સ્થાન આવી બધી વાતો માટે ઉચિત નથી. તારા બધા પ્રશ્નોના ઉત્તરો હું કાળીચૌદસના દિવસે ગામની બહાર રહેલાં માતાનાં મંદિરમાં આપીશ. ત્યાં સુધી ફરીથી મારો સંપર્ક કરવાની કોશિશ ભૂલથીય કરતો નહીં. નહીં તો...'' કામલતાની દૃષ્ટિ રાજમહેલના દરવાજાના માથે લટકાવેલાં ભટમર્દનનાં મસ્તક પર ગયેલી.

માધવ પણ કામલતાનો ઈશારો સમજી ગયેલો. એણે મહામુશ્કેલીથી પોતાના ગળામાંથી થૂંક નીચે ઉતારેલું. એનું મન કામલતાથી અળગા થવા માટે ઈચ્છતું નહોતું. તો પણ વધારે સારા દિવસોની આશાથી એ રાજમહેલના પગથિયાં ઉતરી નગરમાં ખોવાઈ ગયેલો.

કામલતા એને જ્યાં સુધી એ દેખાયો ત્યાં સુધી જોતી જ રહેલી. સાંત્વનાએ આવીને એ તન્દ્રામાં ભંગ પાડેલો. પછી કામલતાએ બહુ નિપુણતા-પૂર્વક ચૌદસના દિવસે કાળીમાતાનાં મંદિરમાં જવા માટેની યોજના ઘડેલી.

એણે બહુ હોશિયારીથી પેટમાં દુઃખાવાથી માંડીને બધાં નાટકો ભજવેલા અને રાજા એની જાળમાં માછલાની જેમ ફસાઈ ગયેલો. એ સ્ત્રીચરિત્રને કળી શક્યો નહોતો.

લગ્નની ૧૪મી વર્ષગાંઠથી માંડીને કાળીચૌદશ સુધીના દિવસો કામલતાએ મહામુશ્કેલીથી પસાર કરેલા. કોઈ પણ રીતે જો રાજાને કામલતાની યોજનાની ખબર પડી જાય તો શું અંજામ આવે એ વાત વિચારવા માટે કામલતાનું મન માનતું નહોતું.

પણ ભાગ્યવશાત્ બધા પાસાઓ સીધા પડેલા. કામલતા એકદમ પ્રણયપૂર્ણ વચનો કહી રાજાનો વિશ્વાસ જીતીને એની તલવારને એનાથી દૂર કરવા માટે સફળ થયેલી. પછી તો શું બાકી રહેલું!

જ્યારે રાજા મંદિરમાં જવા માટે નીચે ઝૂકેલો ત્યારે આંખના પલકારામાં આક્રોશ સાથે કામલતાએ શત્રુમર્દનને રામશરણ કરી દીધેલો.

આખો દરવાજો રાજાનાં લોહીની પિચકારીઓથી વ્યાપ્ત થઈ ગયેલો. જાણે કે ૧૪-૧૫ વર્ષના કારાવાસમાંથી મુક્ત થયેલી હોય એવી અનુભૂતિ કામલતાને થયેલી. હવે કામલતાને પોતાનું લક્ષ્ય એકદમ નજદીક ભાસેલું. તલવારને ત્યાં જ શત્રુમર્દનના ધડ પર નાખી એ માધવની સાથે જલદીથી ત્યાંથી શિવપુર જવા માટે માધવને બોલાવવા કાળીમાતાના મંદિરમાં ગયેલી.

ત્યારે એને પોતાનું અને કાળી માતાનું સ્વરૂપ સરખું ભાસેલું. કાળી માતાએ પણ પોતાના શત્રુઓને છિન્ન-ભિન્ન કરી દીધેલા અને એણે પણ પોતાના શત્રુઓને.... એના મોઢા પર એકદમ મીઠું સ્મિત છવાએલું હતું.

શિવપુર જવા માટેની એણે બધી તૈયારીઓ કરી દીધેલી. માધવને સોનામહોર આપ્યા પછી કામલતાએ એને બે પવનવેગી ઘોડાઓ આજના દિવસે તૈયાર રાખવા માટે કહેલું. નીચેથી આવતો ઘોડાઓનો અવાજ સાંભળી કામલતાને સંતુષ્ટિ થયેલી. *'માધવે પોતાનું કામ કરેલું છે'* એ જાણીને એને ખૂબ આનંદ થયેલો.

કામલતાએ પોતે હવે પોતાના જીવનમાં ફરીથી ક્યારેય ગરીબાઈનો અનુભવ ન કરવો પડે એટલું ધન લઈ લીધેલું. કામલતાએ શત્રુમર્દનને માર્યા પછી એનાં પણ રાજચિહ્ન વગરનાં આભૂષણો પોતાના પાલવમાં છૂપાવી દીધેલાં.

પછી એક નવાં જીવનની આશાથી એ કાળી માતાનાં મંદિરમાં માધવને શોધવા લાગેલી. અંધારૂં ઘણું હોવાને લીધે કંઈ પણ દેખાતું નહોતું. કામલતાએ નાની દીવડી સળગાવેલી. અંધારામાં અચાનક થયેલા પ્રકાશના કારણે બે ક્ષણો માટે કામલતાની આંખો અંજાઈ ગયેલી. પછી ધીમે ધીમે બધું સ્પષ્ટ થવા લાગેલું. કાળી માતાના મૂળ ગર્ભગૃહમાં માધવ દેખાયો નહોતો.

*'કંઈક વિપરીત ન થઈ જાય, એ વિચારીને ભીરૂ માધવ અંદર છૂપાએલો હશે...'* એવો વિચાર ત્યારે કામલતાના મગજમાં ઝપકેલો. એટલે માધવને શોધવા કામલતા નાની-શી દીવડી લઈને કાળીમાતાના ગર્ભગૃહના પાછળના ભાગમાં ગયેલી.

કામલતાને કોઈક માણસ પાછળ રહેલા ઓટલા પર સૂતેલો દેખાયેલો. એ પાછળથી જઈને માધવને ખુશ કરવા એને ભેટી ગયેલી. તો પણ માધવે કંઈ પણ પ્રતિક્રિયા કરી નહોતી. કામલતાને બહુ ગુસ્સો આવેલો..

"બહુ રીસાઈ જાઓ છો તમે..." એમ કહીને કામલતાએ માધવનું માથું સીધું કરેલું.

એણે જોયેલું કે માધવની આંખો બંધ હતી. એના મોઢા પર મધુર હાસ્ય હતું. ફરીથી ઢંઢોળીને કામલતાએ નાટક કરી રહેલા માધવને જગાડવાનો પ્રયાસ કરેલો અને પછી એને આંખની કિનારીઓમાંથી કંઈક દેખાયેલું.

કામલતા ત્યાંને ત્યાં ધડામ કરતી નીચે ફસડાઈ પડેલી. એની આંખોમાંથી અનરાધાર અશ્રુઓનો ધોધ ચાલુ થઈ ગયેલો. કામલતા પોતાના દુર્ભાગ્ય પર વિશ્વાસ નહોતી કરી શકતી.

કામલતાને દીવડીના પ્રકાશમાં દેખાયેલું કે માધવનું સંપૂર્ણ શરીર વિષના કારણે લીલુંછમ થઈ ગયેલું. દીવડીને આમ-તેમ કરતાં એને કાળો ભોરીંગ સર્પ દેખાયેલો. એ જાણે કે કામલતા પર હસતો ન હોય એવો ભાસ થતો હતો. એ દીવડી

કામલતાએ સર્પ પર છૂટી નાખેલી. પણ ત્યાં સુધી સર્પ ત્યાંથી નીકળી ગયેલો.

ઘડી-બે ઘડી સુધી તો કામલતા આ પરિસ્થિતિનો સ્વીકાર કરવા માટે જ તૈયાર નહોતી. એ છાતીફાડ રૂદન કરતી હતી. વારંવાર એ માધવને જગાડવાનો પ્રયાસ કરતી હતી.

*'આટલું પાસે આવેલું લક્ષ્ય આ રીતે છીનવાઈ ગયું...?'* એ વાત એ સ્વીકારવા તૈયાર નહોતી. ઘડી-બે ઘડી પસાર થયા પછી એને પરિસ્થિતિનું ભાન થયેલું અને પોતે કરેલી રાજહત્યાનો ગુનો એને યાદ આવેલો. *'સવારે જો કોઈના હાથ લાગી, તો મારી શું અવસ્થા થશે ?'* આ ભય એના માથે કાળની જેમ સવાર થઈ ગયેલો.

અને પછી પોતાનો બધો સામાન લઈને કાળી માતાને ભયંકર ક્રોધથી જોઈને રડતી રડતી જ એ રત્નાચલ પર્વતોના જંગલોમાં ગાંડાની જેમ દોડ્યે જ જતી હતી. દોડતા દોડતા ઘણો સમય પસાર થઈ ગયો હતો. અને કામલતા પર એનો ક્રૂર ભૂતકાળ તૂટી પડ્યો હતો.

કામલતા ભૂતકાળના વિચારોમાંથી બહાર આવી અને ક્ષણ બે ક્ષણ માટે એક જગ્યાએ અચાનક અટકી ગઈ. સામે બધી જગ્યાએ ઝાડોની ગીચતાના કારણે જંગલનો માર્ગ નષ્ટ થઈ ગયો. આગળ જવાનો રસ્તો દેખાતો બંધ થઈ ગયો.

સામે વડનું એક મોટું વૃક્ષ પોતાની ઘણી શાખાઓ ફેલાવીને ઊભું હતું. કામલતાનું રડવું ચાલું જ રહ્યું. એનું હૃદય ભયંકર અસહાયતાની અગ્નિથી ભડભડ બળી રહ્યું હતું. એના પગ હવે થાક્યા હતા. એ ધડામ કરતી વડનાં મૂળીયાંમાં જઈને પડી.

કામલતાને પોતાની અસહાયતા જોઈને મરી જવાના વિચારો આવવા લાગ્યા. એ મનને મનમાં ભગવાનને ગાળો આપવા લાગી. *'હે ભગવાન ! તું કેટલો નિર્દયી છે. તેં મારા બન્ને સહારાઓ છીનવી લીધા. પહેલાં લાલચ બતાવીને એકને મરાવ્યો અને પછી બીજાને પણ તેં છીનવી લીધો. હવે મને તું શા માટે જીવાડે છે ? મને પણ એ બન્નેની સાથે એક કરી દે ને...'* એ માંડ માંડ ઊભી થઈ. કામલતાના માથે મરી જવાનું ભૂત સવાર થયું.

એણે વડની લટકી રહેલી શાખાઓનો ફંદો બનાવ્યો. એણે ફંદાને બરાબર તપાસી લીધો. હવે મરણ ફક્ત થોડી ક્ષણોના જ અંતરાલે હતું. એ ફાંસો ખાવાની તૈયારી જ કરતી હતી કે એને કંઈક સંભળાયું.

એ ચારેય બાજુ જોવા લાગી. એને કંઈ પણ દેખાયું નહીં. પોતાના મગજની

કમજોરી જાણી એ મરવા માટે વધારે દૃઢ થઈ. એણે ફાંસો પોતાના ગળા પર આરોપિત કર્યો.

એને અચાનક પોતાના માથા પર કોઈએ ઘણનો ઘા મારેલો હોય એવી અનુભૂતિ થઈ. આજુબાજુના વૃક્ષો એને ગોળગોળ ભમતાં દેખાયા. એને પોતાની ચેતનાં નષ્ટ થતી અનુભવાઈ.

હોશ ખોતાં પહેલાં એક પુષ્કળ વાળવાળો માણસ એને દેખાયો અને એના મોઢામાંથી ચીસ નીકળી. એ માણસ એને પકડીને ઊભો હતો. એની આંખોમાં વિકારો તરવરતા હતા.

કામલતા એના સકંજામાંથી છૂટવાનો પ્રયાસ કરવા લાગી. એ માણસ ચીડાયો. એણે પોતાના લોખંડ જેવા હાથોથી હજી એકવાર કામલતાના માથા પર પ્રહાર કર્યો. કામલતાને પોતાની બધી શક્તિઓ નીકળી જતી અનુભવાઈ.

એને બધું ધૂંધળું દેખાવા માંડ્યું. એનું મસ્તક પીડાથી ફાટવા માંડ્યું. દર્દ અસહ્ય બન્યું. બેહોશ થતા પહેલાં એનાં મોઢાંમાંથી એક જ પ્રાર્થના સરી,

"મને બચાવી લે **કેશવ** !"

* * *

# મહારાણી

## પ્રકરણ - ૬

### ક. વ. - 15 વર્ષ 2 મહિના 20 દિવસ
### સવારે 10.17

રેતીની ગરમી મોઢા પર લાગતી હોવાના કારણે કામલતાને હોશ આવ્યો. એ સીધી સૂવડાવવામાં આવેલી હતી અને એટલે એના મોઢા પર સૂર્ય પોતાનાં ગરમ કિરણો છોડી રહ્યો હતો. એના માથામાં કોઈએ ગરમ ગરમ લોખંડની હજારો સોયઓ ભોંકી હોય એવી વેદના થતી હતી. માથું કોઈ પણ ક્ષણે ફાટી જશે એવી અનુભૂતિ કામલતાને થતી હતી.

સખત પીડા વચ્ચે પણ કામલતાએ પોતાનું મગજ શાંત કર્યું અને એ પોતે ક્યાં છે અને એ અહીંયા કેવી રીતે આવી એ યાદ કરવાનો પ્રયત્ન કર્યો. માથાના દુઃખાવાના કારણે એને કંઈ પણ સૂઝયું જ નહીં.

એણે પોતાની આંખો ઉઘાડી. પણ સૂરજના પ્રખર કિરણોંના કારણે એણે ફટાફટ આંખો બંધ કરી દીધી. એણે પોતાના શરીરને એક પડખે કરવાનો પ્રયત્ન કર્યો. પણ એના અંગેઅંગમાં ભયંકર પીડા થઈ રહી હતી.

એણે મહામુશ્કેલીએ પોતાનું શરીર ઘણા પ્રયત્નો પછી એક પડખે કર્યું અને પછી આંખ ઉઘાડી. એણે જોયું કે ચારે બાજુ મોટી મોટી રેતી-ચૂનાથી બનેલી હવેલીઓ હતી અને નાનાં ઘરો પણ વચ્ચે વચ્ચે દેખાઈ આવતાં હતાં. લોકોની અવર-જવર રસ્તા પર થઈ રહી હતી. અને બધા પસાર થતા પહેલાં આ સ્થાનને જોતા હતા. કામલતાની આજુબાજુમાં એની જેમ જ રેતી પર સૂતેલા ઘણા બધા વ્યક્તિઓ હતા. એક નાની છોકરી સતત રડ્યા કરતી હતી.

એની અવાજ સાંભળીને એક પઠ્ઠો વ્યક્તિ એની પાસે આવ્યો. અને એ છોકરીના માથા પર જોરદાર લાત મારી. કામલતાના મોઢામાંથી ચીસ નીકળી ગઈ. એ છોકરી ત્યાંને ત્યાંજ બેભાન થઈ ગઈ. એ પઠ્ઠો વ્યક્તિ એના ઉપર થૂંકીને ચાલ્યો ગયો.

બીજો એક પઠ્ઠો વ્યક્તિ પણ રેતી પર કામલતાની જેમ સૂતો હતો.

કામલતાએ જોયું કે એના હાથ બંધાયેલા હતા અને એને પોતાની અવસ્થા યાદ આવી. એણે પોતાની તરફ જોયું.

કામલતાના પોતાના હાથ પણ બંધાયેલા હતા અને રક્તનો સંચાર ઓછો હોવાના કારણે દૂધ જેવા સફેદ થઈ ગયા હતા. એના પગ પણ બેડીયોંથી બંધાયેલા હતા. આ ગરમીમાં ધાતુનો થતો ઠંડો સ્પર્શ કામલતાને સાંત્વના આપી રહ્યો હતો. એણે પછી પોતાના શરીર તરફ જોયું. એ જોતાં જ એને પોતાના સવાલોનો જવાબ મળી ગયો. જંગલમાં ઘટેલી સંપૂર્ણ ઘટના એની આંખોની સામે નાચવા માંડી.

રીંછ જેવો વ્યક્તિ, એના હાથનો પ્રહાર..... બધું યાદ આવી ગયું. કામલતાએ જોયું કે એનાં બધાં આભૂષણો લઈ લેવામાં આવ્યા હતા અને એનો પૂજાનો પોશાક પણ કોઈકે લઈ લીધેલો હતો. અત્યારે એના શરીરને ફક્ત એક ફાટેલાં ચીંથરેહાલ કપડાંએ ઢાંકેલું હતું. એને પોતાની દયનીય અવસ્થા જોઈને રડવું આવ્યું. પણ એણે એટલું રડી લીધેલું કે હવે અશ્રુઓ પણ નીકળતા નહોતા.

એને સખત તરસ લાગેલી હતી. આહાર અને પાણીના અભાવના કારણે પોતાનું શરીર થોડું મંદ પડી ગયેલું એણે અનુભવ્યું. એણે પોતાનું પડખું મહેનત કરીને બીજી બાજુ ફેરવ્યું.

સામે એક મધ્યમ માપવાળી ઝૂંપડી જેવું ઘર હતું. એમાં ૧૫-૨૦ જણા બેઠેલા હતા. બધાના હાથમાં શરાબની પ્યાલીઓ નાચતી હતી. પેટ ઉપર હાથ મારી મારીને બધા ગાંડાની જેમ હસી રહ્યા હતા.

કામલતાને પેલો વાળવાળો પ્રાણી જેવો લાગતો માણસ દેખાયો કે જેણે કામલતાને માથા પર ઘા મારેલો. કામલતાની આંખો એને જોઈને લાલ થઈ ગઈ. *'અહીંયાં જ ગળું દબાવીને પેલા જાનવરને મારી નાંખુ.'* એવો વિચાર કામલતાને ઝબક્યો.

એના હાથમાં એક મોટી હુક્કાની નળી હતી અને એ જોર-જોરથી દમ મારી મારીને ધુમાડાના ગોટાઓ આકાશમાં ઉડાડી રહ્યો હતો. એની બાજુમાં એક ભીલ જેવો માણસ બેઠેલો કે જેના હાથમાં કંઈક ચમકતી વસ્તુ હતી.

કામલતાએ બારીકાઈથી નિરીક્ષણ કર્યું. એને ખબર પડી કે એ તો એની પોતાની અંગૂઠી હતી. એ ભીલ જેવો માણસ એક બીજા વ્યક્તિ સાથે અંગુઠી માટેનો ભાવતાલ કરી રહ્યો હતો.

બીજો માણસ શરીરથી થોડો પુષ્ટ હતો અને એનાં બધાં અંગો સોનાથી મઢેલાં હતાં. એના ખભા પર એક વસ્ત્ર હતું, જેમાં સોનાની કારીગરી કરવામાં આવેલી. એ દેખાવમાં નગરમાં રહેનારો લાગતો હતો અને પ્રભુત્વ સાથે બોલી રહ્યો હતો. બધા વ્યક્તિઓએ એની વાત માનવી પડે એવું લાગતું હતું.

અચાનક એ રીંછ જેવા વાળવાળા માણસે કામલતા તરફ જોયું. કામલતાએ

પોતાની આંખો બંધ કરી નાખી.

*'એ મને જોઈ ન ગયો હોય તો સારું... ભગવાન મારી રક્ષા કરજે...'*ની પ્રાર્થના આપોઆપ કામલતાના મનમાં ચાલુ થઈ ગઈ. ક્ષણ-બે ક્ષણ પછી એને લાગ્યું કે હવે કોઈ જોતું નહીં હોય. એટલે એણે પોતાની એક આંખ થોડી ઉઘાડી.

એ પંદરે પંદર જણા એની ઉપર ઊભા હતાં.

એનામાં ભયનું લખલખું પસાર થઈ ગયું. કામલતાએ ફરીથી પોતાની આંખ બંધ કરી દીધી. પેલા ભીલે પગથી કામલતાના પગ ઉપર જોરથી લાત મારી. એણે એક હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નહીં. એ એનો ઢોંગ જોઈને ન કળાય એવી ભાષામાં ગાળો આપવા માંડ્યો. કામલતા એક મરેલા વ્યક્તિની જેમ એમ ને એમ પડી રહી.

ભીલે ફરીથી જોરથી આ વખતે કામલતાના પેટમાં લાત મારી. કામલતાના મોઢામાંથી લોહીની ઊલટી થઈ. સામે રહેલા વાળવાળા માણસના પગ પર આખી ઊલટી પડી. એ ગુસ્સે થઈને ત્યાંથી ગાળો આપતો આપતો ચાલ્યો ગયો.

કામલતાએ પોતાની આંખો વેદના વચ્ચેય બંધ જ રાખી. સોનાથી લદાયેલાં શરીરવાળા માણસે કામલતાને સમજાય એવી ભાષામાં કહ્યું,

"હે વેશ્યા! આ ઢોંગ કરવાનું બંધ કર. ચાલ આંખ ખોલ.... તારો કેટલો ભાવ મને મળશે એ જોવું જરૂરી છે .આ ભીલ મારું માથું ખાઈ જાય છે. જંગલી માણસો સહેલાઈથી ઓછા ભાવમાં માનતા નથી... ચલ, આંખો ખોલ..."

કામલતાએ આંખો બંધ જ રાખી. કામલતાને ખબર પડી કે આ જગ્યા માણસોને વેચવાનું સ્થાન છે અને આ શેઠ જેવો લાગતો માણસ દાસનો લે-વેચનો ધંધો કરે છે.એ આ ધંધામાં કેટલું બધું કમાઈ ગયો હતો, એ તો એના શરીર પર લાદેલા સોનાથી ખ્યાલ આવી જતો હતો. કામલતાને એ પણ ખ્યાલ આવ્યો કે પોતાને વેચનારા વ્યક્તિઓ ભીલ હતા અને જંગલમાં રહેતા હતાં.

કામલતા આ જગ્યાએથી છૂટવાના વિચારો કરવા લાગી. એને ખબર હતી કે દાસોની હાલત શું થાય છે. કામલતાએ પોતાનો ભૂતકાળ ભૂલીને પોતાની બધી શક્તિ અહીંથી નીકળવાની યોજનાઓ પર કેન્દ્રિત કરી.

"અબલા ! અહીંથી ભાગવાની વાત તો વિચારતી જ નહીં. જે અહીંથી ભાગે છે તે જીવતો તો રહે છે, પણ એ રીતે કે એ દર ક્ષણે મૃત્યુની જ પ્રાર્થના કરે છે. બહાદુર ! ચલ આને સીધી તો કર, કે જેથી આના શરીરની ખૂબસૂરતીને હું નીરખી શકું." શેઠે પોતાના બાજુમાં રહેલા એક બળવાન સૈનિકને ઈશારો કર્યો.

બાકી બધા ભાષાના જાણકાર લોકો હસવા માંડ્યા. શેઠ પણ સાથે સાથે હસવા લાગ્યો.

સૈનિકે આવીને પોતાની સશક્ત ભુજાઓથી રમકડાંની જેમ કામલતાને સીધી કરી. શેઠે પોતાની ખરાબ આંખોથી કામલતાના વસ્ત્ર સહિતના સંપૂર્ણ શરીરનું

નિરીક્ષણ કર્યું. કામના તણખાઓ એની આંખોમાંથી ઝરતા કામલતાએ જોયા. એ થરથર ધ્રુજી ઊઠી. બધા આજુબાજુના લોકો હસતા જ રહ્યા.

શેઠે પોતાનો હાથ કામલતાના સંપૂર્ણ શરીર પર ફેરવ્યો અને બધા અંગોની સ્વસ્થતા તપાસી લીધી. પછી શેઠનો ઈશારો થતાં સૈનિકે કામલતાને છોડી દીધી અને એનું મોઢું જોરથી રેત સાથે અફળાયું. કામલતા નિશ્ચેષ્ટ અવસ્થામાં એમ ને એમ પડી રહી.

શેઠે પોતાની તિજોરીમાંથી બે થેલીઓ કાઢીને ભીલને આપી અને આટલું બધું સોનું જોઈને એ રાજીનો રેડ થઈ ગયો. પોતાના પાંચ સાગરીતો સાથે એ ત્યાંથી શેઠને સલામ ભરીને નીકળી ગયો. કામલતા હવે દાસી બની.

કામલતા અને બીજા બધાને સાંજના સમયે થોડું ખાવાનું અને પીવાનું આપવામાં આવ્યું. પણ કામલતાનું બધું ખાધેલું આખું ને આખું બહાર નીકળી ગયું. એના પેટમાં સખત પીડા થઈ રહી હતી. એને આંખે અંધારાં આવી રહ્યા હતા. બાકી બધા આજુબાજુનાં દાસ-દાસીઓની પણ એ જ હાલત હતી.

સૈનિક એક સશક્ત દાસને ખાવાનું આપતો હતો. પણ એ વસ્તુ એ દાસને નહીં ભાવવાને કારણે એણે સૈનિકને ગાળ આપી. સૈનિકે જોરદાર મુક્કો એના મોઢા પર ચોડી દીધો અને એ મરેલાની જેમ જમીન પર ઢળી પડ્યો. આવી બધી ઘટનાઓ જોઈને કામલતાનું મન ત્રસ્ત થઈ ગયું. માનસિક ત્રાસના કારણે ભાવિનાં સારાં સપનાઓ સાથે કામલતા નિદ્રાદેવીને આધીન થઈ ગઈ.

* * *

## ક. વ. - 15 વર્ષ 6 મહિના 20 દિવસ
## સવારે 08.01

આજુબાજુ થતા કોલાહલથી કામલતાની ઊંઘ ઊડી ગઈ. એને પેટમાં ખાડા જેવું લાગી રહ્યું હતું. કામલતાને શરીરમાં સખત અશક્તિ અનુભવાતી હતી.

એણે જોયું તો નીચે ચારેબાજુ ઘણા બધા લોકો ઉભા હતા. એ પોતે એક મોટા માંચડા ઉપર બાકી બધા દાસો સાથે રાખવામાં આવી હતી. એના હાથ-પગ બેડીઓથી બાંધવામાં આવેલા હતાં.

એનાં કપડાં પર એક કાગળ ચોંટાડવામાં આવેલો હતો. એના ઉપર '૪૭' લખેલું હતું. 'એને કોણે અહીંયા લાવી ?' એ બધું એને ખ્યાલ નહોતો. થોડી જ ક્ષણો પછી સોનાવાળો શેઠ ત્યાં આવ્યો. બધા દાસોને ભેગા કરવામાં આવ્યા.

''મારા દાસો ! હું તમારો માલિક છું.'' બધાયનાં મોઢા ગુસ્સાથી લાલ દેખાયાં. ''ગુસ્સો તબિયત માટે બહુ ખરાબ હોય છે. પણ મારે એનાથી શું ?'' શેઠે હસ્યો.

''આજે તમારો અહીંથી છૂટવાનો દિવસ છે. આજ તમે બધા નવાં નવાં

ઘરોમાં દાસ-દાસી તરીકે જવાનાં છો.'' બધાનાં મોઢાં પર થોડીક રાહત દેખાઈ. રેતી પર શેકાવું કોઈનેય ગમતું નહોતું અને ખાવાની વસ્તુઓની તો શું વાત કરવી ?

બધા અંદર અંદર અને કેટલાક પોતાના મનમાં બબડવા લાગ્યા. શેઠે બે તાળી પાડીને બધાને શાંત રહેવાનો ઈશારો કર્યો. શેઠે આગળ ચલાવ્યું. એનાં પ્રત્યેક વાક્યોમાં અહંકારની ગંધ આવતી હતી.

``હું તમને બધાને આદેશ આપું છું કે તમે બધાં આજે સારી રીતે વર્તજો. તમે બધા આજે....'' શેઠે એક માંચડા તરફ ઈશારો કરતાં કહ્યું. ``આ માંચડા પર વેચાવાના છો. આ તમારાં કપડાં પર એક કાગળ ચોંટાડવામાં આવ્યો છે. જ્યારે તમારો અંક બોલવામાં આવે ત્યારે તમે સીધી રીતે બહાર આવી જજો. નહીં તો....''

શેઠે ત્યાં ઊભા રહેલા બળવાન સૈનિકો તરફ જોયું. સૈનિકોએ પોતાની ભુજાઓ અફાળી. કામલતા સૈનિકોને જોઈને ગભરાઈ ગઈ. સશક્ત દાસને મારેલો મુક્કો એને યાદ આવી ગયો.

'આ મારી દાસી કુચેલના તમારી સાફ-સફાઈ કરશે. તમે એની સાથે વાતો નહીં કરી શકો. કેમકે એના બન્ને કાન અને જીભ મેં કાપી નાંખ્યાં છે. જે મારો દ્રોહ કરે છે ,એની શું હાલત થાય છે એનો આ નમૂનો છે...'' કામલતાને શેઠની આંખોમાં બોલતી વખતે પશુતા જ દેખાઈ.

``અડધા કલાક પછી તમારી લીલામી ચાલુ થશે. આટલા બધા લોકો ભેગા થયેલા છે. તમે બધા ભગવાનને પ્રાર્થના કરજો કે તમારા માલિકને સારાં દામ મળે...'' બધા દાસો ગાળો આપવા લાગ્યા. શેઠ ધમધમતો ત્યાંથી નીકળી ગયો.

વિચારોના વમળમાં અડધો કલાક ક્યાં પસાર થઈ ગયો એનું કામલતાને ભાન ન રહ્યું.

બહાર માંચડા પરથી શેઠનો અવાજ સંભળાઈ રહ્યો હતો. એ બધા આવેલા લોકોનું સ્વાગત કરી રહ્યો હતો. દાસોને ખરીદવા આવેલા મોટા-મોટા ધનવાન લોકોનો પરિચય આપી રહ્યો હતો. બધી ઔપચારિકતા પછી અંક-૧વાળા દાસને બોલાવવામાં આવ્યો.

સશક્ત શરીરવાળો તોફાન કરનારો દાસ અહંકાર સાથે ઊભો થયો અને બહાર ગયો.

``આવો અલમસ્ત દાસ તમને ક્યાંય નહી મળે... આના પાસેથી તમે બળદ કરતાં પણ વધારે કામ કરાવી શકશો...'' શેઠ લોકોને અંક-૧ દાસનો પરિચય આપી રહ્યો હતો. લોકો શેઠની વચનચતુરાઈ જોઈને હસ્યા.

``ચાલો હવે લીલામી ચાલુ થાય છે. આ દાસનું ઓછામાં ઓછું મૂલ્ય ૧૦૦ સોનામહોર છે. બોલો ! કોણ બોલે છે ?'' પોતાના ખભા ઉપર રાખેલા વસ્ત્રને શેઠે સરખું કર્યું.

''૧૦૦૦ સોનામહોર...'' એક શેઠે ભાવ આપ્યો.

''૧૫૦૦.....''

''૨૦૦૦.....''

''૨૫૦૦ સોનામહોર'', એક મોટા પેટવાળા શેઠે હસતાં હસતાં કહ્યું. એના પેટ પર મોટા ઘાવનું નિશાન પડેલું હતું. કુંભકર્ણનો નાનો ભાઈ જ એ લાગી રહ્યો હતો.

''૨૫૦૦ સોનામહોર.... એકવાર... બેવાર.... અઢીવાર.... બોલો ભાઈ ! બોલો.... આવો દાસ નહીં મળે. બોલો ત્રણ વાર....''

દાસને સૈનિકોએ પકડીને પેલા મોટા પેટવાળા શેઠના મુકાદમને આપી દીધો.

બે અંક વાળી દાસીને બોલાવવામાં આવી.... ત્રીજી દાસી ..... ચોથો દાસ...... ૪૬ દાસ-દાસીઓ પૂરાં થયાં અને કામલતાને પસીનો છૂટવા લાગ્યો. ભયના કારણે એનું શરીર ધ્રુજી રહ્યું હતું.

શેઠનો અવાજ કામલતાને સંભળાયો.

''અને આજનું નવલું નજરાણું ! જેની આપ મહાનુભાવો આટલા કલાકોથી રાહ જોઈ રહ્યા છો... જેનું રૂપ ભલભલાના પાણી ઉતારી દે.... જેના પતિ અને ખાસ કરીને માલિક બનવાનું સૌભાગ્ય બહુ ઓછાને સાંપડે... જેના અંગેઅંગને ભગવાને નિરાંતે કંડાર્યા છે. અરે ! હું કેટલું વર્ણન કરું ? દાસી અંક-૪૭...'' શેઠે બૂમ પાડી.

બધા પ્રેક્ષકો અને ખરીદનારાઓ પોતાની બેઠકથી આગળ આવી ગયા. કામલતાને બે ક્ષણ માટે બહાર જઈને પોતાની લીલામી થવા દેવાની ઈચ્છા ઓગળી ગઈ અને એટલે એ ત્યાંને ત્યાં જ બેસી રહી.

''દાસી અંક-૪૭.'' શેઠની અવાજમાં થોડો ગુસ્સો ભળ્યો અને એણે સૈનિકને ઈશારો કર્યો. નહીં જવામાં પોતાની કેવી દશા થશે એ વિચારીને સૈનિકના આવતા પહેલાં જ એ ઊભી થઈ ગઈ અને માંચડા પર પહોંચી ગઈ.

શેઠ એને જોઈને ખુશ થયો. સૌથી વધારે પૈસા આજે એને કામલતાની લીલામીથી જ મળવાના હતા. લોકો તો કામલતાનું રૂપ અને એની દેહની સુંદરતા જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા.

તરૂણોની આંખોમાં કામલતાને મેળવવાની તમન્ના દેખાઈ રહી હતી.

લગ્ન કરી ચૂકેલાઓને એને રખાત તરીકે રાખવાની તમન્ના દેખાઈ રહી હતી.

વેશ્યાઓ પરસ્પર એના રૂપની આલોચના કરી રહી હતી અને ઘરડા થઈ ગયેલા વ્યાપારીઓ પણ પોતાની કમનસીબીને કોસતા છતાં પોતાના દીકરા માટે કામલતાને ખરીદવા તત્પર હતા.

શેઠે બે ક્ષણ સુધી બોલી ચાલુ જ ન કરી. બધા લોકોને શેઠે કામલતાના રૂપનું પાન કરવા દીધું. કામલતા પોતાનું મુખ નીચે ઘાલીને ઊભી હતી. એ તદ્દન અસહાય હતી.

''તમને આ દાસી કેટલી ગમી છે એ તો મને તમારા ચહેરાઓ જોઈને જ ખબર પડી જાય છે. અને એટલે આની લીલામીની શરૂઆત કરવાનો ભાવ...''

''૧ લાખ સોનામહોર.....'' શેઠ પોતાનું વાક્ય પૂર્ણ કરે એ પહેલાં કોઈ પાન ચાવતી વેશ્યા જેવી લાગતી સ્ત્રી બોલી. બધાનાં મોઢાં એ બોલનાર તરફ ફર્યાં. બધા એ સ્ત્રીને સારી રીતે ઓળખતા હતા.

''બોલો ૧ લાખ સોનામહોર...'' શેઠે બધા લોકોનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું.

''દોઢ લાખ સોનામહોર....'' મોટા પેટવાળો શેઠ બોલ્યો.

''બે લાખ સોનામહોર,'' ત્રીજો એક રાજાશાહી પોશાકમાં સજ્જ વ્યક્તિ બોલ્યો.

કામલતાને તો પોતાના રૂપ પર નફરત વછૂટી. *'કેમ પ્રભુ ! તેં મને આ કાતીલ રૂપ આપ્યું!'* ભગવાનને મનમાં કોસતી એ નીચું મોઢું કરી ઊભી રહી.

''અઢી લાખ સોનામહોર...'' કોઈ બ્રાહ્મણ બોલ્યો. બધાને એને જોઈને આશ્ચર્ય થયું.

''ત્રણ લાખ સોનામહોર...'' વેશ્યા બોલી.

''ચાર લાખ સોનામહોર...'' શેઠ બહુ આનંદિત દેખાઈ રહ્યો હતો.

''પાંચ લાખ સોનામહોર ...'' બ્રાહ્મણ વતી કોઈકે કહ્યું.

''પાંચ લાખ સોનામહોર... એકવાર... બોલો ભાઈ ! આવી રૂપકડી સ્ત્રી નહીં મળે.... અપ્સરાઓનેય ટક્કર મારે એવું આનું સૌંદર્ય છે. અરે! દેવલોકની દેવાંગનાઓ તો આની આગળ પાણી ભરે....'' શેઠ પોતાના લોભને છૂપાવવામાં અસમર્થ થતો બોલ્યો.

''પાંચ લાખ સોનામહોર બે વાર... બોલો અઢી વાર....'' શેઠ અચાનક કામલતાની બાજુમાં આવ્યો.

''આટલા ઓછામાં આ જાય એ મને પાલવે એવું નથી અને એટલે...'' પોતાની લાલચમાં પાગલ થયેલા શેઠે કટારી પોતાના ખિસ્સામાંથી કાઢી અને કામલતાના એક જ પહેરેલા કપડાં ઉપર રાખી. કટારીની તીક્ષ્ણતાને લીધે કપડું સડસડ કરતું ફાટી ગયું.

કામલતા વસ્ત્રરહિત થઈ. બધાની સામે કામલતાની લાજ ઉઘડી ગઈ. કામલતા બંધાયેલા હાથ-પગને ખોલવાનો નિષ્ફળ પ્રયાસ કરવા લાગી. બધા લોકો એને જોઈને ગાંડા-ગાંડા થઈ ગયા.

બીજા લોકો જોરજોરથી ચિચિયારીઓ પાડવા માંડ્યા. કામલતાના આંખમાંથી પોતાની અસહાયતાને લીધે શ્રાવણ-ભાદરવો વરસવા માંડ્યો. એ આજુબાજુની પરિસ્થિતિ ભૂલી ગઈ. એના હાથ-પગ બાંધેલા હોવાના કારણે પોતાના લાજની પણ એ રક્ષા કરી ન શકી.

''છ લાખ....''

''સાત લાખ....''

''દસ લાખ....''

''વીસ લાખ....''

''ત્રીસ લાખ....'' શેઠની ખુશી વધતી ગઈ.

કામલતા માંચડા પર નીચે બેસી ગઈ. એનું આક્રંદ વધતું જ ગયું. એ કેટલામાં વેચાઈ ? કોણે એને લીધી ? આજુબાજુમાં શું ચાલે છે ? એનું કંઈ પણ ભાન એને રહ્યું નહીં. એના મનમાં અને વચનમાં ફક્ત એક જ આક્રંદ હતું.

''તેં મારી સાથે જ આવું કેમ કર્યું **કેશવ** ?''

* * *

# ગણિકા

## પ્રકરણ - ૧

### ક. વ. - 15 વર્ષ 7 મહિના
### સવારે 07.11

**"ર**ડી-રડીને જો તારી આંખો કેવી થઈ ગઈ છે કામલતા ?" મદનમંજરીએ કામલતાના મોઢા સામે એક અરીસો લાવીને મૂક્યો.

કામલતાની ભરબજારમાં વગર વસ્ત્રે લીલામી થયાને ૧૦ દિવસ થઈ ગયા હતા. ૫૦ લાખ સોનામહોરમાં રાજવેશ્યા મદનમંજરીએ કામલતાને ખરીદી હતી. લીલામી થયા પછી મદનમંજરીએ સૌથી પહેલું કાર્ય કામલતાનાં શરીરને ઢાંકવાનું કર્યું હતું. કામલતાની લીલામી છેલ્લી હોવાના કારણે બધા લોકો ધીમે ધીમે ત્યાંથી એના રૂપનું પાન કરતા કરતા નીકળી જતા હતા.

કામલતા માટે એક શેઠના દીકરાએ મદનમંજરીને કંઈક ખરાબ પ્રશ્ન કરતાં મદનમંજરી બહુ ગુસ્સે થઈ ગઈ હતી અને પેલા દીકરાને કામલતાની માફી માગીને ત્યાંથી જવું પડ્યું હતું. આ જોઈને કામલતાને થોડીક આત્મીયતાની અનુભૂતિ મદનમંજરી સાથે થયેલી. એ એને પોતાની માતા જેવી લાગતી હતી.

મદનમંજરી વિલાસપુરની સૌથી પ્રખ્યાત વેશ્યાલય ચલાવનારી ગણિકા હતી. એના સાત માળવાળા આકર્ષક મહેલ માટે એ બહુ વિખ્યાત હતી. રાજા, રાજપુરુષો, બધા મોટા મોટા ધનકુબેરો જ્યારે પણ વિલાસપુર આવતા, ત્યારે મદનમંજરીના વેશ્યાલયની મુલાકાત લીધા વગર જતાં નહીં.

દેશ-વિદેશમાં તો એવી લોકોકિત હતી કે, 'જો તમે વિલાસપુર ગયા અને મદનમંજરીના વેશ્યાલયમાં નહીં ગયા, તો તમારી યાત્રા નિષ્ફલ...' લોકો સામે ચાલીને વિલાસપુરમાં એક રાત્રી રોકાણ માટે આવતાં.

વિલાસપુરના રાજાના હૃદયમાં પણ મદનમંજરીનું એક ઉન્નત સ્થાન હતું. રાજા જિતારી મદનમંજરીને પોતાના ધંધા માટેનો પૂર્ણ સહકાર આપતો અને સમયે સમયે મદનમંજરી પણ એનો બદલો વાળી દેતી. એવું કહેવાતું હતું કે, 'રાજા પાસે જો કોઈ કાર્ય કરાવવું હોય, તો મદનમંજરીને કાનમાં કહી દો....'

પૈસાની ખોટ કદાચ રાજભંડારમાં થઈ શકે, પણ મદનમંજરીના ભંડારમાં નહીં...' એવી વાતો લોકોના મોઢે થતી. બધા સશક્ત તરૂણ પુરુષો તો *'મને મંદનમંજરીનાં વેશ્યાલયની વેશ્યાઓનો સહવાસ મળે'* એવાં સપનાં સેવતા. કેટલાંય તરૂણોની પૈસાની દોડ પણ આ વેશ્યાઓના સંગમ માટેની હતી.

લીલામીના દિવસે લીલામી માટે જવાની ઈચ્છા મદનમંજરીને ઓછી હતી. આટલાં વર્ષોમાં ક્યારેય પણ લાલસ શેઠે એને સારી દાસી કે વેશ્યા આપ્યા નહોતા. પણ, લીલામીના એક દિવસ પહેલાં લાલસ શેઠ પોતે સામે ચાલીને મદનમંજરીને મળવા આવેલો.

''મદનમંજરી ! આ એક જોરદાર ફટાકેદાર માલ આવ્યો છે.'' લાલસ શેઠે હસતાં હસતાં કહ્યું હતું અને પોતાના સામે મદનમંજરીએ રાખેલ સંતરાને છોલી છોલીને ખાધું હતું. સંતરાનો રસ શેઠના મોઢામાંથી નીકળ્યું હતું, જેને એણે પોતાની પાસે રહેલા રૂમાલથી લૂછ્યું હતું.

''રત્નાચલ પર્વતના ભીલોને આવો માલ ક્યાંથી મળી ગયો એનું મને બહુ આશ્ચર્ય થાય છે. તું એકવાર જોવા તો ઈચ્છીશ જ ?'' મદનમજંરીના દેહ પર લાલસે દૃષ્ટિ ફેરવતા કહ્યું હતું.

''કાલે મારી આવવાની ઈચ્છા ઓછી છે. કાલે મંડલિકપુરના નરેશ પોતે જ અમારા મહેલને જોવા માટે આવે છે. અને એટલે એની આગતા-સ્વાગતામાં મારે રહેવું પડશે...'' શેઠની ગંદી ચેષ્ટાઓને પોતાના અવાજ અને આંખોથી મદનમંજરીએ બંધ કરાવી હતી. શેઠ થોડોક ડઘાઈ ગયો હતો.

''મદનમંજરી ! મારી ચેષ્ટાઓને માફ કર. પણ આ અવસર તારે ચૂકવા જેવો નથી. આ સમયે જે માલ આવ્યો છે એ અતુલ્ય છે. વેચાયા પછી એવું નહી કહેતી કે "લાલસ ! તેં મને કીધું કેમ નહીં ?'' મદનમંજરી શેઠે પોતાની વાતમાં મૂકેલા ભારથી કંઈક મૂંઝાઈ હતી.

''ઠીક છે લાલસ શેઠ ! હું કાલે લીલામીમાં આવીશ. જે માલ તમે કહો છો એનો અંક શું છે ?''

''૪૭...'' શેઠે હસતાં હસતાં કહ્યું હતું. મદનમંજરી શેઠને એમ ને એમ મૂકી ત્યાંથી નીકળી ગઈ હતી.

* * *

## ક. વ. - 15 વર્ષ 6 મહિના 20 દિવસ
## સવારે 06.12

લીલામીના દિવસનો સૂર્યોદય એકદમ રમણીય થયેલો. મદનમંજરીએ રાત્રે બધી વેશ્યાઓને ભેગી કરીને લાલસ શેઠની વાત કરેલી. મંડલિકપુરના નરેશની સંપૂર્ણ વ્યવસ્થા કામમંજરી વેશ્યાને આપીને બે વેશ્યાઓ સાથે નગરની બહાર રહેલ લીલામી

મંડપમાં જવા માટે મદનમંજરી તૈયાર થઈ ગઈ હતી.

કામમંજરી પર મદનમંજરીને સંપૂર્ણ વિશ્વાસ હતો અને એટલે જ નાણા વહીવટની સંપૂર્ણ જવાબદારી કામમંજરીના ખભે જ મદનમંજરીએ નાખી હતી. એને વિશ્વાસ હતો કે કામમંજરી નરેશને સારી રીતે સંભાળી લેશે.

મદનમંજરી વેશ્યાના ધંધાના હિસાબે કોઈના ઉપર પણ વિશ્વાસ કરવાનું શીખી નહોતી. પણ આટલાં વર્ષો કામમંજરીની સાથે કામ કરવાના હિસાબે એના ઉપર એને વિશ્વાસ બેસી ગયો હતો.

મદનમંજરી પોતાની વેશ્યાઓને સારી રીતે રાખતી. એમનાં દુઃખોમાં એ પોતે દુઃખના પ્રતિકાર માટે મહેનત કરતી. કોઈને પણ કોઈ કારણસર ગમે તેટલા પૈસા જોઈતા હોય, તો જો કારણ વ્યાજબી હોય તો એ પૈસા આપી દેતી હતી. બધી વેશ્યાઓ એનાં નેતૃત્વથી બહુ ખુશ હતી. અને એના લીધે જ વેશ્યાલયનું નામ બહુ ઊંચું ગયેલું હતું.

વેશ્યાઓની મર્યાદાઓ અને ગ્રાહકોની મર્યાદાઓના પણ નિયમો સારી રીતે નક્કી કરવામાં આવેલા હતા. કોઈ પણ વેશ્યાનું શોષણ થાય એ મદનમંજરી સહન નહોતી કરી શકતી અને એટલે શોષણ કરનારનો પ્રવેશ એ પછી વેશ્યાલયમાં હંમેશાં માટે બંધ થઈ જતો.

લોકોની મદદ કરનાર તરીકે પણ મદનમંજરીની છાપ બહુ ઊંડી હતી. કેટલાક લોકો તો મદનમંજરીને પોતાના ભગવાનના સ્થાને માનતા. રાજદરબારમાં પણ આ બધા ગુણોના કારણે એનું સન્માન એકદમ અનેરું જ હતું.

લગભગ ૯ વાગ્યાની આસપાસ લીલામી સ્થાને મદનમંજરી વેશ્યા પોતાના રથમાં પહોંચી ગઈ હતી. એના બેસવા માટે લાલસે ખાસ આગળની જગ્યા બનાવેલી હતી. સાડા નવ વાગે લીલામી ચાલુ થઈ હતી. નગરશેઠ વામણ અને બાકી પણ ઘણા કુબેરો ત્યાં હાજર હતા. મદનમંજરીને અંક ૧-૪૬ની લીલામીમાં રસ નહોતો અને એટલે એણે લીલામીઓમાં કઈ પણ દિલચસ્પી લીધી નહોતી.

પછી અંક - ૪૭ બોલાવવામાં આવેલો અને એ અંકમાં રહેલ દાસીને જોઈને મદનમંજરી મંત્રમુગ્ધ થઈ ગઈ હતી. એનું રૂપ ભલભલાનો અહંકાર ચકનાચૂર કરી નાખે એવું હતું. મદનમંજરી આ લીલામી માટે પાંચ લાખ સોનામહોર બોલવાનું નક્કી કરીને આવેલી. પણ જોતજોતામાં પાંચ લાખ થઈ ગયેલા અને પછી જે ઘટના ઘટેલી એણે તો લોકોને લીલામી બોલવા માટે મજબૂર કરી દીધેલા.

મદનમંજરીને અંક-૪૭ વાળી દાસીની અવસ્થા જોઈને એકદમ દયા જાગેલી અને એ એની હીનતા જોઈને પોતાને રોકી નહોતી શકી. ૫૦ લાખ સોનામહોરમાં, પોતાના ધાર્યા કરતા ૧૦ ગણા વધારે ભાવમાં મદનમંજરીએ એ લીલામી લીધેલી. પછી તરત જ એક મનુષ્યને જે અધિકાર પ્રાપ્ત થાય એ સ્વસંરક્ષણનો અધિકાર

મદનમંજરીએ કામલતાને કપડું ઓઢાડીને પૂર્ણ કરેલો.

એણે બહુ કડવા શબ્દોમાં લાલસ શેઠની હવા કાઢી નાખેલી અને આ બધું જોઈને કામલતાને એક પ્રકારની ટાઢક વળેલી. મદનમંજરીએ લાલસને સ્પષ્ટ કહી દીધેલું કે 'જો આવું ફરીથી થશે, તો એનું માથું અલગ અને ધડ અલગ થઈ જશે."

લાલસ શેઠ એના આક્રોશને જોઈને બહુ હેબતાઈ ગયેલો અને મદનમંજરીએ શેઠને એ જ સ્થિતિમાં મૂકી પોતાના મહેલ તરફ પ્રયાણ કામલતાને સાથે લઈ આદરેલું.

આજે મદનમંજરી બહુ રાજી હતી કેમકે એને કદાચ દુનિયાની સર્વશ્રેષ્ઠ વેશ્યા મળેલી. પણ સાથે એણે એક નિર્ણય કરી લીધેલો કે *'કામલતાની ઈચ્છા વગર કામલતાને આ ધંધામાં હું જોડીશ નહીં.'*

મહેલમાં પહોંચ્યા પછી કામલતાની બેડીઓને તોડાવીને, એને સારી રીતે સ્નાન કરાવીને, ગરમાગરમ ભોજન કરાવીને સૂવડાવી દેવામાં આવી હતી. લાલસ શેઠના દાસાવાસની યાતનાઓથી મદનમંજરી સારી રીતે પરિચિત હતી.

મદનમંજરી રાત્રે કામલતાના સૂવાના પલંગ પાસે એના ગાલ પર બાઝેલાં અશ્રુઓ પાછળની યાતનાઓને સ્મરીને અને એનું નિર્મળ રૂપ જોઈને ખુશી અને દુઃખ સાથે ત્યાં જ ક્યારે ઊંઘી ગઈ એનો એને ખ્યાલ રહ્યો નહોતો.

* * *

## ક. વ. - 15 વર્ષ 6 મહિના 21 દિવસ
## સવારે 06.21

નીચેથી આવતા અવાજોના કારણે મદનમંજરી વહેલી સવારે જાગી ગઈ હતી. નીચે જઈને એણે જોયેલું કે એક દારૂ પીધેલો ધનવાન માણસ કામમંજરી સાથે ઝઘડો કરી રહ્યો હતો.

''મારે સવારે વેચાયેલી દાસી સાથે ભોગ ભોગવવા છે.'' આ એક વાક્ય એના ઝઘડામાં કાયમ હતું. મદનમંજરીએ સખત ક્રોધ સાથે એ માણસને ઝાટકી દીધેલો. 'એ દાસી છે, વેશ્યા નથી'', જતાં વેંત એ માણસને મદનમંજરીએ સ્પષ્ટ સંભળાવી દીધેલું.

બીજા દિવસ બપોર સુધી કામલતા જાગી નહોતી. મદનમંજરીએ જોયેલું કે કામલતાના પગમાં કાંટાઓના ઘાવ હતા અને એના હાથ અને માથામાં પણ ઘણા ઘાવ હતા.

મદનમંજરીએ જાતે પોતાના હાથથી એ બધા ઘાવ ઉપર મલમ લગાડેલો. ઉઠ્યા પછી પણ કામલતાનું રડવું સતત ચાલું જ હતું. મદનમંજરીએ એને ઘણું આશ્વાસન આપીને માંડ માંડ શાંત કરેલી. કંઈ પણ ખાવું-પીવું કામલતાને રુચતું નહોતું.

૧૦ દિવસ આવી રીતે જ કામલતાની સ્વસ્થતા પાછળ ગયેલા. અને બધી

અનુકૂળતા આપવા છતાં કામલતાનું રૂદન બંધ થતું નહોતું. એટલે મદનમંજરીએ આજે કામલતાને પોતાની હાલત અરીસામાં દેખાડવાનો નિર્ણય કરેલો અને કામલતાની સામે અરીસો લાવીને મૂકેલો.

કામલતાએ અરીસામાં જોયું. પોતાનો મહારાણી તરીકેનો ભૂતકાળ એની સમક્ષ ઊભો થઈ ગયો. શત્રુમર્દનને રીઝવવા માટે અરીસામાં જોઈને જ કામલતા પોતાનો શણગાર કરતી હતી. આજે ના તો શત્રુમર્દન હતો કે ના તો માધવ હતો. આજે તો ફક્ત એ પોતે અને એના ઉપર હેત વરસાવનારી સામે બેસેલી સારી સ્ત્રી હતી.

''હે હિતકારિણી ! આપનું નામ શું છે ?'' ૧૦ દિવસો પછી પહેલીવાર કામલતાની વાચા ફૂટી. કામલતાની મીઠાશ ભરપૂર વાણી સાંભળીને મદનમંજરી એકદમ હર્ષિત થઈ ગઈ. મદનમંજરીએ પોતાનો પરિચય આપ્યો. પોતે શું ધંધો કરતી હતી, ધંધાના નિયમો, પોતાના સહકારીઓ, પોતાની સંપત્તિ બધાનો પરિચય સંક્ષેપમાં કામલતાને મદનમંજરીએ પ્રસ્તુત કર્યો.

''યાદ રાખજે.... તું મને તારી સૌથી પ્રિય સહેલી જ સમજજે. ક્યારેય પણ કોઈ પણ કામ હોય, તો આ બાજુમાં પડેલી ઘંટી વગાડી દેજે. હું આવી જઈશ.'' મદનમંજરીએ કામલતાના ખંડમાથી બહાર જતાં કહ્યું.

ઘણા દિવસો પછી મદનમજંરીનો સ્વભાવ જોઈને કામલતાને પોતાના હૃદયમાં લાગ્યું, *'મારું સાચે જ કોઈ છે.'*

એ બાજુમાં પડેલી થાળીમાંથી પોતાને ભાવતી વસ્તુઓ ખાવા માંડી. એને એટલી ભૂખ લાગેલી કે એ બધું ખાઈ ગઈ. દિવસ પસાર થયો અને સાંજ ઢળી.

* * *

## ક. વ. - 15 વર્ષ 7 મહિના
## સાંજે 06.30

કામલતા પોતાના ખંડમાં બેસી દીવાના પ્રકાશમાં બાજુમાં પડેલી પુસ્તક વાંચી રહી હતી. દ્વાર ખૂલ્યું. મદનમંજરી ત્યાં એક બીજી સ્ત્રી સાથે ઉભેલી હતી. બન્ને જણે ખંડમાં પ્રવેશ કર્યો. કામલતા પોતાની જગ્યાએ સીધી થઈને બેઠી.

''કામલતા ! આ મારા સાથે મારો સાથ આપનારી, આ સંપૂર્ણ મહેલનો વહીવટ સંભાળનારી કામમંજરી છે.'' મદનમંજરીએ પોતાની સાથે આવેલી સ્ત્રીનો પરિચય કરાવ્યો.

''મને એ સાંભળીને આનંદ થયો કે તેં આજે પોતાનું ભોજન પૂર્ણ કર્યું. તારી સ્વસ્થતા અમારા માટે બહુ ચિંતાજનક વિષય હતો. પણ તું હવે તારો પોતાનો ખ્યાલ રાખે છે એ સારું છે.'' મદનમંજરીનું મુખ એકદમ પ્રફુલ્લિત દેખાતું હતું. કામમંજરીના મુખ પર પણ સંતોષનો ભાવ હતો. એક ક્ષણ કોઈ કાંઈ બોલ્યું નહીં.

''મદનમંજરી ! મને અહીંયા એક જ સ્થાને રહીને દસ દિવસ થઈ ગયા છે. હું તમારો મહેલ જોઈ શકું ?'' મૌનને તોડતાં કામલતા બોલી. બન્ને જણ એકદમ ખુશ થઈ ગયાં. મદનમંજરી કામલતાને ભેટી પડી.

''અમે તને આ વાત કરવા જ આવેલાં અને તેં અમારા વિચાર જાણે કે વાંચી લીધા ન હોય એ રીતે આ જ વાત ઉચ્ચારી. ચલ, તૈયાર થઈ જા. હું અને કામમંજરી પોતે જ તને આખું મહેલદર્શન કરાવશું અને અમારી સાથે કામ કરતી અને તારું મોઢું જોવા તલસતી બાકીની વેશ્યાઓનો પણ પરિચય કરાવશું.'' મદનમંજરીએ પોતે કામલતા માટે લાવેલાં એકદમ સુંદર કપડાં કાઢતાં કહ્યું.

આવાં કપડાં તો કામલતાએ પોતાના મહેલમાં પણ ક્યારેય પહેર્યાં નહોતાં. કામલતાએ કપડાં પહેર્યાં અને પોતાનું રૂપ જોઈ એ બહુ આનંદિત થઈ. દુઃખ ધીમે ધીમે ઓછું થતું અનુભવાયું.

પોતાનાં કપડાંમાં કામલતાને જોઈને મદનમંજરી સ્તબ્ધ થઈ ગઈ. સ્વર્ગની રંભાને પણ ઈર્ષ્યા થઈ આવે એવું રૂપ આ કપડાં પહેર્યાં પછી કામલતાનું નીરખેલું. કામમંજરી પણ આંખો ફાડી ફાડીને કામલતાને જ જોઈ રહી હતી.

મદનમંજરી અને કામમંજરી કામલતાને નીચે લઈ ગયાં. કામલતાને ચાલવામાં સહેજ તકલીફ પડી રહી હતી. થોડું ચક્કર જેવું લાગતું હતું. મદનમંજરીએ કામલતાનો હાથ પકડેલો હતો. કામલતા બે માળ નીચે ઉતરી અને પછી એ ત્રણેય થોડાં ચાલ્યાં. કામલતા પોતે ક્યા માળે રોકાયેલી હતી એની ગતાગમ એને નહોતી.

પછી દરવાજો આવ્યો અને કામમંજરીએ દરવાજો ખોલ્યો. અંદર ગાઢ અંધારું જ હતું. કામલતા ડરી ગઈ. અને એ પોતે એક ડગલું પાછળ ફરી ગઈ. અંધારાથી વ્યાપ્ત જંગલ એના માથામાં રમવા માંડ્યું.

પછી અચાનક અંદરથી એક સાથે સેંકડો દીવાઓથી લખાયેલો 'કા' દેખાયો. કામલતા કંઈ પણ સમજી નહીં. પછી એક પછી એક 'મ' 'લ' 'તા' અક્ષરો દીપક વડે લખાયેલા કામલતાએ જોયા. પછી એક સાથે બધા દીવાઓ પ્રજ્વલિત થયા અને આખો અંદરનો ખંડ લોકોથી ભરેલો કામલતાએ જોયો.

કામલતાના આનંદની સીમા ન રહી. આવો ભવ્ય સત્કાર એનો કોઈએ આજ સુધી કર્યો નહોતો. એ હર્ષાવેશમાં મદનમંજરીના ગળે લાગી ગઈ. ખંડમાં રહેલી બધી વેશ્યાઓ કામલતા માટે બનાવેલું એક સુંદર ગીત ગાઈ રહી હતી. ખંડની વચ્ચે એક મોટું ગોળાકાર ટેબલ હતું. એના ઉપર જાત-ભાતની વાનગીઓ સજાવવામાં આવી હતી. એ વાનગીઓની સજાવટનો આકાર પણ 'કામલતા' રૂપે જ પરિણમ્યો હતો.

''આટલું બધું કોના માટે ?'' સ્વાગત, સત્કાર, પ્રશંસાનો કાર્યક્રમ થયા પછી જમતી વખતે કામલતાએ પૂછ્યું.

‘‘બસ ! તારા માટે.... તને લાલસે આપેલી યાતનાઓની ચૂકવણી માટે...’’ મદનમંજરીની આંખોમાં પાણી હતું. મદનમંજરીએ પોતાના બે હોઠ કામલતાનાં મસ્તકે મૂક્યા.

* * *

## ક. વ. - 15 વર્ષ 8 મહિના
## સાંજે 07.02

જોતજોતામાં એક મહિનો પસાર થઈ ગયો. કામલતાની ભાષાની મીઠાશ અને એના રૂપના ઉજાસે કામલતાને બધી ગણિકાઓમાં એકદમ પ્રિય બનાવી દીધી હતી.

એક મહિનાના દરમ્યાન કામલતાએ પોતાના સ્વાસ્થ્ય ઉપર વિશેષ ધ્યાન આપીને પોતાના દેહને સમતોલ બનાવ્યો. એ અલગ અલગ વેશ્યાઓ પાસેથી અલગ અલગ વસ્તુઓ શીખતી ગઈ. બધી વસ્તુઓ કામલતાની તીક્ષ્ણ બુદ્ધિના કારણે એના જીવનકવનમાં ઉતરતી ગઈ.

એ બધી કલાઓમાં પારંગત થવા લાગી. રસવતીઓ બનાવવાની કલા હોય, નાચવાની કલા હોય, અભિનયની કલા હોય-એણે બધામાં ઉચ્ચ ભૂમિકાઓને સર કરી. કામલતાનું નામ નગરમાં પહેલાથી પ્રસિદ્ધ જ હતું અને હવે વધારે પ્રસિદ્ધ થયું.

આવું બધું થવા છતાં પણ મદનમંજરીએ એક વાર પણ કામલતાને પોતાના ધંધામાં જોડાવા વિષેનો આગ્રહ કર્યો નહીં.

કામલતાને કામમંજરીએ સંપૂર્ણ મહેલનો અહેવાલ આપી દીધો. એ પોતે મહેલનો પ્રત્યેક ખંડ કામલતાને બતાવવા ગયેલી.

મદનમંજરીનો મહેલ એકદમ સુંદર હતો. સાત માળમાં ૨૫૦ જેટલા અલગ અલગ ખંડો હતા. રાજા અને રાજાના મુખ્ય અધિકારીઓ માટે છઠ્ઠો માળ રાખવામાં આવેલો. ત્યાંના ખંડો એકદમ વિશાળ અને પ્રત્યેક ભોગસામગ્રીઓથી પરિપૂર્ણ હતા. અલગ અલગ ચિત્રકર્મથી આખો મહેલ સુશોભિત હતો.

પાંચમા માળે વેશ્યાઓના રહેવાનાં સ્થાનો હતાં. બીજા,ત્રીજા અને ચોથા માળે સામાન્ય, વિશેષ અને વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ખંડો હતા.

પહેલા માળે સ્વાગત કક્ષ હતો, જ્યાં લેવડ-દેવડ થતી અને વ્યક્તિઓના દરજ્જા પ્રમાણે માળ નક્કી કરવામાં આવતા. ભૂમિતલ પર બધાં વાહનોને રાખવા માટેની વિશાળ જગ્યા હતી.

એના નીચે પણ જમીનના અંદર બે ખંડો હતા કે જેના વિષયમાં કામમંજરીએ કામલતાને કંઈ પણ કહ્યું નહોતું. સાતમા માળે મદનમંજરીનો કક્ષ હતો, જ્યાં એવું કહેવાતું કે સંપૂર્ણ રાજ્યના સંચાલનની યોજનાઓ ઘડાતી.

કામલતાએ ક્યારેય પણ સાતમા માળે કે ભૂગર્ભમાં જવાની ચેષ્ટા કે ઈચ્છા પણ કરી નહોતી. મહેલને ફરતો એક બહુ મોટો અને આલિશાન બગીચો હતો, જ્યાં કામલતા અવારનવાર પોતાના ચિત્તને શાંત કરવા જતી.

એકવાર બગીચાના પોતાના દરરોજના સમય કરતાં કામલતા જલદી પાછી વળી ગઈ. એ મહેલના પહેલા માળ પર આવી. કામમંજરી દેખાઈ નહીં. કામમંજરીના સ્થાને બેસેલી લલિતલાવણ્યાને કામલતાએ કામમંજરી ક્યાં છે? એમ સૂચવનારો ઈશારો કર્યો.

''થોડા સમય પહેલાં જ મદનમંજરી અને કામમંજરી કોઈ વાત કરવા માટે નીચે ભોયરાંમાં ગયા છે. આવી જવાં જોઈએ.'' લાવણ્યા કંઈક છૂપાવતી હોય એવું કામલતાને એની આંખો પરથી લાગ્યું.

કામલતા પોતાના મનની શંકાના નિરાકરણ કરવા માટે નીચે ઉતરવા લાગી. લાવણ્યાએ *'બગીચામાં જતી હશે.....'* એવું વિચારી કંઈ પણ કહ્યું નહીં.

કામલતા ભૂમિતલે પહોંચી. નીચે જવા માટેનો દરવાજો બંધ હતો. ધીમેથી કામલતાએ દરવાજો ખોલ્યો. અંદરથી દીવાનો મંદ મંદ પ્રકાશ આવી રહ્યો હતો. બે ક્ષણ એ ત્યાંને ત્યાં જ ઊભી રહી.

ધીમે ધીમે એ નીચે ઉતરવા માંડી. ભૂગર્ભમાં કામલતાને નહીં વપરાયેલી જગ્યાઓ જેવી ગંધનો અનુભવ થયો. એ બિલાડી પગલે નીચે ઉતરી ગઈ. બે દિશામાં મોટી મોટી બે ચાલી જતી હતી. જમણી બાજુએ નીચેના ભોંયરામાં જવા માટેની સીડી હતી. ત્યાંનો દરવાજો ખુલ્લો હતો.

કામલતાને એવું અંતઃસ્ફૂરણ થયું કે મદનમંજરી અને કામમંજરી નીચે જ ગયાં હશે. એ પણ ધીમે ધીમે નીચે ઉતરવા માંડી. એને થોડી થોડી અસ્પષ્ટ વાતચીત કાને પડી. વાતચીત શું થાય છે અને કોણ કરે છે એ જોવા માટે એ હજી થોડી નીચે ઉતરી.

એણે જોયું કે ત્રણ નાનાં સિંહાસનો પર ત્રણ વ્યક્તિઓ બેઠા હતા. એમાં બે સ્ત્રીઓ હતી કે જેઓને કામલતા સુપેરે જાણતી હતી અને એક રાજમુદ્રાવાળો પુરુષ હતો. એને કામલતા ઓળખતી નહોતી. હજી પણ તેઓ શું વાત કરે છે એ કામલતાને સ્પષ્ટ સંભળાતી નહોતી. આગળની સીડી પર દીવાઓનો પ્રકાશ હતો. એટલે પકડાઈ જવાનો ભય હતો.

કામલતાએ આજુ-બાજુ જોયું. એને દેખાયું કે ભીંતમાં એક જગ્યા એવી હતી જ્યાં દીવાઓનો પ્રકાશ પડતો નહોતો. જો ત્યાં છૂપાઈ જવામાં આવે તો એમની વાતો વગર પકડાયે સાંભળી શકાય એવી હતી. કામલતાનું દિલ જોરજોરથી ધડકવા માંડ્યું.

અત્યાર સુધી એના ભાગ્યએ એને સાથ આપ્યો નહોતો. અત્યારે પણ

પકડાઈ જાય, તો પોતાની શી દશા થશે એવા ભયથી એને પાછા ફરવાની ઈચ્છા થઈ ગઈ, પણ કુતૂહલ જીતી ગયું. પોતાનો ભય દૂર કરી એ ધીમા પગે ત્રણેને દેખાય નહીં એ રીતે દીવાલના સહારે ઊભી રહી ગઈ.

હવે શબ્દો એકદમ સ્પષ્ટ સંભળાઈ રહ્યા હતા.

''મદનમંજરી ! તું કામલતાને ક્યારે પોતાના ધંધામાં લાવે છે ?'' રાજપુરુષે સામે રહેલ રત્નના પ્યાલામાંથી દારૂની ચૂસકી મારી અને મદનમંજરી તરફ પ્રશ્નાત્મક દૃષ્ટિથી જોયું.

''મદના !'' રાજપુરુષે આગળ ચલાવ્યું, ''તેં ૫૦ લાખ સોનામહોરોમાં એને ખરીદી છે. એ સોનામહોર તું ક્યાંથી ભરશે ?'' મદનમંજરીના મોઢાનો રંગ ઉતરી ગયો.

''તારો વર્ષનો ધંધો ૨૦ લાખ સોનામહોર કરતા વધારેનો નથી અને લીલામીની રકમ એક વર્ષમાં ભરવાની છે.'' કામલતાને ફરી એકવાર પોતાની ખૂબસૂરતી પર નફરત વછૂટી. એની આંખોમાંથી આંસુઓ સરવા લાગ્યાં. *'મારી કેટલી પરીક્ષા બાકી છે પ્રભુ ?'*

''મદના ! આજે કામલતાનો બજારમાં ભાવ બહુ વધારે છે. આપણા રાજા જિતારી પોતે ૧ લાખ સોનામહોર કામલતાના દેહસુખને માનવા માટે આપવા તૈયાર છે. મહિના પહેલાં વેચાણ થયા પછી દેશ-વિદેશમાંથી મારા ઉપર ઓછામાં ઓછા ૧૦૦ મોટાં માથાંઓના સંદેશાઓ આ માટે આવી ગયા છે. કોઈ ૫૦ હજાર તો કોઈ ૭૫ હજાર સોનામહોર ફક્ત એકવારના સંગમ માટે આપવા તૈયાર છે.'' રાજપુરુષે પ્યાલીમાંથી ચૂસકી લીધી.

"એના સિવાયના તો કેટલાય લોકોએ મને આજીજી કરી છે. પણ એ બધાને અત્યારે મેં ના પાડી દીધી છે. તારી આ વિષયમાં શું વિચારણા છે ?" કામલતાને કાનમાં ખીલાઓ ઠોકાતા હોય એવો અનુભવ થયો.

''ચરક !'' મદનમંજરીના આંખમાં દુઃખ અને અવાજમાં ભીનાશ હતી. "કામલતાએ વેઠેલી યાતનાઓ પછી આ વિષયમાં એને કંઈ પણ કહેવાની મારી ઈચ્છા થતી નથી. મને ખબર છે કે મારા માથે ...'' મદનમંજરી કઈ કહેતાં કહેતાં અટકી ગઈ...

''હું કોઈ પણ રીતે ૫૦ લાખ સોનામહોર ભરી કાઢીશ.'' થોડા સમય માટે મૌન છવાઈ ગયું.

રાજપુરુષના મસ્તક પર ચિંતાઓની રેખાઓ સ્પષ્ટ દેખાઈ.

''કઈ રીતે મદના ! કઈ રીતે ?'' કામમંજરીએ મૌનનો ભંગ કર્યો. એના શબ્દોમાં દીનતા અને રૂદન સ્પષ્ટ દેખાતું હતું.

''મારે પોતાને વેચી દેવી પડશે, તો હું વેચી દઈશ. પણ ...'' મદનમંજરીની

આંખોમાં જળ હતું.

કામલતા વધારે સાંભળવા માટે સમર્થ નહોતી. એ ત્યાંથી ભાગી જવા માટે ઈચ્છતી હતી. કોઈને ખબર ન પડે એ રીતે પોતાનું મગજ શાંત કરી એ ધીમે પગલે ફરીથી ઉપર આવી ગઈ. એ લાવણ્યાના જોતાં જ ઉપર દોડીને પોતાના ખંડમાં પ્રવેશી ગઈ અને ખંડને અંદરથી બંધ કરી દીધો. એ પલંગ પર પડીને હીબકાં ભરી ભરીને રડવા લાગી.

*'હે ભગવાન ! તું મારા કારણે કેટલાં લોકોને દુઃખી કરશે... પહેલાં માધવ... પછી શત્રુમર્દન... હવે મદનમંજરી...'* એક એક જણનાં મુખ એના સમક્ષ ઝબકવા માંડ્યાં.

*'આ રૂપ તેં મને કેમ આપ્યું ?'*

કેટલીક ક્ષણો સુધી એ એમને એમ પડી રહી. પછી અચાનક એ ઉઠી અને એણે એક અટલ નિર્ણય કરી લીધો.

* * *

## ક. વ. - 15 વર્ષ 8 મહિના 1 દિવસ
## સવારે 08.10

સવારે દરરોજના ક્રમ મુજબ મદનમંજરી અને કામમંજરીએ અડધા કલાક પહેલાં નાસ્તાની બધી વ્યવસ્થા પૂરી પાડી દીધી. એ બન્ને ગોળ ટેબલના મધ્ય સ્થાનમાં બેસેલાં છતાં કંઈક ગુસપુસ કરી રહ્યાં હતાં. બન્નેનાં મોઢા ઉપર ગંભીરતા છવાયેલી હતી.

લાવણ્યલતા નામની વેશ્યા અને કામલતા માટેની મદનમંજરી અને કામમંજરીના બાજુની બે જગ્યાઓ ખાલી હતી. કામલતાએ ભોજનખંડમાં પ્રવેશ કર્યો. મદનમંજરી અને કામમંજરીની ગુસપુસ કામલતાને જોઈને બંધ થઈ ગઈ.

'શુભ પ્રભાતમ્' કામલતાને મદનમંજરી ગળે મળી. કામલતાને વ્યવહારના વશથી મળવું પડ્યું. ''કેમ આજે તારું મોઢું ઉતરેલું લાગે છે કામલતા ?'' મદનમજંરીએ પોતાની શાલીન ભાષામાં પૂછ્યું.

''ના ! એવું કઈ પણ નથી.'' કામલતાએ માંડ માંડ પોતાનાં અશ્રુઓ રોક્યાં. મદનમંજરી શાંતિથી પોતાના સ્થાને બેઠી.

આજે નાસ્તામાં ખીચું બનાવેલું હતું અને એ કામલતાને એકદમ પ્રિય હતું. પણ આજે એને ખાવાનું રુચતું જ નહોતું. એને પોતાનાં હૃદયનો ભાર હવે અસહ્ય લાગી રહ્યો હતો.

આંખમાં અશ્રુઓ સાથે કામલતાએ મદનમંજરી સમક્ષ જોયું.

"મારે મદનમંજરી ! તારી સાથે વાત કરવી છે ?" કામલતાનું મગજ તનાવમાં છે એ જાણી કંઈ પણ કહ્યા વગર મદનમંજરી કામલતાને લઈને ચાલવા માંડી. મદનમંજરી પહેલીવાર કામલતાને પોતાના સાતમા માળે રહેલા ખંડમાં લઈ ગઈ.

મદનમંજરીનો ખંડ એકદમ આલિશાન હતો. એ ખંડમાં અવાંતર બીજા ત્રણ ખંડો હતા. એક ખંડ મદનમંજરીનું પોતાનું રહેવાનું સ્થાન હતું. બીજો ખંડ ધંધાનું સ્થાન હતું અને ત્રીજો ખંડ મહેમાનો માટે હતો. બહાર મોટો કક્ષ હતો, જેની અંદર અલગ અલગ કામચેષ્ટાઓને બતાવતા ચિત્રો હતાં અને એક દીવાલ પર રાજ્યોના સંપૂર્ણ નક્શાઓ હતા.

કામલતા અને મદનમંજરી કક્ષમાં રાખવામાં આવેલા મોટા સિંહાસનો પર જઈને બેઠાં.

''બોલ !'' મદનમંજરીએ એક માતાની અદાએ કામલતાનો હાથ પકડ્યો. કામલતાનાં અશ્રુઓ ધડધડ ચાલુ થઈ ગયાં.

''શું થયું તને કામલતા ? કોઈએ કંઈ તને કહ્યું ?''

''ના ! કોઈએ મને કંઈ પણ નથી કહ્યું અને એટલે હું રડું છું....'' આ ઉત્તર સાંભળીને મદનમંજરી અટવાઈ ગઈ.

"તને શું કોઈએ નથી કહ્યું ? અને એ કોઈ એટલે કોણ ?" પોતાના સંશયને દૂર કરવા અને વાતને સમજવા મદનમંજરીએ વિતર્ક કર્યો.

એ પ્રશ્નનો જવાબ આપ્યા વગર પોતાનાં અશ્રુઓને રોકીને એકદમ મક્કમ અવાજમાં કામલતાએ પોતાનો નિર્ણય જાહેર કર્યો. ''આજથી મદનમંજરી ! તું મને વેશ્યા બનવાની તાલીમ આપવાની શરૂ કરી દે. મને તારા ધંધામાં આવવું છે અને....''

કામલતા અટકી ગઈ. જો મદનમંજરીને કામલતાનું વેશ્યાના ધંધા માટે તૈયાર થવા પાછળનું કારણ ખબર પડશે, તો એ શું કરશે એ વિચારથી આગળના શબ્દો બોલવા કામલતાને અયોગ્ય લાગ્યા.

મદનમંજરીને કામલતાનો આ નિર્ણય સાંભળીને એકદમ આશ્ચર્ય થયું.

*'પોતાની દુવિધા મનથી જાણીને જાણે કે પરમાત્મા પોતે એને ઉકેલવા નીચે ઉતરેલા હોય'*, એવું મદનમંજરીને લાગ્યું.

''પણ કેમ કામલતા ?''

''બસ ! એમ જ. આ વિષયમાં હવે મને વધારે પૂછતી નહીં...'' કામલતા ત્યાંથી ઉઠવા માંડી.

મદનમંજરીએ કામલતાનો હાથ પકડી એને પોતાના બાથમાં લઈ લીધી. મદનમંજરીની આંખોમાંથી ગળતાં અશ્રુઓની ભીનાશ કામલતાને પોતાની પીઠ પર

અનુભવાઈ. એનાં નયનોમાં પણ અશ્રુ બાઝયાં અને સાથે મનમાં એક વિનંતિએ આકાર લીધો,

*''મને માફ કરી દેજે* ***કેશવ !''***

* * *

# અનાથ

## પ્રકરણ - ૧

### ક. વ. - 17 વર્ષ
### સવારે 07.56

**રા**તભર સાર્થનાં પ્રયાણની તૈયારીઓ ધમધોકાર ચાલતી રહી. સવારે સાડા નવ વાગ્યાનું શુભ મુહૂર્ત સાર્થના પ્રયાણ માટે નક્કી કરવામાં આવેલું. સાર્થ શિવપુરથી શરૂ કરીને રત્નાચલ પર્વતનાં જંગલો વટાવી સારપુર જવાનો હતો. ત્યાં ૬ મહિનાનું રોકાણ કરી ફરી રત્નાચલ પર્વતના ભયાવહ અને ચોર-લૂંટારાઓથી ભરપૂર વિકટ અટવીને વટાવી વિલાસપુર જવાનો હતો.

સાર્થ જબરો મોટો હતો. શિવપુરના બધા મોટા વેપારીઓ આ સાર્થમાં જોડાવાના હતા અને આ સાર્થની સંપૂર્ણ જવાબદારી ધનદેવ નગરશેઠે પોતાના માથે લીધેલી હતી.

રાજા તરફથી શેઠને સાર્થની સુરક્ષા માટે ૧૫૦૦ સૈનિકો આપવામાં આવ્યા હતા. સાર્થમાં જાતજાતના કરિયાણાઓથી ભરપૂર ૧૫૦૦ ગાડાંઓ લે-વેચ માટે નક્કી કરવામાં આવેલાં અને બીજાં ૨૦૦ ગાડાં એ નગરોમાં ફરવા માટે આવનારા લોકો માટે હતા.

શેઠના કહેવા મુજબ લગભગ ૧૦,૦૦૦ લોકો આ સાર્થમાં સાથે ચાલવાના હતા અને એમની રસોઈ વગેરે માટે આખી અલગ વ્યવસ્થા કરવામાં આવેલી. એના માટેનાં ૨૦૦ ગાડાંઓ અલગ હતાં.

સાર્થનું પ્રયાણ છ મહિના પહેલા નક્કી કરવામાં આવેલું. પણ સારપુરના સેનાપતિ શતહન્તાનાં થયેલાં અચાનક મૃત્યુએ સાર્થના પ્રયાણમાં મુશ્કેલી ઊભી કરી દીધેલી અને એટલે સાર્થનું પ્રયાણ છ મહિના વિલંબિત કરી દેવામાં આવેલું. સાર્થને પોતાની યાત્રા પૂર્ણ કરતાં ૩-૪ વરસ થવાનાં હતાં. પણ ચોક્કસ સમય આપવામાં આવેલો નહોતો.

રસ્તામાં બે મોટાં મોટાં જંગલો પસાર કરવાનાં હતાં, જે પશુ-ચોરોથી વિકટ હતાં અને એટલે જ દરેકને જાતજાતના શસ્ત્રો સાથે લેવાની સૂચના કરી દેવામાં

આવેલી. દિવસે અને રાત્રે ૭૫૦ સૈનિકો ચોકી કરવાના હતા.

ધનદેવ શેઠ પોતે પણ પોતાના વિક્રમોના કારણે અતિ પ્રસિદ્ધ હતા અને એટલે જ બીજા બધા શ્રેષ્ઠીઓએ પણ આ સાર્થમાં જોડાવાનું નક્કી કરેલું. દેશ-વિદેશના પણ ઘણા દિગ્ગજો આ સાર્થમાં પોતાના સરંજામ સાથે સાથે ચાલવાના હતા.

છ મહિનાનો વિલંબ થવાના કારણે હજુ વધારે સંખ્યામાં બાકી રહેલા શ્રેષ્ઠીઓ જોડાયા હતા અને એટલે જાણે કે આખું ચાલતું નગર ન હોય એવી આભા આ સાર્થને જોઈને ઉપસ્થિત થતી હતી.

એક ૧૭ વર્ષનો છોકરો પોતાના ઘોડાને પ્રયાણ માટે તૈયાર કરી રહ્યો હતો. શિવપુરના લોકો પ્યારથી એને 'કલ્યો' બોલાવતા હતા. સાચા નામથી એને કોઈ પણ ઓળખતું નહોતું અને એટલે કલ્યાને પણ પોતાનું સાચું નામ ખબર નહોતું. પાલન-પોષણ કરનાર કોઈ નહીં હોવા છતાં પણ એનો વિકાસ એક રાજાશાહી પુરુષના જેવો થયેલો.

એના શરીરનો બાંધો સુદૃઢ હતો. ભલભલા માણસને પછાડી શકે એવી એની ભુજાઓ હતી. એનું રૂપ કામદેવને પણ ક્ષોભ પમાડી દે એવું હતું. એ જ્યાંથી જતો ત્યાં બધી યુવતીઓની આંખો એને અનુસરતી. ગામમાં એવું કહેવાતું કે "એ જેનો ધવ બનશે, એ દુનિયાની સૌથી સુખી છોકરી હશે."

કલ્યાના પિતા એના માટે એકદમ ઓછી સંપત્તિ મૂકીને નીકળી ગયા હતા. પણ પોતાના કૌશલથી પિતાના ગયા પછી એણે સારું ભાગ્ય બનાવેલું. છેલ્લા એક વર્ષમાં એ પોતાના ગુણોના કારણે રાજાના સંપર્કમાં આવેલો અને પોતાના પિતાએ આપેલા જ્યોતિષાદિના જ્ઞાનથી એ રાજકાર્યમાં સહાયક બનેલો.

રાજાએ ખુશ થઈને કલ્યાને ઘણી સારી-સારી મોંઘી વસ્તુઓ ભેંટમાં આપેલી. કલ્યો જે ઘોડાને અત્યારે તૈયાર કરી રહ્યો હતો એ પણ રાજાની કૃપાથી જ મેળવેલો હતો. રાજાની કૃપાથી કલ્યાનું નામ રાજ્યમાં હવે આદરથી લેવાતું હતું અને એની પુણ્યપ્રતિભા જોઈને લોકો એની સાથે ભાગીદારીમાં ધંધો કરતા હતા.

આ યાત્રામાં સાથે આવવા માટે ધનદેવનો આગ્રહ હોવા છતાં છ મહિના પહેલાં કલ્યાએ ના જ પાડેલી. પણ યાત્રા છ મહિના પછી ચાલુ થવાના સમાચાર મળતા જ કલ્યાએ યાત્રામાં જવાનો નિર્ણય લીધેલો. નિર્ણય લેતી વખતે એણે પોતાના મનમાં પોતાના ઈષ્ટદેવને એક આજીજી કરેલી.

*'જે વસ્તુ મને મેળવવાની છે એ મળી જાય **કેશવ !**'*

* * *

# ગણિકા

## પ્રકરણ - ૨

### ક. વ. - 15 વર્ષ 8 મહિના 1 દિવસ
### રાત્રે 12.33

રતિક્રીડા પૂર્ણ થયા પછી રાજા અને કામલતા હવેલીના છઠ્ઠા માળના ખંડમાં પલંગ ઉપર પડેલાં હતાં. મદનમંજરીએ શીખવેલી કલાઓનો પ્રયોગ કરીને કામલતા રાજાને એકદમ ખુશ કરવામાં સફળ નીવડી હતી. કામલતાના વેશ્યાના ધંધાની શરૂઆત આજે સારી રીતે થઈ હતી.

જિતારી રાજા પલંગ ઉપરથી ઉઠ્યો. મદનમંજરીએ શીખવેલા તરીકાથી કામલતાએ એને એના મુકુટાદિ પહેરાવ્યા. જિતારી કામલતા તરફ જ સતત વેધક દૃષ્ટિએ જોઈ રહ્યો હતો.

‘‘તેં આ બધું કોણી પાસે શીખ્યું ?’ અચાનક રાજાએ પ્રશ્ન કર્યો.

કામલતાએ હલકું સ્મિત કર્યું. રાજા એની સામે પ્રશ્નસૂચક નજરોથી ઊભો જ રહ્યો.

‘‘મદનમંજરી પાસે...’’ હસતાં હસતાં કામલતાએ પોતાના રૂપને હજી ઉત્તેજક કરતાં કહ્યું. રાજાએ પોતાના ગળામાં રહેલા હારને ઉતારી કામલતાના ગળામાં પહેરાવી દીધો. કામલતાએ આંખો નીચી કરતાં એની ચેષ્ટાનું સમર્થન કર્યું.

દરવાજા સુધી પહોંચીને રાજાએ ફરીથી કામલતા તરફ જોઈને કહ્યું, ‘‘કાલે આ જ સમયે ફરીથી તૈયાર રહેજે. જ્યાં સુધી તું અહીંયા છે, ત્યાં સુધી હું તને છોડી શકીશ એવું મને લાગતું નથી.’’

રાજા છેલ્લીવાર ઉત્તેજનાથી કામલતાને જોઈને ત્યાંથી નીકળી ગયો.

થોડી ક્ષણો પછી કોઈકે દરવાજા ઉપર ખટખટાવ્યું અને અંદર આવવા માટેની રજા માગી.

કામલતાએ ‘હા’ પાડી. મદનમંજરીને જોઈને કામલતા એકદમ ખુશ થઈ ગઈ.

‘‘વાહ ! વાહ ! તેં તારી પહેલી રાત્રે શું જાદુ કર્યો છે. રાજા તારી પાછળ

પાગલ થઈ ગયો છે. એ એક સાથે મહિનાની ૨૫ લાખ સોનામહોરો પહેલાથી આપીને ગયો છે અને એણે કંઈક હારની વાત કરી હતી.'' મદનમંજરીએ કામલતાના ગળામાં લટકેલો હાર જોયો. મદનમંજરીએ હારને સ્પર્શ કર્યો. એની આંખોમાં અશ્રુ આવ્યાં.

''તેં પોતાનો ભોગ આપીને, પોતાની ઈજ્જત છોડીને આ વેશ્યાલય માટે જે કાર્ય કર્યું છે એ હું ક્યારેય ભૂલી નહી શકું.'' કહીને તે કામલતાને ભેટી પડી.

કામલતાને પણ પોતે માંડેલા આ ધંધાનુ દુઃખ હતું, પણ એ પરવશ હતી. પોતાને બચાવનાર વ્યક્તિઓને પોતાની આંખો સામે ડૂબી જતાં જોઈ શકવા માટે એ હવે સમર્થ નહોતી.

મદનમંજરીએ કામલતાને પોતાની છાતીથી જુદી કરી અને એને પ્રશ્ન કર્યો.

''રાજાજીએ વધારે ત્રાસ નથી આપ્યોને ? મેં એમને પહેલાથી જ કહી દીધેલું કે આ નવી છે. એટલે એની સાથે સારી રીતે વર્તજો.''

કામલતાએ ત્રાસ નથી આપ્યો એ સૂચવવા માટે પોતાનું માથું હલાવ્યું. મદનમંજરીને કોઈએ બહારથી બોલાવી અને એ દરવાજા તરફ ગઈ.

''મદનમંજરી !'' કામલતાની અવાજથી મદનમંજરી થંભી ગઈ અને એણે કામલતા તરફ જોયું.

''બીજા ઘરાકો જો મારા માટે ઊભા હોય, તો એમને ઉપર મોકલી આપજે. જ્યાં સુધી મારી શક્તિ રહેશે ત્યાં સુધી આ ધંધો હું ચાલુ રાખીશ...'' કામલતા નીચું જોઈ ગઈ.

''આજે પહેલી રાત જ છે. થોડો આરામ જરૂરી....'' બોલતી મદનમંજરીને વચ્ચે જ કાપીને કામલતા બોલી, ''ના, જ્યારે ચાલુ કર્યુ જ છે, તો એને સારી રીતે પાર કરવું એ મારું કર્તવ્ય છે. એટલે તું મોકલ્યા જ કર.''

બે ક્ષણ સુધી મદનમંજરી કામલતાને જોતી જ ઊભી રહી. કામલતાના મુખ ઉપરનો અફર નિર્ણય જોઈને એ ખંડમાંથી નીકળી ગઈ.

૧૦ મિનિટ પછી સારંગપુરના શેઠ આવ્યા. કામલતાએ અડધા કલાક સુધી એનું મનોરંજન કર્યું. પછી ભાગલપુરનો પુરોહિત.... પછી શિવપુરનો મંત્રી, પછી વિલાસપુરનો ધનવાન શેઠ ઈક્ષ્વાકુ.... પાંચ જણને એક રાત્રીમાં સુખ આપ્યા પછી કામલતાનું સંપૂર્ણ શરીર નીચોવાઈ ગયું.

મદનમંજરીએ આવીને આવશ્યક દવાઓ આપીને કામલતાને સુવડાવી દીધી. ઊંઘતી વખતે બધાને પોતાની કળામાં આંધળી કરનાર કામલતાને પોતાનું ભાવિ અંધકારમય જ લાગ્યું. આ ધંધો કયાં, ક્યારે અટકશે ? એ વાતનો કામલતાને અંત દેખાયો નહીં.

એને પોતાના જીવનને જીવવાનો એક જ ધ્યેય દેખાયું - **કેશવ** !

* * *

# અનાથ

## પ્રકરણ - ૨

### ક. વ. - 17 વર્ષ 1 મહિના
### સવારે 06.12

રથો અને ગાડાઓના પૈંડાઓથી ઉડતી ધૂળની ડમરીઓથી આખું જંગલ વ્યાપ્ત થઈ ગયું હતું. સાર્થના પ્રયાણને એક મહિનો પૂર્ણ થવા આવ્યો હતો. અત્યાર સુધીની, રત્નાચલ પર્વતના જંગલોમાંથી યાત્રા સારી રીતે થઈ હતી. એક વખતની આંધી સિવાય બીજો કોઈ પણ પ્રાકૃતિક કે માનવીય વિપ્લવનો સામનો સાર્થે કરવો પડ્યો ન્હોતો.

સાર્થના પ્રયાણના સમયે ૩ બકરાઓની બલિ ચઢાવવામાં આવી હતી અને મોટો હોમ કરવામાં આવેલો હતો. કોયલે વૃક્ષ પર બેસી મીઠો ટહુકાર કરેલો અને એ શુભ નિમિત્તને લઈને સંઘે પ્રયાણ આદરેલો. કલ્યો સાર્થની આગળના ભાગમાં ધનશ્રેષ્ઠ નામના એક ચતુર વ્યાપારીની સાથે ચાલી રહ્યો હતો.

ધનશ્રેષ્ઠ લાંબી મુસાફરી વખતે વ્યાપાર કરવાની અલગ અલગ નીતિઓ કલ્યાને શીખવાડતો. ધનશ્રેષ્ઠ ભાગલપુરનો અતિપ્રસિદ્ધ કાપડનો વ્યાપારી કહેવાતો હતો. સાર્થમાં અનેકવાર અલગ અલગ શ્રેષ્ઠીઓ ધનશ્રેષ્ઠ પાસે પોતાની ધંધાકીય સમસ્યાઓનાં સમાધાન માટે આવતા અને એ સારી રીતે એમને સમાધાન સાથે પાછો વાળતો.

એક મહિનામાં ધનશ્રેષ્ઠ પાસેથી કલ્યાને ઘણું બધું શીખવા મળેલું અને એટલે કલ્યો ધનશ્રેષ્ઠની સંગતિમાં આનંદનો અનુભવ કરતો હતો.

‘‘ધનશ્રેષ્ઠ શેઠ ! આપે કેટલાં નગરો જોયાં છે ?’’ કલ્યાએ એકવાર ઘોડા ઉપર બેઠેલા ધનશ્રેષ્ઠને પૂછેલું.

‘‘એનો તો કોઈ માપ નથી કલ્યા !’’ કલ્યા સામે જોઈને ધનશ્રેષ્ઠે ઉત્તર વાળેલો.

‘‘આ બધા નગરોમાંથી તમને સૌથી સારું નગર કયું લાગેલું ?’’ કલ્યાને

દિમાગમાં અલગ અલગ નગરોની કિંવદન્તિઓ સ્ફૂરવા લાગેલી.

"વિલાસપુર.... શું એ નગરીનું સૌંદર્ય!.. શું એ નગરીની બનાવટ... શું એ નગરીનું સ્થાપત્ય... શું એ નગરીનું વેશ્યાલય..." જાણે કે અતીતની યાદ તાજી થઈ ગઈ હોય એવું દશ્ય ધનશ્રેષ્ઠના મોઢા પર હતું.

"ત્યાં જ આપણો અંતિમ પડાવ છે ને ?"

ધનશ્રેષ્ઠે પોતાનું માથું ખુશ થઈને સકારાત્મક્તામાં ધૂણાવેલું. પછી ધનશ્રેષ્ઠે આખો દિવસ એ નગરીના જ વખાણ ગાયાં હતાં. ધનશ્રેષ્ઠનાં વખાણ સાંભળીને વિલાસપુર જવાની કલ્યાની ઈચ્છા તીવ્ર થઈ ગઈ હતી. સાથે એને પોતાનું લક્ષ્ય પણ બરાબર યાદ જ હતું.

આજે પણ કલ્યો અને ધનશ્રેષ્ઠ રાજ્યોના રાજતંત્રની ચર્ચામાં મશગુલ હતા. આગળ થતા કોલાહલે બન્નેની ચર્ચામાં ખલેલ પાડી.

બન્નેએ આગળ શું ચાલી રહ્યું છે એ જોવા માટે પોતાના ઘોડાઓને એડી લગાવીને દોડાવ્યા. થોડા જ આગળ જતા બન્નેએ જોયું કે એક શેઠનું શરીર લીલું પડી રહ્યું હતું.

ધનશ્રેષ્ઠ જલદીથી નીચે ઉતર્યો અને એણે શેઠની નાડી તપાસી. ધબકારા ધીમે ધીમે ધીમા પડી રહ્યા હતા. કોઈક ઝેરીલા પ્રાણીએ ડંખ મારેલો હતો અને વિષ પગથી ઉપર જઈ રહ્યું હતું. શેઠ પોતે બેહોશ થઈ ગયા હતા. વૈદ્યની વ્યવસ્થા સાર્થમાં હતી, પણ એ હજુ બહુ પાછળ હતો અને અત્યારે જો કોઈ પ્રતિક્રિયા કરવામાં ન આવે તો શેઠનું મૃત્યુ નિશ્ચિત હતું.

ધનશ્રેષ્ઠે પોતાની તીક્ષ્ણ કટારી કેડેથી કાઢી અને શેઠના પગમાં વિષના ઉદ્ભવસ્થાનની ચામડી કાઢી નાખી. લીલુંછમ વિષ એમાંથી બહાર નીકળવા માંડ્યું. કલ્યાએ પોતાની સાથે લાવેલા ડંખ માટેના મલમને શેઠના પગ ઉપર લગાડી ઘાને પાંદડાઓથી ઢાંકી દીધો.

પછી કલ્યાએ મહાવૈદ્યને બોલાવવા માટે શેઠને ધનશ્રેષ્ઠના સહારાથી ગાડા ઉપર સૂવડાવી પોતાના ઘોડાને દોડાવી મૂક્યો.

* * *

**ક. વ. - 17 વર્ષ 6 મહિના**

**સવારે 08.46**

જોરદાર સ્વાગત સાથે સારપુરમાં સાર્થનો પ્રવેશ થયો. સારપુરનો નવો રાજા શત્રુમર્દનનો પુત્ર યશવર્ધન પોતે સાર્થનું સ્વાગત કરવા આવ્યો. ધનદેવને જોતાં જ યશવર્ધન એને ભેટી પડ્યો. રાજ્ય માટેની હોડમાં યશવર્ધનને જીતાડવામાં

ધનદેવની અહમ ભૂમિકા હતી. પોતાના પિતાનાં મૃત્યુ પછી યશવર્ધન ધનદેવને પોતાના પિતાના સ્થાને માનતો હતો.

સાર્થનું રહેઠાણ રાજબગીચામાં નક્કી કરવામાં આવેલું હતું. સારપુરમાં સાર્થનો છ મહિનાનો પડાવ હતો. ધનશ્રેષ્ઠ, કલ્યો અને ધનદ એક જ તંબુમાં રોકાયા. છ મહિનાઓમાં એ ત્રણેની મિત્રતા એવી થઈ ગયેલી કે તેઓને એક બીજા વગર ચેન પણ નહોતું પડતું.

રાજા તરફથી સવારનું રાજાશાહી ભોજન પૂર્ણ કરીને ત્રણેય સૂઈ ગયા. છ મહિનાનો થાક હોવાના લીધે સાંજે જ ઉઠ્યા. પછી ગરમપાણીથી સ્નાન કરીને નગરને જોવા નીકળ્યા. અલગ-અલગ બજારોમાં અલગ-અલગ આશ્ચર્યકારી વસ્તુઓ કલ્યાને જોવા મળી.

"અમારા વિલાસપુરમાંય આ વસ્તુ નથી." એક વસ્તુને દેખાડતા ધનદે કલ્યાને કહ્યું. વિલાસપુરની ઘણી કથાઓ જંગલને પસાર કરતી વખતે ધનદે કલ્યાને સંભળાવેલી. ધનદની વાતો સાંભળીને કલ્યાને વિલાસપુર તરફનું આકર્ષણ વધતું જ જઈ રહ્યું હતું.

પછી ત્રણેય મિત્રો સારપુરના પ્રસિદ્ધ બગીચામાં ફરવા ગયા. એવું કહેવાતું કે 'દુનિયાનાં તમામ ફૂલો આ બગીચામાં હતાં.' દૂર-દૂરથી લોકો આ બગીચામાં ફરવા આવતા.

નાના-નાના ભૂલકાંઓને એમના માતા-પિતા રમાડી રહ્યાં હતાં. આ દૃશ્ય જોઈને કલ્યાનું મન ભરાઈ આવ્યું. એને નાનપણથી માતા નામની વ્યક્તિ પ્રાપ્ત નહોતી થઈ. કલ્યાના પિતાના કહેવા મુજબ એની માતા એને જન્મ આપતાં જ મરી ગઈ હતી. અઢી વરસ પહેલાં એના પિતા પણ એક રાત્રે વગર કહે ચાલ્યા ગયા હતા.

કલ્યો જ્યારે સવારે ઉઠેલો ત્યારે આજુબાજુમાં કોઈ નહીં દેખાતાં એ ગભરાઈ ગયો હતો. એ પોતાના પિતાને બૂમ પાડતાં પાડતાં આખા ઘરમાં બે વાર ફરી વળ્યો હતો. તો પણ એને પિતા દેખાયા નહોતા.

ત્રીજી વાર તપાસ કરતાં એક નાનો કાગળ એક ફૂલદાનીની નીચે કલ્યાને પ્રાપ્ત થયો હતો. ધ્રૂજતા હાથે કલ્યાએ કાગળ ખોલેલો. એમાં એના પિતાજીએ લખેલું.

***'હે મારા પ્રિય કલ્યા !***

***હું આ રીતે તને મૂકી જવા માટે માફી ચાહું છું. મને ભરોસો છે કે મારાં લક્ષ્યને સમજી તું મને માફી આપશે.***

***જે દિવસથી તારી માતાનું મૃત્યુ થયું, એ દિવસથી હું આજ દિવસ સુધી રાત્રે સૂઈ શક્યો નથી. દુનિયામાં બે વસ્તુ મને બહુ પ્રિય હતી. એક-તારી માતા અને એક-તું. માતાના ગયા પછી તું જ મારો જીવનસહારો હતો.***

***કાલે તું પંદર વરસનો થયો. ફક્ત મોટો જ નથી થયો, પણ તારા ગુણોનો વિકાસ અને તારી સમજનો વિકાસ પણ બહુ સારી રીતે ભગવાનની કૃપાથી થયો. તું બધાં કાર્યો માટે સમર્થ છે.***

***હું તને ઘણું બધું આપી શકું એમ નથી, પણ મેં આટલાં વર્ષોમાં જેટલી મૂડી ભેગી કરી છે એ હું તને આપવા ચાહું છું. ભગવાનના મંદિરના જમણા ગોખલામાં એક લાલ રંગની પોટલી મેં મૂકી છે. એ તું લઈ લેજે.***

***તને સંસ્કાર આપવા માટે મેં ઘણી મહેનત કરી છે અને તેં ગ્રહણ પણ કર્યા છે, તો પણ જતી વખતે એવું લાગે છે કે મેં તને કંઈ પણ આપ્યું નથી. એનો વસવસો મને ગયા પછી પણ રહેશે.***

***પણ, તારું ભાગ્ય બળવાન છે, તારું પુણ્ય પ્રબળ છે.***

***તું ખૂબ આગળ વધ એવા અંતરના આશીર્વાદ આપું છું. તું કુલનો તિલક બન એવા આશીર્વાદ અર્પું છું. ફરી એકવાર ક્ષમા માગું છું. મને માફ કરશે ને ?***

***રડતી આંખે,***
***તારા પિતાજી'.***

પત્ર વાંચીને કલ્યો ધ્રુસકે ધ્રુસકે રડેલો. પંદર દિવસ સુધી એ ઘરની બહાર નહોતો નીકળ્યો. મનોમંથન કર્યા પછી એણે પોતાનો માર્ગ નક્કી કરી લીધેલો.

એના પિતાજી એના માટે ૧૫૦૦ સોનામહોર મૂકી ગયેલા. સાથે કલ્યા પાસે બુદ્ધિ તો હતી જ. એણે એના પછી સારો વ્યાપાર કરેલો અને ધીમે ધીમે પ્રસિદ્ધિ પામતો રાજાના દરબારમાં એણે સ્થાન મેળવેલું.

એની પ્રતિભા જોઈને રાજા પણ ઓવારી ગયો હતો અને પછી તો કમી શેની હતી ?

પણ, પિતાજીના પ્રયાણના બીજા દિવસથી જ માતા-પિતાની ખોટ કોઈ પણ પૂરી શક્યું નહોતું અને આજે બાળકોને રમાડતાં માતા-પિતાને જોઈને એનું મન ભરાઈ ગયું.

ધનશ્રેષ્ઠને ખબર પડી ગઈ. *'કલ્યાને કંઈક સાલે છે !'*

ત્રણેય આગળ વધતા ગયા, પણ કલ્યો મૌન થઈ ગયો. એ અતીતના વિચારોમાં ખોવાયેલો લાગ્યો.

''કલ્યા !'' કલ્યાએ ધનશ્રેષ્ઠ સામે જોયું. એની આંખોમાં અશ્રુના બે ટીપાં બાઝેલાં હતાં.

''કલ્યા ! શું થયું ?''

કલ્યાએ પોતાના મનની સંપૂર્ણ વાત ધનશ્રેષ્ઠને કહી દીધી. ધનશ્રેષ્ઠે એને આશ્વાસન આપ્યું અને ઉમેર્યું કે ''તારા જેવા ભડવીર પર આ અશ્રુ સારાં લાગતાં

નથી. આજથી હું જ તારો પિતા...''

તેઓ બગીચામાંથી બહાર નીકળ્યા. ધનશ્રેષ્ઠે કલ્યાના મનના દુઃખને હળવું કરવાના ઉપાયો વિચાર્યા અને એને એક વિચાર સૂઝયો. એ કલ્યા અને ધનદને નગરના છેવાડે લઈ ગયો. ત્યાં એક આલિશાન મહેલ હતો.

ત્રણેય મહેલમાં પ્રવેશ્યા. અંદર મધુર સંગીત ચાલી રહ્યું હતું. બધા લોકો પોતપોતાના મિત્રો સાથે એક એક ટેબલને ઘેરીને બેઠા હતા. સાર્થના પરિચિતો પણ દેખાયા. બધાને ત્રણેયે હાથ ઊંચા કરીને સન્માન આપ્યું. ત્રણેય એક ટેબલ પર જઈને બેઠા. એક આછા કપડા પહેરેલી સ્ત્રી ત્રણેય માટે દારૂ લઈ આવી.

ધનશ્રેષ્ઠે એક પ્યાલીને ઉપાડીને કલ્યાને કહ્યું ''આ એવું ઔષધ છે કે જે બધા દુઃખોને ભૂલાવી દે છે.''

ધનશ્રેષ્ઠ એક જ વારમાં બધુ પી ગયો. કલ્યાએ પણ એનું અનુકરણ કર્યું. કલ્યાનું મગજ ગોળગોળ ભમવા માંડ્યું. દુઃખો ભૂલાઈ ગયાં. એક અનેરી શાંતિ એના મગજમાં છવાઈ ગઈ.

''આ કઈ જગ્યા છે ?'' દેશી દારૂની ચૂસકી લેતાં કલ્યાએ પૂછ્યું.

''આ સારપુરનો સૌથી પ્રસિદ્ધ રતીપ્રિયા નામની ગણિકાનો મહેલ છે.'' કલ્યાના મોઢામાં રહેલો દારૂ બહાર આવી ગયો.

કલ્યો ક્યારેય પણ વેશ્યાલયમાં ગયો નહોતો. નાનપણથી એને એ જ શીખવવામાં આવ્યું હતું કે આ બધી પ્રવૃત્તિઓ નકામી છે.

એની પરિસ્થિતિ જોઈને ધનશ્રેષ્ઠ અને ધનદ હસવા માંડ્યા.

''હજી તો આ શરૂઆત જ થઈ છે. તારે ઘણું બધું જોવાનું બાકી છે.'' કલ્યાને ધનશ્રેષ્ઠનું કહેલું કંઈ પણ સમજાયું નહીં. ધનશ્રેષ્ઠ-ધનદ કલ્યાનો હાથ પકડી એને મહેલના ઉપરના માળ પર લઈ ગયા.

ત્યાં એક નર્તકીનો નાચ ચાલી રહ્યો હતો. એ ત્રણેય જઈને ત્યાં બેઠા. નર્તકીનું રૂપ અતિ મનમોહક હતું. કલ્યાના મનમાં એ નર્તકી છવાઈ ગઈ. નૃત્ય પૂર્ણ થયા પછી કલ્યાને નર્તકીને પુરુષસહજ ભાવથી મળવાની ઈચ્છા થઈ. એ નર્તકીને જોવા ગયો. ધનશ્રેષ્ઠ અને ધનદ કલ્યાની આ ચેષ્ટાઓ જોઈને મનમાં ને મનમાં હસતા રહ્યા.

નર્તકીની દૃષ્ટિ પોતાને જોતા કલ્યા પર પડી. કલ્યાનું રૂપ જોઈને નર્તકી પણ ઓવારી ગઈ. નર્તકીએ કલ્યાનો હાથ પકડ્યો. અને એને બાજુમાં રહેલા ખંડમાં આવવાનો ઈશારો કર્યો.

''તારું નામ શું છે ?'' કલ્યાએ નર્તકીની પાછળ જતાં જતાં પૂછ્યું.

નર્તકીએ ખંડનું દ્વાર ખોલ્યું. ''મદનકદલી...'' મનમોહક હાસ્ય નર્તકીએ

રેલાવ્યું.

ખંડની અંદર બેઉ પ્રવેશ્યા. દ્વાર બંધ થયું. દીવાઓ ઓલવાઈ ગયા.

ધનશ્રેષ્ઠ અને ધનદની આંખો આ દૃશ્ય જોઈને આર્દ્ર થઈ ગઈ. પોતાના મિત્રને ૧૭ વર્ષથી સાલતા સ્ત્રીના અભાવના દુઃખને ઓછું કરવામાં એમને સાચી મિત્રતા અનુભવાઈ.

* * *

## ક. વ. - 18 વર્ષ
## સવારે 05.40

કલ્યો આજે બહુ ગમગીન હતો. સાર્થનું પ્રયાણ સારપુર નગરથી આજે સાંજે નક્કી થયું હતું. સારપુર નગરમાં સાર્થને રોકાવવાની ૬ મહિનાની અવધિ આજે પૂર્ણ થઈ હતી.

રાજા યશવર્ધને ધનદેવને રાજસભા સમક્ષ હજી રોકાવવાની ખુબ વિનવણી કરેલી. પણ ધનદેવે રાજાને પ્રેમપૂર્વક 'ના' પાડી દીધેલી. સાર્થનો અંતિમ પડાવ વિલાસપુરમાં હતો અને હજી વિલંબ થાય એ સાર્થને પાલવે એવું નહોતું.

છેલ્લાં છ મહિનામાં કલ્યાને સારપુર સાથે ખૂબ લગાવ થઈ ગયો હતો. અહીંના બગીચાઓ, વાવડીઓ, સ્ત્રીઓએ કલ્યાનું મન મોહી લીધું હતું. મદનકદલી અને કલ્યાની અભેદતા સંપૂર્ણ રાજ્યમાં પ્રસિદ્ધ થઈ ગઈ હતી.

કલ્યાએ પોતાની બુદ્ધિ અને પુણ્યના જોરે લખલૂટ સંપત્તિ ભેગી કરી દીધેલી. એ જે ધંધામાં હાથ નાંખતો હતો, એ કલ્યાને ચિંતામણિ રત્ન જેવો સાબિત થતો હતો.

અહીંથી નીકળવાની કલ્યાની લેશમાત્ર પણ ઈચ્છા નહોતી. એકવાર તો અહીં જ વસી જવાની ઈચ્છાથી કલ્યાએ એક આલિશાન મહેલ પણ ખરીદી લીધેલો હતો. વ્યાપાર સિવાયના સમયમાં મદનકદલી અને કલ્યો ત્યાં જ જીવનનાં સુખોનો ભોગવટો કરતા.

કાલે છેલ્લીવાર જ્યારે કલ્યો મદનકદલી સાથે બગીચામાં ફરવા ગયેલો, ત્યારે મદનકદલી રડી પડેલી. કલ્યો એકદમ મૌન રહેલો. મદનકદલીના વિરહને એ જીરવી શકવા સમર્થ નહોતો. કલ્યાનું મગજ શૂન્ય થઈ ગયેલું. એક બાજુ વિરહ હતો અને બીજી બાજુ પોતાનું દૃઢ લક્ષ્ય હતું.

બધી સફળતાઓની વચ્ચે પણ પોતાના લક્ષ્યને પાસે લાવી શકે એવા એક પણ ચિહ્નને મેળવવામાં એ નિષ્ફળ ગયેલો. દૂર-સુદૂર શોધ એણે કરાવી હતી. રત્નાચલ પર્વતના જંગલોમાં પણ તપાસ કરાવવાનું એ ભૂલ્યો નહોતો. પણ પરિણામ એક જ આવેલું,

શૂન્ય !

પણ, કલ્યાએ હિંમત હારી નહોતી. એ પોતાની ખોવાયેલી વસ્તુને શોધવા માટે કોઈ પણ સ્તરે જવા માટે તૈયાર હતો. અને એટલે જ બધી રીતે મનને ગમી જાય એવા સારપુરને છોડવાનો અફર નિર્ણય કલ્યાએ કરી લીધો હતો.

કલ્યાએ પોતાનાં લક્ષ્યના વિષયમાં મદનકદલીને સમજાવેલી. પછી માંડ માંડ એ શાંત પડેલી. મદનકદલીને કલ્યાએ વાદો કરેલો કે 'હું વળતી વખતે તને શિવપુર સાથે લઈ જવા માટે અવશ્ય આવીશ.'

પછી બન્ને એ જ બગીચામાં છેલ્લીવાર સુખોમાં લયલીન બની ગયેલા.

કલ્યાને એ બધી ક્ષણો અત્યારે યાદ આવી રહી હતી.

''ભઈલા ! બધી તૈયારીઓ થઈ ગઈ ? આવી રીતે દીવેલ ચઢાવેલા મોઢે કેમ બેઠેલો છે ?'' ધનદે કલ્યાના ખંડમાં પ્રવેશ કર્યો. ધનદ દુઃખના કારણને જાણતો હતો, તો પણ *'બોલવાથી દુઃખ હલકું થાય.'* એ કહેવત સાંભળેલી હોવાના કારણે ધનદને આ સૂઝયું.

કલ્યાએ કોઈ પ્રત્યુત્તર આપ્યો નહીં. ધનદ એના બાજુમાં જઈને બેઠો.

''ઘણીવાર જીવનમાં સારું પામવા માટે, થોડું ઓછું સારુ ખોવું પડે મારા દોસ્ત!'' કલ્યાની દૃષ્ટિ જમીન પર જ હતી.

''જીવનમાં એવા ઘણા અવસરો આવે જ્યારે આપણને બધું જતું દેખાય. પણ એ જવું એ નવા, સુદૃઢ, સારા આગમન માટે હોય છે એ વાત ભૂલવી નહીં.'' વર્ષોના અનુભવનો નિચોડ કાઢતાં ધનદે કહ્યું.

કલ્યાએ ધનદ સામે જોયું. કલ્યાની આખો સજલ દેખાઈ રહી હતી.

''તારી ઉંમર બહુ નાની છે. તારા આગળ અમાપ ભવિષ્ય છે. કોઈક વસ્તુના વ્યયમાં એ વસ્તુ ઉપર રડવાથી, આગળ આવતી સારી વસ્તુને માણસ જોઈ શકતો નથી.'' પિતાના અભાવનું ડંખ ધનદ જેવા મિત્રને પામીને, એના વચનો સાંભળીને દૂર થઈ ગયું.

ધનદ ઊભો થયો. કલ્યાના ખભે હાથ મૂકીને એણે કહ્યું, ''ખૂબ આગળ વધ... મારા જેવા ગરીબડાને કોઈક વખતે યાદ કરજે... મારી શક્તિ પ્રમાણે હું તને જરૂર મદદ કરીશ. મારા ઉપર તારો ઉપકાર બહુ છે.''

વિરહના આંસુ થંભી ગયાં. ધનદે આપેલાં વાત્સલ્યથી કલ્યાનું હૃદય ભરાઈ આવ્યું. કલ્યાએ ઊભા થઈને ધનદને બાથમાં લઈ લીધો.

કેટલીય ક્ષણો સુધી કલ્યો પોતાને મળેલ નિર્દોષ પ્રેમથી ભીંજાયેલો એમ ને એમ જ રહ્યો. આખરે ધનદે કલ્યાને છૂટો કરીને એને તૈયારીમાં મદદ કરી.

સાંજે પાંચ વાગ્યે સાર્થનું મોટા આડંબર સાથે પ્રયાણ થયું. પ્રયાણ કરતાં પહેલાં ભગવાનને કલ્યાએ અંતરમનથી આજીજી કરેલી,

*'અમારા સહુના માર્ગને નિષ્કંટક કરજે **કેશવ** !'*

* * *

# ગણિકા

## પ્રકરણ - 3

### ક. વ. - 18 વર્ષ 2 મહિના

### રાત્રે 10.35

***'રજા મેળવીને આ ધંધાને હું બંધ કરી દઈશ....'*** છેલ્લી લીટી લખીને કામલતાએ પોતાનુ પુસ્તક બંધ કર્યું. સૂરજને ઢળ્યાને દોઢ પ્રહર વીતી ગયો હતો. કામલતા સોળ શણગાર સજીને રાજાની વાટ જોતી પલંગ પર બેસી ગઈ.

આજે કામલતાના હ્દયમાં આનંદ માતો નહોતો.

રાજા છેલ્લાં અઢી વરસથી દરરોજ કામલતા પાસે આવી રહ્યો હતો. બે દિવસ પહેલાં ખુશ થઈને રાજાએ કામલતાને પૂછેલું, ''તું માગ તારે શું જોઈએ છે ?''

પહેલાં તો કામલતા કંઈ પણ કહેવા માટે સમર્થ થઈ નહોતી. પણ ઘણો આગ્રહ કર્યા પછી રડતી આંખે કામલતાએ કહેલું, ''મને મુક્તિ જોઈએ છે.''

''શેનાથી ?'' કામલતા સામે રાજાની દૃષ્ટિ આશ્ચર્ય સાથે જડાઈ ગયેલી.

''આ ધંધાથી...'' રાજા ઉપર વજ્રઘાત થયેલો.

એક દિવસ પણ કામલતાના સંગ વગર વીતાવવો રાજા માટે અશક્ય થઈ ગયેલું.

રાજા ત્યારે ને ત્યારે પલંગ પરથી નીચે ઉતરી ગયેલો. કામલતા બહુ ડરી ગયેલી. ક્ષણ-બે ક્ષણ ખંડમાં ફરીને પલંગ પર બેસી કામલતાનો હાથ પકડી રાજાએ એની આંખોમાં જોઈને એક વિનંતી કરેલી.

''તું પણ જાણે છે કે હું તારા વગર એક દિવસ પણ જીવી શકતો નથી. તું જો આ ધંધો બંધ કરી દેશે તો હું ક્યાં જઈશ ? એટલે હું તારી પાસે ફક્ત એક યાચના કરું છું....'' રાજાએ પોતાના ખિસ્સામાંથી એક ડબ્બી કાઢેલી.

કામલતાને હાથમાં આપતા કહેલું, ''તું આ લઈ લે.''

''આ શું છે ?'' રાજાને કામલતાએ આશ્ચર્ય સાથે પૂછેલું.

''મારા ઘરમાં રહેવાનું હંમેશા માટેનું આમંત્રણ....'' કામલતા કઈ બોલી શકી નહોતી.

એને પોતાનો ભૂતકાળ-મહારાણી તરીકેની અવસ્થા, બધું ફરીથી યાદ આવી ગયું હતું.

રાજાએ એના હાવભાવ જોઈને કહ્યું હતું, ''બે દિવસ હું તને આપું છું. તું નિર્ણય કરી લેજે....''

રાજાના ગયા પછી કામલતાએ મદનમંજરીને રાજા સાથેનો સંપૂર્ણ વાર્તાલાપ કહેલો. મદનમંજરીનાં મોઢાં પર ખેદ અને ખુશી બન્ને ભાવો એક સાથે ઉપસ્થિત થયા હતા. વેશ્યાલયનું સંપૂર્ણ દેવું ચૂકવાઈ ગયું હતું અને અત્યારે ઘણો સારો નફો થઈ રહ્યો હતો. આ બધાનું કોઈ કારણ હોય તો તે હતું કામલતા.

વિલાસપુરની આખી પ્રજા કામલતા પાછળ ગાંડી હતી. કામલતા અને જિતારીની વાતો ચોરે ચૌટે ચર્ચાતી. મદનમંજરીને આ બધી વાતોનો અંદાજો હતો અને એટલે જ દીકરી જેવી કામલતાને પોતાનાથી દૂર કરવી મદનમંજરી માટે અઘરું હતું.

બીજી બાજુ આ ધંધાની વિષમતાનો મદનમંજરીને ખ્યાલ હતો અને એટલે પોતાની દીકરી જેવી કામલતાને રાજપત્ની બનતાં જોઈને એને હર્ષ પણ ખૂબ હતો.

પોતાનાં મનને દૃઢ કરીને કામલતા અને મદનમંજરી બન્નેએ રાજાનો પ્રસ્તાવ સ્વીકારવાનો નિશ્ચય કરી લીધો હતો. જોતજોતામાં બે દિવસ વીતી ગયા હતા.

રાજાની રાહ જોતી કામલતા રાજાને ખુશીના સમાચાર આપવા માટે તત્પર હતી.

ખંડનો દરવાજો ખૂલ્યો. શરમના લીધે કામલતાએ અંદર કોણ પ્રવેશ્યું એ જોયું નહીં.

''કામલતા...'' પાછળના સતત વાગતા રાજઘંટના અવાજમાં એક ઊંડો અવાજ ભળ્યો.

કામલતાએ ઉપર જોયું. લાવણ્યા એકદમ ભયભીત અવસ્થામાં સામે ઊભી હતી. કામલતા તરત જ ઊભી થઈને લાવણ્યા પાસે ગઈ.

''શું થયું ?''

''મદનમંજરી તને નીચે ભોંયરામાં બોલાવે છે ?''

''પણ....''

''રાજા આવવાના નથી. રાજમહેલથી ના આવી છે.''

''કેમ ? કેમ ? શું થયું ?''

''એ બધું મને ખબર નથી. મદનમંજરી તને બોલાવે છે.''

લાવણ્યા બીજો એક પણ શબ્દ બોલ્યા વગર નીકળી ગઈ. પહેલેથી કામલતાને લાવણ્યાનો આવો નીરસ સ્વભાવ ગમ્યો નહોતો અને આજે એને

લાવણ્યાના વર્તનથી વધારે ગુસ્સો આવ્યો.

એ પોતાનાં સાદાં કપડાં પહેરી ભોંયરા તરફ જવા માંડી. ભોંયરાનો દરવાજો એણે ખોલ્યો. મદનમંજરી સામે ઊભી હતી. મદનમંજરીએ કામલતાને ભોંયરામાં લીધા પછી દરવાજો દૃઢતા સાથે બંધ કર્યો. મદનમંજરીને ખબર નહોતી કે કામલતા અહીં પહેલાં આવેલી છે, એટલે એ કામલતાને લેવા આવી હતી. નીચે ઉતરતા દરરોજ પ્રમાણેનો હૂંફનો એક શબ્દ પણ મદનમંજરીએ ઉચ્ચાર્યો નહીં.

*'કોઈ અઘટ ઘટના ઘટી છે,'* એવો અણસાર કામલતાને આવવા માંડ્યો. કામલતાએ પણ નીચે જતાં કંઈ પૂછ્યું નહીં. કામલતાએ પહેલાં જ્યાં ત્રણેને બેઠેલા જોયેલાં એ જગ્યા અત્યારે ખાલી હતી. મદનમંજરી અને કામલતા એ જગ્યાને ઓળંગીને આગળ વધ્યાં.

સામે એક દીવાલ હતી. દીવાલ ઉપર રંગબેરંગી ચિત્રો દોરેલાં હતાં. દીવાલ પર બે કડાં લટકેલાં હતાં. દીવાલના બીજી બાજુ વાતો કરવાના અવાજો આવી રહ્યા હતા. મદનમંજરીએ બન્ને કડાંઓને વારાફરતી બે વાર દીવાલ પર પછાડયાં.

અંદરનો અવાજ શમી ગયો. અંદરથી તાળાં ખૂલવાનો અવાજ આવ્યો અને દીવાલમાં પહેલાં નાનું અને પછી મોટું કાણું પડતું દેખાયું. મદનમંજરી અને કામલતા તેમાં પ્રવેશ્યા અને કાણાની અંદર ગયા પછી એ કાણાના બાજુની દીવાલ પર લાગેલી એક લાકડી નીચે કરી. ધીમે ધીમે કાણું બંધ થઈ ગયું.

મદનમંજરીએ દીવાલ પર લાગેલી મશાલ હાથમાં લીધી અને એ ચાલવા લાગી. કામલતા પણ એની પાછળ ગઈ. થોડું ચાલ્યા પછી ડાબી બાજુએ વળાંક આવ્યો. ત્યાં બન્ને વળ્યાં અને દસેક ડગલાં ચાલ્યાં અને ફરીથી ડાબી બાજુનો વળાંક આવ્યો. કામલતા અને મદનમંજરી એ રસ્તે આગળ વધ્યાં. જરાક આગળ મશાલોનો પ્રકાશ દેખાઈ રહ્યો હતો.

એ બન્ને મશાલો સુધી પહોંચ્યાં. બહારની દીવાલની જેવી જ દીવાલ ત્યાં પણ હતી અને એના ઉપર પણ બે કડાં લાગેલાં હતાં. વગર કડાંને પછાડ્યે અંદરથી દરવાજો ખૂલી ગયો અને કામલતાને કામમંજરી દેખાઈ. બન્નેય જણ અંદર પ્રવેશ્યા અને દરવાજો પાછળ બંધ થયો.

કામલતાની નજર ખંડ પર પડી. ખંડ એકદમ વિશાળ હતો. જૂના જમાનાનો જાતજાતનો સામાન ત્યાં પડેલો હતો. કામલતાની દૃષ્ટિ ખંડની બીજી બાજુ પડી. ત્યાં કુલ ૮ સિંહાસનો હતા. એમાંથી પાંચ સિંહાસનો પર રાજપુરુષો કામલતા તરફ જોતા બેઠા હતા.

એમાંથી એક-બેને કામલતા ઓળખતી હતી. મહામંત્રી કૃપાચાર્ય અને મહાજ્યોતિષી સોમદેવ ! ભોંયરામાં પહેલાં દેખાયેલા ચરક રાજપુરુષને પણ કામલતાએ ત્યાં જોયો.

કામલતા, મદનમંજરી અને કામમંજરી ખાલી રહેલા ત્રણ સિંહાસનો ઉપર બેઠાં. મહામંત્રી પોતાના સિંહાસનમાં થોડો આગળ આવ્યો. એની આંખો કામલતાની આંખો સાથે મળી. એમાં પારાવાર વેદના જ કામલતાને દેખાઈ.

''કામલતા !''

એકદમ ગંભીર અવાજ બહાર આવ્યો અને પછી મહામંત્રીએ રાજ્યમાં ઘટેલી ઘટના કહી. ઘટનાને સાંભળતાં સાંભળતાં કામલતાના ભાવ ચંચલ પારાની જેમ ઉપર નીચે થતા ગયા અને ઘટનાના અંતે કામલતાનું ચૈતન્ય ઉડી ગયું.

મદનમંજરી એકદમ ડરી ગઈ.

મોઢામાંથી શબ્દો સરી ગયા.

''કૃપા કરજે **કેશવ**!''

* * *

# અનાથ

## પ્રકરણ - 3

### ક. વ. - 18 વર્ષ 3 મહિના 15 દિવસ

### સવારે 05.58

**રીં**છોથી ગીચ વનનો વિસ્તાર શરૂ થઈ ગયો હતો. ધનદેવે બધા સાર્થવાસીઓને અતિ સાવધ રહેવાની સૂચનાઓ સ્પષ્ટ રીતે આપી દીધી હતી. યશવર્ધન રાજાએ સંકટોથી ભરપૂર રત્નાચલ પર્વતનાં જંગલોને પાર કરવા માટે પોતાના એક હજાર સૈનિકો અર્પ્યા હતા. ૨૫૦૦ સૈનિકોની સાથે હવે સાર્થની સુરક્ષા મજબૂત થઈ ગઈ હતી.

પણ અહીંનાં જંગલો બહુ જ મોહમય હતાં. થોડા દિવસ પહેલા છેલ્લે ચાલતો એક દાસ ફક્ત પોતાનાં શરીરને થોડું હલકું કરવા થોડો પાછળ રહી ગયેલો. એના પછી એનું નામોનિશાન ક્યાંય જોવા મળ્યું નહોતું.

એના માલિકે સૈનિકો દ્વારા તપાસ કરાવેલી, છતાં પણ એનો પત્તો લાગ્યો નહોતો. એ ઘટના પછી ધનદેવે બધાને સાથે રહેવાનો આદેશ આપી દીધો હતો. અને રાત્રે આઠ વાગ્યા પછી કોઈને પણ પોતાના તંબુમાંથી બહાર નીકળવાનો સ્પષ્ટ નિષેધ હતો.

જંગલમાં આવ્યાને પંદર દિવસો વીત્યા હતા અને તે રાત્રે ૫૦ ચોરોની પલ્લીએ સાર્થ ઉપર હુમલો કરી દીધો હતો. સારપુરના સૈનિકોની વીરતાના કારણે વગર કોઈ નુકસાને બધા સાર્થવાસીઓ બચી ગયા હતા.

ગણતરી કરતાં ખબર પડેલી કે ૪૦ ચોરો યમરાજના શરણે પહોંચી ગયા હતા અને સાર્થને પોતાના ત્રણ સૈનિકો ખોવા પડેલા. ચોરોનો સરદાર ક્રુરાક્ષ પકડાઈ ગયો હતો. એને પણ પોતાના સાથીદારોની ગતિ આપી દેવામાં આવેલી.

એના પછીના ત્રણ મહિનામાં નાનાં-મોટાં જંગલી જાનવરોનાં છમકલાઓ સિવાય કોઈપણ વિશેષ નવા-જૂની થઈ નહોતી.

આજથી શરૂ થયેલો વિસ્તાર રીંછો માટે પ્રસિદ્ધ હતો અને એના કરતાં પણ

વધારે રીંછ જેવા ડાકુઓ માટે અતિપ્રસિદ્ધ હતો. આ વિસ્તારની ડાકુઓની પલ્લી ૨૫૦ જણની કહેવાતી હતી અને એના ડાકુઓ માટે સારપુરમાં એવી વાત પ્રસિધ્ધ હતી કે તેઓ જીવતા માણસોને કાચા ખાઈ જતા હતા.

આ જ વિસ્તાર માટે યશવર્ધન રાજાએ પોતાના સૈનિકોને ચોરોના વિષમય બાણોથી બચવા માટે નવાં જાડાં બખ્તરો આપ્યાં હતાં.

૫૦૦ સૈનિકોની મોટી ટુકડી આગળ ચાલી રહી હતી. વૃક્ષોને કાપતાં કાપતાં તેઓ આગળ વધી રહ્યા હતા. જંગલમાં અંદર જતાં જતાં વૃક્ષો હજી ગીચ થઈ રહ્યા હતા. હવે માર્ગને શુદ્ધ કરવામાં વધારે સમય લાગતો હતો અને સાર્થના લોકો વિહ્‌વલ થઈ રહ્યા હતા.

'સણણણણણણ...'' અવાજ આવ્યો. મોખરે રહેલા સૈનિકના મોઢામાંથી લોહી પડ્યું અને એ જમીન પર ઢળી પડ્યો. બાણ સૈનિકના ગળામાંથી આરપાર નીકળી ગયું હતું. રાજાએ આપેલું નવું બખ્તર પોતાના પહેરનારને બચાવી શક્યું નહોતું.

સૈનિકોનો સેનાપતિ મરેલા સૈનિક પાસે ગયો અને બાણને બહાર કાઢ્યું. બાણના આગળના તીક્ષણ ભાગમાં વિષ લગાવેલું હતું. બાણ ખાસુ મોટું હતું. અને એટલે દૂરથી પણ છોડવામાં આવે તો પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે એ સમર્થ હતું.

બાણ પર એક કાગળ વીંટાળવામાં આવ્યો હતો. સેનાપતિએ કાગળ કાઢ્યો. એમાં અલગ અલગ ચિત્રો દોરવામાં આવ્યા હતા. 'કઈ રીતે ડાકુઓ માણસોને મારે છે.' એનું વિશ્લેષણ એ ચિત્રોમાં કરવામાં આવેલું હતું. નીચે લખેલું હતું,

**'આગળ વધવાની કોશિશ નહીં કરતા, નહીં તો તમારી ઉપર જેવી હાલત થશે.'**

સેનાપતિએ આગ સળગાવીને એ કાગળ બાળી કાઢ્યો. સેનાપતિના મોઢા પર અપાર ગુસ્સો સ્પષ્ટ તરી આવતો હતો.

''સેચનક!'' એણે બૂમ પાડી.

એક એકદમ નાના કદનો માણસ આગળ આવ્યો. એ માણસની ભુજાઓ બહુ સશક્ત લાગતી હતી. સેનાપતિએ એને કંઈક કહ્યું. માથું નમાવીને 'યથા આદેશં'' કહીને એ ત્યાંથી નીકળી ગયો. સેનાપતિના મોઢા પર હાસ્ય છવાયો.

***

## સવારે ૧૧.૧૬

કલ્યાનો ઘોડો અચાનક આગળ જવાથી અટકી ગયો. કલ્યાએ ઘણો પ્રયત્ન કર્યો, પણ ઘોડો આગળ વધ્યો નહીં. કલ્યો ઘોડાથી નીચે ઉતર્યો અને ઘોડાને શું અટકાવતું હતું એ જોવા આગળ ગયો.

કલ્યાએ જોયું કે આગળ જમીન પર લોહી ફેલાયેલું હતું અને સેનાપતિ એ લોહીનું ઉદ્ભવસ્થાન લાશને દૂર કરાવી રહ્યો હતો.

''શું થયું સેનાપતિ ?'' લોહી તરફ જોતાં કલ્યાએ પૂછ્યું.

''કાંઈ નહી કલ્યા શેઠ ! રીંછોનું આ કારનામું છે.''

''એટલે?''

''એટલે એમ જ કે અહીંના ડાકુઓએ આપણને પાછા ફરવાની ધમકી આપી છે અને પોતાની શક્તિ જણાવવા માટે આપણા એક સૈનિકને પ્રભુ પાસે પહોંચાડ્યો છે.'' એકદમ ધીમેથી સેનાપતિએ કલ્યાના કાનમાં ફૂંક્યું.

''તો ?''

''તો, કાંઈ નહીં... મારા છછુંદરને રીંછોની દાઢી કાપવા માટે મેં મોકલી આપ્યો છે. પરિસ્થિતિ આપણા કબજામાં જ છે. ચિંતાનું કોઈ કારણ નથી.'' હસતાં હસતાં સેનાપતિ પોતાના કાર્યમાં મચી પડ્યો.

કલ્યો ફરીથી પોતાના ઘોડા પાસે આવ્યો. હવે ઘોડો ચાલવા માટે તૈયાર હતો. ઘોડાની પીઠ પંપાળી કલ્યો એના ઉપર બેસી ગયો.

''શું થયું કલ્યા ?'' ધનદ અને ધનશ્રેષ્ઠે એક સાથે પૂછ્યું. બન્નેએ સાથે પૂછેલા પ્રશ્નથી કલ્યો હસી પડ્યો.

''કાંઈ નહીં... સેનાપતિ રીંછો અને છછુંદરોની વાતો કરી રહ્યા હતા. ગાંડા થઈ ગયા લાગે છે...'' કલ્યાએ ઘોડાને એડી મારી અને એ ચાલવા લાગ્યો. રસ્તામાં બીજી કોઈ વાતચીત થઈ નહીં.

***

## સાંજે ૫.૦૪

દિવસ પૂરો થઈ ગયો. નદીના લાંબા તટ પર આજનો પડાવ ધનદેવે નક્કી કરેલો હતો. આ વિસ્તારમાં આજુબાજુના વૃક્ષોની ગીચતા અતિઅલ્પ હતી, એટલે સવારે બનેલા પ્રસંગનું પુનરાવર્તન ડાકુઓ માટે ઓછું શક્ય હતું. એમને અહીં લડવા માટે જમીન પર ઉતરવું આવશ્યક હતું.

કલ્યાએ સવારે જોયેલો નાના કદનો માણસ પણ ક્યાંક જઈને પાછો આવી

ગયો હતો. એનાં મોઢાનાં ચિહ્નો સારાં લાગતાં નહોતાં.

એના આવ્યા પછી અર્ધ ઘટીકામાં ધનદેવ પોતાના તંબુમાંથી બહાર આવ્યો અને બધાને ફટાફટ ભોજન પતાવીને પોતપોતાના તંબુઓમાં રોજ કરતાં બે કલાક પહેલાં જ જવાની સૂચનાઓ કરી દીધી.

આખા સાર્થ પર એક અકલ્પનીય ભયનું મોજું ફરી વળ્યું. બધા મૌનપણે પોતપોતાના વિચારો સાથે ધનદેવે આપેલી સૂચનાઓને પૂર્ણ કરવામાં લાગી પડ્યા.

***

### સાંજે ૭.૦૨

સાત વાગે આખા સાર્થમાં સ્મશાન જેવી શાંતિ છવાઈ હતી. સેનાપતિએ દરરોજ કરતાં આજે વહેલો પહેરો ગોઠવી દીધો હતો. આજે બધા સૈનિકો દરરોજ કરતાં વધારે સતર્કતા સાથે ચોકી ભરી રહ્યા હતા. કલ્યો અને ધનદ તંબુની બહાર ઊભા ઊભા આ બધું જોતા હતાં અને વચ્ચે-વચ્ચે વાતો કરતાં હતા.

સેનાપતિ બન્ને પાસે આવ્યો. સેનાપતિનાં મોઢાં  પર સવારનું હાસ્ય યથાવત્ હતું.

''શું સમાચાર છે સેનાપતિ ?'' કંઈક જાણવાની ઈચ્છાથી કલ્યાએ સેનાપતિ સામે જોયું.

''શું સમાચાર હોય ? રીંછોએ મારા છછુંદરને બહુ ડરાવી કાઢ્યો છે. છછુંદર દોડતો દોડતો પોતાના ઘરે આવી ગયો છે.''

''અમારે શેનું ધ્યાન રાખવાનું ?''

''તમારે...'' હસતાં હસતાં સેનાપતિએ કહ્યું....

''તમારે ઊંઘ સારી રીતે આવે એનું ધ્યાન રાખવાનું...''

સેનાપતિ ત્યાંથી આગળ વધી ગયો. કલ્યો અને ધનદ તંબુના અંદર ચાલ્યા ગયા.

***

### રાત્રે ૧૨.૦૬

ચંદ્ર આકાશમાં પૂર્ણ તેજથી ચમકી રહ્યો હતો. કલ્યાને ઊંઘ આવતી નહોતી. સેનાપતિના શબ્દો એના માથામાં સતત ભમ્યા કરતા હતા. ઘણા સમય પછી કલ્યાની આંખો મળી.

ઘડી-બે ઘડી પસાર થઈ હશે. નસકોરાંનો ધ્વનિ ધીમે ધીમે વેગને પકડી રહ્યો હતો.

શંખના ત્રણ લાંબા ધ્વનિ સંભળાયા. કલ્યાની ઊંઘ ઉડી ગઈ. એ તંબુથી બહાર ગયો. સણણણ કરતું એક અગ્નિબાણ એના બાજુમાંથી ગયું અને બાજુના તંબુ પર પડ્યું. તંબુ ભડભડ બળવા માંડ્યો.

સેનાપતિએ બહુ હોંશિયારીથી સાર્થના દરેક તંબુની આજુબાજુ બે તંબુ ખાલી રાખ્યા હતા, જેથી સાચો તંબુ કયો એનો ખ્યાલ ડાકુઓને આવે નહીં.

બહાર થતા કોલાહલ અને માણસોની ચીસોના કારણે ધનદ ઊંઘમાંથી ઉઠીને આંખ ચોળતાં ચોળતાં બહાર આવ્યો.

''ધનદ અંદર ચાલ્યો જા...બહાર જોવા લાયક કંઈ પણ નથી. ... અંદર ચાલ્યો જા...'' કલ્યાએ ધનદને કહ્યું.

''તો તું કેમ ઊભો છે ?'' કહીને એ બહાર આવ્યો.

''આહહહ...આહહહ...''ધનદ જોરજોરથી ચીસો પાડવા માંડ્યો. એના પગમાં કોઈક જગ્યાથી છોડાયેલું બાણ ઘૂસી ગયું. ધનશ્રેષ્ઠ ઉઠી ગયો. ધડાધડ લોહી ટપકવા માંડ્યું. પહેલાંથી વિષથી વ્યાપ્ત થયેલા પગ ઉપર જ ફરીથી બાણ વાગવાથી લોહી બહુ વધારે ગતિએ વહેવા લાગ્યું.

ધનદ બેહોશ થઈ ગયો. કલ્યાએ એને તંબુના અંદર લીધો. તંબુમાં રહેલા વૈદ્યને ધનશ્રેષ્ઠ ઉઠાડીને લઈ આવ્યો. વૈદ્યએ નાડી તપાસી. પોતાનાં સાધનો લાવીને એણે શસ્ત્રક્રિયા શરૂ કરી.

''બહુ લોહી વહી ગયું છે....''

''શું થશે ખબર નહીં....''

''ભગવાનને પ્રાર્થના કરો,ધનદ બચી જાય.''

આવા શબ્દો સાંભળીને કલ્યાની આંખો વરસવા માંડી. એના અંતરમાંથી અવાજ ઉઠ્યો,

*'તું મારા પ્રાણપ્રિયને બચાવી લે પ્રભુ **કેશવ** !'*

* * *

# ગણિકા

## પ્રકરણ - ૪

### ક. વ. - 18 વર્ષ 5 મહિના
### સવારે 11.25

**રો**બેતા મુજબનું પોતાનું કાર્ય પતાવીને મદનમંજરીએ ઔષધિઓ આપ્યા પછી કામલતા સૂવાની તૈયારી કરી રહી હતી. સહજ રીતે કામલતાને કંઈક સ્ફૂર્યું અને એણે પોતાનું લખવાનું પુસ્તક ખોલ્યું. છેલ્લા ત્રણ મહિનાથી એકેય અક્ષર પુસ્તકમાં ટપકાવાયો નહોતો. પુસ્તકમાં છેલ્લો લખેલો જીવનપ્રસંગ કામલતા વાંચવા લાગી.

**'આજે રાજાજી મારી ઈચ્છા પૂર્ણ કરવાના છે. આવા રાજા બહુ ઓછા હોય છે. રાજાએ મને બે દિવસ પહેલાં અંગૂઠી આપીને પોતાના સાથે લગ્ન કરીને આજન્મ દાસત્વ અને વેશ્યાનો ધંધો બંધ કરવાનો પ્રસ્તાવ મારી ઈચ્છાથી મૂકેલો.**

**ત્યારે મેં ઉત્તર આપ્યો નહોતો. મદનમંજરીને પૂછીને હું આજે ઉત્તર આપવા માટે તૈયાર છું. મારા મનની ઈચ્છા પૂર્ણ થવાના આરે છે. ભગવાનની ઘણી કૃપા વરસી છે.**

**આજે જ રજા મેળવીને હું આ ધંધો બંધ કરી દઈશ.'**

કામલતા પોતાના લખેલા પ્રસંગને જોતી જ રહી. એના ગળે ડૂમો ભરાઈ ગયો. માંડ માંડ કરીને એણે અશ્રુ રોક્યાં. પોતાના બાજુમાં રહેલી શાહીમાં કલમને ઝબોળીને કામલતાએ આગળ લખવાનું શરૂ કર્યું.

**'આજે ત્રણ મહિના પછી હું ફરીથી પોતાને એકત્રિત કરીને લખવાનું પ્રારંભ કરું છું.**

**પ્રભુની કૃપા ત્રણ મહિના પહેલાં આવી અને તરત જ ઓઝલ થઈ ગઈ. હું સાચે જ બહુ પાપોથી ભરેલી છું. મારો ઉદ્ધાર કદાચ કોઈપણ કરી શકશે નહીં. મારું ભાવિ મને અંધકારમય દેખાય છે.**

**ત્રણ મહિના પહેલાં આના પહેલાંની ઘટના લખીને હું રાજાની રાહ**

જોતી બેઠી હતી. લાવણ્યા મને બોલાવા આવેલી. મદનમંજરી મને ભોંયરાની વાટે એક ખંડમાં લઈ ગયેલી. મહામંત્રી, સેનાપતિ, રાજપુરોહિત, ચરક અને હજી એક રહસ્યમય વ્યક્તિ ત્યાં ઉપસ્થિત હતા. જિતારી રાજાના સમાચાર સાંભળવા હું લાલાયિત હતી.

મહામંત્રીએ મને પૂછેલું, "પાછળ સતત વાગતા ઘંટનાદો તને સંભળાય છે ?"

મેં માથું નમાવીને હા પાડેલી.

"એનો અર્થ શું છે, ખબર છે ?" મારી સામે પોતાની ભ્રમરોને ઊંચી કરતાં મહામંત્રીએ પૂછેલું.

"ના ...!"

"કામલતા, મને તને આ વાત કહેતાં બહુ દુઃખ થાય છે, પણ..." ઊંડો શ્વાસ મહામંત્રીએ લીધેલો.

''જિતારી રાજાએ આજે સાંજે પોતાના છેલ્લા શ્વાસ લીધા. મોતનું કારણ ઝડપથી મારનારો, હૃદયશૂલ નામનો રોગ બતાવવામાં આવે છે. પરંતુ મારા હિસાબે ઝેર આપીને રાજાની જીવનલીલા સમાપ્ત કરવામાં આવી છે."

મારા માથે વીજળી પડી હોય એવી અનુભૂતિ મને થયેલી. મારી આંખો સામે અંધારાં આવવાં લાગેલાં.

"તારા વિષે કામલતા.... રાજાએ મને ઘણું કહેલું પણ રાજાના ગયા પછી હું તાકાત વગરનો છું. રાજાને મારનારાઓના કૂતરાઓ મારી પાછળ હાથ ધોઈને પડ્યા છે અને એટલે હું રાજાએ તને આપેલા પ્રસ્તાવને નિભાવવા માટે અસમર્થ છું.''

મારાં બધાં સપનાંઓ મને આંખો સામે તૂટતાં દેખાયેલાં. ધંધો છોડવાનો મારો વિચાર ત્યારે નાબૂદ થયો હતો. હું બેહોશ થઈ ગયેલી.

આઘાતના કારણે ઉપચારો કરાવવા છતાં સાતમા દિવસે મને ભાન આવેલું. ત્યાર પછી પણ વિલાપ સતત ચાલુ હતો. ત્યાં જ તેરમા દિવસે નવા રાજા દુર્યોધની મુદ્રાવાળો પત્ર મદનમંજરી પર આવેલો. એમાં મારી સાથે એક રાત્રી પસાર કરવાની નવા રાજાએ વાત મૂકેલી. એમાં આગળ લખેલું કે,

'જિતારી મૂર્ખ હતો કે જે તમને ૨૫ લાખ સોનામહોરો આપતો હતો. આખી પ્રજા રાજાની જ હોય છે. એની સાથે કંઈ પણ કરવા માટે રાજાએ પૈસા આપવાની જરૂરત હોતી નથી. એટલે હું વગર પૈસે જ કામલતાને ભોગવીશ.'

પત્રમાં આગળ અમારાં વેશ્યાલય પર લાદવામાં આવેલા કરવેરાના

**વિષે લખેલું હતું. ૧૫ ટકા કુલ કમાણી ઉપર ભરવાની આજ્ઞા રાજાએ ફરમાવેલી. રાજપુરુષો માટે વેશ્યાલય મફત કરવામાં આવેલું. મહિને મહિને પહેલી તારીખે પૈસા જમા કરાવવાની આજ્ઞા હતી.**

**મદનમંજરી આ વાંચીને એકદમ ગુસ્સે થઈ ગયેલી. પણ એ રાજાના સામે લાચાર હતી. આગળના દિવસે મારું સ્વાસ્થ્ય પૂછ્યા વગર જ દુર્યોધ આવી ગયેલો. મદનમંજરીએ ખોટી આગતા-સ્વાગતા કરેલી. એ બધાંને ગણકાર્યા વગર એ એક ભૂખ્યાં પ્રાણીની જેમ મારા ખંડમાં ઘૂસી ગયો હતો. હું તૈયાર થઈ રહી હતી.**

**એણે મને ઉપાડીને પલંગ પર પટકેલી અને મારાં કપડાં ફાડી નાખેલાં. એના આગળનું હું લખવા માટે સમર્થ નથી. એના ગયા પછી મારા શરીરમાં થોડી પણ શક્તિ રહેલી નહોતી અને હું હોશ પણ ખોઈ બેઠી હતી.**

**આજે અઢી મહિનાથી એ જાનવર આવે છે અને મારી બધી તાકાત ચૂસી જાય છે. મારાં આખાં શરીર ઉપર અલગ અલગ જગ્યાએ નિશાનીઓ પડી ગઈ છે, જે આ રાજાના અત્યાચારોની સાક્ષી છે.**

**છેલ્લા બે દિવસથી રાજા આવતો નથી. મારી સહેલીઓના કહેવા મુજબ એને લોહીની ઊલટીઓ થાય છે. પોતે કરેલાં પાપોનો ભોગવટો બધાએ કરવો જ પડે છે.**

**બે દિવસથી મદનમંજરી મારી પાસે કોઈનેય ધંધા માટે મોકલતી નથી. એટલે જ બે દિવસ મારા માટે પવિત્ર વીતેલા છે.**

**આવા દિવસો હંમેશાં મળે એવી પ્રાર્થના, પ્રભુ તારી પાસે કરું છું.**

**લિ. કામલતા**

કામલતાએ પોતાનું પુસ્તક બંધ કર્યું. એની આંખો સજલ થઈ હતી. બાજુનાં ટેબલ પર પુસ્તકને મૂકીને કામલતા પલંગના શરણે થઈ ગઈ.

ખબર નહીં પણ ક્યાંકથી એના કાનમાં સહજ રીતે જ એને એક જ ગુંજન સંભળાઈ રહ્યું હતું,

'ૐ નમઃ કેશવાય... ૐ નમઃ કેશવાય... ૐ નમઃ **કેશવાય**....'

* * *

# અનાથ

## પ્રકરણ - ૪

### ક. વ. - 18 વર્ષ 6 મહિના 15 દિવસ
### સવારે 06.12

રમણીય રેવતી નદીના તટ પર પ્રકૃતિ પૂરબહારે ખીલેલી હતી. પક્ષીઓના કલરવથી આખું વાતાવરણ સંગીતમય ભાસી રહ્યું હતું. નદીના તટ પર કલ્યો 'ૐ નમઃ કેશવાય ... ૐ નમઃ કેશવાય... ૐ નમઃ કેશવાય....' ના ગંભીર નાદમાં લીન હતો. ખળખળ વહેતું પાણી એના નાદમાં મધુરતા પૂરી રહ્યું હતું.

કલ્યાનો આ દૈનિક કાર્યક્રમ થઈ ગયો હતો. ત્રણ મહિના પહેલાં પોતાના પ્રિય મિત્ર ધનદને ડાકુઓના હલ્લામાં ખોયા પછી કલ્યો માનસિક રીતે એકદમ ત્રસ્ત થઈ ગયો હતો. વારંવાર એને એક જ વિચાર મનમાં આવતો હતો કે *'જે કોઈ વ્યક્તિ મારી નજીક આવે છે, એ વધારે સમય મારી નજીક રહી શકતો નથી.'*

અને એ વાતની જાણે કે પૂર્તિ થતી હોય એમ ધનદના ગયાના એક મહિના પછી ધનશ્રેષ્ઠને પણ ભયંકર સન્નિપાત થઈ ગયો હતો. ધનશ્રેષ્ઠની શક્તિ અને પહોંચને લીધે એને વેગવાળી સાંઢણી ઉપર બેસાડીને દસ સૈનિકો સાથે વિલાસપુર રવાના કરી દેવામાં આવ્યો હતો. એના ગયા પછી કલ્યાને એકદમ એકલવાયું લાગતું અને જીવન વીતાવવું એના માટે ભારે થઈ ગયું હતું.

ધનશ્રેષ્ઠના કોઈ પણ સમાચાર ફરી આવ્યા નહોતા. કલ્યો એકદમ ગુમસુમ રહેતો. પહેલાં જેવું જોશ એમાં દેખાતું નહીં.

એક રાત્રે જ્યારે કલ્યો સૂવાની તૈયારી કરી રહ્યો હતો, ત્યારે ધનદેવ સાર્થપતિ પોતે, કલ્યાને મળવા આવેલા. બે મુહૂર્ત સુધી બન્નેએ અલગ અલગ વિષયો પર પોતાની વિચારધારાઓ રજૂ કરેલી.

શરૂઆતમાં ધનદેવનું આવું અચાનક આવવાનું પ્રયોજન કલ્યાને ખબર નહોતું પડ્યું અને એ થોડો ઉચાટમાં પણ હતો. પણ ધીમે ધીમે ધનદેવ સાથે વાતો કરતાં એનું મન શાંત પડી ગયું હતું.

''તારી મા કલ્યા ! '' પહેલીવાર કોઈએ કલ્યાની માતાનો વિષય કાઢ્યો

હતો. ‘મા’ શબ્દ સાંભળીને કલ્યો એકદમ સચેત થઈ ગયો હતો.

‘‘અતિ સુંદર હતી. ગામનો પ્રત્યેક યુવક એને ઈચ્છતો હતો. હું પણ એમાંથી એક હતો.’’ ધનદેવ બે ક્ષણ માટે અતીતના વિચારોમાં ડૂબી ગયો હોય એવું લાગતું હતું.

‘‘પણ, તારા પિતા અતિ સૌભાગ્યશાળી હતા. પૈસા એટલા નહીં, પણ સંસ્કાર અને જ્ઞાન અતિ વિશાળ ! તારા પિતા બ્રાહ્મણોમાં જ્ઞાનમાં સૌથી અગ્રણી હતા.....’’

‘હતા’ શબ્દ કલ્યાને ઘાવ પર મીઠું ભભરાવવા જેવો લાગી રહ્યો હતો. ‘‘કાશ ! એ બધા આજે હોત તો !’’

‘‘તારા નાનાએ મારી અનેકગણી વિનંતિ હોવા છતાં પણ તારા પિતા સાથે એના લગ્ન કરાવેલાં. ગુસ્સાના કારણે હું એ લગ્નમાં ગયેલો નહીં. પછી તો મારાં પણ લગ્ન થયાં. તારી માતા જેવી જ મને પણ પત્ની મળી ગઈ.’’ ધનદેવે પોતાના હાથથી આંખમાંથી બહાર આવેલું એક ટીપું સાફ કરેલું.

‘‘અમારો ઘરસંસાર આગળ ધપતો ગયો. તારી માતાની દસ વર્ષ સુધી સંતાનની ઈચ્છા અપૂર્ણ રહી. તારા પિતાજીએ અલગ-અલગ જગ્યાએ દેવ-દેવીઓ પાસે ઘણી માનતાઓ માની, પણ પરિણામ શૂન્ય જ આવ્યું. મારે ત્યાં સુધી બે બાળકો થઈ ગયાં હતાં. પછી તારા પિતાએ આપણા શિવપુરના અધિષ્ઠાતા દેવ પાસે માનતા માનેલી. એ માનતા પૂર્ણ થયેલી અને તારો જન્મ થયેલો.

એ દિવસનો આનંદ અવર્ણનીય હતો. તારો જન્મ થતાં તારા ઘરેથી લક્ષ્મી જવા માંડી હતી પણ, તો પણ તારી માતાને પૂર્ણ વિશ્વાસ હતો કે તું સૌભાગ્યશાળી જ છે.’’ પોતાનો ભૂતકાળ સાંભળતા કલ્યાનાં રૂંવાટા ઊભાં થઈ ગયાં હતાં. આવી વાતો કરનાર વ્યક્તિ એને પહેલો-વહેલો જ મળેલો.

‘‘એ તને એક ક્ષણ પણ છોડવા તૈયાર નહોતી. તું જ્યારે હસતો ત્યારે એના મોઢાંનો આનંદ!.. હું શું વાત કરું ? આવો સ્નેહ મેં ક્યાંય જોયેલો નહીં... અને પછી એ કાળો દિવસ આવ્યો...’’ ધનદેવનો અવાજ એકદમ ઘેરો થઈ ગયેલો.

‘‘અને તારી માતા અચાનક જ અમારા વચ્ચેથી હંમેશાં માટે ચાલી ગઈ. તારા પિતાજીનો વિલાપ અતિભયંકર હતો. ત્યારે પણ લોકોએ તને છોડી દેવાની વાત તારા પિતાને કરેલી, પણ *‘મારી પ્રિયતમાનો આ અંશ છે. આ એનો ટુકડો છે.’* આવું માનીને તારા પિતાએ તારો સારો ઉછેર કરેલો.

તારા પિતાએ શિવપુરથી જતાં પહેલાં મને એક પત્ર આપેલો કે જે તને ૨૧ વર્ષનો થયા પછી આપવાનું કહ્યું હતું. આજે તું ૧૮-૧૯ વર્ષનો થયો છે. તારા ૨૧માં જન્મદિવસે તું આ પત્ર લેવા જરૂર આવજે. અને હા...’’

ધનદેવે પોતાનાં અંગવસ્ત્રમાં બાંધેલી એક સોનાની વસ્તુ કાઢેલી...

''તારા પિતાને જતાં વખતે તું કઈ રીતે પોતાનું પેટ ભરીશ એ વિષેની ચિંતા હતી અને એટલે મારે ત્યાં આ ગીરવી મૂકીને ગયેલા... કદાચ, તારા પિતાને તારું સશક્ત ભવિષ્ય દેખાયો નહોતો. આજે તારાં માતા-પિતા હોત, તો...''

ગીરવી વસ્તુને કલ્યાના હાથમાં આપીને ધનદેવ તંબુની બહાર જવા માટે ઊંધો ફરેલો. કલ્યાને ઘણું બધું પૂછવું હતું, પણ એનું મોઢું ખૂલતું જ નહોતું. ધનદેવનાં મોઢાં પર પોતાનું કર્તવ્ય બજાવ્યાનો સંતોષ દેખાતો હતો.

તંબુના દ્વાર સુધી પહોંચીને દ્વાર સામે જ જોતાં જોતાં ધનદેવે એ છેલ્લું વાક્ય કહેલું, ''તારા પિતાએ મને જતાં પહેલાં એક વાત કહેલી કે "જ્યારે પણ કલ્યો અતિદુ:ખી હોય ત્યારે એને એક મંત્ર આપજે. એને ઘણી શાંતિ થશે.''

''શું હતો એ મંત્ર ?''

''ૐ નમઃ કેશવાય...''

***

## ક. વ. - 18 વર્ષ 8 મહિના
## સવારે 09.00

વિલાસપૂર્ણ વિલાસપુર નગર સામે દેખાઈ રહ્યું હતું. સાર્થના લોકોમાં અનહદ આનંદ હતો. રત્નાચલ પર્વતની ભયાવહ અટવીથી છૂટવાનો હાશકારો લોકોમાં સ્પષ્ટ સંભળાઈ દેતો હતો. અટવીએ સાર્થને વિલાસપુર સુધી પહોંચાડવામાં ૨૦૦ સૈનિકો અને ૨૫ સાર્થવાસીઓનો ભોગ લીધેલો.

કલ્યો સાર્થના મોખરે પોતાના ઘોડા ઉપર હાથમાં પુસ્તક લઈને બેઠેલો હતો. ધનદેવે જ્યોતિષવિદ્યાનું પુસ્તક કલ્યાને થોડા દિવસો પહેલાં આપેલું. તે રાતના વાર્તાલાપ પછી બન્નેની મિત્રતા સારી થઈ ગઈ હતી. એકલવાયતાને તોડવામાં પુસ્તકોએ કલ્યા માટે મોટો ભાગ ભજવ્યો હતો. છેલ્લા ત્રણ મહિનામાં મંત્રજાપ અને પુસ્તકોએ કલ્યાના જીવનમાં મહત્ત્વની ભૂમિકા નિભાવેલી હતી.

"આખરે પહોંચી ગયા." કલ્યાએ પોતાના પુસ્તકમાંથી મોઢું ઊંચું કરીને પોતાની પાછળથી આવતા અવાજ તરફ નજર દોડાવી. નાનો ધનયશ પોતાના ઘોડા ઉપર કલ્યાની બાજુમાં આવ્યો.

ધનયશ કલ્યાના ઉંમરનો જ હતો અને ઘરમાં સૌથી લાડકવાયો હોવાને લીધે એને બધા સુખ-મોજની છૂટ હતી. ધનદેવનો પોતાના દીકરાઓને આ મોટા સાર્થમાં સાથે લઈ જવા માટેનો વિચાર ઓછો હતો, પણ ધનયશની જીદને લીધે ધનદેવને નમતું જોખવું પડ્યું હતું.

ધનયશ એના પિતા કરતાં પણ વધારે પુણ્યશાળી હતો. સારપુર નગરમાં યશવર્ધન રાજાની અને ધનયશની એવી તો મિત્રતા થયેલી કે એ બન્ને એક-બીજા વગર ક્ષણ માત્ર પણ રહી શકતા નહોતા.

જ્યારે સાર્થનું સારપુરથી પ્રયાણ થયું ત્યારે યશવર્ધન પોતે ધનયશને વળાવવા આવ્યો હતો અને એની આંખોમાંથી ગંગાજમુના વહેતી હતી. પાછા વળતા સાથે રહેવાના શપથ આપીને ધનયશને જવાની રાજાએ હા પાડેલી. રાજાએ બે અંગરક્ષકો ધનયશ સાથે સતત રાખવા માટે સેનાપતિને આદેશ કરેલો.

પણ સૌથી વિશિષ્ટ વસ્તુ એ હતી કે આટલાં બધાં માન-સમ્માન વચ્ચે પણ ધનયશમાં અભિમાનનો છાંટોય દેખાતો નહોતો. કોઈ પણ વ્યક્તિ સાથે એ સહજ રીતે ભળી જતો.

ધનયશને જોઈને કલ્યાએ એને મધુર સ્મિત કર્યું અને બોલ્યો,

“હાશ ! એક મોટી યાત્રા પૂરી થઈ.”

‘મારી તો યાત્રા આજે શરૂ થવાની છે.” અંદર અંદર જ હસતાં ધનયશ બોલ્યો.

‘કેમ ?”

‘અહીંયાની વેશ્યાઓ અતિપ્રસિદ્ધ છે અને એમાં પણ મદનમંજરીનું વેશ્યાલય તો ... શું વાત કરું ?”

ધનદની વાત કલ્યાને યાદ આવી. પોતાનાં ગામની પ્રશંસા કરતાં કરતાં એણે જે કહેલું એનું સ્મરણ થયું.

''તું મારી સાથે આવશે ?'' ધનયશે પ્રશ્ન કર્યો.

કલ્યાને સારપુરમાં રહેલી મદનકદલી યાદ આવી. એના પેટમાં એક વિચિત્ર ગાંઠ વળી. વેશ્યાઓનો ચસકો કલ્યાને સારો લાગ્યો હતો.

''હા ! જો મને મદનકદલીથી સારી કોઈ મળશે, તો હું જરૂર આવીશ.''

''ઠીક છે... ચાલો, હવે નગરને તો નિહાળીએ,'' કહીને ઘોડાને એડી મારી ધનયશ આગળ ઉપડી ગયો. એની સાથે રહેલા બે અંગરક્ષકો પણ કલ્યાની બાજુમાંથી પવનની જેમ પસાર થયા.

આગળથી ઢોલ-નગારાંના અવાજો આવવા માંડ્યા અને કલ્યાએ પોતાની ચોપડી બંધ કરી. પોતે શીખેલી જ્યોતિષની કળા મુજબ આજુબાજુના નિમિત્તો જોઈ લીધાં. સાર્થનો નગરના દરવાજામાં પ્રવેશ એકદમ સારા સમય અને અનુકૂળ નિમિત્તો વચ્ચે થતો હતો અને એટલે બધાનાં ભાગ્યો જોરદાર ચમકવાનાં હતાં.

પોતાના ધીમા ચાલતા ઘોડાને કલ્યાએ એડી મારી અને જાણે કે એના ભગવાન એની બહુ નજીક હોય એ રીતે એના હૃદયમાં એક જ નાદ ચાલતો રહ્યો ‘કેશવ...કેશવ...**કેશવ**...’

* * *

# મદનમંજરી

## પ્રકરણ - ૧

### ક. વ. - 18 વર્ષ 8 મહિના
### સાંજે 08.10

**રા**જપુરુષોએ વેશ્યાલયોનો દાટ વાળી નાખ્યો હતો. વિલાસપુરનાં બધાં વેશ્યાલયો આ વાતે ત્રસ્ત હતાં. બધાં વેશ્યાલયોએ ભેગા થઈને આ વિષયમાં દુર્યોધ સામે ફરિયાદ પણ કરેલી, પણ રાજાએ એની સામે કંઈ પણ પગલાં ભર્યાં નહોતાં. રાજાના શરીરમાં પેસેલા રક્તપાત રોગની જેમ એનું મગજ પણ રોગથી ઘેરાયેલું હોય એવો ભાસ બધાને થતો હતો.

મદનમંજરીના વેશ્યાલયને આ આદેશે બહુ મોટો ધક્કો પહોંચાડ્યો હતો. આખાં વિલાસપુરમાં મદનમંજરીનું વેશ્યાલય પોતાની ઉચ્ચ સ્તરીય કામસેવા માટે પ્રસિદ્ધ હતું. પણ રાજા વડે કરાયેલી અરાજકતાએ વેશ્યાલયની પણ ખ્યાતિ માટીમાં મેળવી કાઢેલી. કોઈપણ પુરુષ રાજપુરુષ બનીને આવતો અને વેશ્યાઓએ એની માંગો પૂર્ણ કરવી પડતી.

આ વેશ્યાલયનો મુખ્ય ધંધો જ રાજપુરુષો પર હતો અને અવ્યવસ્થાના કારણે એ ધંધો લગભગ નષ્ટ થઈ ગયો હતો.

મદનમંજરી પોતાના ખંડમાં છેલ્લા ત્રણ મહિનાનો હિસાબ જોઈ રહી હતી. કામમંજરી એની સામે નીચું મોઢું કરીને બેઠેલી હતી.

વેશ્યાલયનો ત્રણ મહિનાનો કુલ નફો પાંચ લાખથી ઘટીને એક લાખ પર આવી ગયો હતો. એમાંથી ૧૫૦૦૦ કરરુપે આપવા પડેલા. ૫૦,૦૦૦ સોનામહોરનો ખર્ચો વેશ્યાલય પર થયો હતો. ૩૫,૦૦૦ સોનામહોરની બચત થઈ હતી.

વેશ્યાલયનું ઘણું ખરું સમારકામ બાકી હતું અને એમાં ૧૦ લાખ સોનામહોરનો ખર્ચો થવાનો હતો. વેશ્યાલયની તિજોરીમાં ૨૦ લાખ સોનામહોર પડેલી હતી, પણ ‘અચાનક કોઈ કાર્ય આવી પડે તો શું ?’ એની ચિંતા મદનમંજરીના મોઢા પર એકદમ સ્પષ્ટ તરી આવતી હતી.

‘‘શું કરીશું ? નીચા લોકો પાસે પૈસા વધ્યા છે. અને એ લોકો આપણા

વેશ્યાલયમાં આવવા માટે પૈસા નાખવા પણ તૈયાર છે એવું ચરક કહેતો હતો.'' કામમંજરીએ વાત મૂકી.

''ના ... આ વસ્તુ સંભવિત નથી કે બે કોડીના વ્યક્તિઓ આવીને આપણી વેશ્યાઓને ભ્રષ્ટ કરી જાય. નીચું જીવવા કરતાં, ન જીવવું સારું...'' પોતાનો નિર્ણય મદનમંજરીએ સંભળાવી દીધો.

મદનમંજરી ૩ મહિનાના અહેવાલને જોતી જોતી કામલતાના લેખાં-જોખાં પર આવી.

અત્યાર સુધી એક સોનામહોર પણ કામલતાએ પોતાના વપરાશ માટે લીધી નહોતી. એનો હિસાબ છેલ્લા ત્રણ મહિનાથી કોઈ પણ કમાણી બતાવતો નહોતો, સિવાય કે એક નવલખો હાર, જે દુર્યોધે બહુ ખુશ થઈને એને આપેલો.

મદનમંજરીને કામલતાને દુર્યોધના સકંજામાંથી કાઢવાની તીવ્ર ઈચ્છા થઈ અને મદનમંજરીને એ પણ ખબર હતી કે કામલતા જ પોતાની આ આર્થિક મંદતાના હલનો ઉપાય છે.

મદનમંજરીએ દુર્યોધ સાથે આ વિષે વાત કરવાનો નિશ્ચય કર્યો. મહામંત્રી વિગેરે બહારથી ઝઝૂમી રહ્યા હતા, પણ દુર્યોધની કુટનીતિ સામે તેઓ લાચાર હતા. કળથી કામ કઢાવવાનો સમય આવી ગયો હતો.

''કામમંજરી ! સારપુરથી સાર્થ ક્યારે આવે છે ?''

*'અત્યારે આ પ્રશ્ન કેમ કર્યો ?'* આ પ્રશ્ન પૂછવાની કામમંજરીને ઈચ્છા થઈ ગઈ, પણ આટલા વર્ષોના અનુભવ પછી કામમંજરીને ખબર પડી ગઈ હતી કે વગર કારણે મદનમંજરી ક્યારેય કંઈ પણ પૂછતી નહોતી.

"સાર્થનો પ્રવેશ કાલે સવારે છે. આજે ઢોલ-નગારાં સાથે રાજાએ એમને બહાર રોક્યા છે. એવું સાંભળેલું છે કે રાજા એમની સાથે કંઈક વિચારણા કરવા માગે છે, કે જે રાજ્યના અંદર આવ્યા પછી શક્ય નથી... કેમ ? ''

''ના ! આ તો એમ જ પૂછ્યું, કેમકે આગળના છ મહિનામાં આપણો ધંધો ખૂબ વધવાનો છે. જેટલા પણ આસવારો અગાઉ આવ્યા છે, તેમણે સાર્થના લોકોમાં આપણા વેશ્યાલયની ગાંડી ચાહના વર્ણવેલી છે. જોઈએ, આગળ શું થાય છે !'' પ્રસન્ન મુખે ઊભી થઈને મદનમંજરી ત્યાંથી નીકળી ગઈ.

કામમંજરી એને જતાં જોઈ રહી. આવો ને આવો જ ઉત્સાહ કામમંજરીએ કામલતાની લીલામી વખતે મદનમંજરીમાં જોયેલો. કામમંજરીનાં મોઢે અનાયાસે શબ્દો સરી પડ્યા,

"મદનમંજરીને પોતાના નિર્ણયમાં બળ આપજે **કેશવ !**''

* * *

# અનાથ

## પ્રકરણ - ૫

### ક. વ. - 18 વર્ષ 8 મહિના 1 દિવસ
### સાંજે 08.01

રંગબેરંગી વસ્તુઓથી આખું બજાર સુશોભિત હતું. દુર્યોધ રાજાએ સાર્થનાં આગમનના નિમિત્તે ૧૧ દિવસનો મહોત્સવ જાહેર કરેલો અને એ મહોત્સવના અંતર્ગત નિશાબજારનું પણ આયોજન થયેલું. રાત્રિના સમયમાં દિવસ જેટલો પ્રકાશ આખા નગરમાં વ્યાપ્ત હતો.

ધનયશ અને કલ્યો આખા બજારને જોવા નીકળેલા. સવારે સાર્થનો ઠાઠમાઠથી પ્રવેશ થયા પછી કલ્યો પોતાના માંદા મિત્ર ધનશ્રેષ્ઠને મળવા ગયેલો. એની તબિયત સારી હતી અને એ ધંધામાં ફરીથી જોડાઈ ગયેલો. ધમધોકાર કમાણી કરી રહ્યો હતો. સવારે જ કલ્યાએ એની સાથે ભાગીદારીમાં એક ધંધો શરૂ કરેલો.

પછી એ ધનદેવને મળવા ગયેલો. ધનદેવે એને અમુક ધંધાઓમાં પોતાની સોનામહોરોને રોકવા કહેલું અને ધનદેવની સલાહ એણે માનેલી. પછી ધનદેવને મળીને બહાર નીકળતાં, ધનયશ કોઈક જગ્યાએથી પાછો આવતો દેખાયેલો.

*'ધનયશને મળ્યા વગર જઈશ તો એને ખોટું લાગશે'*, એવું વિચારી એ ત્યાં જ ઊભો રહી ગયેલો. ''નમો નમઃ કલ્યાભાઈ'' કહેતા ધનયશ નીચે ઉતરેલો.

''ક્યાં ગયેલો ધનયશ ?'' પૂછતાં ખબર પડેલી કે રાજા અને ધનયશની સારી મિત્રતા થઈ ગયેલી અને એટલે રાજાએ રાજ્યની અમુક વ્યવસ્થાને જોવા ધનયશને બોલાવેલો.

''આ બધી વાત છોડો કલ્યાભાઈ ! એટલું કહો કે તમે સાંજે નિશાબજાર જોવા આવશો અને પછી....'' છેલ્લો શબ્દ બોલ્યા પછી પોતાની કીકીને ધનયશે ગોળગોળ ઘુમાવેલી અને એ હસ્યો હતો. એનો સૂચન કલ્યો સમઝી ગયો હતો.

''તને મારી શરત તો યાદ છે ને ?'' મજાકમાં કલ્યો બોલેલો.

''હા ભાઈ ! તને મદનકદલી કરતાં...''

''હા તને સારું યાદ રહે છે.'' પોતાની પ્રશંસા થતાં ધનયશે પોતાનાં

શરીરને કમરથી ઝૂકાવીને નમસ્કારમાં કલ્યા સામે નીચું  નમાવેલું અને પછી પોતે પિતાજીને મળવા ચાલી નીકળેલો.

સાંજે ૭ વાગે નગરના ચોકમાં મળવાનું નક્કી કરવામાં આવેલું. કલ્યાએ ધનદેવના ત્યાંથી નીકળીને ઘટીકા જોયેલી તો ફક્ત બપોરના ૨ વાગ્યા હતા. એટલે એણે પોતાની જ્યોતિષવિદ્યાના વિષયનું વધારે જ્ઞાન મેળવવા માટે પુસ્તક ભંડાર શોધવાનું નક્કી કરેલું. ચોકમાં પૂછતાં એને એક વ્યાપારીએ જ્ઞાનશાળા બતાવી દીધી હતી. અને એ જ્ઞાનશાળામાં પહોંચી ગયો હતો.

જ્ઞાનશાળા ૭ માળનો મોટો પ્રાસાદ હતો અને એમાં પાંચમા માળે પુસ્તકાલય હતું. એક ૭૦ વર્ષ આસપાસના વયોવૃદ્ધ વ્યક્તિ પુસ્તકાલયની સંભાળ રાખતા હતા અને એ કલ્યાને જોઈતાં પુસ્તકોને શોધવામાં એકદમ દક્ષ સાબિત થયેલા. પુસ્તકનું ભાડે લેવાનું મૂલ્ય આપીને, ચોકમાં સાર્થ માટે ખરીદેલા ખંડોમાં આવીને કલ્યો પોતાને અપાયેલા ખંડમાં પુસ્તકને વાંચવા બેસી ગયેલો.

પુસ્તક વાંચવામાં અને એનાં રહસ્યો ઉકેલવામાં કલ્યો મગ્ન થઈ ગયેલો અને નીચે આવેલા ધનયશે પાડેલી બૂમો પછી જ એ પુસ્તકથી છૂટો થઈ શકેલો. ફટાફટ ગમે તેમ કપડાં પહેરીને કલ્યો નીચે પહોંચેલો.

''થોડું થોડું ઓછું વાંચીને કપડા ઉપર ધ્યાન આપો..'' ધનયશે હસતાં હસતાં કહીને તૈયાર કરેલા કલ્યાના ઘોડાની લગામ કલ્યાના હાથમાં આપેલી અને બેઉ જણ ઘોડા પર ચઢીને બજાર ભણી નીકળી પડ્યા હતા.

બજારમાં ફરતાં ફરતાં અડધો કલાક પસાર થઈ ગયો હતો. ધનયશ નવી-નવી વસ્તુઓને ખરીદતો જતો હતો અને પછી એ વસ્તુનું સાચું મૂલ્ય કલ્યા સાથે ચર્ચતો હતો. કલ્યો બજારની રોનક જોવામાં મગ્ન હતો.

''કાંઈ ખરીદવું નથી કલ્યાભાઈ ? '' ધનયશે હસતાં હસતાં પૂછ્યું.

''તારી બધી વસ્તુ મારી જ તો છે.''

''હા ! એ વાત તો સાચી,'' કહીને ધનયશ ફરીથી ખરીદીમાં મગ્ન થઈ ગયો.

કલ્યાની નજર થોડે આગળ વેચાતાં પુસ્તકો તરફ ખેંચાઈ. ધનયશની નજરમાં આ વાત પકડાઈ ગઈ. એ પોતાના સહજ ક્રમ પ્રમાણે ત્યાં પહોંચ્યો.

''લો કલ્યાભાઈ ! આ તો તમને ગમતી વસ્તુ આવી. હવે તો ખરીદો. આ બધાને તો હું ખરીદવાનો નથી.'' કહીને અલગ અલગ પુસ્તકો એ કલ્યાને આપતો ગયો.

જ્યોતિષ, સાહિત્ય, નકશાઓ, શોધખોળો, કથાઓનાં પુસ્તકો હતાં અને એક બાજુ પર જ્યોતિષનો એક મોટો ગ્રંથ પડેલો હતો.

એના ઉપર **'જ્યોતિષસર્વસ્વં'** નામ અંકિત કરવામાં આવેલું હતું. એની

બહારની પેટી સ્ફટિકથી બનાવવામાં આવેલી અને એટલે જ અંદર રહેલો ગ્રંથ પ્રતિબિંબિત થઈ રહ્યો હતો. ગ્રંથનાં પાનાઓ પર સોનાની શાહીમાં ગ્રહોની સમજ આપવામાં આવેલી હતી.

''આ કેટલાનું ?'' કલ્યાએ પુસ્તક વેચનારને પૂછ્યું.

''કેમ ? ખરીદવું છે ?'' વાતને ઉડાડવા માટે વેચનારે કહ્યું.

''હા...''

''૫૦ હજાર સોનામહોર...બોલો.''

''ચલો નકકી....'' વેચનારનો મોઢાનો રંગ ઉત્તર સાંભળીને બદલાઈ ગયો.

''આ ગ્રંથ બહુ રહસ્યમય છે. આનું અધ્યયન બધા કરી શકતા નથી. તમે જોશો તો આ ગ્રંથની પેટીને ખોલવા માટેની કોઈપણ જગ્યા નથી. આ ગ્રંથ પોતાના માટે યોગ્ય વ્યક્તિઓ માટે જ ખૂલે છે. પછી બંધ થઈ જાય છે.'' આટલું બોલીને વેચનારે કલ્યાનું મોઢું જોયું.

"પછી તમને ખરીદવું હોય, તો તમારે માથે ..."

કલ્યાને વાત સાંભળીને નવાઈ લાગી. કલ્યાએ દેવાધિષ્ઠિત તલવારો, જુદાં જુદાં શસ્ત્રોના વિષયમાં સાંભળેલું, પણ ગ્રંથો પણ આવા હોય છે એ કલ્યા માટે નવું હતું.

''એ ખબર કઈ રીતે પડે કે કોઈ વ્યક્તિ આને વાંચી શકશે કે કેમ ?" વેચનારને કલ્યાએ પ્રશ્ન કર્યો.

વેચનારે ધનયશ અને કલ્યાની નજીક જઈને કંઈક કહ્યું અને પછી કલ્યો આગળ વધ્યો. એણે ગ્રંથની પેટી પર હાથ મૂક્યો.

કલ્યાના હાથમાં જોરથી ઝટકો લાગ્યો. એણે પેટી પરથી હાથ ઉપાડવાની કોશિશ કરી, પણ હાથ ઉપડ્યો નહીં.

ધનયશ ગુસ્સાથી વેચનાર તરફ જોતો રહ્યો. વેચનારના મોઢા પર અસહાયતાના ભાવ હતા.

પણ,

અચાનક એના ભાવ બદલાઈ ગયા. એની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

પેટીનો એક બાજુનો ભાગ ખૂલી ગયેલો અને ધીમે ધીમે બધા ભાગો ખૂલી રહ્યા હતા. વેચનાર પાસે કેટલાય લોકો આ ખજાનાને લેવા આવેલા, પણ બધાની ભૂંડી જ થયેલી.

જાણે કે ચમત્કાર જોતો હોય અને અભિભૂત થયેલો હોય એમ એ જમીન પર બેસી ગયો. એની આંખો પેટી પર જ જડેલી હતી. કોઈ અદ્ભુત ઘટના જોતો

હોય એમ એ સ્તબ્ધ થઈ ગયો.

ધનયશે જઈને વેચનારને ભાનમાં લાવ્યો. કલ્યાનો હાથ એ ગ્રંથ પરથી ઉઠી ગયો હતો. કલ્યાને પોતાનામાં આવતાં થોડો સમય લાગ્યો.

''કલ્યાભાઈ ! તમને શું થયું ?''

'' ના બસ... ખબર નહીં શું થયું હતું! ચાલો હવે આપણે કંઈક, પીવા જઈએ. બહુ ભૂખ લાગી છે અને હા !'' કલ્યો વેચનાર તરફ વળ્યો. વેચનાર કલ્યાના પગમાં પડવા ગયો. કલ્યાએ એને બાહુથી ઊભો કર્યો.

"આ ગ્રંથને તું તૈયાર રાખજે. હું વળતાં લેતો જઈશ."

કલ્યાને સખત ભૂખ લાગેલી. કલ્યો પોતે પણ એ ગ્રંથ પર હાથ રાખ્યા પછી ઘટેલી ઘટનાને સ્મરી શકેલો નહીં. એકદમ જુદી જ દુનિયામાં ચાલ્યો ગયો હોય એવી અનુભૂતિ એને થયેલી. કલ્યાને પોતાનો આંશિક ભૂતકાલ એમાં દૃષ્ટિગોચર થયો હતો.

અત્યારે તો પેટમાં લાગેલી આગને શમાવવાનું જ કામ ધનયશ સાથે એ કરી રહ્યો હતો. એકદમ શીતળ પવન બારીમાંથી વેશ્યાલયમાં આવી રહ્યો હતો. સામે પડેલાં શાકાહારી ભોજન અને બાજુમાં પડેલી દારૂની પ્યાલી પર જ એનું ધ્યાન હતું.

ધનયશ ફરી-ફરીને થાક્યો હતો અને આમ-તેમ જોતાં જોતાં ખાઈ રહ્યો હતો. પોતાની કલ્યાની સાથે લાગેલી શરતને પૂર્ણ કરવા માટે એ અલગ-અલગ વેશ્યાઓ તરફ દૃષ્ટિ પાડી રહ્યો હતો. પણ, અત્યાર સુધી એને સફળતા વરેલી નહોતી. મદનકદલીને ટક્કર મારી શકે એવી એકેય વેશ્યા એને દેખાઈ નહોતી.

ગરમાગરમ દાળ લઈને એક સારી દેખાતી વેશ્યા પીરસવા આવી. એ પીરસવા લાગી. ધનયશે એનો હાથ પકડી લીધો. એ વેશ્યા ધનયશ સામે જોઈને હસી.

''હું આવું છું'', કહીને ધનયશ વેશ્યાને લઈને એક ખંડમાં પ્રવેશ્યો. થોડીવાર પછી પાછળ એક એકદમ સુરુપ વેશ્યા એક બીજી ઉત્તેજક વેશ્યા સાથે અંદર પ્રવેશી. કલ્યાની આંખો વેશ્યા ઉપર જ જડાઈ ગઈ.

મોઢામાં ગરમ દાળના કારણે બળેલી જીભે એને વેશ્યાની ધૂનમાંથી બહાર કાઢ્યો. એને પોતાના હૃદયને હરનારી વેશ્યા મળી ગઈ હતી. એ વેશ્યાની પાસે જવા માટે ઊભો થયો.

પણ ત્યાં સુધી ખંડનો દરવાજો બંધ થઈ ગયો. એને ધનયશ ઉપર રીસ ચઢી. સાથે એણે પ્રભુને પોતાના હૃદયમાં સ્મર્યા,

*'એ વેશ્યા સાથે મારો ભેટો કરાવી દેને **હે કેશવ** ! '*

* * *

# મદનમંજરી

## પ્રકરણ - ૨

### ક. વ. - 18 વર્ષ 8 મહિના 1 દિવસ
### સાંજે 08.55

રક્ત રોશનીથી આખો ખંડ વ્યાપેલો હતો. દીવાલ પર ચાર લોકોના પડછાયા દીવાની જ્યોતમાં નાચતા દેખાઈ રહ્યા હતા. એમાં ત્રણ સ્ત્રીઓના પડછાયા હતા અને એક પુરુષનો.

''કઈ વેશ્યા છે કે જેની વાત ચરકે કરેલી ?'' ધનયશે ખંડમાં પ્રવેશીને આસન પર બેસતાં પૂછ્યું.

''આટલી કાં ઉતાવળ છે નામદાર ! થોડી તો રાહ જુઓ... અમે તમને સો ટકા નિરાશ નહીં કરીએ.'' પાન ચાવતી કામમંજરીએ ધનયશને કહ્યું.

''તમે અત્યાર સુધી સારો ભાગ ભજવ્યો છે. બસ, હવે તમે થોડી ધીરજ રાખો. તમે તમારી શરતમાં હારશો નહીં...પણ....'' લલિતલાવણ્યા વચ્ચે અટકી ગઈ.

''શું પણ ?'' ધનયશ ચીડાયો.

''આ તમારી સંતાકૂકડી મને ગમતી નથી. હું ક્યારનો બધી વેશ્યાઓ સામે જોઉં છું, પણ એકેય મને મદનકદલી કરતાં જોરદાર દેખાઈ નથી. શું તમે એ વેશ્યાને છૂપાવીને રાખો છો ?'' ધનયશે પોતાની શરત હારી જવાના ડરથી આક્રોશ વ્યક્ત કર્યો.

''ચરકે તમને જણાવ્યું જ હશે કે એ વેશ્યા ફક્ત રાજા માટેની જ છે. એને બીજા કોઈ પણ રાજપુરુષો પણ અડી શકતા નથી. તો તમે કઈ રીતે એને અડશો ?'' મદનમંજરીએ બોલતાં બોલતાં કુટિલ હાસ્ય રેલાવ્યું.

''આ જુઓ...'' કહીને ધનયશે પોતાના પીળા અંગવસ્ત્રમાંથી એક રાજપત્ર બહાર કાઢ્યો.

મદનમંજરીએ પત્રની ઉપર લાગેલી મહોર જોઈ. મહોર દુર્યોધ રાજાના મહામંત્રીની હતી. મહોર તોડીને મદનમંજરીએ પત્ર ખોલ્યો. મદનમંજરી પત્ર વાંચવા લાગી.

**॥ વિલાસપુર રાજ્ય ॥**

**॥ દુર્યોધ રાજા તરફથી ॥**

***વરગણિકા મદનમંજરી,***

***તમારું વેશ્યાલય વિલાસપુર રાજ્યની શાન છે. છેલ્લા કેટલાય વરસોથી તમારી સેવાઓથી વિલાસપુરને દેશ-વિદેશથી આવનારા પથિકો, ધનિકોની પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ છે.***

* ***તમારી આ સેવાના ઉપલક્ષ્યમાં હું દુર્યોધ રાજા***
* ***તમારાં વેશ્યાલયને સર્વ પ્રકારોના કરોથી મુક્ત કરું છું.***
* ***તમારાં વેશ્યાલયમાં આવનારા રાજપુરુષો પાસેથી તમને તમારી સેવાનું મૂલ્ય લેવાની છૂટ આપું છું.***
* ***ખાસ, કામલતાને હું મારાં પોતાનાં બંધનથી અત્યારે મુક્ત કરું છું. હું સાજો થઈશ, તો વાત અલગ છે.***

***પહેલા બે નિયમોની અવધિ વેશ્યાલયના અસ્તિત્વ સુધી સમજવી.***

***તમારાં વેશ્યાલયના વિકાસ માટે જે કાંઈ કરવાનું રહેશે એમાં તમને રાજ્યનો સાથ સદાય સાંપડ્યા કરશે. ખૂબ આગળ વધો અને વિલાસપુર રાજ્યને હજુ પ્રસિદ્ધ કરો એવી શુભેચ્છાઓ....***

***મહામંત્રી, ધનયશ શેઠ અને સભાજનોની સાક્ષીમાં,***

***દુર્યોધ રાજા***

''બોલો હવે શું ?'' ચહેરા પર મુસ્કાન સાથે ધનયશે પૂછ્યું.

મદનમંજરી દિગ્મૂઢ થઈ ગઈ. ચરકે સાચે અશક્ય કાર્ય પાર પાડ્યું હતું. ધનયશે દુર્યોધ રાજાનો રવૈયો જ બદલાવી કાઢ્યો હતો. વિશ્વાસ ન થતો હોય એ રીતે મદનમંજરીએ ફરીથી પત્ર વાંચ્યો.

''જ્યારે શરત લાગેલી હોય છે ને ત્યારે હું કંઈ પણ કરી શકું છું.'' ધનયશે મદનમંજરીની એકદમ નજીક આવીને કહ્યું. મદનમંજરીએ પ્રેમથી એના મોઢા પર હાથ ફેરવ્યો.

''ખૂબ ખૂબ....''

''બસ કંઈ કહેવાની જરૂરત નથી.'' ધનયશે વચ્ચે કાપતાં કહ્યું, ''હવે મને જેનો ઈન્તજાર છે એને તો લાવો.''

મદનમંજરીએ માથું હલાવ્યું અને પત્ર કામમંજરીને આપ્યો.

કામમંજરીએ એ પત્રને ઉપરથી નીચે વાંચ્યો. વાંચતા વાંચતા એનો હાથ સતત પોતાનાં તાવીજ ઉપર જતો હતો.

એનાં મોઢાંમાંથી શબ્દો સરી પડ્યા,

'આ શું ચમત્કાર પ્રભુ **કેશવ**!''

* * *

# ગણિકા

## પ્રકરણ - ૫

### ક. વ. - 18 વર્ષ 8 મહિના 1 દિવસ
### રાત્રે 09.36

રેવતી નદીના ઈતિહાસને વાંચવામાં કામલતા મશગુલ હતી. એ નદીનો ઉદ્ભવ રત્નાચલ પર્વત પર હતો અને એ વહેતાં વહેતાં ઘણાં રાજ્યોની સરહદો પાસેથી પસાર થતી હતી. પશ્ચિમમાં એ ઈક્ષ્વાકું સમુદ્રને મળતી હતી.

'ઠક ઠક ઠક....' કોઈએ દરવાજો ખટખટાવ્યો.

"ખૂલ્લો છે...." કામલતાએ પુસ્તકમાંથી ઉપર જોયા વગર બૂમ પાડી. છેલ્લા એક મહિનાથી રાજાનું આવાગમન બિલકુલ બંધ થઈ ગયો હોવાથી કામલતાને કોઈ બીજું કામ હતું નહીં અને એટલે એ નવરાશની પળોમાં પુસ્તકો વાંચ્યા કરતી. એકલવાયા સંસારમાં કામલતાના પુસ્તક સિવાય બીજા કોઈ મિત્રો હતા નહીં.

''કામલતા !''નવો અવાજ સંભળાતાં કામલતાએ ઉપર જોયું. લાવણ્યલતા સામે ઊભી હતી. આજ સુધી મદનમંજરી, કામમંજરી અને લલિતલાવણ્યા સિવાય કોઈએ પણ કામલતાના ખંડમાં પ્રવેશ કર્યો નહોતો.

આજે અચાનક લાવણ્યલતાને જોઈને કામલતાને આશ્ચર્ય થયું. કામલતાના આવવાથી પહેલાં લાવણ્યલતા વિલાસપુરની સૌથી ઉત્તેજક રૂપવાળી ગણિકા ગણાતી. અત્યારે પણ પોતાના ઘરાકોને ગાંડા કરવામાં એ સૌથી મોખરે હતી. પણ રૂપને લીધે કામલતા બહુ પ્રસિદ્ધ થઈ ગઈ હતી.

''હા લાવણ્યલતા ! આવ બેસ. આમ જ અચાનક આવવાનું થયું...'' કામલતા ઔચિત્ય માટે એના પાસે ગઈ. લાવણ્યલતા ત્યાં ને ત્યાં જ ઊભી રહી.

''ચલ કામલતા ! તને મદનમંજરીએ બોલાવી છે. તારા ગામથી સાર્થ આવ્યો છે અને એમાંથી કોઈ તને જોવા માગે છે. ચરકે કંઈક ગોઠવ્યું છે.''

કામલતાએ સાંભળ્યું તો હતું કે ઘણો મોટો સાર્થ આવવાનો હતો.

"સાર્થની શરૂઆત ક્યાંથી થયેલી?"એ પૂછતાં, "શિવપુર"જવાબ મળતાં કામલતા રાજી થયેલી.

*'કોઈક તો જાણીતું મળશે'* આ વિચાર કામલતાના મગજમાં ઝબકેલો. પણ હવે કામલતાને કોઈને પણ મળવાની ઈચ્છા જ મરી પરવારી હતી. ફરીથી કોઈક સાથે અચાનક મળવાની વાત કામલતાને અજબ અનુભૂતિ કરાવતી હતી.

''કોણ છે ? તને ખબર છે ?''

'' ના ! એ બધું મને મદનમંજરીએ કહ્યું નથી. ફક્ત તને સાથે લઈ આવવાનું કહ્યું છે.'' કામલતાનો હાથ પકડી એ એને ખેંચીને લઈ જવા લાગી.

''બસ ! આવું છું. કપડાં તો સરખાં પહેરવા દે.'' કામલતાએ સફેદ વસ્ત્ર પહેર્યાં. એનાં રુપને લાવણ્યલતા જોઈ જ રહી.

''તારૂં રૂપ સાચે જ મનમોહક છે,'' આ શબ્દો લાવણ્યલતાના મોઢેથી સરી પડ્યા.

બન્ને જણ સીડીઓથી નીચે ઉતરવા માંડયાં. રસ્તામાં અલગ-અલગ વેશ્યાઓ મળી. બધાની સામે હસીને એ બન્ને આગળ વધ્યાં. બીજા માળના જમવાના ખંડમાં તેઓ પ્રવેશ્યા.

''આપણે ક્યાં જઈએ છીએ ?'' કામલતાએ લાવણ્યલતા તરફ જોયું.

''તેં ક્યારેય નહીં જોયેલા પારદર્શક ખંડમાં....'' લાવણ્યલતાએ ઈશારો કર્યો અને કામલતા એ તરફ વળી. કામલતાએ ભોજનકક્ષમાં ભોજન કરતા લોકો પર નજર ફેરવી. એક રૂપવાન યુવક ઉપર એની દૃષ્ટિ પડી. પણ તરત જ એણે દૃષ્ટિ પાછી લઈ લીધી.

લાવણ્યલતાની પાછળ એ ખંડમાં પ્રવેશી અને લાવણ્યલતાએ દરવાજો બંધ કરી દીધો. કામલતાએ પહેલીવાર જ એ ખંડ જોયેલો. કામલતાએ જોયું કે ખંડમાં ચાર વ્યક્તિ હતા અને મદનમંજરી એક નવા આવેલા યુવાન શ્રેષ્ઠિ સાથે વાત કરી રહી હતી. શ્રેષ્ઠી કોઈકને જોવા માટે ઉતાવળો હતો, એ એના વર્તન ઉપરથી ખબર પડી જતી હતી.

''ક્યારે આવશે...?'' આટલું કહેતાં કહેતાં એ પાછળ વળ્યો અને કામલતાને જોઈને એણે મોઢું બંધ કરી દીધું.

''તો આ છે... હમમમ....'' કહીને શ્રેષ્ઠી કામલતાની નજીક આવ્યો. મદનમંજરી કામલતા તરફ જોઈને પાછળ હસી રહી હતી.

''જો મારી શરત ના હોત, તો તું મારી જ હોત...'' શ્રેષ્ઠીએ કામલતાની પાસે આવીને કહ્યું.

કંઈક વિચારીને એ પાછો પોતાના સ્થાન પર જઈને બેસી ગયો. કામલતાને લેવા માટે મદનમંજરી ઊભી થઈ અને કામલતાને ગળે મળી. પછી હાથથી ખેંચીને કામલતાને મદનમંજરીએ બાજુના આસન પર બેસાડી.

કામલતાને ખંડમાં આવ્યા પછી ઘટેલી ઘટના મગજમાં બેસતી નહોતી.

‘મારી શરત... તું મારી...'' આ શ્રેષ્ઠીએ શું કહ્યું હતું એની ગતાગમ કામલતાને પડી નહીં.

''આ ધનયશ શેઠ છે, કામલતા ! આ નવા આવેલા સાર્થના સાર્થપતિ, શિવપુરના ધનદેવના પુત્ર છે. બહુ જ મોજીલા સ્વભાવના છે.''

બધા હસ્યાં.

ધનદેવનું નામ સાંભળી કામલતાના મગજમાં એક આકૃતિ ઉપસી. પણ એ તરત જ બેસી ગઈ.

મદનમંજરીએ કામલતાને રાજપત્ર આપ્યો. કામલતાએ ઝડપથી ફરમાન વાંચી કાઢ્યું. એક બાજુ હાશકારો થયો તો બીજી બાજુ પોતાને ફરીથી આ ધંધામાં જોડાવું પડશે એનો ખેદ થયો.

''આ ફરમાન લાવનાર બીજો કોઈ નથી, પણ આ ધનયશ શેઠ છે.''

મદનમંજરીએ વિસ્તારથી ચરક શેઠે કરેલી ધનયશને વાત, ધનયશે રાજા પાસેથી લાવેલી સંમતિ, ધનયશની પોતાના મિત્ર કલ્યા સાથે લાગેલી શરત વિષે બતાવ્યું.

''અને હા ! ધનયશ શેઠ આપણને છ મહિનાના છ લાખ સોનામહોર પહેલાંથી જ આપી દે છે.''

કામલતાને મદનમંજરીની આંખોમાં લાલચ દેખાઈ. પણ કામલતાને એ લાલચ પાછળનું બલિદાન અને કારણ ખબર હતા. એટલે કામલતાએ મદનમંજરીએ મુકેલી વાત સ્વીકારી.

'' આ કલ્યો કોણ છે ?'' કામલતાએ ધનયશને પૂછ્યું.

ધનયશે પારદર્શક ખંડમાંથી જ, બહાર જમતા અને વારંવાર ખંડ તરફ જોતા વ્યક્તિ તરફ ઈશારો કર્યો. કામલતાની દૃષ્ટિ જેના પર પડેલી અને ઠરેલી એ જ યુવક કલ્યો હતો.

કામલતાને અંદરથી હર્ષ થયો. પહેલીવાર વેશ્યાનો ધંધો શરૂ કર્યા પછી કોઈક યુવકને જોઈને કામલતાને આકર્ષણ થયેલું.

''આ યુવક આટલો ચંચળ કેમ લાગે છે ? શું એને કોઈક રોગ છે ?'' કામલતાએ સામે પડેલી બદામને મોઢામાં નાખતાં પૂછ્યું.

''મને લાગે છે કે એણે તને જોઈ લીધી છે. તને જોયા પછી કોઈ પણ પુરુષનો આ જ હાલ થાય...'' ધનયશ બોલતાં બોલતાં કલ્યા તરફ જ જોઈ રહ્યો હતો.

ધનયશને કલ્યામાં ક્યારેય નહીં દેખાયેલી અસ્થિરતા દેખાઈ. એને પણ આશ્ચર્ય થયું.

''તો...'' કામલતા તરફ ફરતાં ધનયશે કહ્યું ''આપણી શરત નક્કી...?''

કામલતાએ પોતાનું માથું હલાવીને હા પાડી.

''તો બધી ખૂબસૂરત સ્ત્રીઓ ! હું હવે નીકળું છું. તમે જુઓ જ છો કે મારો મિત્ર મારી ગેરહાજરીમાં કેવી ચેષ્ટાઓ કરે છે! એને કોઈના સહારાની જરૂરત લાગે છે.'' ધનયશ ઊભો થયો.

લલિતલાવણ્યા પણ ધનયશ સાથે ઉભી થઈ. નાટક હજી સુધી પૂર્ણ ન્હોતું થયું.

બન્ને હાથમાં હાથ નાખી દરવાજાથી બહાર નીકળ્યા. કામલતા એ બન્નેને જતાં જોતી રહી. ધનયશ પાસે એક જબરદસ્ત આકર્ષણ કલા હતી, જે કામલતાને ઘણી ગમી.

*'શિવપુરના લોકો હંમેશાં એક ડગ આગળ જ હોય,'* પોતાને શિવપુરમાં કોઈકે કહેલી વાત કામલતાને યાદ આવી.

કામલતાને પારદર્શક કાચમાં દેખાતા કલ્યાને હમણાં જ જઈને આશ્વાસન આપવાની ઈચ્છા થઈ કે 'તું જેને શોધતો હતો, એ સપનાંની રાણી તને મળી ગઈ છે,' પણ કામલતા વેશ્યાલયના નિયમોથી બંધાયેલી હતી. કામલતાનો ભાગ કાલેથી શરૂ થવાનો હતો.

કામલતા મદનમંજરીને 'શુભરાત્રિ' કહીને પોતાના ખંડમાં ગઈ. દીવાના પ્રકાશમાં કામલતા પોતાનું અધૂરું મુકેલું પુસ્તક વાંચવા લાગી. પણ કંઈ પણ મગજમાં ઉતર્યું જ નહીં. મગજમાં વારંવાર કલ્યાનું જ ચિત્ર ઉપસ્થિત થઈ રહ્યું હતું.

એક ન સમજાય એવા સ્નેહના તંતુનો, કોઈ પૂર્વકાલીન બંધનનો અનુભવ કામલતાને થઈ રહ્યો હતો. કામલતાએ દીવો ઓલવી દીધો. ઊંડો શ્વાસ લઈને પ્રભુ પાસે માગણી કરી,

"મારા જીવનમાં આવા દિવસો દરરોજ આવે **કેશવ** !"

* * *

# અનાથ

## પ્રકરણ - ૬

### ક. વ. - 18 વર્ષ 8 મહિના 1 દિવસ
### રાત્રે 10.08

**રા**હ જોતાં કલ્યો કંટાળી ગયો.

એ રૂપસુંદરીને જોયા પછી કલ્યાને છેલ્લી વીતેલી એક ઘડી પણ એક દિવસનો અનુભવ કરાવી રહી હતી. આ એક ઘડીમાં કલ્યાને ૫૦થી ૧૦૦ વાર ધનયશ જે ખંડમાં પ્રવેશ્યો હતો એ ખંડને ખોલવાની ઈચ્છા થઈ અને એટલે એ વારંવાર એ ખંડના દરવાજાને જ જોતો રહ્યો.

ધનયશ પર પોતાને એકલા મૂકી જવા માટે કલ્યાને ખૂબ ગુસ્સો આવ્યો.

હવે બેસી રહેવું અસહ્ય થઈ ગયું. કલ્યો ઊભો જ થતો હતો અને એટલામાં ધનયશ પોતાનો હાથ વેશ્યા પર મૂકીને કલ્યો જ્યાં બેઠેલો હતો ત્યાં આવ્યો.ધનયશના બાજુમાં રહેલી વેશ્યાને જોઈને કલ્યાના મોઢા પર નિરાંત છવાઈ ગઈ.

*'આ મને ગમેલી વેશ્યા નથી'* એના મનમાં વિચારની વીજળી સ્ફોટ થઈ.

''શું યાર ! તારા લાયક એકેય વેશ્યા આ વેશ્યાલયમાં નથી. મેં બધી વેશ્યાઓને પૂછી લીધું. વેશ્યાઓએ મને દિલાસો આપીને મોકલ્યો છે કે...''

કલ્યાનું ધ્યાન ફંટાયું. એને પોતાને ગમેલી વેશ્યા ખંડમાંથી બહાર નીકળી ઉપર જતી દેખાઈ. ધનયશના શબ્દો કલ્યાના ઉપરથી ગયા.

''શું કહેતો હતો તું ?'' ધનયશને જોઈ કલ્યાએ ફરીથી પૂછ્યું.

''આજે તારી તબિયત ઠીક લાગતી નથી. મને લાગે છે કે તને વિલાસપુર ફાવ્યું નથી. તારું ધ્યાન બરાબર રહેતું નથી...'' ધનયશ એક શ્વાસે બોલવા માંડ્યો.

''હા ! તારી વાત સાચી છે...'' કલ્યો પોતાની જગ્યાએથી ઉઠ્યો.

ધનયશ પણ પોતાના સાથે બેઠેલી વેશ્યાને કંઈક કહી, એ વેશ્યાને થોડું હસાવી, કલ્યાના વિષે કંઈક કહી, કલ્યા સાથે વેશ્યાલયની બહાર નીકળ્યો.

બહાર નીકળતા જ સૂસવાટા મારતા પવનમાં કલ્યાને થોડું સારું લાગ્યું.

કલ્યાનું વેશ્યાલય છોડવાનું મન તો નહોતું, પણ એ રૂપસુંદરીને જોયા પછી એ રૂપસુંદરીને મેળવ્યા વગર આ વેશ્યાલયમાં રહેવું પણ કલ્યા માટે અઘરૂં હતું.

ધનયશ અને કલ્યો ઘોડા ઉપર ચઢ્યા. કલ્યાને ધનયશને ખંડમાં પાછળથી પ્રવેશેલી, પોતાના મનને હરનારી પેલી સ્ત્રી વિષે પૂછવાની ઈચ્છા થઈ, પણ એની વાચા ફૂટી નહીં.

''તને કોઈ વેશ્યા સારી લાગી ખરી, કલ્યા ?'' શાંતિનો ભંગ કરતા ધનયશે મોઢું ખોલ્યું.

''એમ તો...તો...'' કલ્યાની જીભ થોથવાવા લાગી.

''તારી તબિયત સાચે જ ખરાબ છે. કાલે સવારે વૈદ્યને બતાવી દેશું હોં. કાલે રાત્રે આ જ સમયે મુખ્ય વેશ્યાએ મને તારા માટે જોરદાર વેશ્યા લઈ આવવાની તૈયારી બતાવી છે. એટલે સાંજે તું આજના જ સમય તૈયાર રહેજે. મેં કેટલાય રૂપિયા તારા માટે ચૂકવ્યા છે.'' ધનયશ બીજી બાજુ જોઈ મનમાં જ હસ્યો.

એને ખબર હતી કે કલ્યો એની સામે જોઈ રહ્યો હતો.

***

## રાત્રે 11.34

કલ્યો જે સ્થાને રોકાયેલો હતો, એ સ્થાન આવી ગયું. કલ્યાના હાથમાં જ્યોતિષનો ગ્રંથ હતો. કલ્યાની ગ્રંથ ખોલવાની શક્તિથી ચકિત થઈ વેચનારે વગર મૂલ્યે કલ્યાને ગ્રંથ આપેલો. પણ ધનયશે જીદ કરીને એ વેચનારને ૨૦,૦૦૦ સોનામહોરો આપેલી. એ વેચનારની આંખોમાં આશ્ચર્ય અને આંસુ હતાં.

''અત્યારે સૂઈ જજો... ગ્રંથ રાત્રે વાંચતા નહીં...'' છેલ્લા શબ્દો કહીને ધનયશે ઘોડો આગળ દોડાવ્યો.

'શુભરાત્રિ' ની બૂમ આગળ જઈને ધનયશે પાડી અને પોતાના અંગરક્ષકો સાથે એ થોડી જ ક્ષણોમાં ઓઝલ થઈ ગયો.

ધનયશે ખંડમાં વીતેલી એકેય વાત કલ્યાને કરેલી નહોતી. કલ્યાને પાક્કું મનમાં લાગતું હતું કે કંઈક રંધાઈ રહ્યું છે. પણ શું ? એ કલ્યાને ખબર નહોતી.

પગથિયાં ચઢી એ પોતાના ખંડમાં આવ્યો. જ્યોતિષના ગ્રંથને સરખાં સ્થાને મૂકી એ પલંગ પર ઢગલો થઈ ગયો. આજનો દિવસ બહુ બધી ઘટનાઓથી ભરેલો હતો. એક એક ઘટના કલ્યાની સામે આવતી ગઈ.

કલ્યાને ઊંઘ આવી નહીં. ક્ષણ-બે ક્ષણે વેશ્યાલયમાં જોયેલી સફેદ કપડાંવાળી સ્ત્રીનું મુખડું કલ્યાના મગજમાં ઉપસવા લાગ્યું.

***

## ક. વ. - 18 વર્ષ 8 મહિના 2 દિવસ
## સવારે 07.20

કલ્યાની આંખો સવારે બળતી હતી. રાત્રે બરાબર ઊંઘ થઈ નહોતી. સવારે છેલ્લા પ્રહરમાં માંડ માંડ કલ્યાની આંખો બંધ થઈ હતી અને માંડ માંડ સૂર્યોદયની ૪ ઘડી વીત્યા પછી કલ્યો, ધનયશની બૂમને લીધે જાગ્યો હતો. કલ્યાની પલંગ પરથી ઊભા થવાની ઈચ્છા લગીરે નહોતી.

‘‘અલ્યા કલ્યાભાઈ ! આવો છો કે નહીં ?’’ ધનયશની બૂમ ફરીથી સંભળાઈ.

પોતાનું અંગવસ્ત્ર પહેરી ખંડની બારીમાંથી કલ્યાએ નીચે જોયું. ધનયશ એની સામે જ જોઈ રહ્યો હતો.

‘‘શું થયું કલ્યાભાઈ ? આવવું છે કે નહીં ? વૈદ્ય સાથે મેં વાત કરી લીધી છે.’’

‘‘ના, મને સારું છે... તમે જાઓ... હું રાત માટે તૈયાર રહીશ....’’ કલ્યાએ ધનયશ સામે હાથ હલાવ્યો.

‘‘ઠીક છે. તમે ભલા અને તમારી વિદ્યા ભલી...’’ કહીને ધનયશ નીકળી ગયો.

કલ્યો પોતાના પલંગ પર આવી ફરીથી સૂઈ ગયો. ફરીથી એ સ્ત્રીનો ચહેરો ઉપસી આવ્યો. કલ્યાએ આંખ બંધ કરી દીધી. પોતાના ૧૮-૧૯ વર્ષમાં ક્યારેય કલ્યાને આવું આકર્ષણ કોઈના પણ પ્રત્યે નહોતું થયું.

આમ-તેમ પડખાં ફેરવી કલ્યો ઊભો થયો. નહાઈ-ધોઈને એ શુદ્ધ વસ્ત્રો પહેરી એક શુદ્ધ જગ્યાએ બેસી ગયો. ધનયશના પિતા ધનદેવે શીખવેલો ઓમકારનો જાપ કલ્યાએ અડધા કલાક સુધી કર્યો.

મન થોડું શાંત પડ્યું. પોતાને ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થશે એવો આભાસ જાપમાં કલ્યાને થયો.

પછી જાપ પતાવીને કલ્યાએ પોતાના સામે રહેલો જ્યોતિષનો ગ્રંથ ખોલ્યો. એ ગ્રંથનાં પાનાં એકદમ સ્વચ્છ હતાં. એ ગ્રંથ પર સુવર્ણ અક્ષરોમાં અલગ અલગ મંત્રો અને વસ્તુઓ દોરેલી હતી.

કલ્યાએ ગ્રંથનું પાનું ફેરવ્યું. બીજા પાનાં પર નવ ગ્રહોનાં નામ અને એમનાં ચિત્રો આલેખવામાં આવેલાં હતાં. શશધર, સૂર્ય, અંગારક, બુધ, બૃહસ્પતિ, શુક્ર,

શનૈશ્ચરના ક્રમમાં ગ્રહોને સ્થાપવામાં આવ્યા હતા.

એ દરેક ગ્રહોના નીચે સંસ્કૃતમાં એની માહિતી સંક્ષેપમાં આપવામાં આવી હતી. વાણીનું સૌષ્ઠવ અનેરું હતું. કલ્યો આગળ આગળ પાનાંઓને વાંચતો ગયો. મધ્યાહ્નનો સમય થઈ ગયો.

ગ્રંથને નમસ્કાર કરી બંધ કર્યો. ગ્રંથ વાચતાં સમયે કલ્યાને બિલકુલ ભૂખ નહોતી લાગી. પણ, ગ્રંથને બંધ કર્યા પછી કલ્યાના પેટમાં આગ લાગી. સારી રીતે તૈયાર થઈ કલ્યો પોતાના ખંડમાંથી નીચે ઉતર્યો.

આજે પણ કલ્યાએ પુસ્તકભંડારમાં જવાનું નક્કી કરેલું, પણ એ કરતાં પહેલાં કલ્યાને ખાવું અતિ જરૂરી હતું. કલ્યાએ પોતાના આવાસમાંથી નીકળતાં જ જમણી બાજુ મોટી મિષ્ટાન્નની દુકાન જોઈ. દુકાન પર ઘણી ભીડ લાગેલી હતી.

કલ્યાએ ત્યાં જઈને  એક મોટો ઘેબર લીધો અને ખાઈ ગયો. પછી એ પુસ્તકાલય તરફ ઉપડ્યો. સામેથી ધનયશ અને એના સાથીદારો દેખાયા. કલ્યો એક ખૂણામાં જઈને ઊભો રહી ગયો. ધનયશ ત્યાંથી પસાર થઈ ગયો.

કલ્યાએ રાહતનો શ્વાસ ખેંચ્યો. પાંચ કલાક કલ્યાના પુસ્તકાલયમાં જ વીત્યા અને કલ્યાને કાલે મળેલા ગ્રંથ વિષેની સંપૂર્ણ માહિતી બતાવતાં પુસ્તકો વૃદ્ધ માણસની સહાયથી મળી આવ્યાં.

ગ્રંથનું નામ સાંભળતા જ એ વૃદ્ધના મોઢા પર અનેરી ચમક દેખાયેલી.

"આ ગ્રંથનું સાન્નિધ્ય દેવતાઓ કરે છે," પુસ્તકાલયની બહાર નીકળતા કલ્યાને વૃદ્ધે કાનમાં પાસે આવીને કીધું હતું.

***

## સાંજે 07.38

લાલ ધોતી અને પીળો અંગવસ્ત્ર પહેરીને ઘોડા પર  બેઠેલો કલ્યો દેવતુલ્ય લાગી રહ્યો હતો.

સાંજે ગઈકાલના સમયે જ ધનયશે આવીને કલ્યાને બૂમ પાડેલી. કલ્યો થોડીવારમાં જ નીચે પહોંચી ગયો હતો. કલ્યાનું રૂપ જોઈને ધનયશે કટાક્ષ કરેલો. "આજે તો તમે બધી વેશ્યાઓને હરી જશો."

કલ્યો બહુ હસેલો. ધનયશ કલ્યાનો સારો મિજાજ જોઈને ખૂબ ખુશ થયેલો.

વાતો કરતાં કરતાં ધનયશ ને કલ્યો વેશ્યાલયમાં પહોંચી ગયા.

બહાર પોતાના ઘોડાઓને વેશ્યાલયની રક્ષા કરનાર સૈનિકોને આપીને બન્ને જણ વેશ્યાલયના પગથિયાં ચઢી બીજા માળે આવી ગયા.

ધનયશના અંગરક્ષકોએ સાથે આવવાની ઘણી જીદ કરેલી, પણ ધનયશે

એમને નીચે જ ઊભા રાખેલા. ગઈકાલની જગ્યાએ આવીને બન્ને જણ બેઠા. ધનયશે ખાવા-પીવા માટે અલગ-અલગ વસ્તુઓ મંગાવી. ભોજન કરીને બન્ને હાથ ધોતા હતા અને એટલામાં જ ધનયશ પાસે ધનયશને ખંડમાં લઈ જનારી વેશ્યા આવી.

''લલિતલાવણ્યા ! આ મારા જીગરી માટે તારી માલિકણે કોઈ વેશ્યા શોધી કે નહીં ? નહીં તો આજે પણ આ બિચારા મારા મિત્રને બધાનાં ચહેરા જોવાનો જ વારો આવશે.'' વેશ્યા સામે ધનયશે જોઈને પૂછ્યું.

''એ તો મને કંઈ પણ ખબર નથી. એ તો માલિકણ જાણે અને તમે જાણો. મને તો તમારાથી જ કામ છે.'' કહીને એ ધનયશને કલ્યાના જોતાં જ ગઈકાલના ખંડમાં ખેંચીને લઈ ગઈ.

ધનયશ આંખોથી કલ્યા પાસે ક્ષમા માંગીને એ વેશ્યાના ખભે હાથ મૂકી ચાલ્યો ગયો.

કલ્યાને ખૂબ ગુસ્સો આવ્યો, પણ એ શાંતિથી પોતાની જગ્યાએ બેસી રહ્યો અને કાલે જોયેલી રૂપસુંદરીને શોધવા લાગ્યો. કોઈ પણ એના નજીકની વેશ્યા પણ કલ્યાને દેખાઈ નહીં.

પોતાની ધોતીમાંથી એક કાગળનો ટુકડો કાઢી કલ્યો એને વાંચવા લાગ્યો. એમાં કલ્યાએ જ્યોતિષના અલગ-અલગ ગ્રંથોનાં નામ લખ્યાં હતાં.

કાગળ પૂર્ણ થવા આવ્યો અને કલ્યાને કોઈ પોતાને બોલાવતું હોય એવું લાગ્યું. કલ્યાએ ઉપર જોયું. એક વેશ્યા ત્યાં ઊભી હતી. વેશ્યાને જોયેલી હોય એવું કલ્યાને લાગ્યું.

''તમે જ કલ્યા શેઠ છો ?'' વેશ્યાએ પૂછ્યું.

''હા !''

''અમારી ગણિકા નાયિકાએ મને તમને તમારા માટે લાવેલી વેશ્યા પાસે લઈ જવા આદેશ કર્યો છે અને ધનયશ શેઠે પણ કહ્યું છે કે એમને થોડો સમય લાગશે.''

''હા !''

કલ્યો ઊભો થયો.

પોતાની સામે ઊભી રહેલી વેશ્યાનું પણ રૂપ બહુ ઉત્તેજક હતું, પણ કલ્યાને તો અલગ જ ધૂન લાગેલી.

કલ્યો વેશ્યાની પાછળ પાછળ ઉપર ચઢવા લાગ્યો. પાંચમા માળે પહોંચીને વેશ્યા જમણી બાજુએ વળી. સામે જ દેખાતા એક વિશાળ ખંડ પર વેશ્યાએ ખટખટાવ્યું.

અંદરથી દરવાજો ખૂલ્યો.

''તમારે અહીં જવાનું છે...''

વેશ્યા ઉત્તેજક હાસ્ય કરીને ત્યાંથી જવા માંડી.

''પણ...'' વેશ્યા અટકી અને એણે કલ્યા તરફ જોયું.

''ગભરાઓ નહીં... તમે નવા છો... મને ખબર છે... પણ ... નવાઓને પોતાનામાં ડૂબાડવામાં અંદર રહેલી વ્યક્તિ બહુ હોશિયાર છે.''

વેશ્યાએ કલ્યાનો હાથ પકડી દરવાજાના અંદર ધકેલ્યો.

એક નાના છોકરા જેવું કલ્યાને લાગ્યું. બહારથી વેશ્યાએ દરવાજો બંધ કરી દીધો.

ખંડમાં એકદમ અંધારું હતું. કલ્યાને કંઈ પણ દેખાયું નહીં.

અચાનક જમણી બાજુએ કંઈક ખૂલ્યું અને એકદમ શીતળ પવન ખંડમાં વહેવા લાગ્યો. ચંદ્રનો પ્રકાશ અંદર આવતાં થોડું થોડું કલ્યાને દેખાયું. કલ્યો એ તરફ આગળ વધ્યો.

ડાબી બાજુથી થોડો અવાજ આવ્યો અને કલ્યાએ એ તરફ જોયું. ત્યાં એક દીવો પ્રગટેલો હતો. કલ્યાના જોતાં જ ધીમે ધીમે એક એક દીવાઓ પ્રગટતા ગયા.

કઈ રીતે પ્રગટે છે ? કોણ પ્રગટાવે છે ? એની કંઈ પણ ગતાગમ કલ્યાને પડી નહીં.

દીવાઓને પ્રગટવાના ક્રમને જોઈને કલ્યાને પોતાનું નામ એ દીવાઓમાં ઉપસતું દેખાયું. કલ્યાને આશ્ચર્ય થયું.

પાછળથી અચાનક કોઈએ કલ્યાનો હાથ પકડ્યો. હાથમાં અનેરી ઠંડક હતી. કલ્યો એ તરફ વળ્યો. કલ્યાને પોતાના આંખો પર વિશ્વાસ ન થયો. સવારના જાપના સંકેતો કલ્યાને યાદ આવ્યા.

કલ્યાનો હાથ પકડી સામે રહેલી વેશ્યાએ કલ્યાને પલંગ પર બેસાડ્યો. વેશ્યાનું રૂપ બહુ આકર્ષક હતું. કલ્યાએ એના હાથ પર સ્પર્શ કર્યો. કલ્યાને પોતાને જોઈતી વસ્તુ સારી રીતે મળી ગયેલી.

સફેદ વસ્ત્રમાં જોયેલી, પોતાનાં મનને ચોરનારી વેશ્યા જ એના સામે હતી. કલ્યાએ ભગવાનને સો વાર ધન્યવાદ આપ્યા. કાલે કરતાં આજે વેશ્યા વધુ આકર્ષક દેખાઈ રહી હતી.

એ સંપૂર્ણ લાલ કપડામાં સજીને આવી હતી. એની આંખોમાં અનોખી ભીનાશ હતી. કલ્યાએ ક્યારેય પણ આવું રૂપ જોયું નહોતું. બન્ને જણથી રહેવાયું નહીં.

બન્ને રતિસાગરમાં મગ્ન થઈ ગયા. મોડી રાત સુધી બન્નેની અલગ-અલગ પ્રકારની ક્રીડાઓ ચાલી. છેલ્લે પલંગ પર ઊંઘતા પહેલાં એક વ્યક્તિનો કલ્યાએ બહુ આભાર માન્યો....

**કેશવનો !**

* * *

# અનાથ

## પ્રકરણ - ૭

### ક. વ. - 21 વર્ષ 1 દિવસ
### સવારે 07.02

‘‘રે કલ્યાભાઈ ! આવો છો કે નહી ?’’ કામલતા અને કલ્યો પલંગ પર સૂતાં હતાં.

રાત્રે મોડે સુધી ગમ્મત-ગોષ્ઠી ચાલેલી. કાલે કલ્યાના ૨૧ વર્ષ પૂર્ણ થયાં હતાં.

વેશ્યાલયના નીચેથી ધનયશ રાડો પાડી રહ્યો હતો. પોતાની ચાદર દૂર કરીને કલ્યો ઉઠ્યો.

‘‘શું છે ભાઈ ધનયશ ? કેમ બૂમો પાડે છે ?’’ બારીમાંથી નીચે જોઈને કલ્યાએ પૂછ્યું.

કલ્યાની દૃષ્ટિ પલંગ પર ગઈ. કામલતા મદમસ્ત થઈને પલંગ પર સૂતી હતી.

‘‘અરે કલ્યાભાઈ ! આજે રાજમહેલમાં રાજા સાથેની આપણી મુલાકાત છે. બધું આટોપીને ફરીથી શિવપુર જવાનું પિતાજી વિચારે છે.’’ ધનયશે પ્રસ્તાવ રજૂ કર્યો.

‘‘હમમમમ....’’

‘‘કંઈ નહીં કલ્યાભાઈ ! તમારા શાસ્ત્રો અને તમારી સ્ત્રીઓ ભલી... ક્યાં તમને વિક્ષેપ કરવો. કંઈ નહીં, તમે મોજ કરો, હું તમારુ કાર્ય સંભાળી લઈશ...’’

ધનયશનો પોતાનાં કાર્યો સંભાળવા બદલ ઘણો ઘણો ઉપકાર માની બારી પાસેથી કલ્યો પાછળ વળ્યો. કામલતા પલંગ પર બેઠેલી હતી.

‘‘શુભપ્રભાતમ્... મારી રાણી...’’ કલ્યો કામલતાની બાજુમાં હસતાં હસતાં જઈને બેઠો.

‘‘કાલની રાત મારા માટે જિંદગીની સૌથી મજેદાર રાત હતી. તારી અને બાકીની વેશ્યાઓની તૈયારી અકલ્પનીય હતી.’’

કલ્યાના પ્રશંસાના શબ્દો સાંભળી કામલતા હસી.

કામલતાની મુસકાન જોઈને કલ્યો ઓવારી ગયો.

છેલ્લા કેટલાય મહિનાઓથી કલ્યા માટે આ વેશ્યાલય અને આ પલંગ રાતનો મુકામ બની ગયો હતો. કામલતાથી એક રાત પણ દૂર રહેવું કલ્યા માટે અશક્ય જેવું થઈ ગયું હતું.

શરૂઆતના મહિનાઓમાં કલ્યા અને કામલતાએ પોતાની નિજી બાબતો એકબીજાને કહી નહોતી. પછી એક રાત્રે કામલતાએ કલ્યાને પૂછેલું,

''તું મને આટલો પ્રેમ કેમ કરે છે ?''

બે ક્ષણ સુધી કલ્યો એકદમ શાંત રહ્યો હતો. એના ચહેરા પર ગંભીરતા છવાઈ ગઈ હતી. એકદમ ધીમા સ્વરે પાસે આવીને કલ્યાએ ઉત્તર આપેલો,

''મને મારી પ્રિય વસ્તુઓનો વિયોગ જિંદગીમાં ઘણીવાર થયો છે અને એટલે જ જ્યારે મને કોઈ પણ પ્રિય વસ્તુ મળે ત્યારે એ પ્રિય વસ્તુનો એકદમ સારી રીતે પ્રેમથી ભોગવટો કરવો એવી શીખ મેં લીધેલી છે. તારી સાથે હું કેટલી પળો રહીશ એ ખબર નથી. પણ જેટલી ક્ષણો હું તારી પાસે રહું એ પૂર્ણતાથી રહું એવી મારી ઈચ્છા છે. એટલે હું તને આટલો ચાહું છું.''

જવાબ સાંભળીને કલ્યાના મનમાં કઈ કઈ વસ્તુ પ્રિય હતી, એ જાણવા માટે કામલતા ઉત્કંઠિત થઈ હતી. પણ કોઈના ભૂતકાળમાં વધારે ઊંડું ઘૂસવું નહીં, એ પોતાના ધંધાનો નિયમ કામલતાને સારી રીતે ખબર હતો. એટલે કલ્યાના ઈતિહાસમાં ઘૂસવાનું કામલતાએ માંડી વાળ્યું હતું.

એ જ રાતે કલ્યાએ કામલતાને પોતાના સારપુરના ભૂતકાળની મદનકદલીના વિષેની વાતો કરેલી. ધનદની વાત સાંભળતાં કામલતાની આંખોમાં આસુ આવી ગયાં હતાં.

ત્યાર પછી મહિનાઓ વીતેલા અને ગઈ કાલે રાત્રે કલ્યાના જન્મદિવસની મોટી ઉજવણી બધી વેશ્યાઓએ ભેગા મળીને કરી હતી. ઉજવણી પૂર્ણ થયા પછી કલ્યો અને કામલતા પાંચમા માળના ખંડમાં આવી પોતાનું દરરોજનું કાર્ય વિશેષથી કરી વાતો કરતાં કરતાં સૂઈ ગયાં હતાં.

''ચલને આપણે મારા નવા મહેલમાં આજે સમય વીતાવીએ. મને તારી સાથે ઘણી બધી વાતો કરવી છે.'' કામલતાની સામે જોઈને કલ્યાએ વિનંતિ કરી.

છેલ્લા મહિનાઓમાં કલ્યાએ ધનદેવના કહેવા પ્રમાણે અલગ અલગ ધંધાઓમાં રોકાણ કરી સારી કમાણી કરેલી.

એ કમાણીના ફળસ્વરૂપે જ રાજમંદિરના સંકુલમાં કલ્યાએ એક આલિશાન મહેલ બનાવ્યો હતો. ઘરપ્રવેશ વખતે વિલાસપુરના બધા મોભીઓ હાજર હતા. અને રાજા પોતે પણ ધનદેવની વિનંતિથી આવેલો.

ધંધાના રજાના દિવસોમાં કામલતા અને કલ્યો ત્યાં જ સમય ગાળતાં.

એ મહેલમાં બધી સગવડો હતી અને એ મહેલના બગીચાની તો વાત થઈ શકે એમ જ નહોતી. કલ્યો દરરોજ સવારે વેશ્યાલયથી જઈને પોતાના બગીચામાં ઓમકારનું ધ્યાન કરતો અને પોતાનો અભ્યાસ વટવૃક્ષની ઘન શાખાઓની નીચે બેસીને કરતો.

કામલતાને પણ એ બગીચો ખૂબ ગમતો.

કામલતાએ કલ્યાની વિનંતિ વધાવી લીધી.

''બે કલાક પછી તૈયાર રહેજે. હું તને લેવા આવીશ.'' કલ્યાએ કહ્યું અને એ ખંડથી બહાર નીકળી વેશ્યાલયના સાતમા માળે પહોંચ્યો.

મદનમંજરી ત્યાં બેઠેલી હતી.

''કેમ છે મદનમંજરી ?''

કલ્યાને જોઈ મદનમંજરી ઊભી થઈ અને કલ્યાનું સ્વાગત કર્યું.

''તમારા જેવા ઘરાકો હોય પછી તો શું કહેવું ?''

બન્ને હસ્યાં.

''હું આજે કામલતાને પોતાના ત્યાં લઈ જવા માંગું છું. કદાચ બે દિવસ ત્યાં જ રહે. ચાલશે ને ?''

''તારે પૂછવાનું હોય ? લઈ જા તું.. મારી વહાલી કામલતાને હેરાન કરતો નહીં...'' મદનમંજરીએ એકદમ પ્રેમથી કહ્યું.

''ધન્યવાદ ! તારો ખૂબ આભાર !''

'' આ તો અમારું કર્તવ્ય છે. મજામાં રહેજો બન્ને.''

કલ્યો નીચે ઉતર્યો. આટલા મહિનાઓ સાથે રહેવાના લીધે કલ્યાને કામલતા પર સંપૂર્ણ વિશ્વાસ થઈ ગયો હતો. કલ્યાને પોતાનું મન હલકું કરવાની જગ્યા મળી ગઈ હતી. એ હવે કામલતાને પોતાની વલ્લભા બનાવવા માંગતો હતો.

વેશ્યાલયથી ઉતરી, પોતાનાં કપડાં સજ્જ કરી એણે રાજમહેલ તરફ પોતાનો ઘોડો હંકાર્યો. મનોમન કલ્યાએ પ્રભુ પાસે આજીજી કરી,

*'મારું કામ પાર ઉતારી દેજે **કેશવ** !'*

* * *

# ગણિકા

## પ્રકરણ - ૬

### ક. વ. - 21 વર્ષ 1 દિવસ
### સાંજે 07.47

**ર**વિને ક્ષિતિજ વટાવ્યાને અડધો પ્રહર વીતી ગયો હતો.

કામલતા અને કલ્યો બન્ને રસોઈઘરમાં અલગ અલગ પકવાનો બનાવવા સાથે અલક-મલકની વાતોમાં મસ્ત હતાં. આજે ધનદેવ અને એમના પરિવારને કલ્યાએ સાંજના જમણ માટે બોલાવેલા હતા.

''કલ્યા ! તું સવારે મને બે કલાક વેશ્યાલયમાં મૂકીને ક્યાં ગયો હતો ?'' પ્રશ્નસૂચક નજરે કામલતાએ કલ્યા તરફ જોયું.

શરૂઆતમાં કલ્યાને કામલતા 'શેઠ' ના નામથી બોલાવતી, પણ અમુક દિવસો ગયા પછી કલ્યાને નહી ગમતું હોવાના કારણે એના પહેલા નામથી બોલાવવાનું કામલતાએ નક્કી કરેલું. કલ્યાને પોતાનું નામ કામલતાના મુખથી નીકળતા એકદમ સારું લાગતું.

''સવારે તને છોડીને હું રાજાને મળવા ગયો હતો, એક અનોખો પ્રસ્તાવ લઈને. પણ ધનયશ વગેરે બધાની સામે રાજાએ એ પ્રસ્તાવ ઠુકરાવી દીધો. મરતાં-મરતાંય માણસને સારાં કામો કરવાની ઈચ્છા થતી નથી. કેવું કર્મ છે ને ?'' બહુ દુઃખ સાથે કલ્યો બોલ્યો.

''પ્રસ્તાવ શું હતો ?''

''જવા દે ને ... કહેવાથી શું ફાયદો છે ? જે વસ્તુ મળવાની નથી, એની વાત પણ બેકાર છે..'' રાજાએ આપેલી નિરાશા કલ્યાના મોઢા પર સાફ દેખાઈ આવતી હતી.

''બસ ! મારે તો કામલતા તને ક્યારેય છોડવી નથી. તું મારા માટે શું છે એ હું કહી શકતો નથી...'' બોલતાં બોલતાં કલ્યાનો સ્વર ભારે થઈ ગયો.

''આજે મને તેં શા માટે અહીંયા બોલાવી છે ? રસોઈ કરવા રે !'' કલ્યાનાં ઉદાસ મનને ખુશ કરવા માટે કામલતાએ હસીને કહ્યું.

''હા ! મારી તો ઈચ્છા એ જ છે કે તું મારી સાથે જ અહીં રહે, પણ...'' કલ્યો ફરીથી ઉદાસ થઈ ગયો.

વગર બોલ્યે જ બન્નેએ રાતનાં ભોજનની તૈયારીઓ કરી લીધી. કલ્યાના મહેલના મુખ્ય ખંડમાં બન્નેએ બધી વાનગીઓ મૂકી.

તૈયારીમાં બન્ને થાકી ગયા હતાં. બન્ને જઈને ખંડના પલંગ પર બેઠા.

''જીવનમાં ઘણીવાર ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ ...'' બહારથી ખટખટાવવાનો અવાજ આવ્યો.

કામલતા બોલતા કલ્યાને છોડી મહેલનો દરવાજો ખોલવા ગઈ. સામે ધનદેવ અને ધનયશ એકદમ રમણીય કપડાંમાં સજ્જ ઊભા હતા. કામલતાએ એમનું દિલધડક સ્વાગત કર્યું. કલ્યો પણ સ્વાગતની પ્રક્રિયામાં જોડાઈ ગયો.

ખાવાના જલસા શરૂ થયા. બધાએ પેટ ભરીને ખાધું. અમુક અમુક વાનગીઓમાં તો ધનયશ આંગળીઓ ચાટતો જ રહી ગયો.

''કામલતા ! તું કયાં ગામની છે ? તારાં ભોજનમાં શિવપુરનો સ્વાદ છે,'' ધનદેવે કામલતાનાં વખાણ કરતાં કહ્યું...

બધા હસી પડ્યા.

''હું તો કહું છું પિતાજી  કે કામલતાનાં રૂપ કરતાં એનો હાથ વધારે સુંદર છે.''

ફરીથી બધાં હસ્યાં.

રાતના બે પહોર વીત્યા પછી બધા નિવૃત્ત થયા. કામલતા અને કલ્યાએ બાકી રહેલું કાર્ય પતાવી પોતાના વાસખંડમાં નિવૃત્તિ લીધી.

આજે બન્ને બહુ થાકી ગયાં હતાં. બન્ને પલંગ ઉપર સૂતાં હતાં, કોણ જાણે કેમ પણ ઊંઘ કોઈને આવી નહીં.

"એક પ્રશ્ન પૂછું કલ્યા ?'' કામલતાએ ઉઠીને કલ્યાને પૂછ્યું.

કલ્યો પણ થાકી ગયો હતો. એમ ને એમ પડ્યા રહેવા કરતાં વાતો કરવી કલ્યાને ઉચિત લાગી.

"તારો ઈતિહાસ શું છે ? તું કયા ગામનો છે ? તારા માતા-પિતાનું નામ શું ? તારું બાળપણ કેવું વીત્યું ? આટલો મોટો વ્યાપારી તું કેવી રીતે બન્યો ? તને યોગ્ય લાગે તો કહેજે હો.!''

એક એક વાક્ય સાંભળતા કલ્યાનાં મોઢાનો રંગ બદલાતો ગયો. પોતાને દુભવતા પ્રશ્નો કામલતાએ પૂછ્યા હતા.

કલ્યાને કામલતા પર વિશ્વાસ હતો અને એટલે કલ્યાએ આજે પોતાનું મન ખાલી કરવાનું નક્કી કર્યું.

કામલતા તરફ જોઈને કલ્યાએ પોતાની બીના શરૂ કરી.

''મારો જન્મ શિવપુરમાં થયો હતો......''

બે ઘટિકા સુધી કલ્યાએ પોતાના જીવનમાં ઘટેલી વિવિધ પ્રકારની પરિસ્થિતિઓનું વર્ણન કર્યું. પોતાનું લક્ષ્ય પણ કામલતાને કલ્યાએ બતાવી દીધું.

''તો, હવે એ લક્ષ્ય પૂર્ણ કરવું નથી ?'' રડતી આંખે કામલતાએ કલ્યાને પૂછ્યું.

''કરવું તો છે, પણ...'' કલ્યાએ પોતાના હાથથી કામલતાને સ્પર્શ કર્યો.

''હું તને...'' કલ્યાની આંખોમાંથી અશ્રુની ધારા શરૂ થઈ.

''મારા પિતાજી આજે જો મારી સાથે હોત તો, મને શું કહેત ?'' કલ્યાના મનમાં ભારે ડંખ હતો.

''તો, હવે તને મને છોડવી પડશે... પહેલાં તારું લક્ષ્ય પૂર્ણ કરવું વધારે જરૂરી છે. તારું લક્ષ્ય પૂર્ણ થયા પછી ફરીથી આવજે... હું હંમેશાં તારા માટે છું જ.'' પોતાનાં મનમાં સો મણનો ભાર મૂકીને કામલતા બોલી.

''આજે સવારે એટલે જ હું રાજા પાસે ગયેલો. જો મારાં તારી સાથે લગ્ન થઈ જાય, તો હું તને સાથે લઈ જઈને મારા લક્ષ્યની પૂર્ણાહૂતિ કરું, પણ વિધિને એ મંજૂર નથી.''

ગમગીન અવાજમાં કલ્યાએ છેલ્લું વાક્ય પૂર્ણ કર્યું.

'' તો ક્યારે નીકળવું છે ?'' કામલતાએ સતત વહેતા અશ્રુઓ સાથે પૂછ્યું.

''કાલે સવારે...''

''સાથે કોણ છે ?''

''ધનયશને ધનદેવે સાથે મોકલવાનું વચન આપ્યું છે મારી શોધ માટે...''

''તો સવારની તૈયારી કરી લઈએ ?''

કલ્યાએ શૂન્ય આંખો સાથે માથું હલાવ્યું.

કામલતા ઊભી થઈ. બધી તૈયારીઓ કરવા લાગી. કલ્યો શૂન્યમનસ્ક બનીને કામલતાને જ જોતો રહ્યો. બધું કાર્ય આટોપીને કામલતા કલ્યા પાસે આવીને બેઠી. કલ્યાની આંખોમાં વિરહની વેદના સ્પષ્ટપણે દેખાતી હતી.

''કલ્યા ! ઘણીવાર પ્રભુ આપણાં સારા માટે જ અમુક નિર્ણયો લેતો હોય છે. એ નિર્ણયો ને અનુચીર્ણ કરવા એ આપણું કર્તવ્ય છે..'' એક મોટા ઉપદેશકની અદાથી કામલતા બોલી રહી હતી.

કલ્યાના મગજમાં એ શબ્દો બરાબર ઘૂંટાઈ રહ્યા હતા.

''દરેક સંયોગમાં વિયોગ નક્કી છે. એ વિયોગ કારણ વગર થતો નથી. એટલે જ....'' સજલતાપૂર્વક કામલતાએ કલ્યા તરફ જોયું.

કલ્યાની આંખો કામલતા પર જ હતી. "અને એટલે બધુ જ પ્રભુને સોંપી દેવું સારું છે. એક દિવસ તું સાચે જ એક વ્યક્તિનો ખૂબ આભાર માનીશ. એ વ્યક્તિ બીજો કોઈ નહીં હોય, પણ તારો ઈષ્ટદેવ હશે...

**કેશવ** !"

* * *

# અનાથ

## પ્રકરણ - ૮

### ક. વ. - 21 વર્ષ 21 દિવસ

### સવારે 09.09

રણનો અફાટ પ્રદેશ જોજનો સુધી ચારે બાજુ પથરાયેલો હતો. દૂર-સુદૂર એક નાના બિંદુ જેવું એક નગર નજરે ચઢતું હતું. સૂર્યનો તાપ ભલભલાને પાણી પાણી કરી દે એવો દઝાડી રહ્યો હતો.

૨૦ જણની નાની ટોળકી આ રણને પૂરપાટ વેગે પસાર કરી રહી હતી.

''આગળ કંઈક દેખાય છે...'' દૂર દૂર દૃષ્ટિને દોડાવતા મોઢાં પર બુકાની બાંધેલા એક અસવારે કહ્યું.

બધાની દૃષ્ટિ દૂર દેખાતાં બિંદુ પર ગઈ.

''હાશ ! ચલો, આજે આપણે પહોંચી જશું...'' ધનયશે રાહતનો શ્વાસ લીધો.

સિદ્ધપુર નગરે જવા માટે ૨૦ દિવસ પહેલાં કલ્યા અને ધનયશની આગેવાનીમાં ૨૦ જણની ટોળકીએ વિલાસપુરની વિદાય લીધેલી. રાજમંત્રી સહિત ઘણા બધા નગરજનો એમને વળાવવા આવેલા.

ધનયશ માટે પોતાના પિતાથી જુદા થવાનો આ પહેલો અવસર હતો. ધનદેવની આંખોમાં પાણી તરતું દેખાતું હતું. સૌથી નાનો હોવાના કારણે ધનયશ પર ધનદેવને વધારે પ્રેમ હતો.

બીજી બાજુ કામલતા અને ઘણી બધી બીજી વેશ્યાઓ કલ્યાને વળાવવા આવેલી. કામલતાના ચહેરા પર ગમગીની હતી, પણ રડવાનો થોડો પણ અણસાર દેખાતો નહોતો. પોતાના નકાબી ચહેરા પાછળ કામલતાએ ઘણી બધી વેદનાઓ છૂપાવી રાખી હતી.

કલ્યાએ છેલ્લીવાર કામલતા સાથે રાજબગીચામાં સહેલ કરેલી અને ઘણું રડ્યા પછી કામલતાની વિદાય લીધેલી. કામલતાના ભાવો તો વંચાઈ શકે એવા નહોતા.

શરણાઈ અને શંખના ઉચ્ચ સ્વરોમાં ધનયશ અને કલ્યાએ પ્રસ્થાન કરેલું. બ્રાહ્મણો એમના પ્રસ્થાનના નિમિત્તે રાજમાર્ગના બન્ને બાજુ ઊભા રહીને મંગલપાઠો ઉચ્ચારતા હતા. સામે શુકનવંતીકન્યકાઓ માથે ઘડો રાખી માર્ગની નિર્વિઘ્નતાની શુભેચ્છા આપવા આવેલી. શુભ વાતાવરણમાં પાછળ જોયા વગર બન્નેએ પ્રસ્થાન આદરી દીધું હતું.

કુલ ૨૮ ઘોડાઓ સાથે હતા. થોડા ઘોડાઓ પર ખાવાની વસ્તુઓ, હથિયારો, શામિયાણો બનાવવાનો સામાન લાદેલો હતો. બધા ઘોડાઓ એકસરખી ગતિવાળા હતા.

વિલાસપુરથી નીકળતાં જ રેવતી નદીનો મોટો તટ આવેલો. એના ઉપર વિલાસપુર રાજ્ય તરફથી લાંબો પુલ બનાવવામાં આવેલો. નીચે રેવતી નદીનું પાણી ખળખળ વહી રહ્યું હતું.

પહેલા ત્રણ દિવસ કોઈએ કોઈના સાથે પણ વાતચીત કરી નહોતી. બધાના મગજ પર વિલાસપુરની મીઠી યાદો અને વિલાસપુરના વિયોગના વિચારો સવાર હતા.

દિવસમાં ક્ષણે ક્ષણે કલ્યાને કામલતાની યાદ સતાવતી. ઘોડાના ડબલાઓ સિવાય એકેય અવાજ સંભળાઈ રહ્યો નહોતો.

નદીને પસાર કરીને ૨૦ ગાઉ ગયા પછી જંગલનો વિસ્તાર શરૂ થયો હતો. ત્રીજા દિવસની સાંજે ધનયશે એક મોટાં વટવૃક્ષ નીચે રોકાવાનું નક્કી કરેલું.

જંગલમાં પ્રવેશ કર્યા પછી સાથે આવેલા માણસોને કાર્યો આપી દેવામાં આવેલાં. સૌથી પહેલાં એક માણસ આગળ જઈને જોઈ આવતો કે કોઈ ખતરો છે કે નહીં. એ દરરોજ સવારે જલદી નીકળતો અને સવાર સવારમાં પાછો આવી જતો. એ માણસે આ રસ્તા પર પહેલાં બે વાર યાત્રા કરેલી હતી.

આગળના પડાવ પર પહોંચ્યા પછી બે માણસો નીચેની જમીનને સરખી કરતા અને બીજા માણસો પડાવ બાંધતા. ચાર બાંધવામાં આવતા. એક કે જે સૌથી મોટો હતો, એમાં કલ્યો અને ધનયશ રોકાતાં. એમાં બધી સુવિધાઓ રહેતી.

બીજા બે શામિયાણામાં નવ-નવ માણસો રોકાતા. ચોથો શામિયાનો ઘોડા અને ભોજન રાખવા અને બનાવવા માટે રાખેલો હતો.

ત્રીજા દિવસે કલ્યાને રોકાવવાની જગ્યા ગમી નહોતી. એને સતત એવું લાગતું હતું કે કોઈ એને ઝાડીઓમાંથી જોઈ રહ્યું છે. ધનયશને કલ્યાએ વાત કરી, પણ ધનયશે વાતને મજાકમાં ઉડાડી દીધી હતી. કલ્યાએ પણ એ વાતને આગળ વધારી નહોતી.

રાત્રે ભોજન કર્યા પછી ધનયશ અને કલ્યાએ આગળના નક્શાની ચર્ચા કરેલી અને રસ્તો નક્કી થયા પછી બન્ને પોતાના રાજાશાહી પલંગ પર ઘસઘસાટ

સૂઈ ગયા હતા.

રાત્રીનો ત્રીજો પ્રહર ચાલી રહ્યો હતો. બહાર બે ચોકીદાર તાપણું જલાવીને ચોકી કરી રહ્યા હતા. અચાનક ચોકીદારી કરતા માણસને કલ્યાના શામિયાણામાંથી અવાજ સંભળાયો.

''આગ... આગ... આગ...'' અંદરથી કોઈ બૂમો પાડતું હતું.

બેમાંથી ઉંમરમાં મોટો માણસ નાનાને ચોકી પર ધ્યાન દેવાની સૂચના આપીને સાવચેતીપૂર્વક પોતે વચ્ચે રહેલા શામિયાણા તરફ આગળ વધ્યો હતો. શામિયાણા પાસે પહોંચીને જોયું તો કલ્યો પોતાના પલંગ પર બેઠેલો હતો અને એનું આખું શરીર પરસેવાથી રેબઝેબ હતું.

એ મોટો માણસ કલ્યા પાસે ગયો હતો.ધનયશ ન જાગે એ રીતે ધીરેથી શામિયાણામાં રહેલું ઊંબાડિયું એ માણસે સળગાવેલું.

કલ્યાનાં મોઢા પર ભયની રેખાઓ સ્પષ્ટ ઉપસેલી એ માણસે જોઈ હતી. પ્યાલીમાં પાણી ભરીને કલ્યાને એ માણસે આપ્યું હતું.

''કલ્યા શેઠ ! શું થયું ? ખરાબ સપનું આવ્યું ?''

'' ના... બસ... કંઈ નહીં...'' અચકાતાં અચકાતાં કલ્યો બોલેલો.

ધીમા અવાજમાં એ મોટો માણસ અલગ-અલગ વાતો કરી અડધી ઘડી પછી પોતાના કાર્ય પર ચાલ્યો ગયો હતો.

રેણુઘટીકામાં કલ્યાએ સમય જોયેલો. એને ખબર પડેલી કે ફક્ત ત્રીજો પ્રહર અડધો જ વીત્યો હતો. એણે ફરીથી આંખ બંધ કરી સૂવાનો પ્રયાસ કર્યો હતો.

પણ, કલ્યો એટલો ડરી ગયો હતો કે કેમેય કરીને એના પર નિદ્રાદેવી પ્રસન્ન ન થયેલી.

***

## ક. વ. - 21 વર્ષ 5 દિવસ
## સવારે 09.11

બહારનો ઘોંઘાટ સાંભળી કલ્યો ચોથા દિવસે જાગ્યો. રેણુઘટીકામાં જોયું તો સવારનો પહેલો પ્રહર ચાલુ થયાને બે ઘડી થઈ ગઈ હતી.

*'કેમ કોઈએ મને નહીં જગાડ્યો ?'* વીજળીની જેમ વિચાર આવ્યો. પણ વીજળીની જેમ જ એ વિચાર ઓઝલ થઈ ગયો. રાત્રીની ઘટના કલ્યાને યાદ આવી.

થયું એવું હતું કે રાત્રે સપનું આવ્યા પછી કલ્યાને ઊંઘ નહોતી આવી. પણ, પછી પોતાના ઈષ્ટદેવનો જાપ કલ્યાએ શરૂ કરી દીધો હતો. એ જાપમાં ક્યારે આંખ ઘેરાઈ અને કલ્યાને ઊંઘ આવી ગઈ એ વાત કલ્યાને યાદ નહોતી.

અને રાત્રે ઊંઘ ઓછી થવાના કારણે સૂર્યોદય થયા પછી પણ, કલ્યો ઉઠ્યો નહોતો.

*'મારા સાથીદારો શું વિચારશે ... ? કોઈને ખબર તો નથી પડી ને .?.... કદાચ એટલે જ મને ધનયશે ઉઠાડ્યો નહીં હોય ?'*

હજી ઊંઘ આવવા છતા કલ્યો પોતાના પલંગ પરથી ઊભો થયો. શામિયાણાનો પડદો ખોલી બહાર જતાં સૂર્યના પ્રકાશથી એની આંખો અંજાઈ ગઈ. બે પળ માટે એમ જ ઊભો રહીને સવારના શીતળ પવનની લહેરો એણે અનુભવી.

પછી બધું દેખાતું થતાં એણે જોયું કે બધા સાથીદારો પોતપોતાની તૈયારીઓમાં લાગેલા હતા. ધનયશ આગળના પ્રદેશોને જોઈ આવેલા અસવાર સાથે વાતો કરી રહ્યો હતો.

આકાશમાં પૂર્વ તરફ થોડાં થોડાં ઘટાદાર કાળાં વાદળો ઘેરાઈ રહ્યાં હોય એવું કલ્યાને લાગ્યું.

*'આજે આ વરસાદ ન નડે તો સારું ?'*

કલ્યો પોતાનાં મનના વિચારો એક બાજુ મૂકી પોતાની દૈનિક તૈયારીઓમાં જોડાઈ ગયો. એક પ્રહરના અંતે બધા આગળના માર્ગ પર પ્રસ્થાન કરવા તૈયાર થઈ ગયા. હવે વાદળાંઓ બરાબર સૂર્યની સામે આવી ગયા હતા. વાતાવરણમાં અંધકારનું પ્રમાણ વધતું જઈ રહ્યું હતું.

''શું કરવું છે ?'' ધનયશે આકાશ સામે જોતાં કલ્યાને પૂછ્યું.

''આગળનું સ્થાન કેવું છે ? વચ્ચે માર્ગ કીચડવાળો છે કે કીચડ વગરનો છે ?''

''સુવેગના કહેવા મુજબ આગળનું સ્થળ તોફાનને ઝેલવા સમર્થ છે અને આગળનો માર્ગ પણ વધારે ધૂળવાળો નથી.''

''તો રાહ શેની છે ?'' કહીને કલ્યાએ ઘોડાને એડી મારી.

બધા અસવારો એક સાથે દોડવા લાગ્યા. ધનયશ કલ્યાના ઘોડાની પાસે આવ્યો.

''શું કલ્યાભાઈ ! રાત્રે શું થયું હતું ? વૃદ્ધ પંડિત એવું કહેતો હતો કે તમે આગ... આગ.... આગ... ની બૂમો પાડતા હતા.''

બે ક્ષણ માટે કલ્યો કંઈ બોલ્યો નહીં. પોતે જોયેલા ખરાબ સપનાને કલ્યો ભૂલી જવા માગતો હતો.

''કઈ નહીં ધનયશ ! રાત્રે બહુ બિહામણું સપનું આવેલું. એક સ્ત્રીને પોતાના હાથોથી જ, નહી ઈચ્છવા છતાં પણ હું આગમાં ધકેલી રહ્યો હતો. સપનામાં હું કોઈ બીજાના વશમાં સપડાયેલો હોઉં એવી અનુભૂતિ મને થયેલી. એ સ્ત્રી જેને હું બાળતો હતો એ બીજી કોઈ નહીં, પણ કામલતા...''

ધનયશે જોયું કે બોલતાં બોલતાં કામલતાની યાદથી કલ્યાના ગળે ડૂમો ભરાઈ ગયો હતો અને આંખોમાં પાણીના ટીપા બાઝી ગયેલા હતા. કલ્યાની આંખમાંથી ગળતાં ટીપાંઓને છૂપાવવા માટે મુશળધાર વરસાદ વરસવા માંડ્યો.

બધા ઘોડેસવારોએ વર્ષાથી રક્ષણ કરવાનું કાપડ પહેરી લીધું હતું, એટલે ભીંજાવાનો ડર નહોતો. ધનયશે પોતાના ઘોડાને કલ્યાની વધુ નજીક લીધો.

''કલ્યાભાઈ ! મારા પિતાજીએ નીકળતી વખતે મને કહેલું કે 'કોઈ પણ માણસને કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ સાથે એટલું જ જોડાણ હોવું જોઈએ કે એ વસ્તુ માણસને પોતાનું અસ્તિત્વ ભૂલાવી ન બેસે. એ વસ્તુના પ્રભાવે જો માણસ પોતાનું અસ્તિત્વ ભૂલી જાય, તો એ વસ્તુ માણસે ત્યાગી દેવી જોઈએ.''

આ વાત સાંભળતા સાંભળતા નાનપણમાં પોતાના પિતાએ પોતાને આપેલી શીખામણ કલ્યાને યાદ આવી અને શીખામણનું સ્થળ પણ યાદ આવ્યું- **કેશવાલય...**

* * *

# ગણિકા

## પ્રકરણ - ૭

### ક. વ. - 21 વર્ષ 5 દિવસ
### સવારે 08.55

**રા**ફડામાંથી ફુફાળાં મારતા ભોરિંગની જેમ અગ્નિદાન કરનાર માણસના હાથમાં રહેલી મશાલનો અગ્નિ ફૂંફાડા મારી રહ્યો હતો. સામે રહેલી ચંદનની ચિતાને "ૐ ભૂદેવાય નમઃ", "ૐ વરુણાય નમઃ," "ૐ વૈશ્વાનરાય નમઃ," "ૐ શિવાય નમઃ" ના મંત્રો પૂર્વક ઘી વડે રાજપુરોહિત સીંચી રહ્યો હતો.

રાજા દુર્યોધથી માંડીને વિલાસપુરના બધા દિગ્ગજો આજના અગ્નિશુદ્ધિના પ્રસંગને નિહાળવા નદીકિનારે પહોંચી ગયા હતા. ગઈ કાલે સવારે જ આખાં રાજ્યમાં કામલતા ગણિકાનાં અગ્નિશુદ્ધિકરણની વાત પ્રસરી ગઈ હતી.

બધા અગ્નિશુદ્ધિકરણના કારણને શોધવા મથતા હતા, પણ કામલતા, રાજપુરોહિત અને મદનમંજરી સિવાય કોઈપણ એના કારણને જાણી શક્યા નહોતા.

દિવસનો પહેલો પ્રહર પૂર્ણાહૂતિના આરે હતો. અચાનક વાતાવરણને ચીરતો શંખનો ધ્વનિ સંભળાયો. ઢોલ નગારા 'ઢિબાંગ...ઢિબાંગ' વાગતાં સંભળાયા. બધાની નજર એ તરફ ગઈ.

૧૫-૨૦ જણનો એક સમૂહ ચિતાના સ્થળે આવી રહ્યો હતો. આગળ ૧૦ શંખવાદક અને ઢોલીઓ હતા. પાછળ એક પાલખીમાં એક સ્ત્રી બેઠેલી હતી. એની પાલખી પડદાથી ઢંકાયેલી હતી.

એ પાલખી બે સશક્ત ખભાવાળા પુરુષો એ ઉપાડી હતી. પાછળ મદનમંજરી અને વેશ્યાલયની બીજી પ્રમુખ ૨-૩ વેશ્યાઓ ચાલી રહી હતી. બધાનાં મોઢાં પર ઘેરી ઉદાસીનતા છવાયેલી હતી.

સશક્ત પુરુષોએ પાલખી ચિતાના સ્થળથી થોડે આગળ મૂકી. મદનમંજરી પાલખીના પડખે આવી. રાજપુરોહિત પણ પાલખીની નજીક આવ્યો. મદનમંજરીએ પાલખીનો પડદો ઉપર કર્યો અને પાલખીમાંથી કામલતા નીકળી.

વાતાવરણમાં નીરવ શાંતિ છવાઈ ગઈ. પહેલો પ્રહર પૂર્ણ થવાની તૈયારીમાં

હોવા છતાં પણ સૂર્યએ આજે પોતાનાં દર્શન આપ્યાં નહોતા. આખું વાતાવરણ અંધકારથી ઘેરાયેલું હતું.

અંધારામાં ચમકતી વીજળીની જેમ કામલતા અંધકારમાં પોતાનાં શ્વેત વસ્ત્રોમાં શોભી રહી હતી. એનાં મોઢાં પર અટલ નિર્ણય ચમકી રહ્યો હતો. બધાના મોઢા પર ગ્લાનિ હતી, પણ એના મોઢા પર એક અનેરી શાંતતા છવાએલી હતી. આજે કામલતા સર્વ પાપોથી વિમુક્ત થવાની હતી.

રાજપુરોહિતે આવીને કામલતાના મોઢામાં તુલસીનુ પાન મૂક્યું. હાથમાં રક્ષાપોટલી બાંધી. બન્ને કાનોની નીચે ચંદન વડે વિલેપન કર્યું. હાથમાં તુલસીનું પાણી આપ્યું અને મસ્તક પર મદનમંજરીને તિલક કરવાનું કહ્યું.

તિલક લગાડતાં લગાડતાં મદનમંજરીની આંખોમાંથી પાણી ટપકવા માંડ્યું. છેલ્લા કેટલાય મહિનાઓની પોતાની મિત્રતા આ રીતે અંતને પામશે એવું સપનામાંય વિચાર મદનમંજરીને નહોતું.

પોતાની દીકરી કરતાં પણ વધારે મદનમંજરીએ કામલતાને સાચવી હતી. મદનમંજરીને છેલ્લા કેટલાક મહિનાઓમાં વીતેલા પ્રસંગો ધડાધડ યાદ આવવા માંડ્યા.

આકાશમાં જોરદાર વીજળીનો કડાકો થયો. માટીની સુગંધ નદીની દિશા તરફથી આવનારા સૂસવાટા મારતા પવનમાં આવવા લાગી.

રાજપુરોહિતે ત્વરા કરાવતાં કરાવતાં કહ્યું, ''બધા જલદી કરો... વરસાદ બહુ ધોધમાર પડશે એવું લાગે છે. વિલંબ થશે તો ચિતા આગ નહીં પકડે... આજનું મુહૂર્ત નિષ્ફળ જશે...''

કામલતાએ પોતાની આંખોથી વાતનો સ્વીકાર કરી ચિતા તરફ ગમન આદર્યું.

રાજપુરોહિતે ફરીથી મંત્રોચ્ચાર જોરશોરથી શરૂ કરી દીધા. કામલતા ચિતાની પાસે પહોંચી.

*'મને મારા પાપોથી છૂટકારો અપાવજે વૈશ્વાનર !'* મનમાં કહીને બે સશક્ત માણસોના સહારાથી કામલતા ચિતાની ઉપર ચઢી ગઈ.

પવનની ગતિ વધવા લાગી. વીજળીના કડાકાભડાકાઓએ આખા વાતાવરણને ગુંજાવી કાઢ્યું. રાજપુરોહિતનાં માથાં પર ચિંતાની રેખાઓ ઘેરાવા માંડી.

મશાલધારકને રાજપુરોહિતે આગળ બોલાવ્યો. દુર્યોધ રાજાની રજા રાજપુરોહિતે માગી.રાજાએ મસ્તકથી હા પાડી. એની આંખોમાં પણ અશ્રુ વહેતાં હોય એવું પ્રતિભાસ થઈ રહ્યું હતું. જણ-જણનાં હૃદયમાં એક અકથ્ય ખાલીપો પ્રવેશ કરી ગયો.

રાજપુરોહિત મોટા અવાજમાં "અગ્નિદેવતાય નમઃ" બોલ્યા. ચિતાને અગ્નિપ્રદાન કરવાનો સમય થઈ ગયો હતો.

"કામલતા ! અગ્નિદેવતાની સાક્ષીએ હું આજે તને તારા કરેલા બધા પાપોથી મુક્ત કરું છું. આ અગ્નિસ્નાનથી તારો આત્મા પવિત્ર બની લાંબા કાળ સુધી દિવ્ય સુખો ભોગવે એવી હું અગ્નિદેવતાને પ્રાર્થના કરું છું. विजयी भव ! विजयी भव ! तव मनोरथः पूर्णो भवतु "

આંખોથી અગ્નિદાતાને રાજપુરોહિતે ઈશારો કર્યો.

ઘીની આહૂતિ આપીને બળતી મશાલ વડે અગ્નિદાતાએ ચિતાને પ્રજ્વલિત કરી. પહેલા પ્રયાસે અગ્નિ લાગ્યો નહીં. પણ બીજા પ્રયત્નમાં ચિતાનાં નીચેનાં લાકડાંએ અગ્નિ પકડી લીધો. અગ્નિએ ઉપર તરફનો વેગ પકડ્યો.

પવનની ભયાવહ ગતિના કારણે બધા બસો-ત્રણસો ડગલાં દૂર જઈને ઊભા રહી ગયા. સવારના ઠંડા વાતાવરણમાં આગની ગરમી બધાને દઝાડી રહી હતી.

કામલતા પોતાની આંખો બંધ કરીને બેઠેલી હતી. એના સુધી હજુ અગ્નિ પહોંચ્યો નહોતો. પણ અગ્નિની ગરમીના કારણે બાઝેલા પરસેવાનાં ટીપાં કામલતાના ઉજ્જવલ ચહેરાને વધુ ઉજ્જવલ કરી રહ્યા હતા. એક અલગ દુનિયામાં જાણે કે પહોંચી ગઈ હોય એવો ભાવ એનાં મોઢાં પર પ્રતિબિંબિત થઈ રહ્યો હતો.

આકાશમાં કાન ફાડી નાખે એવી ગર્જના થઈ. ધીમો વરસાદ શરૂ થઈ ગયો, પણ પવનના જોરના કારણે અગ્નિ તો ઝડપી વેગે વધી રહ્યો હતો.

અચાનક લોકોમાં કલબલાટ ચાલુ થઈ ગયો. રાજાએ લોકો જે તરફ ઈશારો કરી રહ્યા હતાં, એ તરફ જોયું. રાજા એ દૃશ્ય જોઈ હક્કો-બક્કો રહી ગયો. એના મોઢામાંથી જિંદગીમાં પહેલીવાર શબ્દો સરી પડ્યા;

"હાય ! **કેશવ**..."

* * *

# અનાથ

## પ્રકરણ - ૯

### ક. વ. - 21 વર્ષ 6 દિવસ

### રાત્રે 01.08

રજનીશને આકાશમાં ગતિ કર્યાને બીજો પ્રહર વીતી ગયો હતો. ગોળાકારમાં બેઠેલી વીસ જણની ટોળકી પોતાની યાત્રા શરૂ થયાને ચોથો દાડો વીત્યા પછી રાત્રે આરામ કરતાં કરતાં હુક્કામાંથી કશ મારી રહી હતી.

પોતાના જાતજાતના અનુભવોનો રસથાળ પીરસી બધા એકબીજા સાથે મિજબાની ઉડાવી રહ્યા હતા.

''તમારી આ શોધ શેના માટેની છે ? મેં સાંભળ્યું છે કે આપ શોધ માટે નીકળેલા છો...'' કલ્યા તરફ જોઈને પોતાની વીશીમાં વર્તતા એક નવજુવાને જિજ્ઞાસા વ્યક્ત કરી.

કલ્યાના મોઢાનો રંગ થોડો બદલાયો.

''વેલંધર ! એની કહાણી તો બહુ લાંબી છે. સંક્ષેપમાં કહું તો મારા હૃદયથી નજદીક અને જેની સાથે મેં સહુથી વધારે સમય ગાળ્યો છે એ વસ્તુને શોધવા હું નીકળ્યો છું. ત્રણ નગરો અને એના વનોને મેં ખૂંદી કાઢયાં છે, પણ સફળતા મળી નથી અને મળશે કે કેમ એય મોટો પ્રશ્ન છે.''

આકાશ તરફ શૂન્ય દૃષ્ટિએ કલ્યો જોઈ રહ્યો હતો. એના મનમાં પોતાની એ વસ્તુ મેળવવાની તલપના કારણે જ એણે અત્યાર સુધીનો પ્રવાસ ખેડ્યો હતો.

પ્રિય વસ્તુની નષ્ટતામાં કેવું દુઃખ હોય એ ધનયશે અનુભવેલું અને એટલે જ કલ્યાના આ વચનો સાંભળી એ પણ દુઃખથી દબાઈ ગયો હોય એવું પ્રતિભાસ થયું.

ગઈકાલના ધોધમાર વરસાદ પછી આજે વાતાવરણ કંઈક શાંત થયું હતું. આખા દિવસ વાદળોની ગોદમાં જ સૂર્ય છૂપાયો હતો. ફક્ત ક્યારેક ક્યારેક એ પોતાના પ્રકાશને ધરતી પર રેલાવતો.

આખો દિવસ ઝીણા ઝીણા વરસાદની છાંટો તો શરૂ જ હતા. રાત્રિનો પોણો

પ્રહર વીત્યા પછી એ બુંદો પણ શાંત થઈ હતી. પવનની ગતિ ધીમી પડી હતી અને વાતાવરણમાં ઠંડક હતી.

ધનયશ અને કલ્યો છેલ્લીવાર હોકલીમાંથી કશ ખેંચીને ઊભા થયા.

''શુભરાત્રી'' કહીને બન્ને પોતાના શામિયાણામાં પલંગ પર જઈ બેઠા.

પોતપોતાના ઈષ્ટદેવોને યાદ કરી એક-બીજાને શુભરાત્રી કહી બન્ને મીઠી નીંદરમાં પોઢી  ગયા.

***

## ક. વ. - 21 વર્ષ 21 દિવસ
## સવારે 09.36

દિવસો અને રાત્રીઓ વીતતી ગઈ. ૧૫ દિવસ સુધી તો જંગલનો પ્રદેશ જ હતો અને પછી અફાટ રણનો વિસ્તાર સામે ફેલાયેલો હતો. રણમાં આરામથી બે મહિના પસાર કરી શકાય એટલી સામગ્રી આ ટોળકી પાસે હતી.

૧૫ દિવસ તો વગર કોઈ મોટી હોનારતે પસાર થઈ ગયા. હવે કઠોર પરીક્ષા શરૂ થવાની હતી. દિવસે રણમાં ગરમી બેસુમાર વરસતી. રાત્રે હાડ ધ્રુજાવનારી ઠંડી પડતી.

આ રણને 'માણસખાઉ' રણ તરીકે પ્રસિદ્ધિ મળેલી હતી. કેમકે આ રણમાં જે માણસ ખોવાતો તે ફરીથી મળવો મુશ્કેલ નહીં, અશક્ય હતો.

પણ, ધનયશ અને કલ્યાની ટોળકીને એ વાતની ચિંતા નહોતી. આ રણને ત્રણ વાર સર કરનારો વ્યક્તિ એમની પાસે હતો. એ વ્યક્તિ માટે કહેવાતું કે 'રણનો ડાકુ કદાચ ખોવાઈ જાય, પણ ભોમ્યો તો નહીં જ ખોવાય.'

રાત્રે કયાં રોકાવું એનો બધો સરંજામ આ ભોમ્યાએ જ કરેલો હતો. નક્શો કાઢીને રોકાવવાની જગ્યાઓ પણ એ ભોમ્યાએ બન્ને યૂથાધિપતિઓને બતાવી દીધી હતી.

રણની યાત્રાઓ પણ બધાના અનુમાન પ્રમાણે સુખરૂપ પસાર થવા લાગી. ૧૬-૧૭, ૧૮-૧૯, ૨૦મો દિવસ પસાર થયો અને આખરે પોતાની મંઝિલ બધાને દેખાવા માંડી.

બધામાં આનંદની લહેર ફેલાઈ ગઈ. મગજમાં લાગેલી નિરાશાની ધૂળ ખંખેરાઈ ગઈ. ચમકતી વાળુની જેમ બધાનાં મોઢાં ચમકવા લાગ્યાં.

છેલ્લો એક ગાઉ પસાર કરીને ૧૯ અસવારો નગરના વિશાળ દ્વારો પાસે આવ્યા. બધાનાં મોઢાં એ દ્વારની વિશાળતાને જોઈને ખૂલ્લાનાં ખૂલ્લાં જ રહી ગયાં.

લોખંડનું ૬૦ ધનુષ મોટું દ્વાર નગરના ચારે તરફ બનાવેલું હતું. એ બધાં દ્વારોની બન્ને બાજુ એટલા જ મોટા સિંહો પાષાણમાં કંડારવામાં આવેલા હતા. એ એટલા બધા જીવંત હતા કે એક ક્ષણ માટે તો નવા વ્યક્તિને ભય લાગી જાય. એમની

આંખોમાં વિચિત્ર પ્રકારનાં રત્નો જડેલાં હતાં કે જે સૂર્યના તેજથી અગ્નિ જેવી પ્રતીતિ કરાવી રહ્યા હતા.

કોઈ દંતકથામાંથી ઊભું થયેલું દૃશ્ય દેખાતું હોય, એવું બધાને થઈ રહ્યું હતું. બધા ધીમે ધીમે પોતાના ઘોડાઓને હંકારતા દ્વાર પર તૈનાત સૈનિકો પાસે પહોંચ્યા.

સંત્રીઓનું શરીર સુડોળ અને યુદ્ધ માટે કસાયેલું લાગતું હતું. એમના ચહેરા પર પોતાના નગરની મહાનતાની રોનક સ્પષ્ટ નજરે ચડી રહી હતી.

"ક્યાંથી આવ્યા છો ?" ,"કોને મળવું છે ?", "શું કામ છે ?" વગેરે પ્રશ્નોની રમઝટ અધિકારી સંત્રીએ કરી. ધનયશ એ બધા પ્રશ્નોનો જવાબ આપવા નીચે ઉતર્યો.

ત્યાં તો પાછળથી રાજાશાહી પોષાકમાં સજ્જ ૨૦ એક જણનો સમૂહ આવતો દેખાયો. આગળ રહેલા પ્રતિભાશાળી માણસ સાથે ધનયશે પોતે આગળ મોકલેલો ભોમ્યો દેખાયો.

ધનયશ ફરીથી પોતાના ઘોડા પર ચઢી ગયો. અધિકારી સંત્રીએ ૧૯ જણને દ્વારમાંથી પસાર થવાનો નિર્દેશ આપી દીધો અને બધાને આદર આપ્યો.

૧૦૦-૨૦૦ ડગલાં ગયા પછી સામેથી આવતી ટોળકી સાથે ધનયશની ટોળકીનો ભેટો થયો.

''જય શિવશંકર...'' આગળ રહેલા પ્રતિભાશાળી પુરુષે ધનયશને જોતાં જ કહ્યું.

''જય કેશવંકર...'' ધનયશે જવાબ વાળ્યો.

''પધારો... આપે અમારુ આંગણ પવિત્ર કર્યું એના માટે અમે અતિ-અનુગ્રહિત છીએ. અમારા રાજાધિરાજ આપ શિવપુરના ધણીઓને મળવા અત્યાતુર છે....'' હાથથી આમંત્રણની ચેષ્ટાઓ કરતાં કરતાં પ્રતિભાશાળી પુરુષે કહ્યું.

ધનયશ અને કલ્યાએ માથું નમાવી આમંત્રણનો સ્વીકાર કર્યો. સામે આવેલી ૨૦ની ટોળકીએ ફરી પોતાના ઘોડાઓ વાળ્યા અને રાજમહેલ તરફ પ્રયાણ આદર્યું. પ્રતિભાશાળી પુરુષ, કલ્યો અને ધનયશ એક પંક્તિમાં ચાલવા માંડ્યા.

ધનયશ અને પ્રતિભાશાળી પુરુષે વાતચીતો શરૂ કરી. ધનયશ સંબંધો બનાવવામાં અવ્વલ હતો. કલ્યાએ થોડી વાતો સાંભળી, પણ એનું મુખ્ય લક્ષ્ય તો નગરની સુંદરતા નિહાળવામાં જ હતું.

જે પ્રથમ ક્ષણે કલ્યાએ આ નગરી જોઈ હતી, એ જ ક્ષણથી કલ્યાને નગરી સાથે પ્રેમ થઈ ગયો હતો. પોતાનું દિલ જેને ખૂબ ઈચ્છતો હતો,એ શાંતિ ચેનને આપવામાં સમર્થ આ નગરી હોય એવો અનુભવ કલ્યાને સાડા-ત્રણ કરોડ રૂવાટાંમાં થઈ રહ્યો હતો.

રસ્તામાં પસાર થતાં બગીચાઓ, ફુવારાઓ, મહેલોએ કલ્યાનું મન મોહી

લીધું. પોતે જાણે કે સ્વર્ગમાં ન આવી ગયો હોય એવી પ્રતીતિ કલ્યાને થઈ. આજુ-બાજુની દુનિયાને વીસરી જઈને એક અકલ્પ્ય સૃષ્ટિમાં કલ્યાનું મન ચાલ્યું ગયું.

રાજમહેલ આવતાં ધનયશે કલ્યાને પોતાની સૃષ્ટિમાંથી બહાર કાઢ્યો.

ધનયશની ચેષ્ટા જોઈને એના મોંમાથી શબ્દો સરી પડ્યા,

''યશ ! હું આ નગરીની સ્પર્શના કરીને ઋણી થઈ ગયો **કેશવનો**....''

* * *

# અજ્ઞાત

## પ્રકરણ - ૧

### ક. વ. - 21 વર્ષ 7 દિવસ
### બપોરે 04.05

રેતીના થરના થર રેવતી નદીના કિનારે પડેલા હતા. એક ભરવાડ પોતાના પશુધનને નદીના કિનારે પાણી પીવડાવી રહ્યો હતો. અહીંયા ત્યાં જોતા એ ભરવાડને પોતાની ડાબી બાજુ દૂર કોઈ વસ્તુ રેતીમાં  ધરબાયેલી દેખાઈ. પોતાના પશુધનને ચરતાં મૂકી ભરવાડ એ સ્થાને પહોંચ્યો.

સામે પડેલી વસ્તુ જોઈને ભરવાડની આંખો પહોળી થઈ ગઈ. સામે એક રૂપ લાવણ્યથી ભરપૂર સ્ત્રી સફેદ કપડાંમાં બેહોશ પડેલી હતી. સમુદ્રમાં રહેતી જલપરીની વાર્તાઓ એ સ્ત્રીને જોતાં જ ભરવાડને યાદ આવી.

*'જીવંત છે કે નહી ?'* એ તપાસવા માટે ભરવાડે પોતાનો કાન એ સ્ત્રીની પ્રફુલ્લિત છાતી પર મૂક્યો.

એકદમ ધીમા ધબકારા સંભળાતા હોય એવું ભરવાડને લાગ્યું

*'શું કરું?'* નો વિચાર ભરવાડના મગજમાં ઉપજ્યો. ભરવાડો નદીએ આપેલી વસ્તુઓને પવિત્ર માનતા. પોતાની માતાએ પોતાને આપેલી ભેટરૂપે માનતા. આ ભરવાડ પણ નદીની ભેટ માની એ સ્ત્રીને જીવાડવાનો પ્રયાસ કરવા લાગ્યો.

ભરવાડે પોતાના બે હાથ સ્ત્રીના છાતી પર મૂક્યા અને ફેફસાંમાં ઘૂસેલાં પાણીને કાઢવા માટે છાતી પર જોર આપવા લાગ્યો. ૧૫-૨૦ વાર કરવા છતાં પણ કંઈ નહીં થયું.

"હટ ...! શું... કરું...?" કહીને એ ત્યાંથી ઉઠ્યો અને રેવતી નદીના તટ પર કોઈ ઉપાય શોધવા માટે આંટા-ફેરા મારવા લાગ્યો.

અચાનક એના આંટા-ફેરા બંધ થઈ ગયા. એના મનમાં વિચાર ઝબૂક્યો હોય એ રીતે એ પેલી સ્ત્રી સામે જોવા લાગ્યો.

એ સ્ત્રી પાસે જઈને ફરીથી એને પાંચ-છ વાર છાતી પર જોર આપ્યું.

પરિણામ શૂન્ય !

પછી એ ભરવાડે પોતાના મોઢા દ્વારા એ સ્ત્રીમાં ગરમી ફૂંકવાનો પ્રયાસ આદર્યો. પાંચ-છ વાર કરતાં એ સ્ત્રી થોડી હલી. એનામાં થોડા પ્રાણોનો સંચાર થયો હોય એવું લાગ્યું. ફરીથી ભરવાડે જોર આપ્યું. આ અવસરે પરિણામ મળ્યું.

સ્ત્રીના મોઢાંમાંથી છાતીમાં ભરાયેલું પાણી બહાર નીકળ્યું. એ સ્ત્રી કંઈક બોલી અને ફરીથી હોશ ગુમાવી બેઠી.

ભરવાડ તો રાજીનો રેડ થઈ ગયો. ફરીથી એણે જોર આપ્યા કર્યું, પણ સ્ત્રીમાં સભાનતા આવી નહી. ભરવાડને નિરાશા થઈ, પણ નિરાશા સાથે એક અટલ નિર્ણય એ ભરવાડના મગજમાં ઉપસ્યો.

***

## ક. વ. - 21 વર્ષ 6 મહિના 7 દિવસ
## સવારે 06.39

છાણની સુગંધથી આખો ઓરડો વ્યાપ્ત હતો. ઓરડાના એક ખૂણામાં એક ઘરડી સ્ત્રી નીચે સૂતેલી એક જુવાન સ્ત્રીને સચેત કરવાનો ઉદ્યમ કરી રહી હતી.

જે ખૂણામાં એ બન્ને સ્ત્રીઓ બેઠેલી હતી, એના સામે રહેલી દીવાલમાં રહેલા ગોખલામાંથી સવારનાં સૂર્યનાં કિરણો એ ઓરડામાં પ્રાણ ફૂંકવાની મહેનત કરી રહ્યા હતાં.

છેલ્લા છ મહિનાથી આ જ દરરોજનો ક્રમ થઈ ગયો હતો. છ મહિના પહેલાં એ ઘરડી સ્ત્રીનો દીકરો, ભેંસોને ચરાવી એક સાંજે ઘરે આવેલો. એના મોઢા પર વર્તાતી અનેરી ખુશીને જોઈને એ ઘરડી સ્ત્રીએ એના દીકરાને પૂછેલું: ‘‘છમ અમથો આટલો રાજી થાય હે...?’’

‘‘મા... મા... આજે રેવતીરાણી આપણા પર રાજી થઈ હે. તો હું રાજી ન થાઉં તો છું થાઉં ?’’

‘‘કાં.... આવ્યો મોટો... તારા જેવા ભોંઠ ઉપર રેવતી રાજી થાય ખરી...?’’

‘‘તું જો તો ખરી...’’

‘‘અલ્યા છું મોટો નિધાન ઘેર લાવ્યો હે....?’’

‘‘ના....મા... નિધાન કરતાં પણ મોંઘી વસ્તુ શે....’’

‘‘હેં.... બતાવ તો ખરી ...’’ કહીને ઘરડી મા પોતાના દીકરાના પરાક્રમને જોવા બહાર આવેલી....

‘‘ક્યાં શે, ભોળ્યા ...?’’

દીકરાએ માને એક ભેંસ પર પોતાના કપડામાં વીંટાળેલી એક વસ્તુ તરફ નિર્દેશ કરેલો. ઘરડી મા એ વસ્તુ તરફ આગળ વધેલી. કપડું દૂર કરતાં જ મા સ્તબ્ધ

થઈ ગઈ હતી. બે ક્ષણ સુધી એના મોઢામાંથી વાચા જ ફૂટતી નહોતી.

‘‘હે ગાંડા ! આ તે છું સમુદ્રમાંથી જલપરી લાવી શે ? આવી પરીયોં આપણે ત્યાં હંચવાઈ ખરી ? આપણે તો રહ્યા ગરીબડા... ને આ તો ....’’ એ જ પળે સ્ત્રીના મોઢા પર ઘરડી માતાની દૃષ્ટિ ગયેલી.

‘‘અલ્યા એ ભોળ્યા ! આની તબિયત હારી નથ લાગતી... છું થયું શે આને ?’’

‘‘મા ! મેં કહ્યું ને કે મને રેવતીરાણીએ આ ભેટ ધરેલી શે...’’

માને પછી સમજાયું હતું કે પાણીમાં તણાઈને આ સ્ત્રી પોતાના દીકરાને નદીના તટ  પર મળેલી. ઘરડી માતાએ સ્ત્રીનો સ્વીકાર કરેલો.

એ દિવસથી માંડીને આજ છ મહિના વીત્યા પછી પણ એ સ્ત્રીની બધી સેવા માતાએ કરેલી. પણ કેટકેટલાય પ્રયાસો પછી પણ સચેતતાનો સંચાર એ સ્ત્રીમાં કરાવવામાં માતા નિષ્ફળ ગયેલી.

ઘડીકમાં ૨૦ એક દિવસ પછી ચેતના આવતી અને જતી. પણ સંપૂર્ણ સભાનતા ૧/૪ ઘડીથી વધારે ટકી નહોતી, એટલે આજે છ મહિના પછીની સવારે ઘરડી માતાએ પોતાની શક્તિ વિચાર્યા વગર પોતાના દીકરાને કહ્યું.

‘‘રે ભોળ્યા ! આજે નગરમાંથી ચણક વૈદડાને બોલાવી આવજે. હવે એ જ આને પુનઃજીવિત કરી શકશે.’’

જાણે કે દીકરાના મગજને વાંચતી ન હોય એ રીતે માતાએ કહ્યું. ‘‘તું ખર્ચાની ચિંતા ના કર. આ રેવતી નદીની કૃપાને હારી કરવા માટે જો તારા પિતાએ મને આપેલાં ઘરેણાં પણ વેસવા પડે તો હું તૈયાર શું. હવે ઉંમર રહી કેટલી શેં ?’’

ભરવાડના આંખોમાં પોતાની માતાની ઉદારતાને લીધે, પોતાને આટલી સારી માતા મળ્યાનાં ટીપાં બાઝી ગયાં. એ ટીપાંઓને જ લઈને બાજુમાં રહેલાં મોટાં નગર તરફ એ નીકળી ગયો. નીકળતાં સમયે એને સો ટકા ખાતરી હતી કે હવે બેસુધ પડેલી સ્ત્રીને ઉજ્જીવીત કરવાથી એને દુનિયાની કોઈપણ  તાકાત અટકાવી નહીં શકે.

***

## સાંજે 04.14

આંખો બંધ કરી... નાડી તપાસી...ધીમા ધબકારા સંભળાયા... શું થયું છે એ જણાયું... આંખો ખૂલતાં સામે પડેલી સ્ત્રી પર દૃષ્ટિ ગઈ... દયા આવી... ભગવાનને ગાળો ભાંડવાની ઈચ્છા થઈ.

‘‘માજી ! આટલું બધું વીતી ગયા પછી તમે મને બોલાવો છો ? જાણે કેમ બધા લોકો પોતાનું ડહાપણ વાપરતા હશે ?’’ પોતે માજીના આચરણથી ઘવાયા હોય એ રીતે ચણકે કહ્યું.

''અલ્યા દીકરો ! તને તો અમ ભરવાડોની સ્થિત ખબર જ શે ને ? તને વધારે છું કહેવું ?'' મીઠડાં બોલથી માજીએ વૈદ્યજીને ઠંડા પાડ્યા.

ભરવાડોની સરલતા અને પ્રેમાળતાથી ચણક વૈદ વાકેફ હતો. એમની ગરીબાઈથી પણ એ માહિતગાર હતો.

''બોલ... હવે છું કરવાનું ?... જે કરવું હશે તે બધું જ હું કરીશ... પછી...'' ભરવાડણનો અવાજ ભીનો થયો.

''ના રે માજી ! તમારી જાતનું કોઈ પણ કામ એ મારું જ કહેવાય. મેં તો તમ લોકોનું દૂધ-દહી ખાધું છે. પૈસા-બૈસાની તો ફિકર જ ન કરતા. હું તમને એક ઔષધ આપી જાઉં છું. આજે આ ઔષધિ આને મેં પીવડાવી દીધી છે.

દરરોજ તમારે ૨-૨ ટીપાં આપવાનાં. લગભગ ૫ દિવસમાં આ સંપૂર્ણ હોશમાં આવી જશે. પછી આને ૧૦ દિવસ સુધી ફક્ત પ્રવાહી વસ્તુઓ જ ખાવા આપવાની. પછી એને જે ખાવું હશે, તે સો ખાતી... બીજી કોઈ ચિંતા નહી કરતા માજી !''

આટલું કહીને ફરીથી એકવાર તપાસી ચણક વૈદ્ય ઉઠવા ગયો. ઘરડી માજીએ ચણકને બેસાડી જ રાખ્યો.

''તારે આજે મારા ઘેર વાળુ કરીને જ જવું પડછે... એના સિવાય હું તને જવા નહીં દઉં...હા ! કહી રાખું શું...''

માજીની મીઠી વિનંતિને ચણક ઠુકરાવી નહીં શક્યો.

''હારૂં...'' કહીને એ જમવાની જગ્યાએ જઈને બેઠો. માજીએ પોતાના હાથથી તાજું દૂધ અને ભાત પીરસ્યા. ભાતમાં તવાવેલું તાજું માખણ નાખ્યું. ઘણા દિવસે ચણકે પેટ ભરીને શુદ્ધ દહીં-ઘી આરોગ્યાં.

એનું મોઢું પ્રફુલ્લિત થઈ ગયું. હાથ ધોયા પછી હાથમાં લાગેલી ચીકાસને વૈદે પોતાના મોઢા પર ઘસવાનું પ્રારંભ્યું. એટલામાં માજી થાળી લઈને આવી.

''વૈદજી ! કંઈ પણ બોલતા નહી હોં... મારા ઠાકોરનું કૃત્ય મારે કરવા દેજો હો...''

પછી માજીએ વૈદ્યની આરતી ઉતારી, માથે રાતું તિલક ચોડ્યું, ચોખા ઉડાડ્યા અને હાથમાં એક સોનાનો સિક્કો મૂક્યો.

વૈદ્યે ઘણી આનાકાની કરી, પણ માજી ટસની મસ નહીં થઈ. એ સિક્કાનો સ્વીકાર કરી માજીના દીકરા ભરવાડ સાથે વૈદ્યે ફરી મહાનગર તરફ પ્રયાણ આદર્યું. માજી પોતાના કૃત્યથી હર્ષ પામી.

સાંજે ભરવાડ પાછો  ઘરે ફર્યો.

''કેટલું હારૂં થયું ને ?''

''હા મા ! બહુ હારૂ થયું... પણ ...'' ભરવાડ અટકી ગયો.

''હે ભોળ્યા ! પોતાની માથી હું છુપાવે હેં રે ...?''

''કાંઈ નહી મા! ચણક વૈદ્યજીએ તેં આપેલો સોનાનો સિક્કો પરત કર્યો શે...''

માજીનું મોઢું પડી ગયું....

''મા... હું વાત કહું... જ્યારે વૈદ્યજીને એમના ઘરે છોડીને પાછો વળતો હતો, ત્યારે દેવતાના સમ લેવડાવીને ચણક વૈદ્યજીએ મને કહ્યું, ''હું તને જે આપું, એ તને લેવું પડશે....'' પછી ચણકે બે પડીકીઓ કાઢી. બન્નેમાં અલગ- અલગ ચૂર્ણો હતાં. એક તાકાતનું અને બીજું બુદ્ધિનું.

''પાંચ દિવસ પછી પહેલું અને એક મહિના પછી બીજું ચૂર્ણ આપજે. જ્યારે પેલી જાગશે, ત્યારે એને ખ્યાલ નહીં હોય કે હું કોણ છું ? ક્યાં છું ? થોડા દિવસ ભલે એ રીતે રહેતી. પછી આ ચૂર્ણ આપશે, તો એને બધું યાદ આવી જશે...''

''અને હાં...'' વૈદ્યે સોનાનો સિક્કો કાઢ્યો.

''તારી માને કહેજે કે મેં જે ક્ષણે પેલીને જોઈ એ ક્ષણથી જ મેં એને મારી બેન માની લીધી હતી. બેનના ઉપચારનો એક રૂપિયો પણ એના ઘરે ખાધા પછી લઉં, તો એ હરામનો કહેવાય. અને હરામનો એક રૂપિયો પણ હું મારા ઘરે રાખવા માગતો નથી.

તારી માને કહેજે કે મારી બહેન જલદી સાજી થાય એના માટેનું આ મારું અર્પણ છે. હું ત્યાં રહી શકતો નથી, પણ મારું આ અર્પણ તો ત્યાં રહેશે જ.'' વૈદ્યજીની આંખો ભરાઈ ગઈ હતી.

''આપનો ઘણો ઉપકાર વૈદ્યજી ! તમે જે અમારા માટે કર્યું છે એ ...'' મારા પણ ગળે ડૂમો ભરાઈ ગયો હતો.

''ઉપકાર માનવો જ હોય તો આ માટીથી બનેલા વિનાશી માનવનો નહીં માનતો, પરંતુ માનજે અવિનાશી **કેશવનો** !''

* * *

# ભરવાડણ

## પ્રકરણ - ૧

### ક. વ. - 21 વર્ષ 6 મહિના 14 દિવસ
### સવારે 05.40

**રાતો** લાલચોળ સૂર્યનો પ્રકાશ ઓરડાના ગોખલામાંથી આવી રહ્યો હતો. વૈદ્યજીના ગયાને સાતમો દિવસ ઉગ્યો હતો. પણ બેસુધ પડેલી સ્ત્રી પોતાની સંપૂર્ણ સભાનતાને મેળવવામાં સફળ નીવડી નહોતી.

પાંચમા દિવસે ઘણી આતુરતા સાથે માજીએ પોતાની દીકરી તરીકે માનેલી સ્ત્રીને હોશ આવવાની રાહ જોઈ હતી.

સૂર્યોદય વખતે બે ક્ષણ માટે સ્ત્રીએ આંખ પટપટાવેલી. માજી હર્ષમાં આવી ગયેલી. પણ જેવું માજીએ સ્ત્રીને કંઈક પૂછેલું કે એ ફરી ઢળી પડી હતી. માજી પ્રશ્ન પૂછવા માટે પોતાને આગળના બે દિવસ સુધી કોસી રહી હતી.

આમ તો સવાર-સાંજ માજી એ બેસુધ સ્ત્રી પાસે જ બેસતી હતી, પણ દૂધ ગરમ કરવા, કોઈક આવે તો એને મળવા, ગાય ભેંસોની સાર-સંભાળ કરવા એ સ્ત્રી પાસેથી હટતી અને પાછી ફરીથી કામ પતી જતાં જ આવી જતી.

આજે સવારે પણ દૂધને ગરમ કરવા માજી બહારના ઓરડામાં ગઈ હતી. ઓરડામાં પડેલી સ્ત્રીના રૂપવાન-દૂબળા ચહેરા પર સૂર્યની રોશનીનો સંચાર થઈ રહ્યો હતો. અચાનક જ સ્ત્રીની આંખો ખૂલી.

*‘હું ક્યાં છું ? હું કોણ છું ? આ ઘર કોનું છે ? મારા આજુ-બાજુમાં કોઈ કેમ નથી ?’* એક સાથે સ્ત્રીને પ્રશ્નો ઉપજ્યા.

સ્ત્રીએ પડખું ફેરવવાનો પ્રયાસ કર્યો, પણ શરીર અને પોતે જુદી હોય એવી અનુભૂતિ એને થઈ રહી હતી.

*‘મારી આવી હાલત કઈ રીતે થઈ ?’* વિચારવા માટે સ્ત્રીએ પોતાનું મગજ કસ્યું, પણ મગજમાં એક મોટો ખાલીપો પડી ગયો હોય એવું એ સ્ત્રીને લાગ્યું.

કોઈએ શસ્ત્રક્રિયા કરીને પોતાનું નાનું મગજ બહાર કાઢી દીધું હોય એવો અનુભવ સ્ત્રીને થયો.

પોતાની આંખો દ્વારા આજુબાજુની પરિસ્થિતિનું આકલન એ સ્ત્રીએ કર્યું. ગોખલામાંથી આવતાં કિરણો પોતાને દઝાડતાં હોવા છતાં સ્ત્રીમાં શક્તિનો અભાવ હોવાના લીધે એ ત્યાંને ત્યાં પડી રહી. બે ક્ષણો પસાર થઈ કે કોઈકના પગનો અવાજ પોતાની તરફ આવતો સ્ત્રીને સંભળાયો.

પોતાની આંખો સ્ત્રીએ એ તરફ માંડી. બે ક્ષણો પછી એક નીચે વળેલી આકૃતિ પોતાના પાસે આવતી સ્ત્રીએ જોઈ. એના હાથમાં એક પ્યાલો હતો. પ્યાલામાં સફેદ વસ્તુ દેખાઈ રહી હતી.

સ્ત્રીના રગેરગમાંથી પસીનો છૂટવા માંડ્યો. આટલા દિવસો સુધી પોતાના સપનાંમાં જોયેલી ચૂડેલો સ્ત્રીને યાદ આવી. એના હાથમાં રહેલો વિષનો પ્યાલો યાદ આવ્યો. હવે પોતે જલદીથી મરી જશે અને પોતાને બચાવનાર કોઈ નહીં હોય એ ભાવનાએ સ્ત્રીના મનમાં જોર પકડ્યું.

સ્ત્રીએ ઉઠવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. હવે એ વળેલી આકૃતિની દૃષ્ટિ સ્ત્રી પર ગઈ અને એ હજુ વેગ સાથે પાસે આવી. સ્ત્રી રીતસર ધ્રૂજવા લાગી. સ્ત્રીનું મોઢું અને વળેલી આકૃતિનું મોઢું સામસામે આવ્યું.

સ્ત્રીએ જોયું કે ચૂડેલ જેવા એકેય લક્ષણ એ આકૃતિનાં મોઢાં પર દેખાતાં નહોતા. એ આકૃતિની આંખોમાં અજબનો વાત્સલ્યભાવ નીતરી રહ્યો હતો. આવો પ્રેમ કોઈના મોઢા પર જોયાનું દૂર-સુદૂર સુધી સ્ત્રીને યાદ આવી રહ્યું નહોતું.

''માલી દીકરી, જાગી ગઈ શે.'' જેવું કાંઈ બોલાતાં એ આકૃતિના મોઢે સ્ત્રીએ સાંભળ્યું.

એને એ આકૃતિ શું બોલી એની ગતાગમ પડી નહીં. પછી એ આકૃતિએ પોતાના હાથમાં રહેલ સફેદ પ્રવાહી વસ્તુને સ્ત્રીના મોઢે અડાડી. આવી વસ્તુને ચાખે વર્ષો વીતી ગયાનો એહસાસ સ્ત્રીને થયો. એનો આસ્વાદ અમૃતાસ્વાદને પણ ઓળંગી જાય એવો હતો.

પછી એ આકૃતિ ઉભી થઈ અને પાછી ઓરડાની બહાર ફટાફટ ચાલી ગઈ. બહાર કોઈને બોલાવતી હોય એવો ધ્વનિ સ્ત્રીના કાને પડ્યો. સફેદ પ્રવાહી વસ્તુ શરીરમાં ગયા પછી થોડી શક્તિ સંચરતી લાગી. પોતાના હાથમાં રક્તસંચાર અનુભવાયો.

પોતે બોલી શકે છે કે નહીં ? એ જોવા માટે 'અ' 'બ' 'ક' જેવા શબ્દો સ્ત્રીએ ઉચ્ચાર્યા. શબ્દો નીકળ્યા ખરા, પણ એકદમ ધીમા અને નબળા ! ત્યાં તો ફરીથી બે જણ ઓરડામાં આવતા હોય એવા પગોનો અવાજ સંભળાયો.

આ વખતે એ વળેલી આકૃતિના સાથે એક સશક્ત અને સોહામણો દેખાતો જુવાન આવ્યો. એ બન્ને સ્ત્રી પાસે આવીને બેઠાં. બે ક્ષણ સુધી એ જુવાન સ્ત્રીને જોતો જ રહ્યો. એની આંખોમાં હર્ષના અશ્રુ બંધાતાં દેખાયાં.

*'આ અશ્રુ કેમ પાડે છે ? અને આ છે કોણ ?'* એ વાત સ્ત્રીને ખબર નહી પડી. એ પૂછવા ગઈ, પણ શબ્દો નીકળ્યા નહીં.

''મા ! રેવતીરાણીએ આપેલી ભેટ જીવી ગઈ...''

વળેલી આકૃતિએ માથું હલાવ્યું.

સ્ત્રીને ખબર પડી કે આ વળેલી આકૃતિ એ આ સશક્ત જુવાનની માતા હતી. માતાએ બહુ સારી રીતે સાચવી હતી, એટલે દીકરો નુકસાન કરશે એનો ડર સ્ત્રીને નહોતું. પણ 'રેવતી-રાણી-ભેટ' આ બધા શબ્દોનો અર્થ શું એ વાત સ્ત્રીને સમજાઈ નહીં.

''મને ખબર છે કે તમને તમે ક્યાં છો ? તમે કોણ છો ? તમે અહીં ક્યાંથી આવ્યા ? એ બધું સમજાતું નહી હોય, પણ અત્યારે તમે બહુ માંદા છો અને એટલે તમને સ્વસ્થ થવું બહુ જરૂરી છે અને એટલે હું તમને કંઈ પણ કહેવાનો નથી.

જેમ જેમ તમે ઠીક થતાં જશો, તેમ-તેમ હું તમને બધું કહેતો જઈશ. અત્યાર માટે તો એટલું જ કે આ મારી માતા છે અને એ તમારું સંપૂર્ણ ધ્યાન છેલ્લા સવા છ મહિનાથી રાખે છે અને આગળ પણ રાખશે. મારૂં નામ ગોવિંદ છે અને હું તમને મારા ઘરે લઈ આવ્યો છું...'' આટલું કહીને પેલો જુવાન અટક્યો.

સ્ત્રીને ધીમે ધીમે બધું મગજમાં ઉતરતું ગયું. સ્ત્રીએ કંઈ પણ  પૂછ્યું નહી અને પોતાના ભૂતકાળ પર પડેલા પડદાને ખોલવા જેવું પણ સ્ત્રીને નહીં લાગ્યું.

આટલી વાતચીત થતાં સ્ત્રી થાકી ગઈ હતી. એને ઊંઘ આવી રહી હતી. એણે આંખથી ઊંઘવાનો ઈશારો કર્યો. મા-દીકરા બન્નેએ માથું હલાવ્યું અને ત્યાંથી બહાર ચાલ્યા ગયા.

સ્ત્રીએ આંખો બંધ કરી અને જીવનમાં નહી અનુભવેલી શાંતિ અનુભવી.

* * *

## ક. વ. - 21 વર્ષ 7 મહિના 14 દિવસ
## સવારે 09.18

સભાનતામાં આવ્યાને સ્ત્રીને એક મહિનો વીતી ગયો. વીતેલા દિવસોમાં સ્ત્રીને ઘણી બધી વસ્તુઓ ખબર પડેલી.

દસમા દિવસે સાંજે ભરવાડ ગોવિંદ ઓરડામાં આવેલો. પાંચ દિવસ થયા પછી સ્ત્રીના શરીરમાં સારી એવી શક્તિનો સંચાર થયેલો અને એટલે વાતચીત કરવામાં સ્ત્રીને કોઈ તકલીફ હવે પડતી નહોતી. માજી સાથે પણ પેટ ભરીને સ્ત્રી વાતો કરતી. માજી પણ એને રેવતી નદીના તટ પર એ કઈ રીતે મળેલી એની બધી વાતો સંભળાવતી.

દર વખતે *'એના પહેલાં હું કોણ હતી ?'* એ પ્રશ્ન સામે આવીને ઊભો રહેતો, પણ એનો ઉત્તર ના તો સ્ત્રી આપી શકતી ના તો માજી.

દિકરો ભરવાડ ગોવિંદ પણ સાંજે સ્ત્રીને મળવા આવતો. એણે જ સ્ત્રીને બતાવેલું કે, "એ અત્યારે ભરવાડના ઘરે હતી" અને એ પોતે ગાય-ભેંસોને ચરાવીને પોતાની આજીવિકા ચલાવતો હતો.

દસમા દિવસે સાંજે ગોવિંદના આવતાં જ સ્ત્રીએ ગોવિંદને પહેલા દિવસે જ્યારે પોતે સભાનતામાં આવેલી ત્યારે એનું પોતાનું રડવાનું કારણ પૂછેલું. ગોવિંદે વિસ્તારથી પોતાની માતાની સેવા, વૈદ્યનો ઉપકારાદિની વાતો કરેલી.

સાંભળતાં સાંભળતાં સ્ત્રીની આંખોમાં પણ ઝળઝળિયાં દેખાવા લાગેલાં. એના ઉપર એક ઉપકારોનો ભાર આવી પડેલો. પછી ગોવિંદ, એની માતા સાથે સ્ત્રીની ઘનિષ્ઠતા વધતી ગયેલી.

પંદરમા દિવસે પહેલીવાર પોતાની પથારી પર સ્ત્રી ગોવિંદના ટેકે ઉભી થયેલી. એક ક્ષણ માટે તો એની આંખો સામે અંધારાં આવી ગયેલાં અને પગ ધ્રૂજવા લાગેલા. ધીમે ધીમે એ ટેવાતી ગયેલી.

વીસમા દિવસે લગભગ સાત મહિના પછી સ્ત્રીએ પહેલીવાર સ્નાન કરેલું. આટલા દિવસોનો મેલ માતાના સહારે ઘસીઘસીને સ્ત્રીએ કાઢેલો. એક અજબ તરહની તાજગીનો અનુભવ સ્ત્રીને સ્નાન કર્યા પછી થયેલો.

સ્ત્રીનું સૌંદર્ય સ્નાન કર્યા પછી ખીલી ઉઠેલું અને એટલે એને ખરાબ નજર ન લાગી જાય એટલે માતાએ કાજળનો ટીકો એના માથે કરેલો. એ ટીકો એના રૂપમાં ઘટાડો કરવાના બદલે એના રુપને હજુ મનમોહક કરનાર નીવડેલો.

સાંજે જ્યારે ગોવિંદ ગાય-ભેંસને ચરાવીને આવેલો ત્યારે ઓરડામાં દૂધ ઉકાળતી સ્ત્રીને ઓળખી પણ નહોતો શકેલો.

એને જોતાં જ પરસ્ત્રીને જોવાની લાજને લીધે ગોવિંદે પોતાનું મોઢું છૂપાવી દીધેલું. પછી એની માતાએ એને દિવસનો બધો વૃત્તાંત કીધેલો. ત્યારે એને વિશ્વાસ બેઠેલો. એક સ્ત્રી આટલી રૂપવાન હોઈ પણ શકે, એ વાત જ એના મનમાં ઉતરવા તૈયાર નહોતી.

અને પછી આજનો ૩૦મો દિવસ ઉગેલો. સવારે ગોવિંદે એક દૂધનો પ્યાલો લાવીને સ્ત્રીને આપેલો.

''આટલા જલદી દૂધ...કેમ ?''

''વૈદ્યજીએ કહ્યું છે...''

''આનાથી શું થશે.... ?''

''વૈદ્યજી કહેતા હતા કે બુદ્ધિ વધશે...''

''આ લાલ રંગનું કેમ છે ?''

''આમાં ઔષધિઓ નાખવામાં આવી છે...''

''પણ મને સારું છે...''

''વૈદ્યજીએ કહ્યું છે તો લઈ લોને...''

ગોવિંદની બહુ વિનવણી પછી સ્ત્રી દૂધ પીવા તૈયાર થઈ ગઈ હતી. ઈષ્ટદેવનું નામ લઈને દૂધ પી લીધું હતું. દૂધ પીતાં જ સ્ત્રી જમીન પર ઢળી પડેલી. દૂધ પીતાં વખતે જ ગોવિંદ પાસે આવી ગયેલો. એને ખબર હતી કે આવું થવાનું જ હતું. વૈદ્યે એને પહેલાથી કહી રાખેલું.

ગોવિંદે ધીમેથી સ્ત્રીને પોતાના હાથમાં પકડી નીચે ગાદી ઉપર સૂવડાવી. વૈદ્યે કહેલી ગોવિંદને એક વાત યાદ આવી

''આ દવા લેતાં જ આ સ્ત્રીને પોતાનો ભૂતકાળ યાદ આવશે. એ ખરાબ કે સારો કોઈપણ હોઈ શકે. આ સ્ત્રીને પોતાનો ભૂતકાળ સ્વીકારવો પડશે...''

ગોવિંદે પોતાની આંખો મીંચી દીધી. એકદમ આર્દ્ર સ્વરે ભગવાન પાસે યાચના કરી, ''પોતાના ભૂતકાળને સહન કરવાની શક્તિ આ સ્ત્રીને આપજે **કેશવ** !''

* * *

# ભરવાડ

## પ્રકરણ - ૧

### ક. વ. - 21 વર્ષ 9 મહિના
### બપોરે 12.06

રગતપીતી કે દેશી ભાષામાં કહેવા જાઓ તો માધવી લતાથી આખું ઉપવન ખીલેલું હતું. વસંતઋતુ પોતાના સંપૂર્ણ જોરમાં હતી. માધવીનાં રંગ અને સુગંધ એટલાં તો મનમોહક હતાં કે ગમગીનમાં ગમગીન માણસ પણ એના સંપર્કમાં આવ્યા પછી ગમગીન રહી શકતો નહોતો.

અને એટલે જ પોતાની ગમગીનતાને દૂર કરવા માટે જ ગોવિંદ સ્ત્રીને લઈને નગરના ઉપવનમાં આવેલો. બાળકો આખા ઉપવનમાં રમી રહ્યા હતા અને પ્રેમીઓ પોતાનો ખૂણો પકડીને પોતાની પ્રવૃત્તિમાં ઓતપ્રોત હતા. ઉપવનમાં આવ્યા પછી ગમગીની દૂર થતી બન્નેને અનુભવાઈ.

બન્યું એમ હતું કે બે દિવસ પહેલાં જ બન્ને વ્યક્તિઓના જીવનમાં મહત્ત્વનું સ્થાન ધરાવનારી માજીનું અચાનક અવસાન થઈ ગયું હતું. મરણની પૂર્વ ક્ષણોમાં સ્ત્રી પાસે માજીએ ઉકાળેલું દૂધ માંગેલું. સ્ત્રીએ લાવીને આપી દીધેલું. પછી માજીએ સ્ત્રીને ગોવિંદને બોલાવવા કહેલું.

ગોવિંદ દોડતો દોડતો આવેલો. ક્યારેય પણ કોઈ પણ વસ્તુ માટે માજીએ આ રીતે એને બોલાવેલો નહીં.

''હા મા !'' કહીને એ માજી પાસે નીચે બેઠેલો.

માએ એના કાનમાં કંઈક કહેલું.

''પણ મા ! તું અત્યારે આવી વાત કેમ કરે છે?'' આવો પ્રશ્ન ગોવિંદે પૂછેલું અને ત્યાં જ માના દેહમાંથી પ્રાણપખેરું ઉડી ગયેલા.

અચાનક ઘટેલી ઘટનાને જોઈને સ્ત્રી તત્ક્ષણ જ બેહોશ થઈ ગયેલી. ગોવિંદ ઉપર એક સાથે બે આફતો આવી પડેલી.

ગોવિંદે વિવિધ ઉપચારો કરી સ્ત્રીને ભાનમાં લાવેલી. પછી બન્નેએ ભેગા થઈને આંસુનો અપરંપાર ધોધ વહાવીને અંતિમક્રિયા કરેલી. ભરવાડોના પાડામાં

માજીનું નામ સારુ હોવાના લીધે બીજા પણ ઘણા ભરવાડો માજીને અંતિમ શ્રદ્ધાંજલિ અર્પવા આવેલા. બધાની દૃષ્ટિ માજી ઉપરથી સ્ત્રી ઉપર જતાં ગોવિંદે જોયેલી. એક અનૂઠો ગર્વ ગોવિંદને મનોમન થયો હતો. 'શેનો' એ તો એને પણ ખ્યાલ આવતો નહોતો.

માજીની અંતિમક્રિયા પતાવીને બન્ને ઘરે પાછા ફરેલા. આઠ-નવ મહિનામાં પહેલીવાર બન્નેને એકલા રહેવાનું થયેલું.

ગોવિંદે સ્ત્રીનો ભાર દૂર કરવા એને કહી દીધેલું, "તું ઓરડામાં સૂઈ જજે. હું બહાર સૂઈ જઈશ. તને મારાથી કોઈ પણ ભય નથી."

થોડી ક્ષણો પછી ગોવિંદ સ્ત્રી સૂતી છે કે નહીં એ તપાસવા ઓરડામાં ગયેલો. ત્યાંનું દૃશ્ય જોઈને એને એકદમ આનંદ થયેલો. નિરાંતે સ્ત્રી સૂતેલી હતી.

પછીના દિવસે પણ સ્ત્રીએ એકદમ સહજ વર્તન કરેલું. ઘરનાં બધાં કાર્યો એ પોતે કરી લેતી હતી. બપોરે જ્યારે ગોવિંદ ઘરે આવેલો ત્યારે એકદમ ગરમાગરમ રસોઈ સ્ત્રીએ ગોવિંદને પીરસેલી. ઘણા વખત પછી ગોવિંદે આવું ભોજન ચાખેલું.

સાંજે ભેંસોને ચરાવીને ગોવિંદ ઘરે આવેલો. ત્યારે આખા ઘરની રોનક બદલાઈ ગયેલી. ઘર એકદમ ચોખ્ખુંચટ થઈ ગયું હતું. ભેંસોના વાડા પણ ચોખ્ખા થઈ ગયેલા. ભેંસો પણ પોતાને આવું સાફ-સુથરું ઘર મળવા બદ્દલ આનંદમાં દેખાઈ રહી હતી.

"આ શું ?" એવું પૂછતાં સ્ત્રીએ ફક્ત પોતાનું માથું હલાવેલું.

એ રાત્રે ગોવિંદ બહાર સૂવા ગયેલો ત્યારે પાછળ પાછળ સ્ત્રી પણ બહાર આવેલી. એકદમ ધીમા અવાજે સ્ત્રીએ ગોવિંદને કહેલું,

"ગોવિંદ ! માજી હતા, ત્યાં સુધી મેં એમના પર વિશ્વાસ મૂકી છેલ્લા દોઢ મહિનામાં જેટલો મારો ભૂતકાળ યાદ આવેલો એટલો કહી દીધેલો. હવે એ વિભૂતિ આ દુનિયા માંથી ચાલી ગઈ છે. એટલે હવે મને એક વ્યક્તિ જોઈએ કે જેને હું બધું કહી શકું."

ગોવિંદે પોતાની આંખોથી ઈશારો કરીને 'હા' માં પોતાનું સમર્થન આપેલું.

પછી સ્ત્રીએ પોતાનું અસલ નામ, ગામ, પોતાના જીવનમાં વીતેલી ઘટનાઓના અમુક અંશો કહેલા. ગોવિંદ બધું એકધારે સાંભળી જ રહ્યો હતો. વચમાં રોકવાની ચેષ્ટા સુદ્ધા એણે કરી નહોતી. ઘટનાઓનો સિલસિલો પૂર્ણ થયા પછી સ્ત્રી વિરમી હતી.

"કામલતા..." પહેલીવાર સ્ત્રીનું નામ જાણ્યા પછી એ નામથી ગોવિંદે બોલાવેલી.

"તારું જીવન તો બહું દુઃખમય વીતેલું છે. હવેથી આગળ આવું ન થાય એનો મારા તરફથી શક્ય એટલો પ્રયાસ હું કરીશ."

ગોવિંદે કામલતા તરફ જોયેલું. એને કામલતાને એક પ્રશ્ન પૂછવાની ઈચ્છા થયેલી. પણ એ ઈચ્છાને ગોવિંદે ત્યાં ને ત્યાં જ દાટી દીધેલી.

પોતાના આટલા વર્ષોના અનુભવો પછી અને પોતાના માતા પાસેથી પણ એક વાત ગોવિંદે શીખેલી, *'કોઈના પણ જીવનમાં પોતાના અધિકાર કરતા વધારે ઊંડા ઉતરવું નહીં.'*

એ વિષયની ત્યાં જ પૂર્ણાહૂતિ કરી ગોવિંદે કામલતા સામે એક પ્રસ્તાવ મૂકેલો.

''તું કાલે મારી સાથે નગરના ઉપવનમાં ફરવા આવીશ ? એ ઉપવન બહુ રમણીય છે. એ ઉપવનમાં લોકોના દુઃખોને દૂર કરવાની ગજબની શક્તિ છે.''

બે ક્ષણ વિચાર્યા પછી કામલતાએ 'હા' પાડેલી. પછી ઘણી થાકી ગઈ હોવાના કારણે કામલતા પોતાના ઓરડામાં જઈને સૂઈ ગયેલી.

વહેલી સવારે બન્ને ઉઠી ગયેલાં. સાથે લેવાનું ભાથું કામલતાએ બહુ સિફતથી તૈયાર કરી દીધેલું. ગોવિંદ પણ પોતાના ગાય-ભેંસોને ચારો નાખી, એમના માટે પાણીની વ્યવસ્થા કરી કામલતાની સાથે બળદગાડામાં બેસી ત્યાંથી ઉપવન જવા માટે નીકળી પડેલો.

રસ્તામાં આવતી વિવિધ પ્રકારની જગ્યાઓ સાથે કામલતાનો પરિચય ગોવિંદે કરાવેલો. પોતે દૂધ-દહીં ક્યા વેચતો, પોતાના સંબંધીઓ, વૈદ્યજી ચણકની હવેલી બધું ગોવિંદે કામલતાને બતાવેલું.

અંતે બધું પસાર કરી બન્ને ઉપવનમાં પહોંચેલા.

ઉપવનનું પ્રવેશદ્વાર જ મોગરા અને નાગચંપાના સુંદર વૃક્ષોથી બનાવવામાં આવેલું. એની સોડમ ભલભલાને આકર્ષિત કરી દે એવી હતી. કામલતાએ પોતાના ટૂંકાં જીવનમાં ઘણાં ઉપવનો જોયેલા, પણ આટલું સુંદર ઉપવન તો પહેલીવાર જ જોવામાં આવેલું. એ ઉપવનમાં બધા સાથે મિત્રતા કરવાની એક અજબ-ગજબની શક્તિ વહી રહી હતી.

બન્ને ઉપવનમાં ૧/૪ ઘડી બહારથી જ એની શોભા જોઈને પ્રવેશ્યા હતા. જે ક્ષણે કામલતાએ ઉપવનમાં પગ મૂક્યો તે ક્ષણે જ પોતાની બધી વેદનાઓ, પોતાની બધી યાતનાઓ, પોતાના બધા દુઃખો એને ઓગળતાં લાગ્યાં હતાં.

રૂની જેમ એકદમ હળવી થઈ ગયેલી હોય એવો અહેસાસ એને થવા લાગ્યો. પોતાને નાનપણમાં પોતાના પિતાની સાથે રમતી વખતે જેવી લાગણી અનુભવાતી એ જ લાગણીનો ધોધ એનામાં વહેવા માંડ્યો.

ગોવિંદ આ બધી બાબતો એના બાજુમાં રહીને અનિમેષ નજરે જોતો રહેલો. એ જ વખતે ગોવિંદે પોતાના મનની વાત કામલતાની સામે ખોલી દેવાનો નિશ્ચય કરી લીધેલો. પછી બન્નેએ ધીમે-ધીમે આખા ઉપવનની સહેલ કરેલી. પછી એક

જગ્યાએ અશોક વૃક્ષના નીચે બેસીને બન્નેએ પોતાની સાથે લાવેલું ભાથું ખાધેલું.

ગોવિંદે જોયેલું કે આ ખાવા-પીવાની બધી પ્રવૃત્તિઓ વચ્ચે પણ કામલતાનું લક્ષ્ય તો બગીચામાં જ હતું. ખાવાનું આટોપીને ગોવિંદે કામલતાને કહેલું.

''ચાલ, આપણે ઉપવનના હજુ રમણીય ભાગોમાં ફરી આવીએ.''

કામલતાએ નિર્દોષતા સાથે હાં પાડેલી.

બન્ને માધવી લતાના નિકુંજોમાં આવી પહોંચ્યાં હતાં. અત્યારે બન્ને ત્યાંની શોભા નીહાળવામાં મશગુલ હતા. થોડી ક્ષણો પછી બન્ને કેતકીનાં વૃક્ષની નીચે જઈ બેઠાં.

''કામલતા !'' ગોવિંદે ધીમેથી કહ્યું.

કામલતાએ ઉપર જોયું. એની આંખોમાં અજબની શાંતિ દેખાઈ રહી હતી.

''મને તને તારાં જીવન સંબંધી ઘણા બધા પ્રશ્નો પૂછવા છે. તું કેવી પણ હશે, તો પણ હું તારો સહારો તો બનવાનો જ છું... જો તું મને કહેશે, તો હું તને સારી રીતે સમજી શકીશ. પછી તારી જેવી ઈચ્છા...'' કામલતાએ માથું હલાવીને પોતાની મંજૂરી આપી.

''મારા મનમાં કેટલાંય દિવસોથી એક પ્રશ્ન ભમે છે જેનો ઉત્તર તું જ આપી શકશે.'' ગોવિંદે કામલતા સામે જોયું.

એના મોઢા પર લેશ પણ અણગમો દેખાતો નહોતો. એટલે ગોવિંદે પોતાની વાત ચાલુ રાખી.

''તું કેવી રીતે રેવતી નદીના તટે તણાતી તણાતી આવી ?''

કામલતાએ બે ક્ષણ સુધી એક હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નહીં. પછી ધીમા અવાજે જાણે કે પોતાના ભૂતકાળને આવી રમણીય જગ્યાએ યાદ કરતાં ભાર પડતો હોય એ રીતે કહ્યું;

''મેં તમને કાલે વિલાસપુર નગરની વાત કરેલી. હું ત્યાં રહેતી હતી. એના નદી કિનારે એક અનેરો ઉત્સવ હતો. વાદળા આકાશમાં ઘેરાઈ રહ્યાં હતા. પરંતુ એ ભયાવહ નહોતાં લાગતાં. પછી અચાનક એક વ્યક્તિએ દૂરથી આવતી લહેરો જોઈ. અમારા રાજા દુર્યોધ પણ ત્યાં જ હતા.

એમના મોઢાનો રંગ પણ ફેરવાઈ ગયો. બધા ત્યાંથી દોડવા માંડ્યા. હું લોકોના પ્રવાહમાં પોતાનો માર્ગ કાઢી નહી શકી અને નદીમાં આવતા વેગીલા પૂરમાં હું તણાઈ ગઈ. એના પછી શું થયું એનું મને કંઈ પણ ભાન નથી.''

દરેક શબ્દ બોલતી વખતે ગોવિંદે કામલતામાં એક અકથ્ય વેદના જોયેલી. પછી ગોવિંદ વીતેલા દિવસે સાંજે કહેલી કથામાંથી અલગ અલગ વણઉકલ્યા કોયડાઓ પૂછતો ગયો.

થોડાના ઉત્તર કામલતાએ સ્પષ્ટતાથી આપ્યા, થોડાના નહી આપ્યા. પણ

ગોવિંદે કામલતાને કોઈ પણ પ્રશ્નમાં આગ્રહ કર્યો નહી. ગોવિંદના બધા પ્રશ્નો પૂર્ણ થયા.

''ગોવિંદ ! હવે હું તને એક પ્રશ્ન પૂછું ?'' કામલતાએ પહેલીવાર આ પ્રશ્નોત્તરીમાં ગોવિંદ સામે જોયું.

ગોવિંદ પણ એકાદ ક્ષણ માટે ડઘાઈ ગયો. પરંતુ જલદીથી જ એ સહજ થઈ ગયો અને 'હા' પાડી.

''માજીની મારા જીવનમાં બહુ મહત્ત્વની ભૂમિકા હતી. હું એમના માટે કઈ કરી પણ નહીં શકી, કેમકે ભગવાનના પ્રસાદે એ વગર કોઈ વેદનાએ સહજ જ રામશરણ થયા, પણ...'' કામલતાએ ફરી એકવાર ગોવિંદ સામે જોયું. ગોવિંદ અનિમેષ નયને એને જ તાકી રહ્યો હતો.

''માજીએ મરતી વખતે તને કાનમાં શું કહેલું ?''

''એ વાત તો હું કરવાનો જ હતો. અને એ વાત માટે જ મેં તને અહીંયા લાવેલી છે.''

કામલતાનાં મોઢાં પર આશ્ચર્યના ભાવ વંચાયા.

''મારી માએ મરતી વખતે મારી પાસે બે વસ્તુ માગેલી. પહેલી એ કે તારું હું મારા પ્રાણના અંત સુધી રક્ષણ કરું અને બીજી એ કે...'' ગોવિંદની જીભ થોથવાઈ.

''એ કે જો તું તૈયાર થાય તો.... માજીની ઈચ્છા એવી હતી કે આપણે બન્ને જણ લગ્ન કરી લઈએ.''

ગોવિંદ તરત જ કામલતા સામે ઘૂંટણે બેસી ગયો.

''મારી માની ઈચ્છા પૂર્ણ કરવા માટે અને મારામાં જો યોગ્યતા દેખાતી હોય, તો હું તારો હાથ માગું છું કામલતા ! સાક્ષી **કેશવની**...''

* * *

# ભરવાડણ

## પ્રકરણ - ૨

### ક. વ. - 22 વર્ષ 3 મહિના

### સવારે 09.18

રક્તપર્ણીના પુષ્પોથી નગર તરફ જતો સંપૂર્ણ માર્ગ સુશોભિત હતો. એ માર્ગ પર પાંચ ભરવાડણોનું ટોળું દૂધ-દહીં વેચવા નગરની વાટ ભણી ચાલી જતું હતું. બધી સખીઓ એક બીજા સાથે ગમ્મત કરી રહી હતી.

‘‘હેં કામલતા ! તું તો બહુ ભાગ્યશાળી નીકળી... તને કેટલો સરસ દેખાવડો પતિ મળ્યો હેં...’’

બધા હસ્યાં.

‘‘તે તોં તને શું પેટમાં બળે શે ... હે કે કામિણી...?’’

‘‘ના રે ના ! હું તો ભગવાનને આવાં જોડા ઘણાં બનાવો એવી પ્રાર્થના કરું છું કે જેથી ભરવાડોની ઓલાદો સોહામણી થાય...’’.

ફરી એકવાર પાંચે હસ્યાં.

‘‘અરે કામલતા ! તારા લગ્નની તો શું વાત કરવી... મેં પહેલીવાર પેટ ભરીને કોઈના લગ્નમાં ખાધું છે. મારો ભોળ્યો પતિ તો એવું કહેતો હતો કે ‘માર્યા ગોવિંદે કેમ એક જ દિવસનો ઉત્સવ રાખ્યો....વધારે દિવસ હોત, તો હું પેટ ભરીને ખાઈ તો શકત.’’

‘‘અને પેલા રમ્યાએ તો ભારે ઉદારતા દાખવી હોં કામલતા ! તારા ધણીની પ્રતિષ્ઠા બહુ કહેવાય. પેલા રમ્યાએ તને નવચંદેરી ભેંસ આપી. શું એનું રુપ અને શું એનું લાવણ્ય... એનું તો રૂપ તનેય ટપી જાય હો કામલતા !’’

ફરી બધા પેટ પકડીને હસ્યાં.

‘‘ચાલો...ચાલો... હોં બહુ થઈ તમારી લપચપ... હવે નગર આવી ગયું છે... વધારે દાંતિયા કાઢતા નહીં, નહીં તો કોઈ ઉપાડી જશે... એમ પણ નગરમાં ઉપાડવાની વાતો બહું સભળાય છે..’’ કામલતાના કહેવાથી બધાએ હસવાનું બંધ કરી દીધું.

સામે જ નગરની મોટી દીવાલો પહાડ જેવી ઊભી હતી. દર મહિને પંદર વાર કામલતા અને ભરવાડણો પોતાના માલને વેચવા માટે નગરમાં જતાં. એમના ગામથી નગર એક ગાઉ જેટલું હતું અને એટલે બધા પગપાળા જ જતા. ગાડામાં જવું પોસાતું નહીં.

કામલતા પોતાનાં લગ્નજીવનથી સંતુષ્ટ હતી. પોતાના ધાર્યા કરતાં ગોવિંદ વધારે પ્રેમાળ નીકળેલો. એ કામલતાને પોતાની ઈચ્છા મુજબ બધું કરવા દેતો અને ખુશ થતો. એટલે જ બધી ભરવાડણોમાં પણ કામલતા પોતાનું એક આગવું સ્થાન બનાવવામાં સમર્થ થયેલી.

એમના લગ્નને તો કેટલાય દિવસો સુધી લોકો ભૂલી શક્યા નહોતા. ચણક વૈદ્ય પોતે પોતાનું ભાઈ તરીકેનું કર્તવ્ય બજાવવા આવેલો. પછી ઉણપ શેની રહે ?

ભરવાડણો નગરના મુખ્ય દ્વારમાં પોતાનો ઘૂંઘટો નાક સુધી નાખીને પ્રવેશી. પહેલાં જેવી ગમ્મતો એમની ચાલ કે આચરણમાં જોવા મળી નહીં. આગળની શેરીઓમાં આવતાં ઘરોમાં કામલતાને છોડીને બાકી બધી ભરવાડણોએ પોતાના દહીં-દૂધ વેંચી કાઢ્યા. કામલતાની નવચંદેરી ભેંસમાંથી નીકળતું દૂધ રાજમહેલમાં જતું. બીજું બધું દૂધ તો ભરવાડો પોતે જ ખરીદી લેતા.

છેલ્લા કેટલાય વખતથી ગોવિંદનું નામ સુખી ભરવાડોમાં ગણાતું થઈ ગયુ હતું. એક નવું ૫૦૦ ગાયોનું ધણ પણ ત્રણ દિવસ પહેલા જ ગોવિંદે લીધેલું. બધી રીતે દિવસો અનુકૂળ પસાર થતા હતા.

બધી ભરવાડણો પોતાની મટકીઓ ખાલી કરીને, ધોઈને પાણીથી ભરી, માથા પર મટકીઓને મૂકીને, કેડમાં પાલવને ખોસીને કામલતા સાથે રાજમહેલ તરફ જવા શેરીમાંથી નીકળી રાજમાર્ગ પર આવી.

સામે ટોળું ભેગું થયેલું દેખાયું. *'શું થયું હશે ?'* જોવા માટે બધી ભરવાડણો ફટાફટ ચાલવા માંડી. ત્યાં તો ભેગું થયેલું ટોળું ચારે તરફ દોડવા માંડ્યું.

*'અરે ! આ શું ?'* બધી ભરવાડણોને ધ્રાસ્કો પડ્યો.

ત્યાં જ મોટેથી બૂમો સંભળાઈ. ''ભાગો... ભાગો... રાજમાર્ગને ખાલી કરો. મહાહસ્તી અનલગિરી છૂટ્યો છે. આ બાજુ આવે છે.''

બધા લોકોને પોતાની તરફ ગાંડાની જેમ દોડતા ભરવાડણોએ જોયા. ભરવાડણો પણ વળતાં પગલે દોડવા માંડી. રાજમાર્ગની બન્ને બાજુ ઠાંસી ઠાંસીને લોકો દીવાલને અડોઅડ ઉભા હતા.

કામલતાના શરીરે પસીનો વળ્યો. બાકીની ત્રણ ભરવાડણો લોકોના જૂંથમાં ખોવાઈ ગઈ. કામલતા અને બીજી એક ભરવાડણને જગ્યા મળી નહીં. એ બન્ને રાજમાર્ગ પર જ દોડતી ગઈ.

*"ધમ.. ધમ... ધમ..."*પગનો અવાજ કરતો ગાંડો અનલગિરી પાછળથી

આવ્યો. બન્ને ભરવાડણો પોતાનો જીવ હાથમાં લઈને પોતાની સંપૂર્ણ શક્તિ સાથે દોડતી ગઈ. બન્નેની મટકી તો માથે જ હતી.

ત્યાં જ અનલગિરી એકદમ પાસે આવી ગયો. નિર્ણય લેવાનો અવસર આવી ગયો. બે જ વિકલ્પો હતા. કાં તો કોઈક રીતે કોઈક શેરી આવી જાય તો અંદર ઘૂસી જાઓ. અથવા હાથીના પગ નીચે કચડાઈને મરી જાઓ.

પહેલો વિકલ્પ નહીવત્ લાગ્યો. બધી શેરીઓ લોકોથી ભરાયેલી હતી. એ બધા ગૂંગાની જેમ ત્યાં ને ત્યાં ઊભા રહીને તમાશો જોઈ રહ્યા હતા. એકે'ય વ્યક્તિ અનલગિરીના પંજામાંથી આ બન્ને અબળાઓને બચાવવા આગળ આવ્યો નહીં.

બન્નેને એક શેરી દેખાઈ. થોડી જગ્યા ત્યાં હોય એવું લાગ્યું. બન્ને જણ એક સાથે એ તરફ દોડ્યાં. પણ હાય... ભાગ્ય આજે વિપરીત હતું...

બન્ને એક બીજાથી ટકરાયાં અને ધડામ દઈને નીચે પડયાં. બન્નેની મટકીઓ ફૂટી ગઈ. અનલગિરી વેગથી એમના તરફ આગળ વધ્યો. બધાનો શ્વાસ અધ્ધર થઈ ગયો. બધા પોતપોતાને જે મનમાં આવે એનો જાપ કરવા માંડ્યા.

કટોકટીની ક્ષણ આવી ગઈ. જાણે કે અદશ્ય શક્તિથી બંધાઈ ન ગઈ હોય એ રીતે કામલતા અને ભરવાડણ અનલગિરીને જોતી રહી. અનલગિરીમાં પોતાનો યમદૂત સામેથી આવતો બન્નેને દેખાયો. અનલગિરીની આંખોમાં પણ ગાંડપણ સાથે ક્રોધનો અગ્નિ બળતો બધાને દેખાયો. કામલતાએ પોતાની આંખો મીંચી દીધી.

અનલગિરી એના સંપૂર્ણ મગજ ઉપર હાવી થઈ ગયો. બસ... હવે એક ડગલાનું જ અંતર બચ્યું. કામલતા જમીન પર લેટી ગઈ. કામલતાએ જીવવાની બધી આશાઓ છોડી દીધી.

અનલગિરી પહોંચી ગયો. પણ પોતાના ગાંડપણમાં પોતાનું નિયંત્રણ નહીં હોવાના કારણે એ બન્ને ભરવાડણોની બાજુમાં પગ મૂકીને ચાલ્યો ગયો. લોકોએ શ્વાસ છોડ્યો.

અનલગિરીના ગયા પછી આંખ બંધ કરીને પોતાના મરણની પ્રતીક્ષા કરતી ભરવાડણોના પાસે લોકો આવ્યા. એમને આશ્વાસન આપવા લાગ્યા.

એમાં કામલતા અચાનક જોર-જોરથી હસવા લાગી. ગાંડપણ સવાર થયું હોય એ રીતે હસવા લાગી.

બીજી બાજુ બીજી ભરવાડણ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી. એ પ્રલાપ કરવા લાગી,

''મારી મટકી ફૂટી ગઈ રે કેશવ ! હું લૂંટાઈ ગઈ **કેશવ**...''

* * *

# રાજપુરોહિત

## પ્રકરણ - ૧

### ક. વ. - 22 વર્ષ 3 મહિના

### સવારે 09.27

**ર**ફતાર સાથે રાજમાર્ગ પર ઘટેલી ઘટનાને જોઈને રાજપુરોહિત ચકિત રહી ગયો. બહારથી આવતી લોકોની બૂમોએ રાજપુરોહિતને જગાડી દીધો હતો.

એમ તો દરરોજ બ્રાહ્મમુહૂર્તે રાજપુરોહિત ઊઠી જતો હતો. પણ કાલે રાત્રે રાજમહેલથી આવવામાં વિલંબ થઈ જવાના કારણે આજે સવારે ઉઠી શકાયું નહોતું. રાજપુરોહિતે બહારગામથી આવીને રાજ્યમાં માન્યતા પ્રાપ્ત કરેલી હોવાના લીધે એની પ્રતિષ્ઠા નગરમાં સારી હતી.

એના શરીરની રચના પણ સુડોળ હતી. એના ચહેરા પર અનેરું તેજ હતું. રાજપુરોહિતનું વ્યક્તિત્વ પણ એટલું સરસ હતું કે રાજા એક ક્ષણ પણ એના વિના રહી શકતો નહોતો. બન્નેની મિત્રતા અભેદ્ય થઈ ગઈ હતી. બધા લોકો રાજપુરોહિતથી ડરતા પણ ખરા અને આદર પણ આપતા.

સવારે જાગ્યા પછી કોલાહલ શેનો ચાલે છે એ જોવા માટે રાજપુરોહિત પોતાના ઝરુખામાં આવેલા. પછી એક પછી એક ઘટતી ઘટનાઓને એણે પોતાના આંખોથી નિહાળી હતી.

બધા લોકોનું ભાગવું... પાછળથી ગાંડા હાથી અનલગિરીનું આવવું... બધા ખસી ગયા... બે ભરવાડણો ફસાઈ... રસ્તા પર સૂઈ ગઈ... વગર માર્યે હાથીનું જવું... એક ભરવાડણનું હસવું... એકનું રોવું....

સૌથી વધુ આશ્ચર્ય રાજપુરોહિતને હસવા અને રડવાનું થયું. *'એકની દૂધ-દહીથી ભરેલી હાંડી ફૂટી અને એ હસે છે, વળી જેની પાણીની મટકી ફૂટી એ રડે છે.'*

રાજપુરોહિતના દિમાગમાં આ વાત બેઠી નહીં. રાજપુરોહિત આ કૌતુકની તપાસ કરવા પોતાનો રાજાશાહી પોષાક પહેરી ફટાફટ નીચે ઉતરી ગયો.

માર્ગ પર ભીડ ચક્કાજામ હતી. અચાનક નીચે ઉતરેલા પોતાના માલિકને

જોઈને અંગરક્ષકો પણ માલિક સાથે જવા માટે સજ્જ થઈ ગયા. પણ, એ સજ્જ થાય એ પહેલા તો ભીડમાં રાજપુરોહિત ગાયબ થઈ ગયો. ભીડમાં જઈને પણ અંગરક્ષકોએ શોધવાનો પ્રયાસ કર્યો, પણ સફળતા હાથ નહીં લાગી.

રાજપુરોહિત તો ભીડની વચમાંથી પોતાની પ્રભાવશાળી આકૃતિથી રસ્તો બનાવીને ઠેઠ ભીડની વચ્ચે પહોંચી ગયો.

હજુ પણ એ ભરવાડણ ગાંડાની જેમ હસતી જ હતી. રાજપુરોહિતે એ સુરેખ મોઢા તરફ જોયું. ક્યાંક જોયેલું હોય એવું લાગ્યું, પણ, *'ક્યાં ?'* એ યાદ નહીં આવ્યું.

એ ભીડમાંથી એક કદમ ભરવાડણ તરફ આગળ વધ્યો.

રાજપુરોહિતનું પ્રભાવશાળી વ્યક્તિત્વ જોઈને ભીડ થોડી પાછળ ખસી ગઈ અને ભરવાડણે હસવાનું બંધ કર્યું.

''હે ભરવાડણ ! તારી માલથી લથપથ મટકી ફૂટી અને તું હસે છે ? આ તો તારી કેવી વિચિત્રતા છે ? તું ગાંડી થઈ ગઈ છે કે તારામાં કોઈ પલીતે પ્રવેશ કર્યો છે ?'' પોતાના જાડા અવાજમાં પડઘા પાડતો રાજપુરોહિત બોલ્યો. ભીડ એકદમ શાંત થઈ ગઈ.

જાણે કે ગાંડપણ માથે સવાર થયું હોય એ રીતે પોતાનો ઘૂંઘટો કાઢી ભરવાડણ બોલવા લાગી. એના એક એક શબ્દોએ ત્યાં ઊભેલાઓને બાણની જેમ વીંધ્યા.

''હે રાજપુરુષ ! હું ગાંડી છું... ગાંડી... મને મારા કર્મે ગાંડી કરી મૂકી છે. મારા ઉપર ભાગ્ય વેતાલ હાવી થયો છે. મારી જીવન કથની તને શી કહું... ''

હવે ગાંડપણ ઓછું થયું અને ભરવાડણ રડી પડશે એવું બધાને લાગ્યું. એકદમ દીન સ્વરે ભરવાડણે પોતાની જીવનકહાની શરૂ કરી.

''મારા ભાગ્યે મને જે રીતનો નાચ નચાવ્યો એ તું સાંભળશે તો તને પણ હસવું આવશે... મારું નામ કામલતા છે... હું શિવપુરના માધવ બ્રાહ્મણની પત્ની છું...''

રાજપુરોહિતની મુખની રેખાઓ ભરવાડણની કથની સાંભળતા - સાંભળતા તંગ થતી ગઈ. પછી, એક પછી એક સાચી વાત કામલતા કહેતી ગઈ. લોકો મંત્રમુગ્ધ થઈને એક ભવમાં આટલું બધું સહન કરનારી, એક ભવમાં અનેક ભવ કરનારી કામલતાને સાંભળતા રહ્યા.

શિવપુરમાંથી પોતાનું અપહરણ થવું... સારપુરમાં બેહોંશ રહેવું... શત્રુમર્દન સાથે લગ્ન થવા.... પંદર વરસ પછી પણ શિવપુરની યાદ આવવી... પોતાના જૂના પતિ માધવનો ભેટો થવો... . મહાકાળીમાં એકાકી જવાની યોજના ઘડવી... માધવને ત્યાં આવવાનું સંકેત આપવો... શત્રુમર્દન રાજાને કાળી મંદિરમાં મારવું... પોતાના પતિ માધવને જગાડવું.... સર્પદંશથી મરી જવું.... બન્ને

બાજુથી ભ્રષ્ટ થઈને ભાગવું... જંગલમાં ચોરો દ્વારા લૂંટ... વિલાસપુરની મદનમંજરી વેશ્યા દ્વારા લીલામીમાં ખરીદારી... લીલામી સ્થળની યાતનાઓને લીધે મહિના સુધી ગુમસુમ રહેવી... મદનમંજરીની ચરક સાથે ભોયરાંમાં મુલાકાત.... કામલતાનું છૂપાઈને સાંભળવું... વેશ્યાગિરીના ધંધામાં ઘૂસવું... વિલાસપુર નરેશ જિતારી વડે ભોગવટો.... જિતારીનું મોત....દુર્યોધ રાજાનો ત્રાસ.... સાર્થનું આગમન... શિવપુરના ઘરાકો... કલ્યો નામના વ્યક્તિ સાથે ભોગ... કલ્યાનું પોતાનું જીવન અને પોતાના લક્ષ્યની માહિતી....

રાજપુરોહિતે વચ્ચે ખોંખારો ખાધો અને કામલતા ભરવાડણને આગળની વાર્તા ધીમે ધીમે કહેવાનું કહ્યું.

કામલતાએ રાજપુરુષને ઉદ્દેશીને કહ્યું, ''પછી કલ્યાનું પ્રયાણ આગળના ગામમાં નક્કી થયું. કલ્યાએ મને બધી વાતો કરેલી, પણ મેં એને મારી એકેય વાત બતાવેલી નહી. હું બતાવી શકું એમ નહોતી. ...'' કામલતાના શબ્દો હજુ ભારે થયા.

''રાજપુરુષ ! મેં એક બહુ મોટું પાપ આચરેલું. કલ્યાનું પ્રયાણ થઈ ગયું. એના ગયાના બીજા જ દિવસે મેં રાજપુરોહિતને બોલાવ્યો. મેં એમને પોતાનું આચરેલું પાપ કહ્યું.''

''પાપ શું હતું, કામલતા ?'' રાજપુરોહિતે ધ્રૂજતા અવાજમાં પૂછ્યું.

એક ક્ષણ માટે પોતાની ભીની આંખો કામલતાએ ઊંચી કરી. અવાજમાં ધ્રૂજારીનું કારણ કામલતા જાણી નહી શકી. કામલતાએ આગળ ચલાવ્યું.

''મારું પાપ ખૂબ જ લજ્જનીય છે વીરા! તો પણ, મેં પોતાની ચાદર મેલી કરી જ છે, તો એને બતાવવાથી અચકાવું શું... કલ્યો મારો દીકરો હતો.
પંદર વર્ષે માધવ એને શિવપુરમાં મૂકી મને શોધવા નીકળેલો. પોતાના કૌશલથી કલ્યાએ એટલે કે મૂળ નામે કેશવે પોતાનું નામ સારું એવું પ્રસિદ્ધ કર્યું. પણ એના મનમાં પોતાના પિતાને ખોવાનું દુઃખ હતું. એટલે પોતાના પિતાને શોધવા એ સાર્થ સાથે નીકળ્યો.

સારપુર ગામમાં આવ્યો. ત્યાં મદનકદલી વેશ્યાનો રંગ લાગ્યો. પોતાની ભૂખ પૂર્ણ કરવા, પોતાના દુઃખોને ભૂલવા માટે કલ્યાએ આ વેશ્યાઓનો રસ્તો અપનાવ્યો. ત્યાંથી પોતાના પિતાને શોધવા માટે એ વિલાસપુરમાં આવ્યો. સાર્થનો પ્રવેશ થયો.

હું એ વખતે ત્યાં જ હતી, મદનમંજરીના વેશ્યાલયમાં.... અમારા વેશ્યાલય માટે દુર્યોધ રાજાના ફરમાનોના કારણે અઘરા દિવસો ચાલી રહ્યા હતા. બધી બાજુથી નફો અને આવક ઉપર મોટો ફટકો પડેલો. મદનમંજરી કોઈક દેવદૂતને શોધતી હતી કે જે આ આર્થિક કટોકટીની પરિસ્થિતિઓમાંથી વેશ્યાલયને ઉગારી શકે.

અને, એ દેવદૂત આવી ગયો. ધનયશે દુર્યોધ રાજા પાસેથી અમારા વેશ્યાલયને ફરમાનોની જાળમાંથી છોડાવ્યું. પણ, એની શરત હતી. સારપુરની મદનકદલીને ટપી જાય એવી વેશ્યા એને પોતાના મિત્ર કલ્યા માટે જોઈતી હતી. ધનયશે કલ્યા સાથે શરત લગાવેલી. માની વ્યક્તિઓ પોતાની શરતને પૂરી કરવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે.

સાથે ધનયશ સારા એવા પૈસા પણ આપવા તૈયાર થઈ ગયો. મદનમંજરી બિલાડી જેમ દૂધ જોઈને લોભાય એમ ધન જોઈને લોભાઈ ગઈ. એણે કલ્યાની સંતુષ્ટિ માટે મારો ઉપયોગ કર્યો. અથવા એને દોષ આપવાથી ફાયદો શું ? મારા કર્મોએ જ મારી પથારી ફેરવી.

કલ્યા સાથે મારું મિલન થયું.

મેં પણ *'આ કોણ છે ? ક્યાંનો છે ?'* કંઈપણ જાણ્યા વગર એને લલચાવ્યો. મારે તો ત્યારે પૈસાથી મતલબ હતો. પણ, સાથે મને એનું રૂપ પણ આકર્ષી ગયું હતું. મેં મારા પોતાના... પોતાના.. દીકરા સાથે કામલીલા... માંડી...." અવાજ બહુ ભારે થઈ ગયો.

રાજપુરોહિતે પણ પોતાના કાન બંધ કરી દીધા. લોકો પણ થીજી ગયા. રાજપુરોહિતનું હૃદય ભારે થઈ ગયું. રડતા રડતાં પણ કામલતાએ આગળ ચલાવ્યું.

''અમારો પ્રેમ વધતો જ ગયો. એક-બીજા વગર રહેવું અશક્ય લાગવા માડ્યું. પછી એક દિવસ કલ્યાએ પ્રયાણની વાત કરી. બે ક્ષણો માટે તો હું વાતનો વિશ્વાસ જ કરી નહીં શકી. પછી સ્વસ્થ થઈને મેં એને કારણ પૂછ્યું. એણે સરળ ભાવે પોતાની આખી વાત કહી કાઢી.

વાત સાંભળીને મને બહુ આઘાત લાગ્યો. પણ મેં એને છૂપાવ્યો. એના ગયા પછી મેં આ બધી વાતો રાજપુરોહિતને કરી. અને "આ પાપની સજા શું ?" એ પૂછ્યું.

પોતાની પોથી કાઢી એમાં આવતો દંડ રાજપુરોહિતે મને વંચાવ્યો. એમાં લખેલું હતું,

**''પોતાના દીકરા સાથે માનસિક, વાચિક, કાયિક રીતે અબ્રહ્મના પાપને કરનાર સ્ત્રીએ અગ્નિનું શરણ લઈ પવિત્ર થવું.''**

રાજપુરોહિતે મને એક જ ઉપાય આપ્યો. મેં એ સ્વીકાર્યો. આખા રાજ્યમાં જાહેરાત થઈ.

''રાજગણિકા કામલતા અગ્નિસ્નાન કરવાની છે.''

બધા લોકો આશ્ચર્યચકિત થયા. કોઈને અગ્નિસ્નાનના કારણની ખબર નહોતી, પણ હું મદનમંજરીને આવું પાપ કરાવવા બદલ પળે પળે કોસતી હતી.

એક વાર તો મેં એને કહી પણ દીધેલું કે ''તને અને મને ધિક્કાર થાઓ

કે જેમના કારણે આવું કલંક આપણા માથે લાગ્યું.''

આ વાત સાંભળીને મદનમંજરીનું મન બહુ દુભાયું. પણ એ કરે પણ શું ? એ પણ એ ત્રણ દિવસ દરમ્યાન સૂઈ શકી નહોતી.

આખરે અગ્નિસ્નાનનો દિવસ આવી ગયો. હું વહેલી સવારે ઉઠી ગયેલી. સવારથી મારા જીવનમાં કરેલા કાળાં કારનામાંઓનો પશ્ચાતાપ હું મંદિરમાં જઈને કરી રહી હતી. અગ્નિસ્નાનનું મુહૂર્ત એક પ્રહરની પૂર્ણાહૂતિના આસપાસનું હતું.

આખી સવાર પાપના પ્રક્ષાલનમાં જ નીકળી ગઈ. પછી મદનમંજરી મને શોધતી શોધતી આવી. હું હજુ પણ એનું મોઢું જોવા તૈયાર નહોતી. તીરછી નજરે એનું મોઢું મેં જોયું હતું. એમાં વેદના સિવાય બીજું કંઈ પણ દેખાતું નહોતું.

‘‘મોડું થાય છે... સ્નાન બાકી છે....'' કહીને મને એ ત્યાંથી વેશ્યાલયમાં લઈ ગઈ.

સ્નાન કરાવતાં કરાવતાં એ રડી પડી. સાચા હૃદયથી પોતાની ભૂલ ન હોવા છતાં, માફી માગી. મારુ મન પીગળ્યું. મેં માફી આપી. એને સંતોષ થયો.

હું ધૈર્યને ધારણ કરી પોતાની સજાને ભેટવા સજ્જ થઈ ગઈ. મારા શુદ્ધિકરણ માટે આજે વિશેષ પાલખી બનાવવામાં આવેલી. રાજ્ય તરફથી પાલખી અને બે સશક્ત પુરુષો એને ઉપાડવા માટે મોકલવામાં આવ્યા હતા. હું પાલખીમાં બેઠી.

જ્યારે મેં નદીકિનારે અગ્નિસ્નાન માટે પ્રયાણ કરેલું ત્યારે આકાશ સ્વચ્છ હતું. પાલખીની આગળ ઢોલવાળા ઢોલ વગાડી રહ્યા હતા. પાછળ મદનમંજરી અને બીજી વેશ્યાઓ રડતા રડતા ચાલી રહી હતી.

હું તો પોતાના મોતને ભેટવાની તૈયારી કરી રહી હતી. અમે અગ્નિસ્નાનના સ્થળે પહોંચ્યા. હું પાલખીથી મદનમંજરીના સહારે નીચે ઉતરી.

મેં જોયું કે દુર્યોધ રાજા અને ઘણા રાજપુરુષો ત્યાં અગ્નિસ્નાન જોવા ઊભા હતા. બધાના મોઢાં પર એક જ પ્રશ્ન હતો, *‘તેં શું કર્યું ?'*

લોકોની તો ગણતરી જ થાય એવી નહોતી. મારા ચાહકો કેટલા છે એ ત્યારે મને ખબર ડેલી.

બોકડા ને જેમ બલિ માટે તૈયાર કરવામાં આવે તેમ મને રાજપુરોહિતે અગ્નિસ્નાન માટે તૈયાર કરી. ભયના કારણે આજુબાજુ શું થાય છે એ હું જાણી શકી નહીં. વારંવાર રાજપુરોહિતને આકાશ તરફ જોતા જોઈને મને કંઈક વિપરીત થવાની શંકા પડી. મેં પણ ઉપર આકાશ તરફ જોયું.

કાળા ઘનઘોર વાદળાઓ ઘેરાઈ રહ્યા હતાં. બારે ખાંગે મેઘ વરસશે એવું લાગી રહ્યું હતું. બાજુમાં વહેતી રેવતી નદીમાં અનેરો ઉછાળો દેખાઈ રહ્યો હતો. રાજપુરોહિતે જલદી કર્યું. હું ચિતા પર ચિતાને નમસ્કાર કરીને બેસી ગઈ. મંત્રોચ્ચાર તો રાજપુરોહિતે ક્યારના ચાલુ કરી દીધેલા.

મેં મારી પાંપણો બંધ કરી દીધી. નીચેથી આગ પેટાવવામાં આવી. ભડભડ કરતી આગ બળવા માંડી. જાણે અસહ્ય ગરમીથી શેકાતી હોઉં એવો અનુભવ મને થયો. પણ, મેં પ્રભુનું સ્મરણ ચાલુ જ રાખ્યું. ગરમીની વચ્ચે ઠંડકનો અનુભવ થયો. વરસાદ શરૂ થઈ ગયેલો.

તો પણ અગ્નિ તો પોતાના પૂરજોશમાં લાકડાઓને બાળતો હતો. મારા કપડાં સુધી અગ્નિ પહોંચી ગયો. મેં એક ક્ષણ માટે આંખો ખોલી.

બધા લોકો અહીં-તહીં દોડી રહ્યા હતા. દોડવાનું કારણ મને ખબર પડી નહીં. દુર્યોધ રાજાના પણ મુખ પર ગભરાટ દેખાઈ રહ્યો હતો. લોકોનો હાહાકાર નદીના તટે મચી ગયો હતો.

હું કંઈ વિચારું એ પહેલાં તો રેવતી નદીનાં મોટાં મોજાંઓએ આવીને અગ્નિને ઓલવી દીધો. હોશ ખોતાં પહેલા મને એટલો ખ્યાલ હતો કે નદીના ઘોડાપૂરમાં હું સપડાઈ ગઈ છું અને પાણીમાં હું ડૂબી રહુ છું.

મેં તરવાની મહેનત કરી નહી, કેમકે એમ પણ હવે મરણ જ શરણ હતું. અગ્નિસમાધિ ન મળે, તો જળસમાધિ ! પણ મારું દુર્ભાગ્ય કે સદ્ભાગ્ય ? મને અગ્નિદેવતા કે જળદેવતા કોઈએ સંઘરી નહીં. મારા પાપો એટલાં ભયાનક હતાં કે અગ્નિ પણ સ્વીકારવા તૈયાર નહોતો અને જલ પણ સ્વીકારવા તૈયાર નહોતું.

હું તણાતી તણાતી રેવતી નદીના કિનારે આવી.”

કામલતા બે ક્ષણ માટે અટકી. રાજપુરોહિતને જાણે કે હૃદયનો હુમલો આવવાનો હોય એ રીતે એ છાતી પકડીને ઊભો રહ્યો.

પછી કામલતાએ રાજપુરુષને આજ દિવસ સુધીની બધી ઘટનાઓ સંભળાવી. જેમ જેમ કરુણ પ્રસંગો આવ્યા, તેમ તેમ કામલતા કરુણ થતી ગઈ અને જેમ જેમ કોઈના ઉપકારની વાત આવતી, તો એ કૃતજ્ઞ થઈ જતી. પણ બધામાં એક વસ્તુ સમાન હતી-અશ્રુઓ.

કામલતાએ છેલ્લે અટકતાં પહેલાં કહ્યું, “હે રાજપુરુષ ! આવા ખેલ મારા ભાગ્યએ મને ખેલાવ્યા છે. તું જો મારી જગ્યાએ હોત, તો તું શું કરત ? બોલ.... શું કરત ? હસત કે રડત ?” અને ફરીથી કામલતા હસવા લાગી.

રાજપુરોહિતને ઘટનાઓ સાંભળીને પોતાના નીચેથી ધરતી ખસતી અનુભવાઈ. એને બધા લોકો બેગણા દેખાવા લાગ્યા. આખી દુનિયા ભમતી દેખાઈ. બે શબ્દો ઉચ્ચારીને પોતાનાં હૃદયને પકડીને એ બેહોશ થઈ ગયો.

“હાય **કેશવ**!”

# Epilogue

### ક. વ. - 22 વર્ષ 3 મહિના
### સવારે 10.17

રુદન કરતાં કરતાં કામલતા ભરવાડણ બેહોશ થઈ ગઈ. એ ‘કેશવ’ બોલતાં બોલતાં બેહોશ કેમ થઈ એનો પતો કોઈને લાગ્યો નહીં.

રાજપુરુષ તો નીચે પડેલા રૂપવાન, પ્રતિભાશાળી રાજપુરોહિતને સ્વસ્થ કરવામાં મશગુલ હતો. બેહોશ થયેલી કામલતા પર એ થોડું સરખું લક્ષ્ય પણ આપતો નહોતો.

રાજપુરોહિતને પોતે બાળકની જેમ રડે છે અને આટલા બધા લોકો જુએ છે એની સાથે લેવા દેવા જ નહોતા.

‘‘રાજપુરોહિત ! આ તમે શું બાળક જેવું કૃત્ય માંડેલું છે.... રાજપુરોહિત ! સ્વસ્થ થાઓ.... સ્વસ્થ થાઓ.’’ મક્કમતાપૂર્વક રાજપુરુષે કહ્યું.

‘‘આ ચંડાલણે શું કર્યું છે અમારા રાજપુરોહિતને ?’’ એક અંગરક્ષક ગુસ્સા સાથે બોલ્યો.

‘‘પોતે તો પડી સાથે અમારા માલિકનેય લઈને પડી.’’ અંગરક્ષકના વચનથી લોકોમાં ગુસ્સાની લહેર ફરી વળી.

બધા કામલતાને નુકસાન પહોંચાડવા આગળ ધસ્યા.

રાજપુરોહિત આ બધું જોઈને એકદમ સ્વસ્થ થઈ ગયો. એ ઊભો થઈ ગયો. બધા લોકો થંભી ગયા. પોતાની બુલંદ અવાજમાં બધાને રાજપુરોહિતે કહ્યું.

‘‘ખોટી ખોટી વાતો કરવાની બંધ કરો. આ સ્ત્રીનો મારી મૂર્છામાં કોઈ દોષ નથી. બધા અહીંયાથી ચાલ્યા જાઓ. વગર ફોગટનો હાહાકાર ના કરો.’’

લોકોને એવી અપેક્ષા હતી કે રાજપુરોહિત કામલતાને દંડ અપાવશે, એને સળીયાઓ પાછળ નાખશે પણ એનાથી ઉલટું એ તો કામલતાને નિર્દોષ કહી રહ્યો હતો.

રાજાના ભયથી બધા લોકો વિખેરાઈ ગયા.

‘‘ચિત્રાંગદ ! આ સ્ત્રીને મારી હવેલીમાં લઈ જા અને હા રાજવૈદ્ય !’’ રાજપુરોહિત રાજપુરુષ તરફ ફર્યો.

“જેટલા જલદી થાય એટલા જલદી આને સાજી કરી દેજો. મારી વિનંતિ છે...” રાજવૈદ્યને છેલ્લું વાક્ય બોલતાં રાજપુરોહિતની અવાજમાં ભીનાશ અનુભવાઈ.

રાજપુરોહિત પોતાની હવેલીમાં ચાલ્યો ગયો.

* * *

## બપોર 04.14

કામલતા જ્યારે હોશમાં આવી ત્યારે ચારે તરફ લોકો એને ઘેરીને ઊભેલા હતા. એનો પતિ ગોવિંદ, ભાઈ વૈદ્ય ચણક, રાજપુરુષ રાજવૈદ્ય, જેને પોતે પોતાનું મોઢું પણ બતાવી નહોતી શકતી એ રાજપુરોહિત બધા ત્યાં એકત્રિત થયેલા હતા.

“તને સારું છે ?” ચિંતાની રેખાઓ સાથે એકદમ પાસે આવીને ગોવિંદે પૂછ્યું.

કામલતાની બોલવાની શક્તિ હરાઈ ગઈ હતી. મૂર્છા પહેલાના જે સંજોગો ઊભા થયેલા એ એના માનવામાં નહોતા આવતા.

ભાગ્યએ આ વખતે પણ એને થપાટ આપેલી. એણે માથું હલાવી ગોવિંદને જવાબ આપ્યો. ગોવિંદ તો રડવા લાગ્યો. ચણક વૈદ્ય એને બહાર લઈ ગયો.

“રાજવૈદ્યજી ! આપ બે ક્ષણ બહાર પ્રતિક્ષા કરી શકશો ?” રાજપુરોહિતે રાજવૈદ્ય સામે જોઈને કહ્યું.

રાજવૈદ્ય માથું હલાવીને બહાર નીકળી ગયા.

રાજપુરોહિતે ખંડનો દરવાજો બંધ કરી દીધો. પછી એ પલંગ પાસે આવ્યો. કામલતાના ખોળામાં પોતાનું મોઢું છૂપાવી એ રડવા લાગ્યો. મૂર્તિવત્ કામલતા તો સ્થિર જ રહી. ઘણો સમય વીતી ગયા પછી રાજપુરોહિતે એક પત્ર બહાર કાઢ્યો. અને કામલતાને આપ્યો.

કામલતાએ પત્ર હાથમાં લીધો. પત્રનાં આગળના પૃષ્ઠ પર ‘માધવ તરફથી” લખેલું હતું. એ જોઈને બે બુંદો કામલતાની આંખોમાંથી વહી. પત્રને કામલતાએ ફેરવ્યો. આખા પત્ર ઉપર અક્ષરો પાડેલા હતા. કામલતાએ વાંચવાની શરૂઆત કરી.

***“હે મારા પ્રિય કલ્યા !***

***મેં જતા પહેલાં તને પત્ર લખેલો. એ તને મળી ગયો હશે.***

***ફરીથી હું તને મૂકી જવા માટે માફી માગું છું. મેં પહેલા પત્રમાં લખેલી ખોટી બાબતોનો ખુલાસો કરવા અને તને પરિસ્થિતિઓથી અવગત કરાવવા માગું છું.***

***જ્યારે તું ઘોડીયામાં ફક્ત છ મહિનાનો હતો, ત્યારે તારી માને શિવપુરના દુશ્મનો ઉપાડી ગયેલા.***

***‘એનું આગળ શું થયું ?’ એનો મને ખ્યાલ નથી. તારી જવાબદારી***

*પહેલી સમજીને મેં પંદર વર્ષ સુધી તને પાળ્યો-પોષ્યો. પણ હવે તારી મા કામલતાના વિરહમાં હું રહેવા સક્ષમ નથી. એટલે હું તને છોડીને નીકળું છું. મારા આશયને સમજી તું મને ક્ષમા અર્પશે જ.*

*અને હજી એક વાત.... ૨૧ વર્ષે તને આ પત્ર ધનદેવ શ્રેષ્ઠી આપશે. ત્યાં સુધી જો હું પાછો તારી માને લઈને આવ્યો નહીં હોઉં, તો તું મને શોધી શકે છે. ત્યાં સુધી તું કેવો સશક્ત થઈ ગયો હશે, એ વિચારીને અત્યારથી મને આનંદ ઉપજે છે.*

*અને હા મહત્ત્વની વાત.... તારું સાચું નામ 'કલ્યો' નહી, પરંતુ 'કેશવ' છે. તારી મા અને મને તું ઘણી માનતાઓ પછી મળેલો. એટલે તારું નામ માનતા પૂર્ણ કરનાર આપણા ઈષ્ટદેવ કેશવ પ્રભુ ઉપર રાખ્યું છે.*

*આટલા વરસો સુધી આ બધી વાતોને છૂપાવવા માટે હું ક્ષમા માગું છું. તારો બાપ તારા હિત માટે આ બધું કરતો હતો એ તું સમજી શકશે. ધનદેવ પાસેથી પત્ર મળતાં વધારે હો-હા કરતો નહીં. દિમાગને સ્થિર રાખી આગળનો પંથ વિચારજે.*

*મને વિશ્વાસ છે કે હું તારી માતાને મેળવી જ શકીશ.*

*ફરીથી એકવાર ક્ષમાપના !*

*તારો નાલાયક બાપ*

*માધવ"*

કામલતાએ પત્ર વાંચીને રાજપુરોહિત તરફ જોયું. બન્નેના આંખોમાં અશ્રુ હતા.

''મા ! મને માફ કરી દેજે...'' કહીને રાજપુરોહિત કેશવ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

બહારથી દરવાજાને ખટખટાવવાના અવાજો આવવા લાગ્યા. બહાર ઊભેલાઓના અવાજો સંભળાયા, પણ બન્ને મા-દીકરા ત્યાંથી બિલકુલ હલ્યા નહીં.

***

## ક. વ. - 22 વર્ષ 9 મહિના
## સવારે 08.10

સિદ્ધપુર નગરના ઉપવનમાં આજે મોટો જલસો હતો. વિક્રમાર્ક રાજા પોતાના સંપૂર્ણ પરિવાર સાથે ઉપવનમાં બિરાજેલા સંતોને નમસ્કાર કરવા માટેની તૈયારીઓ કરી રહ્યો હતો. રાજપુરોહિત કેશવ રાજાની સાથે જ ઊભો ઊભો તૈયારી જોઈ રહ્યો હતો.

''રાજા ! તમારી શ્રદ્ધા ગજબની છે. શું તૈયારીઓ માંડી છે...'' વિકસ્વર

નેત્રો સાથે કેશવ બોલ્યો.

''મારા જીવનનું પરિવર્તન આ સંત-સાધુઓથી જ થયેલું છે. આજે જે છે એ ભગવાનના પ્રતાપથી જ છે. આ સિદ્ધપુરની જે રોનક દેખાય છે એ ગુરુઓને જ આભારી છે. વધારે શું કહું ? તારે પણ મારા સાથે એકવાર ચાલવું જોઈએ. તને તારા બધા પ્રશ્નોનું સમાધાન ત્યાં પ્રાપ્ત થશે જ...''

રાજાએ ક્યારેય પણ કેશવ સાથે એના નિજી જીવનની વાતો નહોતી કરી. પણ પહેલીવાર રાજા એને પોતાની સાથે આવવાનો આગ્રહ કરી રહ્યો હતો.

અને, સમાધાનની વાત સાંભળીને પણ કેશવને થોડી જિજ્ઞાસા પોતાના બરબાદ થયેલા જીવનને વિશે થયેલી. છેલ્લા છ મહિનાથી પોતે આચરેલું પાપ એને કાંટાની માફક ચૂભી રહ્યું હતું.

એના ઉપર કોઈપણ મલમ-પટ્ટા ચાલી શક્યા નહોતા. પોતાની મા કામલતાની પણ આ જ હાલત હતી.

''સારું રાજા ! હું તૈયાર થઈને આવું છું.'' કહીને એ પોતાની હવેલી તરફ ઉપડી ગયો.

ઘરે પહોંચ્યો. સામે રસોઈ કરતી પોતાની મા દેખાઈ. છ મહિના પહેલા પોતાનું મોઢું બતાવ્યા પછી એકેય દિવસ કેશવ પોતાની માતાનું મુખ જોઈ શક્યો નહોતો. એ હંમેશા આખા મોઢા ઉપર ઘૂંઘટ ઓઢીને જ રાખતી. ગોવિંદ ભરવાડ સાથેના લગ્ન કેશવે મંજૂર કરી લીધા હતા.

''મા ! આજે આપણે જવું છે...''

''ક્યાં ?''

''ઉપવનમાં એક જ્ઞાની સંતપુરુષ આવ્યા છે. રાજા એવું કહેતા હતાં કે આપણી બધી સમસ્યાઓનો ઉકેલ એમની પાસે છે.''

બે ક્ષણ સુધી કામલતા કંઈ પણ બોલી નહીં. છેલ્લા છ મહિનાથી એણે કેશવના કેટલાય કહેવા છતાં ઘરથી બહાર પગ મૂક્યો નહોતો. દુનિયાનો સામનો કરવાની શક્તિ કામલતાની ખતમ થઈ ગયેલી.

''હા...ઠીક છે...પણ''

''પણ, પણ ... કાંઈ નહીં ચાલે. તેં હા પાડી દીધી છે. હવે આવવું જ પડશે.''

કામલતા ચૂપ થઈ ગઈ.

''ચલ મા ! તૈયારી કરવા માંડ...'' મૌનને અનુમતિ સમજીને કેશવે કહ્યું.

બન્ને તૈયાર થઈને રથમાં બેસીને ઉપવન તરફ ચાલ્યાં. આખા રસ્તામાં બન્ને મૌન જ રહ્યાં. બન્નેના મનમાં એક જ વિચાર હતો,

*'જો સાધુ અમને પોતાના અપરાધોથી મુક્ત કરી દે, તો એ અમારા ગુરુ...'*

આશાસ્પદ વિચારો સાથે બન્ને ઉપવનમાં પહોંચ્યાં. એક મોટાં ઘન વૃક્ષની નીચે ઘણા બધા લોકોને બન્નેએ બેઠેલા જોયા.

''ભાગ્યશાળીઓ !'' બોલનાર વ્યક્તિનો અવાજ બુલંદ અને સ્પષ્ટ હતો. ભાગ્યશાળી શબ્દ અને ઉપવનની ઓરાના કારણે કામલતા પોતાને હળવી અનુભવવા લાગી.

''મા ! કેટલી મીઠાશ છે વાણીમાં ! જેની વાણી આટલી મીઠી છે, એ પોતે કેવા હશે ?'' કેશવે કામલતા પાસે પોતાનો વિચાર રજૂ કર્યો.

કામલતાએ 'હા' માં પોતાનો હાથ ઊંચો કર્યો.

બન્ને રથમાંથી ઉતરીને એક પણ શબ્દ ચૂકાઈ ન જવાય એટલે એ સંતોના સ્થળ તરફ જવા માંડ્યાં. સ્થળે પહોંચ્યાં અને લોકોની ભીડને જોઈ. ૨૦૦૦ વ્યક્તિઓ એકતાન થઈને વચ્ચે કમલ પર બેસેલા એક પ્રભાવી પુરુષને સાંભળી રહ્યા હતા.

એમનું શરીર કુંદ જેવું સફેદ હતું. જાણે કે સ્વર્ગમાંથી અવતરેલા દેવ હોય એવું એમનું રુપ હતું. શરીર પર શ્વેત વસ્ત્ર પહેરેલા હતા. અને શ્વેત મોટી દાઢી મૂછો હતી. એમના હોઠ ગુલાબ જેવા હતા અને આંખો કાળા ભ્રમર જેવી હતી. એક અબાધિત શક્તિનો ધોધ એમનામાંથી વહી રહ્યો હતો.

સમય કરતાં મોડાં આવેલાં હોવાથી કેશવ અને કામલતા પાછળ જ્યાં જગ્યા મળી ત્યાં બેસી ગયા. પણ, એમને કમળ પર બેસેલા પ્રભાવી પુરુષ સ્પષ્ટ દેખાઈ રહ્યા હતા.

પ્રભાવી પુરુષની દૃષ્ટિ બન્ને ઉપર પડી. જાણે કે પોતે પવિત્ર થઈ ગયા હોય એવો અનુભવ બન્નેને થવા લાગ્યો. વચ્ચે બેસેલા સંતનાં અમૃતસિંચક વચનો એમના કાનમાં પડયાં.

''આ દુનિયામાં માટીના પૂતળાં મનુષ્યના હાથમાં કંઈ પણ નથી. મનુષ્ય પોતાને સર્વોપરી માને છે, પણ બિચારાને ખબર નથી કે મારા ઉપર પણ કોઈ છે.

આ આખી દુનિયામાં કોઈનું પણ પોતાના જીવન પર નિયંત્રણ નથી. જો કોઈનું હોય તો તે ભવિતવ્યતાનું છે. આપણા શાસ્ત્રોમાં પણ લખેલું છે,

**''न हि भवन्ति यन्न भाव्यं, भवति च भाव्यं विनाऽपि यत्नेन ।**
**करतलगतमपि नश्यति, यस्य तु भवितव्यता नास्ति ॥''**

આ દુનિયામાં તે થતું નથી જે થવાનું નથી. જે થવાનું છે એ તમારા પ્રયત્ન વગર પણ થઈ જશે. અને આટલું જ નહી, તમારા હાથમાં આવેલી વસ્તુ પણ નષ્ટ થઈ શકે છે, જો તમારી ભવિતવ્યતા ન હોય તો..."

કામલતાને પોતાની સાથે ઘટેલી ઘટનાઓ, માધવનો વિયોગ યાદ આવી ગયો. માધવ કેટલો નજદીક હતો, પણ...

''વ્યક્તિને જેટલું મળવાનું હોય એટલું જ મળે છે. કારણ કે ભાગ્યને કોઈ

પણ ઉલ્લંઘન કરી શકતું નથી.

તે કારણથી શોક કરવાની જરૂરત નથી અને વિસ્મય પામવાની પણ જરૂરત નથી. જે તમારું છે એ બીજું કોઈ પણ લઈ જઈ શકવાનું નથી. અને એટલે હું તમે બધાને પ્રશ્ન પૂછવા માગું છું.

"જે તમારું નથી એના પાછળ શા માટે ગાંડાની જેમ દોડો છો ?"

બધા લોકો એકબીજા તરફ જોવા લાગ્યા. રાજાને પણ પ્રભાવી પુરુષની વાત સાચી લાગી. કામલતા અને કેશવને તો પોતાના માટે જ પ્રભાવી પુરુષ બોલતા હોય એવો અનુભવ થયો.

''જો અમારા હાથમાં કાંઈ ન હોય, તો અમારે શું કરવું જોઈએ ?''આગળ બેઠેલા મહામંત્રીએ બધાના મનમાં રમતો પ્રશ્ન પ્રભાવી પુરુષને કર્યો.

''ભાગ્યશાળીઓ ! આના માટે અમે કહીએ છીએ કે જ્ઞાનની ઉપાસના કરો. જ્ઞાન જેમ જેમ વધતું જશે, તેમ તેમ તમે દરેક વસ્તુના સ્વભાવને ઓળખતા જશો. જ્ઞાન વગર ઉદ્ધાર નથી. જ્ઞાન એ જ શક્તિ છે.

યાદ રાખજો.....

સમયથી પહેલાં અને ભાગ્યથી વધારે કોઈને કાંઈ મળતું નથી અને એટલે જ જો જ્ઞાન હશે, તો એ મળેલાની કદર થશે. દુઃખ આવશે તો એમાં પણ સમાધાનપૂર્વક જીવી શકશો. અરે ! અમારા ગુરૂ પુરુષો એવું કહેતા હતા કે

**''वलीपलितकायेऽपि, कर्तव्यः श्रुतसंग्रहः ।**
**न तत्र धनिनो यान्ति, यत्र यान्ति बहुश्रुताः ॥''**

દાંત પડવા લાગે, શરીર ઉપર કરચલીઓ પડી જાય, ચાલવાની શક્તિ ઓછી થઈ જાય, તો પણ જ્ઞાનનો સંગ્રહ કરવો જ જોઈએ.

કેમ કે જ્યા ધન પહોંચી શકતું નથી, ત્યાં જ્ઞાન પહોંચે છે.

જ્યાં પૈસાવાળા પહોંચી શકતા નથી, ત્યાં વિદ્વાન પહોંચી જાય છે.

રાજા બનવું હોય, કે મહામંત્રી બનવું હોય,
વૈદ્ય બનવું હોય, કે જ્યોતિષી બનવું હોય,
અરે ! આ દુનિયામાં કંઈ પણ બનવું હોય,
તો એનો એક જ ઉપાય છેઃ જ્ઞાન !
જ્ઞાન એ જ શક્તિ છે.

જ્ઞાન વગરનો માણસ આંખ વગરના માણસ જેવો છે. એ પશુ કરતાં થોડો પણ વધારે નથી.

એકવાર એક વ્યક્તિએ મને પૂછેલું,

"જ્ઞાન લઈએ તો પાપ ખબર પડે ને.... એના કરતાં જ્ઞાન ન લેવું સારું ને ?"

આ વાત તદ્દન ખોટી છે.

જ્ઞાનથી સાચું અને ખોટું ખબર પડે છે. જે સાચું હોય, તે કરવું જોઈએ. જે ખોટું થઈ ગયું હોય, તેનો પસ્તાવો કરવો જોઈએ.

જાણ્યા વગર પણ પાપ તો પાપ જ રહેવાનું છે. જાણ્યા પછી પસ્તાવાથી એ પાપો ધોવાઈ જાય છે. કાળામાં કાળા પાપો પણ પસ્તાવાનાં વિપુલ ઝરણાથી પવિત્ર થઈ જાય છે.

કહી દો પોતાનાં પાપો... હળવા થઈ જાઓ... .ફોગટનો પાપનો ભાર ના ઉપાડો. સમાધાન જોઈએ તો ખૂલવું પડશે ગુરુની સામે... નહીં તો તમારા પાપો તમારો પીછો નહી છોડે... યાદ રાખજો,

પાપો કરવા અઘરાં નથી, પણ પાપોનો સ્વીકાર કરવો અઘરો છે.

આ દુનિયામાં એકેય ધર્મ એવો નથી, કે જે આ વાત કરતો નથી. હસતાં હસતાં કરેલા પાપો, રડતાં રડતાં પણ છૂટતાં નથી.

એક ડગલું માંડો પાપના સ્વીકાર તરફ, કેમ કે જે રસ્તા પર ચાલે છે, એ જ મંઝિલ સુધી પહોંચે છે... જે ચાલતો નથી એને મંઝિલ ક્યારેય મળતી નથી.

બોલો, કોણ તૈયાર છે પોતાની કાળી ચાદર ખોલવા માટે ? કોણ છે સાચો ભડવીર ?''

પ્રભાવી પુરુષે બધા તરફ જોયું. કોઈપણ ઊભુ થયું નહીં.

બે ક્ષણો પછી કામલતા અને કેશવ ઊભા થયાં.

''આગળ આવો.... આગળ આવો... '' એકદમ મીઠા અવાજમાં પ્રભાવી પુરુષે બન્નેને આવકાર્યાં.

આખી સભા બન્નેને જોઈને છક થઈ ગઈ. રાજાએ પણ પોતાનું મસ્તક નમાવી દીધું.

આખા નગરને કામલતાનાં કરતૂતોની ખબર હતી. બન્ને આગળ ગયા.

''એક વાત યાદ રાખજો મારા વહાલા માનવીઓ ! કોઈ પણ વ્યક્તિના ભૂતકાળને જોઈને એના ભવિષ્યને માપવાની કોશિશ કરતા નહીં. જે ભૂતકાળમાં જ રહે છે એ ભૂત બની જાય છે અને જે ભવિષ્યને જુએ છે એ ભવ્ય બની જાય છે.''

બધા વ્યક્તિઓ પ્રભાવી પુરુષના દિવ્ય સંદેશ અને જ્ઞાનને સમજી ગયા. જય જયકાર ના નારાઓએ આખા ઉપવનને ગજાવી મૂક્યું. બધાના મોઢાં માં બે જ વાક્યો હતાં.

''બોલો કામલતાની જય ! બોલો **કેશવની** ... !''

* * *

## વિશેષ વક્તવ્ય

**આ** કથા સંક્ષેપમાં જૈનગ્રન્થોમાં દર્શાવી છે. કામલતા અને કેશવે જૈન ગુરુ પાસે દીક્ષા (વ્રત) લીધી અને સુંદર જ્ઞાનાભ્યાસ કરીને સંપૂર્ણ જ્ઞાનના સૌભાગી થયા. સંપૂર્ણ જ્ઞાનથી દુનિયાની બધી વસ્તુઓને સાક્ષાત્ જોઈ બન્ને આપણા બધાનું અંતિમ મિલન સ્થાન મોક્ષને પામ્યા.

અને હા ! જો તમારે કથાને સ્પષ્ટતાપૂર્વક જાણવી હોય તો Epilogue વાંચતાં પહેલા Prologue વાંચવાનું ભૂલતાં નહીં. આ કથાના દરેક પ્રકરણો **'ર'** અક્ષરથી શરૂ થાય છે અને **'કેશવ'** શબ્દથી સમાપ્તિને વરે છે.

* * *

## કથારસિકો માટે ખાસ

આ કથા તમને જો ગમી હોય, તો ખાસ આ પુસ્તકના પ્રકાશક ઉપર એક નાનો પણ પત્ર લખવાનું ભૂલતાં નહીં. વાચકોનો વિશ્વાસ અને પ્રોત્સાહન એ લેખકના પ્રાણ છે.

# આભાર

હું સૌથી વધારે ઉપકાર પોતાના ગુરુદેવનો માનું છું કે જેમની સતત પ્રેરણાથી હું આ કથા પૂર્ણ કરી શક્યો. એ જો ન હોત, એ જો મારા સારથિ ન બન્યા હોત, તો આ રથ આગળ વધ્યો ન હોત.

હું બીજો ઉપકાર મારા પરમાત્માનો માનું છું, કે જેમણે અમને બધાને આવી કથાઓ દ્વારા પોતાના મનને સ્થિર કરવાનું શીખવાડ્યું.

સાચે કહું તો મેં આ પુસ્તક લખ્યું જ નથી, પણ મારા ઉપરના બે ઉપકારીઓએ મારા દ્વારા લખાવી છે. આવા પ્લોટ ગોઠવવા, સસ્પેન્સ રાખવું એ મારા હાથની વાત નથી. ઉપરના બે વગર હું એક વગરના મીંડાઓ જેવો છું.

સાથે સાથે મારા સહવર્તીઓનો હું ઉપકાર માનું છું કે જેઓએ મને દરેક જગ્યાએ અનુકૂળતા કરી આપી, મારું આ લખાણ ગતિશીલ કરવામાં મદદ કરી. તમારા વગર મારું અસ્તિત્વ કલ્પવું મુશ્કેલ છે.

અને મારા પ્રિય વાચકોને તો હું કઈ રીતે ભૂલી શકું...તમારા માટે મારી પાસે શબ્દો જ નથી....

સૌથી છેલ્લે આના પ્રકાશક, આના મુદ્રક, આમાં પ્રુફ ચેક કરવામાં મેહનત કરનાર દરેક વ્યક્તિનો હું આભાર માનવા માગું છું કે જેમના વગર આ પુસ્તક પોતાનો આકાર ધારણ કરત નહીં. ઘણા ઘણા ધન્યવાદ !

લખવામાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય, તો ક્ષમા પ્રાર્થું છું.

॥ वंदे मातरम्..... जैनं शासनम् ॥

**મુનિ શીલગુણવિજય**

* * *

# કામલતા સજઝાય

શી કહું કથની મારી રાજ, શી કહું કથની મારી,
મને કર્મે કરી મહિયારી. રાજ શી.૧
શિવપુરના માધવદ્વિજની, હું કામલતાભિધ નારી,
રૂપ કલા ભરયૌવન ભારી, ઉરવશી રંભા હારી. રાજ શી.૨
પારણે કેશવ પુત્ર પોઢાડી, હું ભરવા ગઈ પાણી,
શિવપુરી દુશ્મન રાયે ઘેરી, હું પાણિયારી લુંટાણી. રાજ શી.૩
સુભટોએ નિજ રાયને સૌંપી, રાયે કરી પટરાણી,
સ્વર્ગના સુખથી પણ પતિ માધવ, વિસરી નહિ ગુણ ખાણી. રાજ શી.૪
વરસ પંદરનો પુત્ર થયો તવ, માધવ દ્વિજ મુજ માટે,
ભમતો યોગી સમ ગોખેથી, મે દીઠો જાતાં વાટે. રાજ શી.૫
દાસી દ્વારા દ્વિજને બોલાવી, દ્રવ્ય દેઈ દુઃખ કાપ્યું,
ચૌદસ દિન મહાકાળી મંદિરમાં, મળશું વચન મેં આપ્યું. રાજ શી.૬
કારમી ચુંકે ચીસ પોકારી, મહિપતિને મેં કીધું,
એકાકી મહાકાળી જાવા, તુમ દુઃખે મેં વ્રત લીધું. રાજ શી.૭
વિસરી બાધા કોપી કાળી, પેટમાં પીડા થઈ ભારી,
રાય કહે એ બાધા કરશું, તતક્ષણ ચૂંક મટી મારી. રાજ શી.૮
ચૌદસને દિન રાજા રાણી, એકાકી પગપાળે,
મહિપતિ આગળ ને હું પાછળ, પહોંચ્યા બેઉ મહાકાળી. રાજ શી.૯
રાજાએ નિજ ખડ્ગ વિશ્વાસે, મારા કરમાં આપ્યું,
જબ નૃપ મંદિર માંહિ પેસે, તવ મેં તસ શિર કાપ્યું. રાજ શી.૧૦
રાયને મારીને પતિને જગાડું, ઢંઢોલતા નવિ જાગે,
નાગ ડસ્યો પતિ મરણ થયો તવ, ઉભય ભ્રષ્ટ થઈ ભાગી. રાજ શી.૧૧

નાઠી વનમાં ચોરે લૂંટી, ગણિકાને ઘરે વેચી,
જાર પુરૂષથી જારી રમતાં, કર્મની વેલ મેં સિંચી. રાજ શી.૧૨
માધવ સુત કેશવ પિત્રુ શોધે, ભમી ગણિકાને ઘેર આવે,
ધન દેખી જેમ દુગ્ધ મંજારી, ગણિકાને મન ભાવે રાજ શી.૧૩
ગણિકાએ દ્વિજ મુજને સોંપ્યો, જાણ્યું ન મે લલચાવ્યો,
ધિક્ ધિક્ પુત્રથી જારી ખેલું, કર્મે નાચ નચાવ્યો. રાજ શી.૧૪
જારી રમતાં કાલ વીત્યો બહું, એક દિન કીધી મેં હાસી,
ક્યાના વાસી ક્યા જવાના, તવ તેણે અથ ઈતિ પ્રકાશી. રાજ શી.૧૫
દ્દઢ મન રાખી વાત સુણી મેં, ગુહ્યા મેં રાખી મારી,
પુત્રને કહ્યું તુમે દેશ સિધાવો, મેં દુનિયા વિસારી. રાજ શી.૧૬
પુત્ર વળાવી કહ્યું ગણિકાને, હા-હા ધિક્ તુજ મુજને,
મહા પાતિકની શુદ્ધિ માટે, અગ્નિનું શરણ હો મુજને. રાજ શી.૧૭
સરિતા કાંઠે રહેં સળગાવી, અગ્નિ પ્રવેશ મેં કીધો,
કર્મે નદીના પુરમાં તણાણી, અગ્નિએ ભોગ ન લીધો. રાજ શી.૧૮
જલમાં તણાતી કાંઠે આવી, આહિરે બહાર કાઢી,
મુજ પાપીણીને નદીએ ન સંઘરી, આહિરે કરી ભરવાડી. રાજ શી.૧૯
તે ભરવાડણ દહીં દૂધ લઈને, વેચવા પુરમાં પેઠી,
ગજ છૂટ્યો કોલાહલ સુણીને, પાણીયારી ને હું નાઠી. રાજ શી.૨૦
પાણીયારીનું બેડું ફૂટ્યું, ધ્રુસકે રોવા લાગી,
દહીં દૂધની મમ મટકી ફૂટી, હું તો હસવા લાગી. રાજ શી.૨૧
હસવાનું કારણ તેં પૂછયું, વીરા ! મેં અથ ઈતિ કીધું,
કેને હસવું ને કેને રોવું, દૈવે દુઃખ મને દીધું. રાજ શી.૨૨
મહિયારીની દુઃખની કહાણી, સુણી મૂર્છા થઈ દ્વિજને,
મૂર્છા વળી તવ હા, હા ઉચ્ચરે, દ્વિજ કહે ધિક્ ધિક્ મુજને. રાજ શી.૨૩
મા-દિકરો બેહું પસ્તાવો કરતાં, જ્ઞાની ગુરુ તવ મળીયાં,
ગુરુની દીક્ષા શિક્ષા પામી, ભવના ફેરા ટળિયા. રાજ શી.૨૪
એક ભવે ભવ બાજી રમતાં, ઉલટ સુલટ પડે પાસા,
નાનાવિધ ભવોભવ **સાકળચંદ**, ખેલે કર્મ તમાસા. રાજ શી.૨૫

# વાચકની નોંધ